રાજકન્યા

ધૂમકેતુ



રાજકન્યા

ધૂમકેતુ

સોલ એજંટ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ
કિંમત સાડા ચાર રૂપિયા

પ્રકાશક :
ગૌરીશંકર ગોવરધનરામ જોશી :
ખાનપુર . . . . અમદાવાદ.

પહેલી આવૃત્તિ : ડીસેમ્બર ૧૯૪૩.

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ :
પાંચકુવા . . . અમદાવાદ.

અનુક્રમ

પ્રવેશ-પૂર્વભૂમિકા.		૧
૧	લાટનો દંડનાયક	૯
૨	દામોદર	૨૨
૩	મંત્રણા સભા	૨૭
૪	મધરાતે	૩૯
૫	કર્ણદેવની પ્રિયતમા	૪૫
૬	ક્ષેમરાજદેવનો સાંકેતિક પ્રત્યુત્તર	૫૫
૭	જગત્પાલે જોયેલું અદ્ભુત દૃશ્ય	૬૭
૮	નર્તિકા સીતા પાટણ તરફ જાય છે	૭૮
૯	રાણી કુલાંદે	૮૭
૧૦	મદનપાલ વિશ્વાસ મેળવે છે.	૯૫
૧૧	મદનપાલને બનાવ્યો	૯૯
૧૨	મહારાણી ઉદયમતીનો સત્તાપ્રેમ	૧૦૭
૧૩	દુર્લભરાજ સોલંકી આવ્યો	૧૧૩
૧૪	મહાઅમાત્યનો પરિચય	૧૧૮
૧૫	દેવપ્રસાદની પ્રતિજ્ઞા	૧૨૭
૧૬	દક્ષિણના પ્રવાસીઓ	૧૪૫
૧૭	જગત્પાલે પાટણ શી રીતે છોડ્યું	૧૫૮
૧૮	મુંજાલે શંકરને શું કહ્યું.	૧૬૬
૧૯	પદ્માક્ષી	૧૭૨
૨૦	આશાના જંગલદુર્ગમાં	૧૯૨
૨૧	ગોપકપટ્ટનનો અતિથિ	૧૯૮
૨૨	રાજકુમારી મીનલદેવી	૨૧૦
૨૩	મુંજાલને મુંજવણમાંથી રસ્તો જડ્યો	૨૩૪
૨૪	અર્જુનભટ્ટની આખી વાણી	૨૪૦
૨૫	પિતા પુત્રી	૨૪૬
૨૬	ચિત્રકાર શ્રીકંઠ	૨૫૮

અનુક્રમ

૨૭ મુંજાલને પણ પોતાનો માર્ગ દેખાય છે. ૨૬૦
૨૮ સ્વીકાર કે અસ્વીકાર . . . ૨૭૩
૨૯ ચિત્રકારને ઉપાલંભ . . . ૨૮૬
૩૦ મહારાણી ઉદયમતીની કુલવધૂ . . ૨૯૭
૩૧ રાજમાતા ૨૭૪
૩૨ રાજા છટક્યો ૩૦૯
૩૩ જંગલદુર્ગ તરફ જતાં રસ્તામાં . . ૩૧૩
૩૪ દેવપ્રસાદની બીજી પ્રતિજ્ઞા . . ૩૧૫
૩૫ મુંજાલે ફરી સલાહ આપી . . ૩૩૧
૩૬ આશાની ગઠી ૩૩૫
૩૭ પદ્માક્ષીએ નિશાન ચૂક્યું . . ૩૪૪
૩૮ દેવપ્રસાદ પાટણ તજી જાય છે . . ૩૫૪
૩૯ મહારાજનો સંકેત . . . ૩૬૩
૪૦ મુંજાલની આરાધના . . . ૩૬૮
૪૧ મીનલદેવીનો પ્રત્યુત્તર . . . ૩૭૨
૪૨ એમાં મહાન કોણ ? . . . ૩૭૯
. ૩૮૮

લેખકની અન્યકૃતિઓ

- તણખા મંડળ પહેલું [પાંચમી આવૃત્તિ]
- તણખા મંડળ બીજું [ત્રીજી આવૃત્તિ]
- તણખા મંડળ ત્રીજું [બીજી આવૃત્તિ]
- તણખા મંડળ ચોથું [બીજી આવૃત્તિ]
- પ્રદીપ [બીજી આવૃત્તિ]
- અવશેષ [બીજી આવૃત્તિ]
- ત્રિભેટો
- રજકણ [બીજી સચિત્ર આવૃત્તિ]
- જલબિંદુ
- જીવનચક્ર [બીજી આવૃત્તિ]
- સર્જન અને ચિંતન
- રાજમુગટ [બીજી આવૃત્તિ]
- પૃથ્વીશ [બીજી આવૃત્તિ]
- મલ્લિકા
- અજિતા
- પરાજય
- ચૌલાદેવી [બીજી સચિત્ર આવૃત્તિ]
- રાજસંન્યાસી [બીજી આવૃત્તિ]
- કર્ણાવતી
- ઠંડીક્રૂરતા ને બીજાં નાટકો
- હેમચંદ્રાચાર્ય
- પાનગોષ્ટી
- પગદંડી

● આટલાં ઉપરાંત નીચેની પુસ્તિકાઓ પ્રગટ થઇ છે. પડઘા, પડછાયા, ભીલકુમાર એકલવ્ય, પરશુરામ, નેપોલિયન, હ્યુએનસંગ, વીર વનરાજ, ગોવિંદનું ખેતર ને બીજી વાતો, રજપૂતાણી ને બીજીવાતો, આનંદરાત્રિ ને બીજીવાતો; પચીસ મોટાં પુસ્તકોનો આખો સેટ અને દસ નાની પુસ્તિકાઓ. [**આખા 'સેટ'ના લગભગ રૂપિયા સાઠ**]

‘ I do not consider either writing or reading novels one of the necessities of life. Millions of people, in...at least, exist intelligently and happily without, reading novels and certainly without writing them, and I have the greatest admiration and respect for such persons and even at times the greatest of envy.

‘ For I must confess that I happen to be a somewhat peculiar person, not at all to be taken as typical of human beings in general, and certainly not desirable as an average, because the truth is I cannot be happy without writing novels, quite irrespective of whether they are read or not. I am, I regret to say, one of those unfortunate creatures who cannot function completely unless he is writing, has written, or is about to write, a novel......

‘ Never, if you can possibly help it, write a novel. It is, in the first place, a thoroughly unsocial act. It makes one obnoxious to one's family and to one's friends. One sits about for many weeks, months, even years, in the worst cases, in a state of stupefaction. Even when from sheer exasperation and exhaustion one lays down one's pen, the wicked work *goes on*

in one's brain. The people there will go on living and talking and thinking, until one longs, like Alice in Wonderland, to cry out, 'You are only a pack of cards after all' and so brush them away and wake from the dream to find only leaves gently falling upon one's face; wake again to real life and people.

'For the man or woman obsessed by these dream people can never be a very happy person. He lives a thousand lives besides his own, suffers a thousand agonies as really as though they were what is called actual, and he dies again and again. He is doomed to be possessed by spirits until he cannot tell what is himself, what are his real soul and mind. He is thrall to a thousand masters. He is exhausted bodily and spiritually by creatures alive and working through his being, using his one body, his one mind, to express their separate selves, so that his one poor frame must be the means of all those living energies. It is no wonder that much of his time he sits bemused, silent and spent.

'If you would be yourself, therefore, *free and unpossessed*, never begin to be a novelist.'

રા જ ક ન્યા

['ચૌલાદેવી' 'રાજસંન્યાસી'
અને 'કર્ણાવતી'ના અનુસંધાનમાં
આ ગ ળ વ ધ તી ન વ લ ક થા]

પ્રવેશ

મહારાજ ભીમદેવની જીવનસંધ્યા નમતી હતી.

મહાઅમાત્ય દામોદરે માલવાને હંફાવ્યું અને પોતાની અદ્‌ભુત ચાણુક્યનીતિનો વિજય વર્તાવ્યો, એ વાત ઉપર કેટલોક સમય વહી ગયો હતો. એ સમયમાં પાટણના રાજકારણમાં નવા નવા માણસોનો પ્રવેશ થયો હતો. એમાંનો એક લાટનો દંડનાયક સંપત્કર—સાંતૂ હતો. રાજપુરોહિત આમશર્મા, મહારાણી ઉદયમતિનો ભાઈ મદનપાલ, મંત્રી ધવલક, ચાહિલશર્મા, મકવાણોજી હરપાલ, સેનાધ્યક્ષ રુચ્ચિક —આ અને બીજા કેટલાક રાજપુરુષો પ્રકાશમાં આવ્યા હતા. તરુણ મુંજાલની હજી ગણતરી ન હતી. એ આમાંના એક કે બીજાને પડછાયે ફરતો હતો.

માલવામાં મહારાજ ભોજના મૃત્યુ પછી કુમાર જયસિંહ ગાદીએ આવ્યો. માલવા અને કર્ણાટક વચ્ચેનું જૂનું વૈર તજી દેવામાં એને ડહાપણ લાગ્યું. કર્ણાટકના રણરંગી ચૌલુક્ય * સોમેશ્વર આહવમલ્લે એને મદદ કરવા માટે પોતાના

---

* સોમેશ્વર પહેલો; એના ત્રણ પુત્ર: સોમેશ્વર બીજો–ભુવનેકમલ્લ, વિક્રમાંકદેવ અને જયસિંહ.

વચેટ પુત્ર વિક્રમાંકદેવને મોકલ્યો હતો. કર્ણાટક અને માલવની આ મૈત્રી ચેદિરાજ હૈહય કર્ણદેવ માટે તો ભયરૂપ હતી જ, પણ પાટણ માટે તો એ વિનાશક હતી. નડૂલ અને આબુ—એ બન્નેને પાટણના સત્તાચક્રમાંથી ખસી જવાનું પ્રલોભન થાય, એવી એમાં શક્યતા હતી. વળી, કર્ણાટકે માલવા સાથે આવો સંબંધ બાંધવાની શરૂઆત કરી એનો બીજો અર્થ એ હતો કે, દક્ષિણ તરફથી ગુજરાતની સત્તાને હરહમેશ ડારતું લાટ એ પણ હવે કર્ણાટકના પક્ષમાં વધુ ને વધુ ઢળે અને એની સહાયતા વડે પાટણને આગળ પડતું અટકાવે. લાટ અને પાટણ વચ્ચે મૂલરાજ સોલંકીના સમયથી લગભગ એકશતવર્ષી પ્રતિસ્પર્દ્ધા ચાલી રહી હતી. લાટના બારપદેવને મૂલરાજે માર્યો હતો. ચામુંડે લાટનો વિજય કર્યો હતો. દુર્લભરાજે બારપના પૌત્ર લાટના કીર્તિરાજને હણ્યો હતો.* અત્યારે લાટનો રાજકુમાર ત્રિવિક્રમપાલ તરુણાવસ્થામાં હતો. તેનો કાકો જગત્પાલ ને કાકાનો દીકરો ભાઈ પદ્મદેવ એ બન્ને લાટનો અર્ધસ્વાતંત્ર્ય ધ્વજ ફરકતો રાખી રહ્યા હતા. સંપત્કર—સાંતુ—લાટનો દંડનાયક હતો. લાટને એક બીજો પણ સમર્થ મિત્ર હતો. એરંડપલ્લી—ખાનદેશ—સેઉણદેશ—નો યાદવરાજા સેઉણચંદ્ર બીજો. સેઉણચંદ્રનો દાદો લાટના ગોગિરાજની કુમારીને પરણેલો. સેઉણચંદ્ર વળી કર્ણાટકના આહવમલ્લનો ભાણેજ થતો હતો.

મહારાજ મૂલરાજે કર્ણાટકની અસરને લાટદેશમાં પગભર થવા ન દીધી ને બારપદેવને હણીને ગુજરાતની દક્ષિણ

* 'ચૌલુક્યચંદ્રિકા', શ્રીવાસ્તવ્ય, પૃ. ૫૦-૫૧. બારપદેવ—ગોગિરાજ—કીર્તિરાજ—ત્રિલોચન—ત્રિવિક્રમ એ ક્રમ.

તરફની પ્રવૃત્તિને વેગ આપ્યો—બરાબર એ જ વસ્તુસ્થિતિ પાછી અત્યારે પ્રવર્તી રહી હતી. અત્યારે જેમ પાટણ મોટું હતું, તેમ તેની સામેનો ભય પણ મોટો હતો. કર્ણાટકનો એક મહામંડલેશ્વર ગોપાલકપટ્ટન [ગોવા]નો જયકેશી [પહેલો] લાટની અડોઅડ પોતાની સત્તાને આણી રહ્યો હતો. *કપર્દીકદ્વીપ એણે જીત્યો હતો, ને એક વખત તો તે લાટ ઉપર ચડ્યો પણ હતો. એને નવસારિકા સુધી પોતાની સત્તા સ્થાપવી હતી.

આ પરિસ્થિતિને વધુ વિકટ બનાવનાર બીજાં બે બળ પણ ગણનાયોગ્ય હતાં. શ્વભ્રવતીના વાંઘામાં આશોભીલ હતો. મેવાસમાં ધનમેર હતો. સોમનાથથી સ્તમ્ભતીર્થ સુધીના દરિયા ઉપર એમની સત્તા ચાલતી. જમીન ઉપરના એ મહાન લૂટારા હતા. દરિયા ઉપરના એ અદૃશ્ય નિશાચર હતા. એ પણ અઢાર–વીસ હજારનું અશ્વદળ પોષતા. એવી જ મોટી તીરંદાજોની સેના રાખતા. ને એમને આંગણે હાથીદળ જમા થવા માંડ્યું હતું. ભયંકર જંગલ એ એમનો અભેદ્ય કિલ્લો હતો.

આ પ્રમાણે કર્ણાટકના, યાદવરાજના, ગોપાલકપટ્ટનના જયકેશીના, અને આશાભીલ ને ધનમેર જેવાના પણ એક કે બીજી રીતના કાર્યક્ષેત્રની ભૂમિકા જેવું લાટ બનતું જતું હતું. કર્ણાટક ને પાટણ વચ્ચેનું આગામી યુદ્ધ જાણે લાટમાં થવાનું હતું. નર્મદાથી દક્ષિણસમુદ્ર સુધી મહારાજ્ય સ્થાપવાની સોમેશ્વર આહવમલ્લની મહત્ત્વાકાંક્ષાને એમાંથી આડકતરું પ્રોત્સાહન મળતું હતું.

* એની રાજધાની સ્થાનક; થાણા.

એ વખતે સમગ્ર વસ્તુસ્થિતિને અસર કરનાર બે બનાવ બની ગયા. પહેલો બનાવ—માલવરાજ જયસિંહ મૃત્યુ પામ્યો, અને ઘણું કરીને તે કર્ણાટક તરફથી કુમાર વિક્રમાંકદેવના પક્ષમાં રહીને કાંચીના ચોલરાજ વીર રાજેન્દ્ર સાથે લડતાં. બીજો બનાવ—કર્ણાટકના સોમેશ્વરને કાંચીરાજ રાજેન્દ્ર ચોલે ધરતી ભેગો થઈ જાય એવી જબરજસ્ત હાર દક્ષિણમાં આપી:

એની પછી ગાદીએ આવનાર *ઉદયાદિત્ય કર્ણાટકની મૈત્રીનો કટ્ટર વિરોધી હતો. એને વાક્પતિરાજ મુંજનું મૃત્યુ હજી સાંભરતું હતું. એણે સાંભરરાજની સહાયતા મેળવી. ચેદિ, કર્ણાટક ને પાટણનો પગ માલવામાંથી સદંતર નિર્મૂળ કરવા એણે નવો પ્રયત્ન આરંભ્યો, અને કર્ણાટકની આશા ઉપર ઠંડું પાણી રેડાયું.

કર્ણાટકના ચૌલુક્ય સોમેશ્વરનું આહવમલ્લ એ બિરુદ—એના સમગ્ર જીવનનું સૂચક હતું. નર્મદાથી દક્ષિણ સમુદ્ર સુધી મહારાજ્ય સ્થાપવાની એની અદમ્ય ઇચ્છાના સૌથી બળવાન વિરોધી બે હતા: એક ભોજરાજ, એને એણે હરાવ્યો હતો; બીજા કાંચીના ચોલરાજાઓ. ચોલરાજાઓ ત્રણ ત્રણ પેઢીથી ચૌલુક્યો સામે આ માટે લડતા હતા. એમણે આહવમલ્લનો મજબૂત સામનો કર્યો. વીર રાજેન્દ્ર ચોલે, ઈ. સ. ૧૦૫૦થી ઈ. સ. ૧૦૬૨ સુધીમાં, પોતાને વારસામાં મળેલી આ ચૌલુક્ય—ચોલ યુદ્ધોની પરંપરામાં—એક પછી એક થયેલાં અત્યંત હઠીલાં ત્રણત્રણ યુદ્ધોમાં—આહવમલ્લને અને એના બન્ને કુમારો વિક્રમાંકદેવ અને જયસિંહને ભોંભેગા થઈ જાય એવી જબરજસ્ત હાર આપી: એમને તુંગભદ્રાથી આગળ વધતા

* ઉદયાદિત્ય, ભોજરાજનો કુટુંબી હતો.

અટકાવી દીધા.* આહવમલ્લના જીવનનું સ્વપ્ન છિન્નભિન્ન થઈ ગયું. આ બનાવથી એનું સમગ્ર ધ્યાન દક્ષિણના કાંચી-રાજના યુદ્ધ સામે રોકાયું. ઉત્તર તરફ નર્મદા સુધીના પ્રદેશની એની પકડ ઢીલી થઈ ગઈ.

આજે હવે પાટણને તક મળી હતી. દક્ષિણ તરફ વધારે આગળ વધી શકાય એવી પરિસ્થિતિ જન્મી હતી. પણ પાટણમાં મહારાજ ભીમદેવની જીવનસંધ્યાનાં છેલ્લાં વર્ષો હતાં. ચૌલુક્યપ્રણાલિકા પ્રમાણે, સંન્યસ્તધર્મમાં શેષ આયુ ગાળવાનો દૃઢ વિચાર એમણે પ્રગટ કર્યો. ક્ષેમરાજદેવ ને કર્ણદેવ એમાંથી કોને રાજ આપવું, એ પ્રશ્ન સૌનું મનો-મંથન કરી રહ્યો.

પાટણના રાજકારણમાં મહાઅમાત્યનું મહત્ત્વ હવે ઘણું વધ્યું હતું. રાજધુરાને સમર્થ રીતે વહી શકે એવા બે પુરુષો —રાજા અને મંત્રી: એમનો નિર્ણય કરવા મહારાજ ને સૌ અધીરા બન્યા હતા.

પાટણના ઇતિહાસમાં પણ વિરલ એવી અત્યંત ફૂટ પરિસ્થિતિ આવી પડી હતી.

રાજ કોને સોંપવું? ક્ષેમરાજદેવ જ્યેષ્ઠ હતો; પણ કર્ણદેવ રાજરાણીનો પુત્ર હતો. પ્રતિસ્પર્ધા જન્મે, તો સૌ એક કે બીજો પક્ષ લેવા ને પાટણને પીંખી નાખવા તૈયાર હતા. આ પ્રશ્નમાં લાટનો જગત્પાલ રસ ધરાવતો હતો. આશાભીલને એમાં સ્વાર્થ હતો. ધનમેર એમાં પોતાનો ઉદયાસ્ત જોતો હતો. આટલા તો નિકટવર્તી રસ લેનારા.

* આ લડાઈના સુંદર વર્ણન માટે જુઓ 'Ancient India and South Indian History and Culture,' Vol. I. Aiyangar.

દૂરના—આબુ, નડૂલ ને માલવા: એમની ગરુડદૃષ્ટિ પણ કોઈ આંતરિક વિગ્રહની જ્વાળા જોવા ઓછી અધીર ન હતી.

દામોદરે મંત્રણાસભા માટે સાંતૂને લાટથી તેડાવ્યો હતો. રાજ્યાભિષેકમહોત્સવ પ્રસંગે આવી જવાનું કરીને પાટણની આંતરિક સ્થિતિ જાણવા ને જોવા જગત્પાલ પણ આતુર હતો.

આગળ પાછળ લાટથી નીકળેલા એ બન્ને જણા પાટણ તરફ આવી રહ્યા હતા.

આ નવલકથા ત્યાંથી આગળ વધે છે.

૧. લાટનો દંડનાયક

સાંધ્યરંગોએ સરસ્વતીનાં જલને શણગારીને, છેવટે ભૂખરા—ધૂસર—રાખોડી રંગમાં પોતાની જીવનલીલા સંકેલવા માંડી હતી. ચારે તરફનો ને ચારે તરફથી અંધકાર દોડતો આવી રહ્યો હતો. વૃક્ષો, વાટિકાઓ, ઉદ્યાનો, મેદાનો, ટેકરાઓ, વાંકળાઓ સઘળાં પોતપોતાનું અનોખું વ્યક્તિત્વ અંધારામાં વિલીન કરી દઈને શાંતિ મેળવવા માટે તલસી રહ્યાં હતાં. એવે વખતે પાટણના પશ્ચિમ તરફના કનસડા દરવાજે આવીને એક સાંઢણીસવારે ઝડપથી નગરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતા સાંઢણીસવારને દરવાને હજી પૂરો ઓળખ્યો ન ઓળખ્યો, ત્યાં તો દરવાજો વટાવી સાંઢણી જરાક આગળ જઈને થોભી.

'સૂચક ! કોણ છે દરવાન ? બોલાવ તો, જેસૈયો લાગે છે ?'

સાંઢણી હાંકનારે પાછળ નજર કરી તો જેસૈયાને આવતો જોયો. જેસૈયાએ સાંઢણી ઉપરથી આજ્ઞાવાહી અવાજ પારખ્યો હતો: 'પ્રભુ ! હું જ છું જેસૈયો !' તેણે આગળ આવીને બે હાથ જોડયા.

'કોઈ બે ઘોડેસવાર—લાટ તરફના—આજે આવ્યા છે, જેસૈયા ?'

'આંહીંથી તો કોઈ ગયું જાણ્યું નથી !'

'આવે તો કોઈને મોકલજે—ત્યાં મહાઅમાત્યના મંદિર ઉપર. સમજ્યો ? મને ખબર કરવા. હું ત્યાં જ હોઈશ !'

'જી ! પ્રભુ !' જેસૈયો બે હાથ જોડીને નમી રહ્યો.

તરત સાંઢણીએ પાછી ચાલતી પકડીઃ 'સૂચક ! મહેતાના વાડા ઉપર જ લે પરબારી !'

એટલામાં પાટણના કોટકાંગરા ઉપર દીપાવલિ પ્રગટી નીકળી. ઠેરઠેર કોટિધ્વજોના પ્રાસાદો પ્રકાશમાં નાહી રહ્યા. અનેક મંદિરોમાંથી ઊઠેલા શંખધ્વનિના અવાજે આકાશ ગાજી ઊઠ્યું. સાંઢણીસવાર એ સઘળું જોતો મહાઅમાત્ય દામોદરના ભવ્ય મંદિર પાસે આવીને થોભ્યો.

'તું આંહીં થોભજે. હું આવું છું !' એમ કહીને એ ચપળતાથી અંદર ગયો. પોતાના આવ્યાની જાણ કરવા એણે આયુષને અંદર મોકલ્યો. નિવેદન કરવા ગયેલા આયુષને દામોદરે જે ઉત્સાહથી જવાબ આપ્યો, તે ઉત્સાહ જોઈને બહાર ઊભેલા તરુણના મનમાં કેક વિચારો આવ્યા ને શમી ગયા.

એણે ત્યાં ભૃગુકચ્છમાં સાંભળ્યું હતું કે દામોદર મહેતો હવે રાજધુરાના વહન માટે કોઈ તરુણ કુશળ કર્મચારીની શોધમાં છે. દામોદરનો સંદેશો મળતાં જ તે તરત આ બાજુ આવવા નીકળ્યો હતો. પણ જેમજેમ પાટણ નજીક આવતો ગયો, તેમતેમ વીગતોની ને વાતોની અટ-

પટી ગૂંથણી એને મળતી ગઈ. મહારાજ ભીમદેવને રુદ્રમાળના મંદિરમાં બેસી જવાનું મન થયું છે, પણ રાજના ઉત્તરાધિકાર વિષે સૌ એકમત નથી એવી વાત સાંભળી હતી તે સાચી પડતી જણાઈ. આંતરિક કલહના ભણકારા વધારે સ્પષ્ટ થયા. એટલે એના મનમાં દામોદરના પ્રત્યુત્તરનો ઉત્સાહી રણકો અનેક આશંકાઓ જન્માવી ગયો. દામોદરને આ બધી અટપટી વસ્તુસ્થિતિમાંથી ખરેખર નીકળી જવાની ઇચ્છા થઈ હતી, કે પછી ઉત્તરાધિકારપૂરતો કિલ્લો તોડવા માટે—ગજેન્દ્ર આડે ઊંટ ધરે છે એવા કોઈ ઊંટનો એને ખપ પડ્યો હતો—એમાંથી કઈ વાત હશે, એ એને મન કોયડો થઈ પડ્યો.

આયુધને અમાત્ય પાસેથી પાછો આવતો જોઈ એની વિચારમાળા અટકી પડી.

એણે મહાઅમાત્યના મંત્રણાખંડમાં પ્રવેશ કર્યો, તો ત્યાંની સાદાઈ જોઈ એ આશ્ચર્યચકિત થઈ ગયો. એક ખાલી દર્ભાસન માત્ર ત્યાં પડ્યું હતું. એક તરફ ખૂણામાં સ્વચ્છ મૃત્પાત્રમાં દીપક જલી રહ્યો હતો. વચ્ચોવચ્ચ એક મૃગચર્મ ઉપર દામોદરને બેઠેલો એણે દીઠો. એની ડોકમાં રુદ્રાક્ષની માળા હતી. મોંએથી એ કાંઈક જપ કરતો હતો. એની આંખો બંધ હતી. હાથમાં એક નાનો બેરખો ફરી રહ્યો હતો. કાંઈ પણ બોલ્યા વિના શાંત રીતે નમીને પેલો તરુણ એક બાજુ ઉપર ઊભો રહી ગયો.

થોડી વાર પછી દામોદરની આંખ ઊઘડી: 'હરભોળા! જય સોમનાથ! સોમનાથ! શંભો!' તેણે રુદ્રાક્ષની માળાને આંખોએ અડાડી. 'ઠીક થયું, લ્યો, વખતસર બધું થતું આવે

છે. અરે ! આયુષ ! ક્યાં છે દંડનાયકજી ! ' તે મોટેથી બોલ્યો. એટલામાં પોતાની સામે જ નખશિખ આયુધથી સજ્જ થયેલા પેલા રૂપાળા તેજસ્વી તરુણ ઉપર એની નજર પડી. એની ઊભા રહેવાની છટા એટલી આકર્ષક હતી કે ભલભલાનાં અભિમાન એ જોઈને ગળી જાય. એના અંગેઅંગમાંથી ઊંચું ખમીરવંતું સ્વપ્નદર્શી પૌરુષ પ્રગટતું હતું. અણીશુદ્ધ રજપૂતી નાક, મોટી તેજસ્વી પણ એકદમ નિર્મળ એવી આંખો, સપ્રમાણ દેહ, ગૌરવવંતી રસરંગી મુખમુદ્રા —દામોદર એની સામે પ્રેમથી જોઈ રહ્યો. તેણે બોલ્યા વિના મંત્ર જપતાં જપતાં હાથની નિશાની કરી પાસેનું દર્ભાસન બતાવ્યું. દંડનાયક આવીને નમન કરતો ત્યાં બેઠો.

' સંપત્કરજી ! આવી પહોંચ્યા કે ? મારો સંદેશો તો બરાબર મળ્યો નાં ? આપણે મળ્યા—એને પણ કેટલું બધું થઈ ગયું ? કેમ ત્યાં શું ચાલે છે ભૃગુકચ્છમાં ? જગત્પાલ પદ્મદેવ સૌ થીર થઈ ગયા છે કે છે, હજી મનમાં કાંઈ સળવળાટ ? '

' પ્રભુ ! આંહીંના ઉપર એનો આધાર છે. ભૃગુકચ્છથી જગત્પાલ તો આજે આવવાનો છે—કે વખતે આવી પણ ગયો હોય ! '

' આવી ગયો હોય એટલે ? ક્યાં આંહીં આવ્યો હોય ? આંહીં શા માટે આવે ? અમે કોઈએ તો બોલાવ્યો નથી ! '

' આંહીંથી બોલાવનારે બોલાવ્યો છે, પ્રભુ ! નહિતર એ તો જગત્પાલ છે. લાટનો રણધ્વજ એ નીચે મૂકવા માગતો નથી. એ આવવાનો છે જ એટલા માટે. '

' શા માટે ? '

'ભૃગુકચ્છમાં સમાચાર મળ્યા છે કે મહારાજ ભીમદેવનો રણરંગ હવે ઓસર્યો છે. રુદ્રમાળનો પડછાયો એમને આકર્ષી રહ્યો છે. જગત્પાલે એમાં લાટની સ્વતંત્રતાનો પાયો દીઠો. એણે આંહીં સંદેશાવ્યવહાર શરૂ કર્યો. ને એટલા માટે એ આંહીં આવતો લાગે છે—રાજના ફેરફારનો લાભ ઉઠાવી લેવા.'

દામોદર શાંત બની ગયો. જીવનસંધ્યા વખતે પણ પાટણને નવાનવા ભયંકર પ્રશ્નોની રણભૂમિ થતી જોઈ એ વિચારમાં પડી ગયો. મહારાજનો નિશ્ચય વજ્ર જેવો દૃઢ હતો. એણે દામોદરને બોલાવીને ક્યારનું કહી દીધું હતું: 'દામોદર! હું અનાર્ય નથી કે ઘરઆંગણે માંદો થઈને ને મોહ ન છૂટચો હોય એમ મરું. હું તો આર્ય છું. ક્ષત્રિય છું. ચૌલુક્યવંશી છું. કાં રણક્ષેત્રમાં, કાં દેવક્ષેત્રમાં—એમ મારે મરણ જોઈએ છીએ.' એટલે મહારાજનો નિશ્ચય હવે ડગે તેમ ન હતો. મહારાજ વિના હવે પોતે સત્તા ધારી રાખવી એમાં ક્ષુદ્રતા હતી. એટલે દામોદર નવી દોડી આવતી વિપત્તિઓને નિહાળતાં ઘડીભર વિચારમાં ને વિચારમાં આંખો મીંચી ગયો.

'સાંતૂ!' તે થોડી વાર પછી બોલ્યો: 'મેં એમ ધાર્યું હતું કે લાટમાં તું છે, એટલે ધીમેધીમે બધું થાળે પડી જાશે! પાટણને તારો ખપ છે. ને લાટમાં તો હજી અગ્નિ ચેતે છે!'

'થાળે તો બધું પડી જાશે જ, પ્રભુ! એ તો આ બે જીવતા છે આપદીકરો—જગત્પાલ ને પદ્મદેવ—ત્યાં સુધી રણધ્વજ તો ફરકતો રહેશે. કુમાર ત્રિવિક્રમપાલ નાનો છે.

પણ આ બેયને ક્યાંય ચેન પડતું નથી. જગત્પાલને એમ છે કે મારો ભત્રીજો ત્રિવિક્રમ જો સ્વતંત્ર લાટનો રાજવી થાય, તો જ મારું જીવ્યું સાર્થક ગણાય. એ આગ્રહી છે, રણરંગી છે. *રુદ્રપુત્રીનું પાણી એની નસેનસમાં છે. બન્ને બાપદીકરાને લાટની સ્વતંત્રતાનાં સોણાં રાત ને દિવસ આવ્યા કરે છે. બાપ રણઘેલો છતાં ય હજી દેમૂકમાં કાંઈક સમજે; વખતે નવીનવી રાજનીતિ પણ અજમાવે; પણ એનો દીકરો પદ્મદેવ—એ તો નરી મહાભારતના અભિમન્યુની મૂર્તિ જાણે! એટલે થાળે પડતાં વાર તો લાગશે! આંહીં કાંઈ નહિ જુએ, તો એની મેળે ઢીલા થઈ જાશે!'

'જગત્પાલ આંહીં શા માટે આવે છે? સાથે બીજું કોણ છે?'

'કુમાર ત્રિવિક્રમની એક બહેન છે—'

'કોણ? પદ્માક્ષી?'

'હા; એ જ. જગત્પાલને એક ધક્કે હજાર વાત જાણવી છે. આંહીં આવે છે, પહેલું તો ઉપરછલ્લે એ પદ્માક્ષીનો કર્ણદેવ સાથે સંબંધ બાંધવા. એટલા માટે મહારાણીબા સાથે એ વ્યવહાર ચલાવી રહ્યો હતો. એમાંથી જો પાટણના આંતરિક વિગ્રહની ગંધ મળે—કે આ સંબંધબળે ભડકો વધુ સળગે એવું લાગે તો સળગાવતું પણ જાવું. હમણાં ન સળગે તો ડુંભારણું ચેતાવી રાખવું. ×સુતારાદેવી મરણ પામ્યાં, અને એણે જુક્તિ રચી કે આશાભીલને ઊડતા ઊડતા સમાચાર મળે કે લાટવાળા ત્યાં સંબંધ બાંધવાના છે. એક બાજુ

* નર્મદા.

× ક્ષેમરાજની પત્ની—'કુમારપાલચરિત્ર.'

એવી ગોઠવણુ કરી. બીજી બાજુ ભીલને સલાહ અપાવી કે તમે ઉતાવળ કરીને સંબંધ બાંધી લો. અંદરખાને એને એમ છે કે બન્ને કુમારોને એક એક સમર્થ સગો મળે, તો બેમાંથી કોઈ નમતું મૂકે નહિ, સમજે પણુ નહિ, ને અંતરાગ્નિ પ્રદીપ્ત થઈ જાય. આ જગત્પાલ આવે છે જ એટલા માટે. સાથે શંકર છે.'

'પેલો એનો સાંધિવિગ્રહિક? ભલે આવતા—પણુ આશાપલ્લીનો ભીલ—એ જડસો કાંઈ સમજે એવો છે, કે એને પણુ પાટણુ સાથે લડી લેવાનો લહાવો લેવો છે?'

'અત્યારે કોઈ સમજશે નહિ, પ્રભુ! એ માટે ભેદનીતિ પણુ શું? ભેદનીતિ તો અવંતી જેવાં મહાન રાજ્યો માટે હોય. આ તો ઠીક છે. આ ભીલ છે, લાટ છે, બર્બરક છે, સૌ છે—ને આ બાજુ પાટણુ છે. જોઈ લેવાશે. આવડા નાના માટે તો શામદામાદિ ચાર નીતિનો ખપ પણુ શું?' સાંતૂના આત્મવિશ્વાસી શબ્દોમાં રહેલો સાચો રણુકો દામોદરે અનુભવ્યો. દામોદરનો નિશ્ચય વધારે દૃઢ થયો. તેને લાગ્યું કે આ માણુસ જ પાટણુને અત્યારે દોરી શકશે.

'મેં તને કેમ બોલાવ્યો છે, સાંતૂ! ખબર છે?' દામોદર બોલીને દંડનાયક સામે જોઈ રહ્યો. એ થોડી વાર કાંઈ બોલ્યો નહિ. મહામંત્રીના મનની ગડમથલ સાંતૂ નિહાળી રહ્યો. એ ગડમથલ શાની હતી તે એ કળી શક્યો નહિ. પહેલાના જે દામોદરને એ ઓળખતો હતો, એ દામોદર ત્યાં ન હતો. ચપળ, અજબ, વિચિત્ર, સામાને મૂંઝવી નાખે એવી અનેકઅર્થી મુખમુદ્રા—જેણે ભલભલાને વગર શસ્ત્રે મીણુ કહેવરાવ્યું હતું તે મુખમુદ્રા—આજે ત્યાં ન હતી. પરાજિત

માનસની નિરાશાવાદી મુખમુદ્રા પણ ન હતી. કોઈ દિશામાં એ જોતો ને એ દિશા હસી પડતી—એ મહા વિચક્ષણ નર પણ આજે ત્યાં ન હતો. સાંતૂએ જે સાંભળ્યું હતું, તે એને સાચું લાગવા માંડ્યું. મહામંત્રીને પણ મંત્રીપદ તજી દેવું છે—મહારાજની સાથોસાથ. એ તજતાં ક્ષોભ થાય એવી ક્ષુદ્ર વૃત્તિ તો મહાઅમાત્યમાં એણે કદી કલ્પી ન હતી. ત્યારે આ ચિંતનભરેલી, કાંઈક ખેદવાળી મુખમુદ્રાનો સાંતૂના મનમાં ઉકેલ બેઠો નહિ. બહારથી આયુષનાં પગલાં સંભળાયાં. દામોદર બોલતો અટકી ગયો. 'પ્રભુ!' આયુષ હાથ જોડીને ત્યાં ઊભો હતો. 'પ્રભુ! પેલી સુવર્ણમંડપિકા—એને બહાર કાઢી છે—'

'એ ભગવાન સોમનાથના ધામમાં મોકલી દેવા માટે છે. ઝડપી સાંઢણી સાથે ઘોડેસવારો પણ મોકલજો. હાથમાં* મદ્યના પવાલાવાળા સોરઠીઓનો પ્રદેશ છે! યજ્ઞ કરનારા બ્રાહ્મણોને પણ છાણાથી મારે એ જાત! માટે બંદોબસ્ત બરાબર કરજો.'

'ને પ્રભુ! એક મૌક્તિકમાલા છે—'

'એ સિવાય છે બીજું કાંઈ? હોય તો બ્રહ્મદેવને નિમંત્રો; કોઈ ×કાંડપૃષ્ઠ આવે નહિ એટલું જોજો. મૌક્તિકમાલા ભગવાન રુદ્રમહાલયના મંદિર માટે છે!'

'સંપત્કર!' આયુષ ગયો કે તરત દામોદર બોલ્યો: 'મેં તને બોલાવ્યો છે એટલા માટે કે આ હવે તારે ધારવાની છે!' દામોદરે કેડેથી રાજમુદ્રા કાઢી હાથમાં લઈ સાંતૂ સામે ધરી.

* હેમચંદ્રાચાર્ય : દ્વયાશ્રય, ૪-૩૨.

× સૈનિક બ્રાહ્મણ: એ ઊતરતા મનાતા.

'પ્રભુ!' સાંતૂએ હાથ જોડ્યા. 'હું ગમે તેમ પણ હજી નાનો છું. રાજા પણ જુવાન ને મંત્રી પણ જુવાન—એ . .'

'તું જુવાન છો એમ નાં? હવે કામ જુવાનોનું છે. તેં આ ગણાવ્યા—લાટ ને ભીલ ને બર્બરક, એટલા જ અરિ પાટણને હોત તો તો જાણે ઠીક; પણ મહારાજ મૂલરાજદેવ ગાદી ઉપર આવ્યા ને ચૌલુક્યવંશની સ્થાપના કરી, ત્યારે જે સ્થિતિ હતી ને પરિણામે મરુભૂમિના રણમાં પાણી પાણી કરતા, સાધ્વી રાણી માધવી સાથે રખડ્યા,* એ સ્થિતિ આજે ફરી આવી રહી છે. હું એ જોઈ રહ્યો છું; એટલે તને કહું છું. તને ખબર છે નાં અવંતીનાથ ઉદયાદિત્યે શાકંભરીને સાધ્યું છે?'

'હા, પ્રભુ! એ સમાચાર તો મળ્યા છે!'

'ને જબરજસ્ત અશ્વદળ ઊભું કર્યું છે. અવંતીના હડહડતા વંશપરંપરાના અરિ બે : કર્ણાટ ને પાટણ. કર્ણાટના માન્યખેટ માટે આ અશ્વદળ હોય નહિ. એક તો એ ભૂમિ જ અશ્વદળ માટે નકામી એવી.× વળી કુંતલેશ્વર આહવમલ્લ જીવનભરનો રણયોદ્ધો. કાંઈ નહિ, કાંઈ નહિ, તો પચીસપચાસ યુદ્ધો એણે કર્યાં હશે. એને મન યુદ્ધ આપવુંલેવું એ છોકરાંની રમત. એની સાથે યુદ્ધ લેવુંદેવું એ મરણના ખેલ. એની સામે જવું અવંતીને અત્યારે પોસાય તેમ નથી. એટલે આવું જબરજસ્ત અશ્વદળ માત્ર પાટણ માટે જ હોઈ શકે. શાકંભરી, નડૂલ ને અવંતી—પૂર્વ દિશામાંથી આવે ને દક્ષિણ-

---

* 'નવસાહસાંકચરિત.'

× સી. વી. વૈદ્યનું 'History of Mediaeval Indila. પૃષ્ઠ: ૩૫૪. માલખેડ વિષેની નોંધ.

માંથી લાટ ને લાટના હમેશના સંગાથી દેવગિરિના યાદવ કે કર્ણાટ આવે—તો પાટણની પુનઃ સ્થાપના કરનારો કોઈ મૂલરાજદેવ નીકળે તો ભલે; બાકી તો ચૌલુક્યવંશનું નામનિશાન ન રહે. જે સ્થિતિ મહારાજ મૂલરાજદેવ સામે હતી, તે આજે ફરી ખડી થઈ છે. મેં તને એટલા માટે બોલાવ્યો છે—આ રાજમુદ્રા ધારવા. તારા સિવાય બીજો કોઈ મારી નજરે ચડતો નથી. તેં લાટને જાળવ્યું છે—ને હજી તું જાળવી શકશે. પાટણને બે બાજુથી બે દુશ્મનનો ભાર કચરી નાખે એવું ન થાય એ જોજે. મેં તને આટલા માટે બોલાવ્યો છે—આ ધારવા.'

'પ્રભુ! એ રાજમુદ્રા ધારવા હજી તમે સમર્થ છો. હું તમારી પડખે ઊભો છું. બાકી પાટણની રાજમુદ્રા ધારવી એ હવે છાશ પીવા જેવી સહેલી વાત નથી રહી! મહારાજ મૂલરાજદેવનો સમય જુદો હતો.'

'અમારા જમાનામાં વિમલ શા માટે દંડનાયક બન્યો હતો, એ તને ખબર છે?'

'એને મા અંબાભવાનીનું સ્વપ્નું હતું—'

'સ્વપ્નું એ તો ગાંડા ભાઈ!—ઠીક હવે, સ્વપ્નું કોને ન હોય? પણ તે વખતે પાટણ નાનું હતું. વિમલ મહાન હતો. આજે સ્થિતિ ફરી ગઈ છે. લાટને આંગણે બેસીને તું એકલા લાટને સંભાળ્યા કરે, એ વખત આજે રહ્યો નથી. પાટણે પાંખો ફફડાવી છે. કુક્કુટનો જયઘોષ જગજાહેર થઈ ચૂક્યો છે. આજે કર્ણાટ ને અવંતી જેવા સાથે પાટણની ગણના થાય છે. હવે પાટણને કોઈ ઠરીને ઠામ બેસવા દે—પાટણને એમ હોય કે જે સિદ્ધિ મેળવી છે એના ઉપર બેઠા

મજો કરીશું—તો એવી ગાંડી આશા એને હતું ન હતું કરી નાખશે. હવે તો યુદ્ધ લેવાં પડશે, દેવાં પડશે. પરાજયની પરંપરામાં જયનાં સ્વપ્નાં નીરખવાં પડશે. પાટણને આજે છે એટલા દુશ્મનો ક્યારેય ન હતા. ગણવા માંડ. અવંતી, એક. નડૂલ, બે. શાકંભરી, ત્રણ. આબુ, ચાર. આટલા તો પૂર્વ દિશાના. ઉત્તરમાં સિંધુપતિ, પશ્ચિમમાં રા'—રા' તો આજે તમારા ને કાલે ફરે એટલે કોણ જાણે કોના! દક્ષિણમાં લાટ છે. સેઉણદેશનો સેઉણચંદ્ર* એનો સગો. કર્ણાટ છે. ને એ ઉપરાંત આ તું કહે છે તે મેવાસ ને ભિલ્લરાજ. મારા મનને, સાંતૂ! આટલી વયે, આ છોડતાં, એક ધરપત છે કે, મેં પાટણને નાનું થાવા દીધું નથી, ને હવે નાનું નહિ થાય. હું તને એ હાથોહાથ સોંપતો જાઉં છું. તું એને નાનું થાવા દઈશ માં. તું જેને એ પાછું સોંપે, એને પણ આ જ સંદેશો આપતો જાજે. તું જો ના પાડે—તો બીજો કોઈ મારી નજરે અત્યારે ચડતો નથી. ભગવાન સોમનાથની એમ જ ઇચ્છા હોય, તો હું તો ગલઢો ગલઢો પણ ખેંચીશ. ખેંચાશે ત્યાં સુધી ખેંચીશ. પણ હવે મને બે ઘડી સોમનાથભગવાનના ચરણ પાસે આળોટવાનું મન થયું છે. તું ના પાડશે તો ખેંચીશ; કોઈ વળી મળશે ત્યારે વાત. પણ આ મહાન નગરીને હાથોહાથ સોંપ્યા વિના તો મને ક્યાંય શાંતિ નહિ મળે! તું હવે મને ના ન પાડતો. વૃદ્ધ થયો છું. પાટણને તરુણ, પ્રબળ અને મહત્ત્વાકાંક્ષી રાજમંત્રીની જરૂર છે. તું હવે મને છૂટો

* ત્રીજા ભિલ્લમનો પુત્ર. ભિલ્લમ ગોગ્ગિરાજનો દૌહિત્ર. લાટનો બારપરાજ મૂલરાજ સામે; બારપનો ગોગ્ગિરાજ. ગોગ્ગિરાજની પુત્રી નયીસાલા દેવગિરિના યાદવ સાથે પરણેલી.

કર. અને એક બીજી વાત પણ છે . . . રાજ્યના ઉત્તરાધિકાર-નો પ્રશ્ન પતી તો જશે, પણ પતીને ય શું ? ક્ષેમરાજને ઘેલું લાગ્યું છે સંન્યસ્તનું; દેવપ્રસાદ આંહીં નથીઃ કર્ણદેવને ઘેલું લાગ્યું છે એક નર્તિકાનું; તને ખબર તો હશે.'

'થોડી થોડી વાત તો આવી છે—'

'ત્યારે તું જો, મંત્રણાસભામાં શું થાય છે? પછી તારે સંભાળવાનું રહેશે. હું તો હવે સોમનાથ જવા માગું છું! તું ના પાડીશ, તો બીજો કોઈ મારી નજરે ચડતો નથી. હું હવે— '

'પ્રભુ! આ જગત્પાલ આવે છે. એને લેશ પણ ગંધ આવશે, તો એ કાગડો છે—બધાયને ભેગા કરશે. ભિલ્લને કહેવરાવ્યું હતું ને કે 'સોમનાથથી સ્તમ્ભતીર્થ સુધીનો સમુદ્ર-સ્વામી થઈને બેઠો છો શું? આમ ને આમ બેઠો રહેશે તો લંકાનાં મોતી તો પાટણની નારીઓ પહેરશે ને તમારે ભાગે શંખલાં રહેશે!' એ આ જગત્પાલ છે. જગત્પાલ આજે આંહીં આવે—ને કાલે સવારે તો એને કાંઈ કહેતાં કાંઈ પત્તો જ ન મળે, કાંઈ કહેતાં કાંઈ, તો આપણે—લાટનો અરધો જંગ જીતી જાઈએ. પછીનો બીજો અરધો તો જીતેલો જ છે! આહવમલ્લને આ બાજુ ફરકવાની કે લાટ તરફ નજર કરવાની તો હવે સાનભાન ભુલાવી દીધી છે!'

'કોણે? ચોલરાજે?'

'હારતો, પ્રભુ! ચોલરાજે તો. ચોલરાજ વીર રાજેન્દ્રે*

* દક્ષિણના ચૌલુક્યોનું રાજચિહ્ન વરાહ હતું. ચોલરાજનું વ્યાઘ્ર. દક્ષિણના માન્યખેટ અને કલ્યાણના ચૌલુક્યો, ને કાંચીના ચોલરાજો વચ્ચે અવંતી ને પાટણની પેઠે વંશપરંપરાનાં યુદ્ધો

કવિઓએ કાંઈ અમસ્તી પ્રશસ્તિ કરી છે? 'महावराहं हरिणीं चकार' એટલે વ્યાઘ્રે હમણાં તો વરાહનો કાન પકડ્યો છે. આ બાજુ એ હમણાં ઢૂંકે એમ નથી. પછીનું જોઈ લેવાશે. જગત્પાલને અત્યારે આંહીંથી કાંઈ પણ ગંધ ન મળે—પાટણને પ્રભાતમાં સ્થિર ને તૈયાર એ જુએ—તો આપણે અરધો જંગ જીતી નાખ્યો.'

દામોદર એક ઘડીભર વિચાર કરી રહ્યો. તેણે થોડી વાર પછી તાલી પાડી. જવાબમાં આયુષ હાજર થયો.

'રુચ્ચિકજી સેનાધ્યક્ષને જરા કહી આવને—આંહીં આવી જાય.'

ચાલતાં હતાં. તૈલપ બીજો (ઈ. સ. ૯૭૩-૯૯૭, જે મુંજ સાથે લડેલો ત્યાંથી માંડીને સોમેશ્વર આહવમલ્લ ને વિક્રમાદિત્ય છઠ્ઠા [૧૦૭૬-૧૧૩૬] સુધી આ યુદ્ધો ચાલ્યાં.

૨. દામોદર

થોડી વારમાં જ રુચ્ચિક આવ્યો.

'જગત્પાલ લાટથી આવેલ છે, સેનાધ્યક્ષજી! એનો મુકામ ક્યાં છે?' દામોદરે પૂછ્યું.

'વાચિનીશ્વરના મંદિરમાં!' રુચ્ચિકે તરત જવાબ વાળ્યો: 'હજી એ આવેલ નથી. પણ આવશે ત્યારે ત્યાં ઊતરવાના છે. સાથે એનો સાંધિવિગ્રહિક શંકર પણ છે!'

સાંતૂને આશ્ચર્ય થયું. થોડા વખતમાં તો દામોદર પાટણનું મંત્રીપદ તજી દેવાનો છે એ સૌને ખબર હતી. પરંતુ હજી દરેક જણ પોતપોતાના કામમાં તલ્લીન હતો— દામોદર પ્રત્યે એટલો જ વિનમ્ર પણ હતો.

'કાલે સવારે મહારાજની આજ્ઞા થાય કે અભિષેક-મહોત્સવની જયઘોષણા કરાવો તો તમે નગરને, સૈન્યને, સ્થળોને, સમયને અનુરૂપ બનાવી શકશો કે?'

'ગમે તે પળે,' ટૂંકાક્ષરી જવાબ મળ્યો.

'જગત્પાલ કેમ આવે છે?'

રુચ્ચિકે એક દૃષ્ટિપાત સાંતૂ તરફ કર્યો. એ મોઢેથી કાંઈ પણ ન બોલ્યો.

'એમણે તો મને કહ્યું છે. તમારી પાસે શા સમાચાર છે એ જાણવા માટે મેં તમને બોલાવ્યા છે!'

'મહારાણીબાને મળવા; પાટણમાં આંતરિક કલહ જાગે તો એનો લાભ લેવા. એની એક યોજના પદ્માક્ષીને આંહીં લાવવાની છે, તો બીજી એક યોજના મહારાણીબાને લાટની મદદ આપવાની છે. એ માટે એની સંપૂર્ણ તૈયારી પણ છે.'

સાંતૂએ દામોદર સામે જોયું પણ એની મુખમુદ્રામાં લેશ પણ આશ્ચર્ય ન હતું. આ યોજનાની એને જાણ હોય—ને એ યોજના અમલમાં આવે, તો શું કરવું એનો એણે વિચાર કરી રાખ્યો હોય, એટલી સ્વસ્થતાથી એ હતો તેમ શાંત બેઠો રહ્યો.

'રાજમહેલમાંથી કોઈ બહાર નીકળે નહિ, કોઈ અંદર આવે નહિ, કોઈ કોઈને મળે નહિ—એટલું થઈ ગયું? સૌને કહેવરાવી દીધું છે મંત્રણાસભા વિષે?'

રુચ્ચિકે માત્ર જરાક માથું નમાવ્યું.

'સાંતૂ! ત્યારે, મંત્રણાસભાની તૈયારી તો થઈ ગઈ છે. હવે હું હમણાં જ મહારાજ પાસે જાઉં છું. કાલે પ્રભાતે નગરીને નવું સ્વરૂપ મળે અને એ સ્વરૂપ વધારે યશસ્વી નીવડે! યાત્રામાં તો બારમા ચંદ્રનું મૂહૂર્ત, ને એ કાલે જ છે. આમશર્માએ પણ કાલનું જ મુહૂર્ત મહારાજને આપ્યું છે. એટલે કાલ સવાર પહેલાં જ તું કહે છે તેમ થઈ જશે. ચાલો, ભગવાન સોમનાથ! ચાલો. ત્યારે રુચ્ચિકજી.' દામોદર ઊભો થયો. રુચ્ચિકની પાસે એ આવ્યો. તેણે એને બન્ને હાથે પ્રેમથી આલિંગન કર્યું. રુચ્ચિક સમજી ગયો. મહામંત્રીશ્વર

મંત્રીશ્વર તરીકે એની છેલ્લી વિદાય લઈ રહ્યો હતો. તેનો કંઠ આર્દ્ર બની ગયો.

થોડી વાર પછી તે નમીને ગયો.

'આને જોયો, સાંતૂ? અદ્‌ભુત માણસ છે. પાટણનું નરરત્ન છે. ન કરે નારાયણ ને પાટણમાં કોઈ પણ પ્રકારનો આંતરિક દ્વેષ જાગે, તો એક ઘડીના છઠ્ઠા ભાગમાં બધું દબાવી દેવાની તાકાત આની પાસે છે. એનાથી એક પણ વાત અજાણી નહિ હોય. કાલે પ્રભાતે—કે પાછળથી—કાંઈ થાય—તો આ માણસનું શાંત સામર્થ્ય અજમાવવા જેવું છે! એનામાં સામર્થ્ય છે, અને શાંત રહેવાની શક્તિ છે. તને ઉપયોગી નીવડશે'

'મને, પ્રભુ! હજી તો...'

'તું જુવાન છો એ તેં મને કહ્યું, ને મેં જવાબ પણ દઈ દીધો. કાલે સવારે જગત્પાલને કાંઈ પણ ગંધ ન મળે એટલું હું છેલ્લું છેલ્લું કરી લેતો જાઉં. પછી તો અમારો સૂત્રતંતુ હવે તમારા જેવા જુવાનો જ ધારે ને આગળ વધારે. એ તો હવે નક્કી જ થયું છે. સારું છે, સાંતૂ! કે મારે આગળપાછળ કાંઈ નથી.' તેના ચહેરામાં માયાળુ સ્મિત રમી રહ્યું: 'ભગવાન સોમનાથે જ મને પ્રેરણા આપી ને મેં તને તેડાવ્યો. સારું છે કે મારે છોકરો નથી. કોને ખબર છે? મને પણ મોહ થાત ને કોઈ લાયક—નાલાયકના હાથમાં મંત્રીપદ સોંપવાની કામના જાગત. અમારા વખતનું પાટણ—આબુ ને સિંધ સુધીમાં તો જાણે બહુબહુ કરી નાખતું હોય એમ લાગતું. તમારે ભાગે આખા ભારતવર્ષનો પરિચય સાધવાનું આવ્યું છે. પટ્ટણીઓ

સમુદ્રના સ્વામી છે; એટલે સિંધુ, સોમનાથ, સ્તંભતીર્થ, સોપારકથી સિંહલદ્વીપ સુધી—આખો પશ્ચિમ ખંડ—એક કે બીજી રીતે પાટણનગરી સાથે તમારે સાંકળી લેવો પડશે.' દામોદર જાણે દરેક વસ્તુની સોંપણ કરી રહ્યો હોય તેમ એનો કંઠ સ્નેહભીનો બની ગયો હતો.

બહાર પાલખી આવી ગઈ હતી. દામોદર સાંતૂને ત્યાં જ મૂકીને અંદર ગયો. થોડી વાર પછી તે ખંડેખંડમાં ફરીને બહાર આવ્યો. આયુષ એની આગળ ચાલતો હતો.

'આયુષ! આંહી વચ્ચોવચ્ચ મગનો સાથિયો પૂરી દે.' આયુષે દામોદરના કહેવા પ્રમાણે કર્યું. દામોદર બે હાથ જોડીને ધરતી પર માથું નમાવી, જે ઘરમાં પોતે વર્ષો ગાળ્યાં હતાં, જ્યાં એણે સુખ, દુ:ખ, આશા, ચિંતા, મહત્ત્વાકાંક્ષા, નિરાશા, ઉલ્લાસ ને પ્રેરણા અનુભવ્યાં હતાં, એ ઘરને પ્રણમી રહ્યો. સાંતૂ ને આયુષ બન્નેનાં ચિત્ત આર્દ્ર બની ગયાં.

'આયુષ! તારે હવે સોમનાથની પાલખી સાથે જવું હોય તો જા. અને આ તારાં વહુછોકરાંને આપતો જાજે.' દામોદરે વસ્ત્ર નીચેથી એક મહામૂલ્યવાન હાર કાઢ્યો. દીપકના પ્રકાશમાં રત્નનું તેજ લખલખી રહ્યું હતું. સાંતૂ જોઈ રહ્યો. *વેંગી પ્રદેશનાં સુંદર રત્નો એની નજરે પડ્યાં.

'મહારાજ! હવે જીવી જીવીને હું કેટલુંક જીવવાનો છું? થોડા વખત માટે કાં અળગો કરો? હવે તો જ્યાં તમે,

* ગોદાવરી અને કૃષ્ણા નદી વચ્ચેનો પ્રદેશ. ત્યાંનાં રત્નો વખણાતાં. જુઓ આયંગારનો લેખ: 'Diamonds in South India,' 'Ancient India,' Vol. II, 536.

ત્યાં હું: મને કોઈ બીજા સ્વામી નહિ જડે. તમને એક સેવક હશે, તો ખપ લાગશે !'

'અરે ! ગાંડા ભાઈ! સંન્યાસીને વળી સેવક શું ને સ્વામી શું? તારાં છોકરાં છે નાં? સોમનાથથી પાછો ફરીને એમને રમાડતાં રમાડતાં દિવસો કાઢી નાખજે. વખતે આવી જાજે—સંન્યાસી પાસે તો મહાદેવની રાખ હોય!'

આયુષ નમી રહ્યો. એની આંખમાં આંસુ હતાં. દામોદર આગળ વધ્યો. એક વખત પાછા ફરી તેણે ઘરને પ્રણામ કર્યા. પાછળ ચાલ્યા આવતા સાંતૂનો હાથ પકડી તે આગળ વધ્યોઃ 'ચાલો, સાંતૂ! રાજસભામાં મોડું થાશે. આ રાજમુદ્રા તારી આંગળીમાં બરાબર આવી ગઈ છે હો! તું મારી સાથે આવે છે કે ઘેર જઈને પછી આવશે?'

'હું તો પ્રભુ! પરબારો આંહીં આવ્યો હતો. ઘેર થઈને પછી જ આવું છું!'

૩. મંત્રણાસભા

દામોદર રાજમહાલય પાસે આવી પહોંચ્યો, ત્યાં તો રાજમહાલયનો ખંડેખંડ સુવર્ણદીપિકાઓમાંથી આવતા પ્રકાશ વડે ઝળાંઝળાં થઈ ગયો હતો. તેણે બહારના કોટ પાસે પાલખી ઉતરાવી, પોતે નીચે ઊતરી પડ્યો. પાલખીવાળાઓને વિદાય કરી એક ઘડીભર એ ત્યાં કોઈ ન દેખે એવી રીતે એક ઝાડને છાંયે શાંત ઊભો રહ્યો.

થોડી વારમાં મંત્રી ધવલકનો ગજરાજ આવ્યો: બહાર ઊભો રહ્યો. નતમસ્તકે શાંત ઊભેલા ભાલાધારી દ્વારપાલોની વચ્ચે થઈ મંત્રી ધીમે પગલે અંદર ગયો. બે પળ વીતી ને સોનેરી પાલખી આવી. રાજપુરોહિત આમશર્મા એમાંથી ઊતર્યા. ભોગાદિત્ય આવ્યો. મહાસાંધિવિગ્રહિક ચાહિલ દેખાયો. નગરશ્રેષ્ઠી રેશમી વસ્ત્ર ઉપવસ્ત્રથી શોભતા નજરે ચડ્યા. દામોદરે એક ઘોડેસવાર આવતો દીઠો. કોણ છે એ જોવા દૃષ્ટિ ખેંચી. સાંતૂ હતો. પોતાના સૈંધવી ઘોડાને ત્યાં ઊભો રાખી એણે એની પીઠ ઉપર જરા હેતથી હાથ થાબડ્યો. આરસની પ્રતિમા હોય એમ ઘોડો સ્થિર શાંત બની ગયો. ચારે તરફ દૃષ્ટિ કરતાં કરતાં એણે રાજમહાલયમાં પ્રવેશ

કર્યો. એની પાછળ બે શસ્ત્રધારી પુરુષો જતા દામોદરે જોયાઃ એ મદનપાલ ને મકવાણોજી હતા.

ઘણાખરા આવેલ છે એની ખાતરી કરી દામોદર આગળ વધ્યો. સાદા, અકિંચન ભિક્ષુક જેવા બ્રાહ્મણને આજ્ઞા વિના રાજમહાલયની અંદર પેસતો જોઈ એને રોકવા માટે પ્રતિહાર દોડતો આવ્યો. ગભરાતો, મૂંઝાતો, આશ્ચર્ય પામતો, પ્રણામ કરતો તે એક બાજુ ઉપર ઊભો રહી ગયો. મહાઅમાત્ય—દામોદરને જોઈને એ છોભીલો પડી ગયો.

રાજમહાલયનો અંદરનો મંત્રણાખંડ, જેમાં સૌ ભેગા થયા હતા, તે જીવનની નમતી સંધ્યા જેવો સાદો સ્વચ્છ હતો. ખૂણાઓમાં સુવર્ણદીપિકાઓ જળી રહી હતી. અનેક સ્તંભ ઉપર ટકાવેલી ચારે તરફની ઉપરની અટારીમાં હજી કોઈ રાજરમણી દેખાતી ન હતી. એનો કેટલોક ભાગ રેશમી આચ્છાદનથી ઢંકાયેલો હતો. કેટલોક ભાગ ખુલ્લો હતો. સૌ મહારાજની રાહ જોતા બેસી રહ્યા હતા. આજે શો નિર્ણય આવશે — કોયડો ઊકલી જાશે કે એ રણરંગ રોપતો જાશે — એની ચિંતા સૌનાં મોં ઉપર દેખાતી હતી. અચાનક પાસેનું દ્વાર ખૂલ્યું. સિંહનાદ દેખાયો. અંદરના ભાગમાંથી પાદુકાઓનો અવાજ પાસે ને પાસે આવતો સંભળાયો. થોડી વારમાં ગેરુઆરંગી વસ્ત્ર દેખાયું. મંત્રીમંડળ ઊભું થઈ ગયું. મહારાજ ભીમદેવ પોતે આવી રહ્યા હતા. એમની ડોકમાં મણિ-મૌક્તિકને સ્થાને સાદી રુદ્રાક્ષની માળા લટકતી હતી- હાથમાં એક નાનો બેરખો હતો. કેશે જટાનું રૂપ ધાર્યું હતું. મહા-ધનુર્ધારી ખભા ઉપર બાણને સ્થાને ભસ્મની રેખાઓ દેખાતી હતી. કેડે તલવાર ન હતી. હાથમાં કોઈ શસ્ત્ર ન હતું.

આંખમાં રજપૂતી અભિમાન ન હતું. પરમમૈત્રીની બ્રાહ્મણ-ભાવના એમને સ્પર્શી ગઈ હતી. તે આવ્યા ને સૌ મસ્તક નમાવી પ્રણમીને ઊભા રહ્યા. સામેથી મહારાજ પણ મસ્તક નમાવી રહ્યા હતા. વાતાવરણ શાંત ને ગંભીર બની ગયું. 'ક્યાં છે દામોદર? મહેતો હજી નથી આવ્યા કે શું?' મહારાજે બેસતાં વેંત પૂછ્યું.

પાસે પડેલા પાછળના દર્ભાસન ઉપરથી એક અવાજ આવ્યો: 'મહારાજ! હું તો આંહીં જ ઊભો છું!'

'મહેતા! તમે પણ?' મહારાજે દામોદર સામે જોયું.

'પ્રભુ! મેં તો માથેથી ભાર કાઢી નાખ્યો. સંપત્કરજી! જરાક આગળ આવો. મહારાજને ચરણે રાજમુદ્રા ધરો!'

ભોગાદિત્ય, ધવલક, મદનપાલ, આમશર્મા વગેરે ઘણાના મોં ઉપર દામોદરના આ સ્વેચ્છાચારની નાપસંદગી દેખાઈ આવી. દામોદરે એ જોયું ન જોયું કર્યું. સાંતૂ આગળ આવ્યો. તેણે મહારાજને ચરણે રાજમુદ્રા મૂકી. મહારાજે આછા સ્મિત વડે એ સ્વીકારી—એને જ પાછી સોંપી.

'મહાઅમાત્યજી! ત્યારે તો લાટ હવે ઉઘાડું પડી જાશે. સાંતૂ મહેતા આંહીં આવશે તો ત્યાં કોણ જાશે?'

'તમે છો ને,' દામોદરે વ્યંગભર્યો જવાબ વાળ્યો. બોલનાર મદનપાલ ચાટ પડી ગયો. ભોં માર્ગ આપે તો સમાઈ જાઉં એવું એને થઈ આવ્યું. હજી સુધી તો મહેતો જ સર્વસત્તાધીશ છે, એ ભાનથી બોલવાને ઉત્સુક કેટલાક પાછા શાંત થઈ ગયા. મદનપાલના જેવી અસહ્ય દશાની કલ્પના કરી સૌ ચૂપ થઈ ગયા. દામોદરે મહાત થયેલા મદનપાલને એકબે વધુ સીધા ઘા મારવા શસ્ત્ર ઉપાડ્યું.

'કેમ જશો નાં, મદનપાલજી ?'

'મહારાજની આજ્ઞા હોય તો...'

'મહારાજની આજ્ઞા છે, લ્યો,—ત્યાં જઈ ને શું કરશો, એ વાત તો કરો. લાટને રાખવું કે પાટણનું રાજ કરવું, એ કાંઈ ભવૈભાંડ નચાવવા જેવું કામ હવે નથી રહ્યું. સમજ્યા ? મારે તો શું છે—મહાઅમાત્ય સંપત્કરજીને પૂછો, તમને મોકલે તો તમે જાઓ. પણ પહેલાં સમજી તો લ્યો કે ક્યાં જવાનું છે ?'

'લાટમાં.'

'લાટમાં નહિ—મદનપાલજી ! લાટ તો કાંઈ નથી. લાટના પાયા તો પડ્યા છે—ત્યાં કર્ણાટકમાં. ને એ કુંતલેશ્વર એટલે શું, એ તમને ખબર છે ?'

મદનપાલ તો એવો લેવાઈ ગયો હતો કે બોલે એ બેટો જ બીજો. દામોદરે મદનપાલને ડાર્યો હતો—કારણ કે એ સૌથી મૂર્ખ ને અભિમાની હતો. દામોદરનો દરેક શબ્દ ખરી રીતે તો બીજા સૌને મૂંગા કરી દેવા માટે હતો.

'ખબર છે, મદનપાલજી ! કુંતલેશ્વર એટલે શું ?' દામોદરે મદનપાલને હજી છોડ્યો નહિ.

મદનપાલે દસશેરિયો હલાવ્યો. દામોદરે એક વિજયદષ્ટિ વડે સભા તરફ મીટ માંડી. 'કોઈને ખબર છે ?' તેણે સૌના કરતાં સાંતૂની શ્રેષ્ઠતા સ્થાપી દેવાની તક ઝડપી લીધી. ગમે તે જવાબ આપી દેવાય ને દામોદરના વિનોદી ઉપહાસનો વિષય થઈ જાય, એટલે કોઈ કાંઈ બોલ્યું નહિ.

'કહો, સંપત્કરજી ! હવે તમે કહો. તમને પાટણની મહત્તા સમજાઈ છે, ને એ મહત્તા કોની સામે ટકાવવાની

છે, એ પણ સમજાયું છે. તમે જ કહો.'

'સમુદ્રના એવા સ્વામી ત્યાં પડ્યા છે, મહારાજ!—ગોપાલકપટ્ટન જ લ્યો—ત્યાંનો જયકેશી. ત્રીસત્રીસ હજાર ઘોડાં તો સાગરમાં ફેરવે છે!' સાંતૂ બોલ્યો.

'સાગરમાં ફેરવે?' મદનપાલે પાછી પ્રશ્નની મૂર્ખતા કરી.

'ત્યારે નહિ? *નૌકાઓમાં ત્રીસત્રીસ હજાર ઘોડાં ફેરવે—સમુદ્રદ્વારા સૈન્ય ઉતારે—અને ગોપાલકપટ્ટનનો એ જયકેશી એ તો કર્ણાટકનો એક મંડલેશ્વર. લાટને સીમાડે એનાં ઘોડાંના ડાબલા સંભળાય છે! એવા તો એને ત્યાં ચાર છ મહામંડલેશ્વર છે, એનો સ્વામી એ કુંતલેશ્વર. લાટ એની દાઢમાં છે. એ પાટણને મહાન ગણે—મહાન જો ગણે, તો જ પાટણ મહાન રહે. એ પાટણને નાનું ન ગણે એ જોવાનું કામ લાટના દંડનાયકને માથે છે. એ જે કરી શકે—મદનપાલજી કરી શકે તો મદનપાલજી—તે લાટનો દંડનાયક થાય.'

'એ વાત જવા દે, સાંતૂ! છોકરાં છાશ પી શકે નહિ. હજી તો મદનપાલજી આંહીં રાજરમત શીખે છે—તું ક્યાં એને લાટ કાઢવાની વાત કરે છે?' મહારાજે કહ્યું. 'એ વાત હમણાં જવા દે!'

* Another important arm that was used by the Kadambas of Goa was the fleet. It was employed with great advantage for the conquest of islands and lands that could be reached by sea... ...an idea of the size of the armies might be obtained from an inscription... which records that... ...'Singhana Deva's Nayakas... ... with 30,000 horses came and captured the hillfort. 'The Kadamba Kula,' Moraes,' page 261.

દામોદરને સંતોષ થયો કે સાંતૂની મહત્તા સ્થપાઈ
હતી. તે પાછો શાંત બની ગયો.

'આપણે ત્યારે આજે નક્કી કરો, સૌ કહો. હું
બે દીનો મહેમાન છું. રાજપદ કોને સોંપવું છે? ચૌલુક
પ્રથા તમે સૌ જાણો છો—' મહારાજ ભીમદેવ બોલ્યા. '
રાજ જ્યેષ્ઠ છેઃ રાજપદને યોગ્ય છે. પુરોહિતજી શુભ મુ
આપે એટલે જયઘોષણા કરી એનું નામ પ્રગટ કરીએ.

કાંકરી પડે તો સંભળાય એવી શાંતિ થઈ
એટલામાં સેનાધ્યક્ષ રુચ્ચિક આવ્યો. એની દૃષ્ટિ દામો
ખોળી રહી હતી. દામોદર મહારાજને નમીને જરાક બ
જઈ આવ્યોઃ પાછો આવ્યો ત્યારે એના મોં ઉપર અ
વિનોદરેખા પ્રગટી નીકળી હતી. શું હતું, એ કોઈ જ
શક્યું નહિ.

'શું છે, દામોદર? રુચ્ચિકજી કેમ આવેલ?'

'એ તો, મહારાજ! પ્રભાતની ઘોષણાની આજ્ઞા લે
પણ હજી આપણી મંત્રણા ચાલે છે એટલે પાછા ગય
દામોદરે કહેલી વાત સાચી નથી, એ સાંતૂ કળી ગયો.
જગત્પાલ વિષે કાંઈક સમાચાર લાગ્યા.

પણ અત્યારે હવે બીજાને શંકામાં નાખ્યા વિના
જાણી શકાય તેમ ન હતું. એટલે તે શાંત બેઠો રહ્યો.

'બોલો, ત્યારે, કહો, પુરોહિતજી! તમે શું માનો છો

'રાજમહિષીનું સંતાન હોય તેને રાજપદ મળે, મ
રાજ! આ રાજપ્રણાલિકા છે,' આમશર્માએ કહ્યુંઃ 'ભો
દિત્યજી વધુ કહી શકશે.'

ભોગાદિત્યે હાથ જોડયાઃ 'મહારાજ! રાજપદ

યોગ્યતા તો એમ ગણાવી જોઈએ. ધવલકજીનો પણ એ જ અભિપ્રાય હશે!' સૌએ એકબીજાનાં નામ આપતાં જવાં ને મૂળ વસ્તુનું સમર્થન કરવું, એવી રાજરમત દામોદરના લક્ષમાં આવી ગઈ. તે આમશર્મા સામે જોઈ રહ્યો: 'પુરોહિતજી! પ્રણાલિકા શી છે? તમે કહી તે?'

'હાં, પ્રણાલિકા શી છે, એ બરાબર નક્કી કરો,' મહારાજે કહ્યું: 'જીવનસંધ્યાસમયે હું ચૌલુક્યોની પ્રણાલિકા નહિ તોડું. પ્રણાલિકાથી રાજ ક્ષેમરાજનું હશે, તો એને જ મળશે—પછી સામે ભલે આખી પૃથ્વી હોય. હું લૂંટારો નથી, કે કોઈકનું રાજ કોઈકને આપી દઉં.'

'મહારાજ! રાજ તો ત્યારે કર્ણદેવને જ મળે; ક્ષેમરાજદેવને પણ મળે—ભૂભાગ. સંપત્કરજી છે, મહેતા છે, સૌ વિચારો; નગરશ્રેષ્ઠી છેઃ કેમ શ્રેષ્ઠીજી! તમે સૌ શેઠિયાઓ એમ જ માનો છો નાં?' ધવલકે કહ્યું.

'પ્રભુ! રાજરીત તો એવી છે!'

'ધવલકજી! ત્યારે તમને રાજપ્રણાલિકાની ખબર જ નથી. રાજ તો મહારાજને જે રીતે મળ્યું છે, એ જ રીતે મહારાજ બીજાને સોંપશે. રાજ તો રાજાનું છે; ને ક્ષેમરાજદેવ રાજા છે કે નહિ એ આપણે નક્કી કરવાનું છે—' દામોદર બોલ્યો. એના શબ્દોમાંથી અર્થ કાઢવાના પ્રયત્નમાં સૌ પડી ગયા.

'આ વસ્તુ તો બરાબર છે. રાજા વિના તમે રાજનો નિશ્ચય ક્યાંથી કરો? રાજ કોનું છે, એ પછી નક્કી કરજો. પહેલાં રાજા કોણ છે, એ નક્કી કરો!' સાંતૂએ કહ્યું: 'રાજા વિના કોઈએ રાજ સાચવ્યું છે? કે પછી તમે તો રાજા નહિ હોય એને પણ રાજ સોંપશો?'

'રાજપ્રણાલિકા તો મેં કહી તે છે,' આમશર્માએ કહ્યું: 'ભારતભરનાં મહાન રાજ્યોમાં એ ચાલુ છે.'

'શી છે રાજપ્રણાલિકા?' દામોદરે તીવ્ર શર જેવો પ્રશ્ન મૂકયો.

'મેં કહી તે,' આમશર્માએ દઢતાથી જવાબ વાળ્યો: 'દામોદરજી! રાજમહિષીનો પુત્ર હોય એને ગાદી સોંપાય, રાજગાદી એને મળે; આ પ્રણાલિકા છે. તમારે એ ન જાળવવી હોય, તો એમ સ્પષ્ટ વાત કરો.'

'હાં—હું પણ એ જ કહું છું!' મકવાણા હરપાલે કહ્યું. 'આપણે રાજની રીતરસમ ન જાળવવી હોય તો એમ. પણ કાંઈક વાતનું મથાળું તો બાંધો.'

'હા, મારા ભૈ! એમ બોલો, તો તો ભા! કાંઈક સૂઝ પણ પડે! આ તો વાતનું માથું પણ ન મળે, ને છેડો પણ ન મળે!' મદનપાલે કહ્યું.

'મારી પાસે એક જ વાત છે, આમશર્માજી! રાજા હોય એને શું મળે? રાજમહિષીના પુત્રને તો રાજ મળે, યુવરાજને રાજ મળે—ભલે મળે—પણ જે રાજા હોય, તેને શું મળે? રાજગાદી શું રાજા હોય તેને ન મળે?'

આમશર્માને કાંઈ સમજ પડી નહિ. પ્રત્યુત્તર ન દેવામાં જ એને સલામતી લાગી. ધવલક આનો ઉત્તર કેમ વળાય, તે વિચારી રહ્યા. મહારાજને દામોદરની વિચારસરણી કઈ પ્રણાલિકાને સમર્થે છે એ ખબર ન પડી.

'એનું કારણ છે, આમશર્માજી! તમે પ્રત્યુત્તર ક્યાંથી વાળો? ભારતભરનાં રાજ્યોમાં જે પ્રણાલિકા છે, એમાં એમ છે કે રાજમહિષીનો પુત્ર હોય તે રાજા થાય. પણ ભારત-

ભરમાં રાજમાં રાણી હોય છે, મહારાણી પણ હોય છે, દેવી હોય છે; પણ તમે જ કહો, ક્યાંય મહાદેવી હોય છે? કોઈ જગ્યાએ? આંહીં પાટણમાં મહાદેવી છે. મહાદેવી ચૌલાદેવી. ક્ષેમરાજદેવ એનો કુમાર, રાજમહિષીનો—પટરાણીનો નહિ, એ સાચું. હવે તમે જ બોલો: રાજા હોય તેને રાજ ન મળે? તો પછી કોને મળે?'

'પણ ત્યારે, મહેતા!' ઉપરની અટારીમાં રેશમી વસ્ત્રનું આચ્છાદન એક બાજુ કરી ઊભેલી મહારાણી ઉદયમતિનો અવાજ સૌને કાને પડચો. બધા એ બાજુ જોઈ રહ્યા. સૌને લાગ્યું કે કોયડો વધુ વિકટ થતો જાય છે.

'પણ ત્યારે, મહેતા! તમે ભૂલી જાઓ છો કે શું? તમે જ આપણી જૂની વાત સંભારો ને . . . ! કે પછી એ સંભારવી જ નથી? તમે મને વ . . .'

'મહારાણીબા!' દામોદર અચાનક ઊભો થઈ ગયો હતો. તેને લાગ્યું કે મહારાણી ઉતાવળમાં કાંઈક એવું બોલશે કે પ્રશ્ન વધારે વિકટ બની જાશે. એટલે એણે તરત વાક્ય ઉપાડયું:

'મહારાણીબા! જે અમૃતસ્રોત જીવનભર તમે સાચવ્યો છે, બા! તેને આજે સંધ્યાસમયે એકબે વિષબિંદુ નાખીને હવે કલુષિત ન કરતાં; છેવટે તો ઘીના ઠામમાં ઘી પડી રહેશે. જરાક શાંતિ રાખો.'

'પણ એમ તો મકવાણોજી પોતે કયાં નથી? કેમ મકવાણાજી? કેમ બોલતા નથી?'

વાત વધારે રહસ્યમય થતી જતી હતી અને શંકાકુશંકાને જન્માવતી હતી. દામોદર જોઈ રહ્યો હતો કે રાણી ઉતાવળમાં એવું પગલું ભરવા તત્પર થતી હતી કે જે એને જ

નુકસાન કરે અને એમાંથી જ એક દાવાનલ પ્રગટ થાય. મહારાજ ભીમદેવને એક વખત પણ ખબર પડે કે રાજના ઉત્તરાધિકાર વિષે મહારાણીઓએ ભૂતકાળમાં કાંઈક પણ યોજના કરી લીધેલી હતી, અને એને વિષે આ ઉલ્લેખ છે, તો તો એ ક્ષેમરાજને જ ગાદી આપવાનો અત્યાગ્રહ રાખે. પરિણામે કર્ણદેવ તો રખડે—પણ વંશપરંપરાનાં વૈરનાં બીજ પણ રોપાતાં જાય. એને હરપળે આ કૂટ પ્રશ્નમાં રહેલાં વિષ-બિંદુનાં દર્શન થવા લાગ્યાં. તેણે સાંતૂ તરફ દૃષ્ટિ કરી—એની પાસે કોઈ નવો ઉકેલ હોય તો એ જાણવા.

એટલામાં અચાનક અંદરથી એક મધુર અવાજ આવ્યો: 'મહેતા!' એક તરફનું દ્વાર ઊઘડયું. ચૌલાદેવી પોતે આવી રહી હતી. સૌને શબ્દનો સુંદર રણુકાર આકર્ષી રહ્યો: 'મહેતા! તમે પણ જૂની પ્રણાલિકા—ચૌલુકય રાજવંશની જ નહિ, હરકોઈ રાજવંશની—ભૂલી ગયા કે શું?' સોનેરી ઘૂઘરીઓના મધુર ઝંકાર જેવા શબ્દોએ વાતાવરણને નવી જ મોહિની આપી દીધી: 'મહેતા! તમે રાજપદને માટે કોણ હક્કદાર છે એની વાત કરો છો, કે કોણ સમર્થ છે એની વાત કરો છો? ગમે તે રીતે વાત કરતા હો, પણ જેમને રાજપદ આપવા માગો છો, એમને તો પહેલાં બોલાવો! એ કયાં છે? મહારાજ ચામુંડરાજના સમયથી ચૌલુકય સિંહાસને કોઈ દિવસ કુમારને રાજપદનો લોભ લગાડયો જાણ્યો નથી. એ જ પ્રણાલિકા—અમે રાજકુટુંબની નારીઓએ સંગ્રહીને તમને સોંપી છે—કે એમાં કાંઈ વિષબિંદુ પડયું છે, એ તમારે જાણવું છે નાં? તો જુઓ.' ચૌલાદેવીના છેલ્લા વાકયે અનેકના મનમાં થયેલી શંકાકુશંકાને પણ ઉડાડી દીધી. દામોદર

એના અદ્ભુત વ્યક્તિત્વને અંતરથી પ્રણમી રહ્યો. એણે ઘણી વખત પાટણને બચાવ્યું હતું; આજે એક વખત બરાબર ખરે ટાણે ફરીને બચાવ્યું. ભયંકર વિષભરેલા કૂટ પ્રશ્નનો એવો સરસ ઉકેલ આણી મૂકયો હતો કે પરિણામ ગમે તે આવે, તોપણ પાટણ આંતરિક વિગ્રહમાંથી ઊગરી જવાની હવે શકયતા હતી. સાંતૂ દામોદરની વાણીમાં રહેલા મહાદેવી વિષેના ઉલ્લેખની મનમાં ને મનમાં પ્રશંસા કરી રહ્યો.

'પુરોહિતજી! પ્રણાલિકા તો ચૌલુકયોની આ લાગે છેઃ તમે કહી, તે નહિ!' ચૌલાદેવી બોલી રહી હતી. સૌ તે તરફ જોઈ રહ્યા. 'મહેતા!' ચૌલાનો અવાજ ફરી સંભળાયો. વીજળીના પ્રકાશે જેમ અંધકારઘેરાં જળ ભેદાઈ જાય, તેમ એકક્ષણમાં સૌનાં મન જાણે પ્રકાશ પામી ગયાં. બરાબર છે—સૌને લાગવા માંડયું કે બરાબર છે. 'કુમારોને તો પ્રથમ બોલાવો. પછી નિર્ણય થાય.' કુમારોને બોલાવવાની આ વાત કેમ વિસરાઈ ગઈ, એ વિષે જ હવે તો સૌને આશ્ચર્ય થયું. સાંતૂ ચૌલાદેવીની પ્રેરણાત્મક શક્તિ જોઈ રહ્યો. એ જ ક્ષણે એના મનમાં ગાંઠ વળી ગઈ. એણે ગાંઠ વાળી લીધી કે ચૌલુકય સિંહાસન પ્રેરણામૂર્તિ વિનાનું કોઈ દિવસ ન રહો. એમ એ રહેશે ત્યારે એનું પતન થશેઃ જ્યારે કોઈ પ્રેરણામૂર્તિ ત્યાં નહિ હોય.

મહારાજે એક દષ્ટિપાત કર્યો. સિંહનાદ પાસે આવ્યોઃ 'દામોદર! રુચ્ચિકજીને જ મોકલોને. બન્ને રાજકુમારોને બોલાવી લાવે!'

'કર્ણદેવ તો આંહીં નથી, મહારાજ!' રાણી બોલીઃ 'એ તો ત્યાં...'

'રુચ્ચિકજી હમણાં બોલાવી લાવશે, મહારાણીબા! બે પળનો જ વિલંબ થશે.'

દામોદરે મહારાણીબાને બોલતાં રોકયાં: ઉદયમતિને કાંઈ સમજ પડી નહિ. બે ઘડીમાં કર્ણદેવ કયાંથી આવશે? તે નવાઈ પામીને આશ્ચર્યથી દામોદરની સામે જોઈ રહી. કર્ણદેવ તો સાભ્રમતીના વાંધામાં હતો, એની એને ખબર હતી. ને એણે એક ઉતાવળા સાંઢણીસવારને એ માટે મોકલ્યો પણ હતો. તેણે દામોદર સામે જોયું. દામોદર બહાર જવા નીકળ્યો. એણે જતાં જતાં એક અર્થવાહી દૃષ્ટિએ મહારાણી સામે જોયું.

મહારાણીને કાંઈ ન બોલવામાં ડહાપણ લાગ્યું. તે શાંત ઊભી રહી. દામોદરે બહાર જઈ એક બાજુ ઉપર શાંતિથી બેઠેલા રુચ્ચિકને શોધી કાઢચો.

'કુમાર ક્ષેમરાજદેવને બોલાવવા આ સિંહનાદને મોકલો, મહેતા!' મહારાજે દામોદર પાછો આવતાં કહ્યું.

૪. મધરાતે

મહારાણી ઉદયમતિની માન્યતા એ ખોટી મળેલી માહિતી ઉપરની માન્યતા હતી. કર્ણદેવે મહારાણીના અત્યાગ્રહને—રાજપદ ઝડપી લેવા માટેના આકળા આગ્રહને—નકાર્યો હતો. પછી તો સાભ્રમતીના વાંધા તરફ, ભિલ્લરાજની હિલચાલ તપાસવા એ ગયો છે, એવી વાત પ્રગટ થઈ. કર્ણદેવે ગુપચુપ પોતાના મહેલના ભોંયરાનો નિવાસ સ્વીકારી લીધો: અને રાજપદની તકરાર પતી જાય પછી બહાર આવવું, એવો એણે નિશ્ચય કરી લીધો. એના ગુપ્તનિવાસમાંથી રાતે એ ઘણી વખત ફરવા નીકળી જતો, ને વાચિનીશ્વરના મંદિર સુધી જઈ આવતો. એનો વિશ્વાસુ અનુચર સંગ્રામ એ વખતે સાથે રહેતો. એમ એ બન્ને ઘણી વખત ફરવા જતા, ને પાછા વહેલા પાછા ફરી જતા.

આજે પણ અરધી રાત થતાં, જ્યારે આ મંત્રણાસભા ચાલી રહી હતી, ત્યારે એ બહાર નીકળ્યા. પાટણનગરી શાંત થઈ ગઈ હતી. સરસ્વતીનાં જળ પણ થંભી ગયાં હતાં. પાટણના પશ્ચિમ તરફના કનસડા દરવાજા પાસે આવીને બન્ને જણા થોભ્યા.

'કોણ? કોણ છે?' પહેરેગીરે એમને પડકાર્યા.

'કોણ છે અલ્યા! જેસૈયો છે કે? દાભોડિયા!' જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન આવ્યો. જેસૈયાએ અવાજનો રણકો પારખ્યો. તેણે પોતાની પાઘડી સરખી કરી. હાથનો ભાલો સંભાળ્યો. તે આગળ આવ્યો.

'પ્રભુ! હું દાભોડિયો જ છું!' તે ધીમેથી બોલ્યો. દાભોડિયો દરવાજો ઉઘાડવા આગળ વધ્યો. 'ડોકાબારી જ ઉઘાડ ને, દાભોડિયા! કોઈને કાંઈ શંકા થઈ છે?' દાભોડિયાને કર્ણદેવે ધીરેથી પૂછ્યું.

'જી! મહારાજ! હજી સુધી તો કોઈની જાણમાં ન હતું. આજે લાગે છે કે કોઈકને કાંઈક ખબર પડી છે!'

'કોને—કોઈકને એટલે—કોને?'

દાભોડિયો આગળ આવ્યો. તે ધીમેથી બોલ્યો: 'સેનાધ્યક્ષ રુચ્ચિકને દામોદર મહેતાએ કહ્યું છે કે વાચિનીશ્વરના મંદિર તરફ તપાસ રાખતી રહેવી!'

'મહેતાને ક્યાંથી ખબર? એ તો હવે લગભગ પરવારેલું જીવન ગાળે છે ને?'

'મહારાજ! મહેતાની વાત ન્યારી છે. જ્યારે પાટણ છોડે, ત્યારે સાચું! છોડતાં છોડતાં તો કેકને વિતાડશે!'

'તોપણ તારે તો કોઈને કાંઈ ન કહેવું! કાંઈ કહેતાં કાંઈ!'

દાભોડિયો નમી રહ્યો. એક ઘડીમાં બન્ને જણા બહાર નીકળી ગયા: 'સંગ્રામ! આ મહેતો—એનાથી ચકલું ફરકે એ પણ છાનું ન રહે એ શું? આપણી વાતની આખા નગરમાં કોઈને ખબર નથી—અને એને ખબર ક્યાંથી?'

'પ્રભુ! મહેતાથી કાંઈ અજાણ્યું નથી રહેતું. એને ગુપ્તેશ્વરીની ઉપાસના ફળી છે!' સંગ્રામ પણ આજે આ સમાચાર મળતાં મનમાં મૂંઝાયો હતો. તે મૂંગોમૂંગો પાછળ ચાલતો હતો. પણ એટલામાં એને સાંભર્યું કે જે સ્થળમાંથી પસાર થવાનું છે, તેમાં કનસડા દરવાજા બહારનું થોડું સ્મશાની મેદાન પણ આવે છે. એમાં રહેલા જોખમના ભાનથી એ અકળાવા માંડ્યો. એને લાગ્યું કે આ રાજકુમારને વાચિનીશ્વરની પેલી નર્તિકાનું ઘેલું લાગ્યું છે, ને પોતે એમાં સાથ પૂરે છે—પણ એ ખેલ કોઈક દિવસ માથાસટોસટનો થાશે. મહેતો રહેશે, ને આ જાણશે તો તો એને જીવતોજીવત ભોંયરામાં પૂરી દેશે. પણ રાજકુમારને શી રીતે કાંઈ કહેવું એ એને સમજાયું નહિ. તે મનમાં ને મનમાં મુંઝાતો રહ્યો. થોડી વાર સુધી તો બન્ને જણા મૂંગા મૂંગા ચાલતા રહ્યા. કોઈ કાંઈ બોલ્યું નહિ. જેમજેમ તેઓ આગળ વધતા ગયા, તેમતેમ વૃક્ષોને લીધે અંધકાર વધારે ઘેરો થતો ગયો: અને જાણે અંધકારના મહાસાગરમાં તેઓ અંધકારને ઘસાઈને ચાલતા હોય, એવો ભીષણ અંધારઘેરો પગકેડીનો નાનકડો માર્ગ આવ્યો. વાચિનીશ્વર મંદિરની એક નર્તિકાએ દિવસોથી રાજકુમારને એવું ઘેલું લગાડ્યું હતું કે એનું મધરાતી એકાકી નૃત્ય જોવા માટે એ ઘણી વખત આ પ્રમાણે જતો હતો. આજે પણ એ એટલા માટે જ એ તરફ જઈ રહ્યો હતો. વાચિનીશ્વરનું મંદિર કોટબહાર સરસ્વતીને કિનારે નગરથી દૂર હતું, ને એકાંત સ્થળમાં હોવાથી ત્યાં માણસની અવરજવર ઓછી હતી. પણ ત્યાં જવાનો રસ્તો અર્ધજંગલી જેવો હતો. સંગ્રામ મનમાં ને મનમાં નર્તિકાને ભાંડી રહ્યો હતો.

'રાંડની!' સંગ્રામ મનમાં ને મનમાં બોલી રહ્યો હતો: 'સાળી પાછી સધનું પૂંછડું થાવા જાય છે! એક તો વળી આને ઘેલું લગાડયું છે, રાજકાજ મુકાવી દીધું છે, ને પાછું અભિમાન જોયું હોય! હું તો આમ ન કરું ને તેમ ન કરું, ને આવે વખતે નૃત્ય ન કરું ને તેવે વખતે ન કરું—ને આ ન કરું ને તે ન કરું સાળીને સેનાધ્યક્ષ રુચ્ચિકને ભળાવી દીધી હોય—હત્તારી જાતની!'

છેલ્લો શબ્દ અજાણપણે એનાથી જરાક મોટેથી બોલાઈ ગયો. પણ એના જવાબમાં જ જાણે હોય, તેમ એમના રસ્તા ઉપરના એક વૃક્ષની છાયામાંથી કોઈ આકૃતિ બહાર નીકળી આવતી દૃષ્ટિએ પડી. સંગ્રામે તલવાર સંભાળી: 'કોણ છે?' તેણે મોટેથી પૂછ્યું. જવાબમાં રુમઝુમ વહેતા ઝરણના સુંદર ધ્વનિ જેવો મોહક, મીઠો, મધુર, આકર્ષક શબ્દ એને કાને પડયો. તે આશ્ચર્યથી થંભીને જરાક પાછળ હઠી ગયો: 'સાલ્લી એ જાદુગરણી જ લાગે છે!' તે મનમાં ખિજાયો.

'મહારાજ! કોણ મહારાજ છે નાં? સંગ્રામ!' અંધકારમાં રેલાતી વાણીની મધુરતા વધુ આકર્ષક બની ગઈ.

'અરે! કોણ? સીતા? તું છે? તું આંહીં કયાંથી? અમે તો ત્યાં વાચિનીશ્વરના મંદિર તરફ જઈએ છીએ! તું આંહીં કયાંથી? આજે નૃત્ય નથી થવાનું કે શું?' કર્ણદેવે અવાજ ઓળખી લીધો હતો.

'મહારાજ! આજે નૃત્ય નથી થવાનું; અને હવે નૃત્ય નથી થવાનું.'

'કેમ?'

'તે હું તમને કહું. પણ આપણે ચાલો, આપણી પેલી ઝૂંપડી તરફ જઈએ. જુઓ પેલો દીવો બળે છે ત્યાં. આંહીં ગાઢ અંધારું છે, ને કોણ આપણી વાત સાંભળતું નહિ હોય એ કહેવાય તેમ નથી.'

'કેમ? આજે બન્યું છે એવું કાંઈ?' કર્ણદેવને દામોડિયાની વાત યાદ આવી.

'બન્યું કાંઈ નથી. પણ... મારે એકબે વાત તમને કરી નાખવાની છે!'

'કોઈ આવ્યું હતું આ બાજુ?'

'બે પરદેશી માણસ મંદિરમાં આવ્યા છે!'

'ક્યાંના છે? કોણ છે?'

'લાટના જણાય છે.'

'લાટના?'

'હા; પણ આપણે આંહીં વાત નહિ કરીએ. મને એ બન્ને બહુ જ વિચિત્ર લાગ્યા છે. એ નવાઈની વાત—કે એમણે મને—પણ ચાલો, મહારાજ! આંહીં નહિ. પેલી ઝૂંપડી તરફ જઈએ. ત્યાં કોઈ સાંભળે તો નહિ!'

'સંગ્રામ! ચાલો ત્યારે—'

એક પણ અક્ષર બોલ્યા વિના ત્રણે જણાં ઝૂંપડી તરફ આગળ વધ્યાં. રસ્તામાં સીતાએ કર્ણદેવને ધીમેથી કહ્યું: 'નવાઈની વાત કહેવાય, મહારાજ! પણ આ લાટના માણસો મને જાણે છે. મને જાણે એ તો ઠીક—પણ તમને પણ જાણે છે!'

'એટલે?'

'સમજ્યા નહિ? તમને જાણે છે. તમારો નૃત્યપ્રેમ

જાણે છે; અને મને નર્તિકાને પણ જાણે છે. આંહીં ખુદ પટ્ટણીઓ જે નથી જાણતા, એટલું બધું એ બન્ને જાણે છે!'

કર્ણદેવને આશ્ચર્ય થયું. પણ એનું ચિત્ત એવા આશ્ચર્ય માટે અત્યારે તૈયાર ન હતું. લાટ વિષે જાણવા કરતાં એને તો આ નર્તિકાને મોંએથી વાત સાંભળવાની તાલાવેલી લાગી હતી. એને લાટની વાત નહિ—નર્તિકાની મોહ-ભરેલી મીઠી વાણી—સાંભળવી હતી. તે ઝૂંપડી તરફ ઝડપથી આગળ વધ્યો.

૫. કર્ણદેવની પ્રિયતમા

ઝૂંપડીનું બારણું વાસેલું હતું. તેને એક હાથથી એક બાજુ ખેસવી દઈને સીતાએ અંદર પ્રવેશ કર્યો. તેની પાછળપાછળ કર્ણદેવ પણ અંદર ગયો. ઝૂંપડીમાં એક ખૂણામાં નાનાસરખા કોડિયામાં દીવો બળતો હતો. જમીન ઉપર બે નાની સાદી સાદડી પાથરેલી પડી હતી. એ સિવાય ઝૂંપડીમાં બીજું કાંઈ જ ન હતું. સંગ્રામનાં પગલાં ઝૂંપડીની ચારે તરફ બહાર ફરતાં રહ્યાં. થોડી વારમાં તેનો અવાજ પણ શાંત થઈ ગયો. એક બાજુ ચોકી કરતો એ બેસી ગયો. એકવાર નીરવ અંધકારમાં રજની વહી જતી હોય તેમ જણાયું.

એટલામાં કોડિયાના તેલમાં એક પતંગિયું ઊડતું આવીને પડયું. સીતાએ કર્ણદેવ તરફ એક અર્થસૂચક દૃષ્ટિ-પાત કર્યો. તે ઝડપથી તેને કાઢી લેવા દીપક પાસે દોડી ગઈ. તેના ચહેરા ઉપર પ્રકાશ પથરાઈ ગયો. જુવાન કર્ણદેવ એકીનજરે એ જોઈ રહ્યો.

વાચિનીશ્વરની આ નર્તિકા પાસે એ ઘણી વખત આવતો હતો—એનું નૃત્ય નિહાળવા; પણ દરેક વખતે એ જુદી જણાતી હતીઃ આજે તો એ અસામાન્ય લાગતી હતી.

'હું તમને, મહારાજ! રસ્તામાં એટલા માટે મળી કે.... શું જુઓ છો?' તેણે વાક્ય અધૂરું મૂકી કર્ણદેવની નજરને પકડી પાડી.

'મને એક વિચાર આવ્યો,' કર્ણદેવે કહ્યું.

'શો?'

'મુખચંદ્ર નથી કે આપણે આ દીપક રાખીએ? અને બીજો વિચાર એમ આવ્યો કે—તારું રૂપ એ દરેક વખતે કેમ જુદુંજુદું સ્વરૂપ પકડે છે? સીતા! દરેક વખતે તું વધારે ને વધારે મધુર કેમ લાગે છે? એ શી રીતે બને છે?'

એક આછી સ્મિતરેખા સીતાના મોં ઉપરથી જાણે અદશ્ય રીતે ચાલી ગઈ: 'મહારાજ! તમે ઘેલા છો!'

'ડાહ્યા કોણ હોય છે એ મને ખબર છે: જેમણે રૂપ-સાગરની આવી તરંગાવલિ જોઈ નથી હોતી,—એ ડાહ્યા હોય છે; કહે કે ડાહ્યલા હોય છે.'

'મહારાજ! હું તમને એ કહેવા આવી હતી કે આજે ત્યાં નૃત્યોત્સવ નથી. લાટથી આ બે જણા આવેલા છે...'

'લાટથી આવ્યા છે એ વાત તેં કરી. પણ એમાં નૃત્યોત્સવ શા માટે બંધ રહે? શું લાટમાં કોઈ નૃત્ય નહિ કરતું હોય?'

'એમ નથી, મહારાજ! આ બે જણા કોઈ સામાન્ય યાત્રાળુ જેવા હોત, તો તો જાણે ઠીક; એક તો જગતપાલ છે—લાટનો જગતપાલ!'

'એમ? જગતપાલ પોતે? એનું શું છે?' કર્ણદેવને આશ્ચર્ય થયું. લાટનો જગતપાલ રણરંગી પુરુષ હતો. એની

● 'કાવ્યમીમાંસા' ઉપરથી.

આંહીંની હાજરી એટલે કોઈ નવી રણભૂમિ.

'એક તો એ છે; બીજાને હું ઓળખતી નથી.'

'પણ લાટનો જગત્પાલ હોય કે ગમે તે હોય, તેથી શું થયું? એને પણ જીવનની સાર્થકતા મળત!'

'મહારાજ! આ *સંસ્કૃતદ્વેષી લાટજનો વાણીમાં તેમ વ્યવહારમાં ને રાજનીતિમાં એક વસ્તુને મોખરે રાખે છે—ટંકારને. ધનુષનો ટંકારવ થતાં લાટનું પાંચ વરસનું છોકરું પણ અધીરું બની જાય છે. મહારાજ! એટલા માટે નૃત્યોત્સવ બંધ રાખ્યો.'

કર્ણદેવ કાંઈ સમજી શક્યો નહિ. સીતા આગળ બોલતી હતી: 'આ જગત્પાલની વાતચીત મેં સાંભળી. મને લાગ્યું કે આજે મહારાજ આંહીં નૃત્ય નિહાળતા ઊભા હશે, તો પાટણની પ્રતિષ્ઠા જાશે. મેં તમને પહેલાં કહ્યું નાં? કદાચ એને આટલી ખાતરી જ કરવી હોય. મહારાજ! હું નર્તિકા છું ખરી—પણ જેવાતેવા નગરની નથી. હું તો પાટણની—અને તેમાં પણ વાચિનીશ્વરના મંદિરની.' બોલતાં બોલતાં સીતાના શબ્દમાં જુદો જ રણકાર આવી ગયો. ગૌરવથી એની દેહછટા અજબ રૂપ ધારી રહી. જૂઈના ફુલ્લપ્રફુલ્લ પુષ્પ જેવી એની નાજુક શરીરલતા ઉપર અનોખી પ્રભા રમમાણ થતી દેખાઈ.

'જેવાતેવા મંદિરની પણ નહિ—વાચિનીશ્વરના મંદિરની—' સીતા હજી આગળ બોલી રહી હતી. 'વાચિનીદેવી જેમણે એક ઘડીના છઠ્ઠા ભાગમાં ચામુંડરાજને હાથ ઝાલીને પાટણની ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યા હતા*—ઉઠાડી મૂક્યા,

* 'વાચિનીદેવી.'માં આ પ્રસંગ આવે છે.

વીરત્વ ઝંખવાતું લાગ્યું, વિલાસ વધતો લાગ્યો માટે. હું એ મંદિરની નર્તિકા છું. ભૃગુકચ્છમાં પાટણની એમ વાત થાય કે મહારાજ ભીમદેવની પાછળ હવે ખેતર રેઢાં પડ્યાં છે, ગમે તે આવીને મોલ ચારી જાશે—રાજકુમારો તો ઊભા નૃત્ય નિહાળે છે—મહારાજ ! હું એવી નર્તિકા નથી. હું તો જ્યારે પાટણ ગૌરવરંગે ચડ્યું હોય, ત્યારે એના આનંદતરંગની ટોચે નૃત્ય કરું; હું હવે આંહીં નૃત્ય કરવાની પણ નથી !'

વિદ્યુદ્‌રેખા જેવો નર્તિકાનો દેહ બોલતાં જરાક ઊંચો થયો, પણ એટલી જરા વધેલી ઊંચાઈએ, એને એકદમ આકર્ષક બનાવી દીધી. દેહ ઉપર આવી રહેલી અભિમાની સીધી ડોક ગૌરવછટા ધારી રહી. એનું એકદમ તીખું ન લાગે એવું સીધું, સુંદર, નાનું, આખા ચહેરાને રૂપથી મઢી દેતું, ક્ષુદ્રરંધ્રી તેજસ્વી નાક, અને રેખા જેવા પાતળા રૂપાળા લાલ દૃઢનિશ્ચયી હોઠ એના અદ્‌ભુત વ્યક્તિત્વની ઝાંખી આપતા શોભી રહ્યાં. તે ઘડીભર શાંત ઊભી રહી. એની આંખમાં અજબ જેવી આકર્ષક તેજસ્વી મોહિની આવી ગઈ હતી.

'લાટવાળા એમ ધારે, મહારાજ !—એમ ધારીને જ એ આવ્યા છે કે કાં પાટણમાં આંતરિક વિગ્રહ જાગશે, કાં આપણે જગાવીશું ! ને જે નિર્માલ્ય નીવડશે તેનું આંચકી લેશું.'

'આંતરિક વિગ્રહ જાગશે ? પાટણમાં ? એ ભલેને મનઃસુખ માણતા !'

પોતે જે વાત સાંભળી હતી—જગત્પાલ અને તેના સાથીની—લાટની રાજકુમારીના સંબંધ અંગેની—તે વાત સીતાએ કાઢી નહિ. એને એમાં એક પ્રકારની ક્ષુદ્રતા લાગી.

'એ તો લાટ છે. સ્વતંત્રતા માટે ગમે તે કરે. સ્વતંત્રતા એને પ્રાણથી પણ વહાલી. એ કૈંક યોજનાઓ લાવશે. કૈંક લાવ્યા હશે—પાટણના આંતરવિગ્રહ ઉપર તો એમનો મદાર પણ હશે, મહારાજ!'

'ભલેને એમનો મદાર હોય, સીતાદેવી...!' કર્ણદેવનો અવાજ પ્રેમની ઉષ્માથી ભરેલો હતો. સીતાએ એ તરત પારખ્યો. એને તો વાત આગળ વધતી અટકાવવી હતી. એ કાંઈક ઉતાવળથી બોલી ગઈ:

'મહારાજ! હું સીતાદેવી નથી, ને દેવી પણ નથી. હું તો સીતા છું!'

'ત્યારે હું પણ તમને કહી દઉં. તમે ભીંત ભૂલ્યાં છો. જગત્પાલ પણ ભીંત ભૂલ્યો છે. હું મહારાજ નથી: મહારાજ તો ભીમદેવ મહારાજ છે. ને મહારાજ ભીમદેવની યશકથા સંભાળનાર હજી બેઠા છે, બીજા મહારાજ ક્ષેમરાજદેવ! બસ હવે? હું મહારાજ નથી!'

'નહિ હો, તો થશો!'

કર્ણદેવ એક ઘડીભર બોલ્યો નહિ. એ બોલ્યો, ત્યારે એના અવાજના રણકાથી સીતા ધ્રૂજી ઊઠી. પોતે નહિ ધારેલી એટલી તીવ્ર ઉત્કંઠા ને સચ્ચાઈ એમાં હતાં.

'હું મહારાજ થવાનો નથી. ને મારે મહારાજ થવું પણ નથી. પછી?'

'મહારાજ! તમારું રાજપદ યશસ્વી બની રહો; તમે મહારાજ ન થાઓ એવું અશુભ મેં ઇચ્છયું જ નથી. પણ, પ્રભુ! પાટણમાં વાત સંભળાય છે કે આ બાજુ મહારાજ ભીમદેવ સિદ્ધપુર સિધાવે—પછી આશો છે, લાટવાળા છે,

આબુરાજ છે—સૌ રાહ જુએ છે. રાજા તે કોને સાચવશે? લાટવાળાને, આબુવાળાને, ભીલરાજ આશાને—કે વાચિની-મંદિરની નર્તિકાને? જગત્પાલ પણ આ જોઈને આત્મ-સંતોષ પામશે. દામોદર મહેતાની સ્થાપેલી પ્રણાલિકા—એનું નામ પટ્ટણી, જે પાટણને મહાન બનાવે; એવાને માટે પાટણ છે. પાટણમાં અકિંચનમાં અકિંચન પણ એ ભૂલતા નથી, તો હું તો વાચિનીશ્વરની નર્તિકા છું! મારે લીધે પાટણની પ્રતિષ્ઠા પડે—મહારાજ! એ નહિ બને.'

'પાટણની પ્રતિષ્ઠાનો સ્તમ્ભ હવે મહારાજ ક્ષેમરાજદેવ માથે છે. આપણે સૌ એમની પછવાડે ઊભા છીએ. એમણે જે વૃત્તિ બતાવી છે એ જોઈને તો ભલભલા અવંતીપતિઓ ડોલી ઊઠે; અવંતીમાં વિદ્યા હશે; આંહીં તો ધર્મ છે. પાટણ તો એમના ગૌરવ વડે હજી વધારે ગૌરવવંતું થશે. જગત્પાલ ભલે આવ્યો—આંહીં પાટણના કોટની એક કાંકરી પણ ઢીલી પડી નથી, કે પડવાની પણ નથી!'

'પણ રાજપુરુષની વિડંબના થાય—એમને એ સહન કરવી પડે—એ પ્રણાલિકા, પ્રભુ! આ મંદિરની નથી. મારું નૃત્ય એ માટે નથી. નૃત્ય એ માટે હોઈ શકે પણ નહિ. મધરાતનું એકાકી નૃત્ય એ તો જેના કંઠમાં વિષની શોભા પડી છે, નવચંદ્રની કલા જેની જટાભસ્મમાં રસળે છે, એ ભગવાન શંકર માટે છે—તમારે માટે નથી, કોઈ રાજા માટે નથી, કોઈને માટે નથી. બસ?' સીતાને આ શબ્દો બોલતાં કાંઈનું કાંઈ થતું હતું. તેણે વાતનો આગળ વધતો દોર એકદમ તોડી નાખ્યો. બે હાથ જોડીને એ નીચે મોંએ નમી રહી.

'નૃત્ય ભલે ભગવાન શંકર માટે હોય; પણ જેને તારા ચરણમાં ત્રિલોકનું અમૃત મળ્યું છે, તેને માટે તારી પાસે શું છે?'

'મારી પાસે શું હોય? હું ઘેલછાને પોષતી નથી.'

'ઘેલછા હોય તો ન પોષતી; પણ પ્રેમ—જેની પાસે આખી પૃથ્વીનો રાજવૈભવ માટીનાં ઘેલકાં જેવો લાગે છે, એ પ્રેમ હોય તો?'

'મહારાજ! તમે ગમે તેમ પણ રાજપદના અધિકારી. મહારાણી ફૂલાંદે ઉપરાંત બીજી પણ અનેક રાજકુમારીઓ—' લાટની કુમારી વિષે સીતા વિચારી રહી હતી.

'અરે! ગાંડી! રાજકુમારીઓ મેં જોઈ છે. એ રાજમહેલમાં જ શોભે. હું રાજા નથી. મારી પાસે રાજમહેલ પણ નથી. મારે રાજપદ જોઈતું નથી. કાશ્મીરી કેસરકંકુથી તારા ચરણને શણગારવાનું છોડીને—રાજનાં માટીઢેફાં ઉપર બેસવાનું ગાંડપણ મારે નથી કરવું. યોદ્ધાઓ, તપસ્વીઓ, રાજાઓ લડે છે, દમે છે, રાજ ઝંખે છે—જ્યાં સુધી એમને કોઈ દિવ્યાંગના જડતી નથી ત્યાં સુધી; દુનિયામાં જડે છે—નારીઓ, સ્ત્રીઓ, વનિતાઓ, વામાઓ, બહુ બહુ તો અર્ધાંગનાઓ; પણ પોતાના મુખચંદ્રના પ્રકાશ વડે, અંધારે પોતાનો હાથ નિહાળે એવી પદ્માક્ષી—એને નિહાળ્યા પછી, મને રાજ અતિ ક્ષુલ્લક વસ્તુ લાગે છે!'

પ્રભાતની પ્રથમ અરુણરેખા જેવું એક આછું સલજ્જ સ્મિત સીતાના વદન ઉપરથી હોઠને સહેજ સ્પર્શતું ચાલ્યું ગયું. એણે એના ચહેરાને એક ઘડીભર અવર્ણનીય શોભા આપી દીધી. કર્ણદેવ એ જોઈ રહ્યો.

'પણ રાણી ફૂલાં . . દે . . છે, મહારાજ! . . .'

'હું મહારાજ નથી, સીતા! હું કર્ણદેવ છું!'

'ત્યારે ક ર્ણ દે વ! કર્ણદેવ!'

પણ એના મોંમાંથી નીકળતા 'કર્ણદેવ' શબ્દે તો કરોડો શૃંગારરસાન્વિત પદો વડે જાણે વાતાવરણને સભર ભરી દીધું હોય એટલી મોહક આકર્ષકતા એની વાણીમાંથી પ્રગટી નીકળી. કર્ણદેવને એના ચરણ પાસે બેસીને કહી દેવાનું મન થઈ આવ્યું કે તું એક બીજી વખત કર્ણદેવ બોલ—ને છો પાટણનું શું—પૃથ્વીનું રાજ, કાલે જતું હોય તો—આજે જાય. તું નથી, તો બિચારું પાટણ—પાટણનગર પણ શું છે?'

'ત્યારે હું રજા લઉં, મહારાજ! મેં તમને કહેવાનું કહી દીધું—'

'અરે! પણ હજી તો તેં મને કાંઈ જ કહ્યું નથી, તેનું શું? બોલ—બીજી બધી વાત જવા દે, એ સંભાળવા-વાળા ઘણા સમર્થ પુરુષો પડ્યા છે—પણ આનું શું? હું તને ભૂલી શકું તેમ નથી, તેનું શું? તું અત્યારે જશે—હું તને શી રીતે રોકવાનો હતો—પણ તું જશે શી રીતે?'

'કેમ મહારાજ? . . . તમે મને . . .' સીતા બોલતાં બોલતાં અટકી ગઈ. કર્ણદેવનો વાક્યધ્વનિ સમજમાં આવતાં એક આછું મધુર સ્મિત એની આંખમાં આવી ગયું: 'ઓ . . હો! મહારાજ! તમે તો—' તેણે નતમસ્તકે કર્ણદેવ-ને પ્રણામ કર્યા.

'તું જશે; ભલે જા; પણ મને સંભારીશ તો ખરી નાં?'

'મહારાજ! સંભારું!' સીતા સહેજ સ્મિત કરતી

બોલી. 'સંભારું તો ખરી; પણ શા વડે સંભારું ?'* અને એના એક ત્રિભુવનવિજયી પ્રેમસાગરભરેલા દૃષ્ટિપાતે આખી રંક ઝૂંપડી કર્ણદેવને કંચનની બની જતી લાગી. તે અત્યંત પ્રેમથી તેની સામે જોઈ રહ્યો : 'સીતા ! તારું નામ મારે બદલાવવું છે. ભુ વ ને શ્વ રી ! એમ કહું ?'

'મહારાજ ! હવે હું રજા લઉં ત્યારે !' સીતા કર્ણદેવ પાસે સરતી ધીમા મધુર શબ્દે બોલી.

'કાલે ? આ વખતે આંહીં જ આવું ? કે ત્યાં—?'

'પ્રભુ ! રત્નાકર જે શંખને કાંઠે ફેંકી દે છે, એ શંખને પછી ગમે તે ફૂંકતાં ભમે છે. ભગવાન સોમનાથ રત્નાકર છે. હું શંખલું છું. મને શંખલાને લઈને તમે શું કરશો ? મારે તમને કહેવું હતું તે મેં કહી દીધું છે.'

'સરસ્વતીજલ લઈને પ્રતિજ્ઞા મૂકું—તારે ચરણે પ્રતિજ્ઞા મૂકું—તો તારો સંદેહ જાય ?'

'અરે ! અરે ! આ શું ? પ્રભુ ! આ તો મંદિરનો શંખનાદ થયો. મારે જવું જોઈએ. મહારાજ ! મારા મનમાં સંદેહ નથી. પણ આ નગરી પાટણ છે, અને એને એની મહાન પ્રણાલિકા છે. આપણે ફરી મળીશું—મળીએ ત્યારે વધુ વાત !' તે નતમસ્તકે કર્ણદેવ સામે અનુજ્ઞા માગતી એક ક્ષણ ઊભી રહી. પણ એ એક ક્ષણમાં એના દેહસૌષ્ઠવે, અભિનયે, મુખમુદ્રાએ એટલી તો સમૃદ્ધિ દર્શાવી કે કર્ણદેવ મંત્રમુગ્ધ બની માધુર્યની

* મારા સાન્નિધ્યમાંથી જશે, પણ હૃદયમાંથી શી રીતે જશે ? એ ભાવાર્થ પહેલા વાક્યમાં છે. જેના વડે તને સંભારી શકાય એ હૃદય તો તું હરી ગયો છે, પછી હું શા વડે સંભારું ? એ ધ્વનિ બીજામાં છે. બન્ને સંસ્કૃત સુભાષિતો ઉપરથી છે.

મૂર્તિ જેવી એને જોઈ જ રહ્યો. કોઈક નારી એક ક્ષણમાં જે આપે છે, તે અનેક દિવસોમાં પણ બીજી આપી શકતી નથી. પુરુષજીવનનો એ વિરલ અનુભવ કર્ણદેવના હૃદયમાં ને હૃદયમાંથી કલ્પનામાં સરી ત્યાં પોતાનું ચિરસ્થાયી સ્થાન લઈ બેસી ગયો. બહાર કાંઈક કોલાહલ થતો સંભળાયો: અને બન્ને જણાં ચમકી ગયાં. સંગ્રામને કોઈક કાંઈક પૂછી રહ્યું હતું. ધીમે પગલે બીજી બાજુથી ગુપચુપ સરકી જવા સીતા આગળ વધી. 'કાલે હું મંદિરમાં આવીશ, સીતા!—' કર્ણદેવે એને ધીમેથી કહ્યું, અને આવનારની સાથે વાતચીત કરી તેનું લક્ષ રોકી લેવા તે ત્વરાથી ઝૂંપડીબહાર નીકળ્યો.

૬. ક્ષેમરાજદેવનો સાંકેતિક પ્રત્યુત્તર

કર્ણદેવે સેનાધ્યક્ષ રુચ્ચિકને પોતાની સામે ઊભેલો જોયો. 'પ્રભુ! ત્યાં મંત્રણાસભામાં મહાઅમાત્ય તમારી રાહ જુએ છે. અત્યારે ને અત્યારે મહારાજની ઇચ્છા છે કે કેટલોક કાર્યક્રમ પૂરો થઈ જવો જોઈએ. હું પાલખી લઈને આવ્યો છું!' રુચ્ચિકે પ્રણામ કરતાં કહ્યું.

'પણ હું આંહીં છું એ તમને કોણે કહ્યું? મેં તો આ ઉત્તરાધિકારના પ્રશ્ન પરત્વે મારો વિચાર ક્યારનો દર્શાવી દીધો છે. મહાઅમાત્યને કહેજો, મારે રાજમુદ્રા જોઈતી નથી! હું આંહીં છું એ સમાચાર જ શા માટે પ્રગટ થવા જોઈએ? તમને કોણે કહ્યું કે હું આંહીં છું?'

'મહાઅમાત્ય છે ત્યાં સુધી પાટણમાં કોઈનાથી કોઈ વાત ગુપ્ત રાખી શકાતી નથી—રાખવા ધારે તોપણ—એ તમને ખ્યાલમાં તો હશે. મહાઅમાત્ય સઘળું જાણે છે!'

'ત્યારે આમાં ગુપ્ત રાખવાનું કાંઈ છે પણ નહિ. મેં મારો વિચાર મહાઅમાત્યને ક્યારનો જણાવી દીધો છે. મહારાણીબાને પણ કહી દીધો છે. મોટાભાઈને મહારાજે રાજ્યાધિકારની જે રાજમુદ્રા આપેલી, એ તેમણે મારે ઉપ-

વસ્ત્રે પરાણે બાંધીને મને ધર્મસંકટમાં મૂકી દીધો છે. લ્યો, આ એ રાજમુદ્રા પણ તમે લેતા જાઓ!'

રુચ્ચિક દૃઢતાથી એક પગલું આગળ વધ્યો: 'પ્રભુ! હું એ રાજમુદ્રા લેવા માટે આવ્યો નથી. મને મહારાજની આજ્ઞા છે—જુઓ, આ મહારાજની રાજમુદ્રિકા—મહારાજ તમને અત્યારે ને અત્યારે બોલાવે છે. એથી વિશેષ મારે કાંઈ કરવાપણું નથી!'

'શા માટે બોલાવે છે?' કર્ણદેવ કાંઈક ઉતાવળથી બોલી ગયો.

'શા માટે?' રુચ્ચિકના પ્રશ્નમાં આશ્ચર્ય હતું. કર્ણદેવને પણ બોલ્યા પછી પોતાની જવાબદારીનું ભાન થયું; પોતાની ઉતાવળ સમજાઈ ગઈ.

'શા માટે?' રુચ્ચિક વધુ આશ્ચર્યથી બોલ્યો: 'શા માટે? કારણ, તો, પ્રભુ! પાટણમાં મહાઅમાત્ય પાસે હોય છે; સેનાધ્યક્ષ પાસે કારણ નહિ, આજ્ઞા હોય છે. હું આજ્ઞાવાહક છું; આજ્ઞાશોધક નથી. ચાલો, પ્રભુ! પાલખી ત્યાં તૈયાર જ છે!'

કર્ણદેવ શાંત ઊભો રહ્યો. તે ચાલ્યો નહિ. 'પ્રભુ! પાલખી થોડે દૂર છે, ચાલો. લાટનો જગત્પાલ આંહીં આવેલ છે; એને લેશ પણ ગંધ ન આવે એ પણ જાળવવાનું છે, ચાલો. પાટણમાં મહારાજ ભીમદેવની આજ્ઞા વિષે કારણ જાણવાનો અધિકાર હજી સુધી તો કોઈને મળ્યો નથી.'

કર્ણદેવ ગુપચુપ તેની સાથે ચાલી નીકળ્યો. રાજદરબારમાં પહોંચ્યા પછી તેણે રુચ્ચિકને કહ્યું: 'હું મહારાજની આજ્ઞા પ્રમાણે આવ્યો છું ખરો. પણ હું અંદર તો ત્યારે આવીશ, જ્યારે મહારાજ ક્ષેમરાજદેવને ચરણે મારી સમશેર

મૂકવાની હશે !' તે દરવાજાથી આગળ ખસ્યો નહિ.

'ત્યાં મંત્રણાસભા ચાલી રહી છે, પ્રભુ ! આપને બોલાવ્યા છે જ એટલા માટે !'

'શા માટે ?'

'જાણવા માટે, પ્રભુ !—'

'બસ, ત્યારે તો આ મારો સંદેશો જ તું લઈ જા. મારે એ જ મોકલવાનો હતો. મેં એ તૈયાર જ રાખ્યો છે, લે,' કર્ણદેવે કેડેથી એક વસ્ત્રલેખ કાઢીને તેના હાથમાં મૂક્યો. 'તું જા હવે, હું આંહીંથી ખસવાનો નથી, કે ક્યાંય જવાનો પણ નથી ! હું આંહી જ છું. ગમે ત્યારે બોલાવશે, તો આંહીં જ બેઠો હઈશ.'

રુચ્ચિક કુમાર કર્ણદેવનો સંદેશો લઈ અંદર પેઠો. અંદર એની જ રાહ જોવાતી હતી.

'કેમ ? રુચ્ચિક ! ક્યાં છે કુમાર કર્ણદેવ ?' દામોદરે કર્ણદેવને જોયો નહિ અને તરત પૂછ્યું.

'પ્રભુ ! કર્ણદેવ તો ત્યારે આવશે, જ્યારે સામંતો ને મહામંડલેશ્વરો—મહારાજને ચરણે સમશેર ધરતા હશે !'

'સમશેર ધરતા હશે એટલે ?' મહારાજે પૂછ્યું.

'મહારાજ ! આ એમણે આપેલો સંદેશો—'

'પણ એ પોતે ક્યાં છે ?' મહારાણીએ ઉતાવળથી પૂછ્યું. 'કેમ આવ્યા નથી ?'

'એ પોતે ક્યાં છે એ હું કહી સંભળાવું, મહારાણીબા !' દામોદરે અત્યંત ધીરેથી મહારાણી પાસે સરતાં કહ્યું: તેના કાન પાસે એ મોં લાવ્યો. મહારાણી એ સાંભળી રહી. સાંભળતાં જ એનો પિત્તો ગયો: 'ખોટું !'

દામોદરે રુચ્ચિક સામે જોયું. રુચ્ચિકે કેવળ મહારાણી સમજી શકે એટલી સહેજ ઇશારત કરી મોં નીચે ઢાળી દીધું.

'મહારાણીબા! હવે તદ્દન શાંતિ રાખજો.' દામોદર અત્યંત ધીમેથી કહી રહ્યો હતો. 'શું થાય છે એ જુઓ. આ વાત પ્રગટ કરવાનો સમય મારે આવશે—તો આ તો પછી પટ્ટણીઓ છે—મને કે તમને કે મહારાજને કોઈ ને નહિ ગણે. ચામુંડરાજની વાત તમે સાંભળી તો હશે—એ આ પટ્ટણીઓ! શાંતિથી વાતનું મથાળું બંધાવા દ્યો!'

'આ સંદેશો શો છે, દામોદર! જો તો,' મહારાજે કહ્યું. દામોદરની મહારાણી સાથેની એકદમ ધીમી ગણગણાટ જેવી વાતનો અંત આવ્યો. એણે સંદેશો હાથમાં લીધો. તે મનમાં વાંચી ગયો.

'આમશર્માજી! જરા આ જુઓ તો; તમને કેમ લાગે છે?'

'શું છે, મહેતા?' રાણીએ ઉતાવળે પૂછ્યું.

'દામોદર! શું છે સંદેશામાં?' મહારાજ બોલ્યા.

'મહારાજ! કુમાર કર્ણદેવનો સંદેશો છે. સંસ્કૃતમાં છે. સુંદર છે.'

'પણ છે શું એ બોલોને!'

'હમણાં આમશર્માજી કહેશે'

'કર્ણદેવે મહારાજને પ્રણામ કરીને કહેવરાવ્યું છે,' આમશર્મા બોલ્યો. 'કે મારી માતાના આગ્રહને વશ થઈને મહારાજ જે નિર્ણય ઉપર આવશે એ નિર્ણય મહારાજને ચરણે હું પાછો ધરીશ!—એટલે કે નહિ સ્વીકારું!' પાછલું વાક્ય આમશર્માએ વિવેચન કરતાં વધાર્યું.

'નહિ સ્વીકારું ? ખોટું—તદ્દન ખોટું. આ સંદેશો-જ કર્ણદેવનો ન હોય!'

'સંદેશો, મહારાણીબા!' દામોદરે કહ્યું, 'પાટણનો સેનાધ્યક્ષ લાવેલ છે! કોઈ જેવો તેવો માણસ લાવેલ નથી.'

'પણ હજી સંદેશો તો સાંભળો—'

'હા, હા; સંદેશો શો છે એ તો સંભળાવો.'

'એમણે લખ્યું છે: "*विचारचातुर्यमपाकरोति तातस्य भूयान् मयि पक्षपातः। ज्येष्ठे तनूजे सति क्षेमदेवे न यौवराज्येऽस्ति ममाधिकारः॥ [પિતાનો મારા ઉપર પક્ષપાત છે એ વિચાર યોગ્ય નથી. ક્ષેમરાજદેવ છતાં મારો રાજમાં અધિકાર નથી.]"'

'એટલે?' મહારાણી ઉદયમતી બોલ્યાં.

'એટલે એમ કે સંદેશો ખોટો છે—મારે રાજ જોઈતું નથી એવો સંદેશો રાજાનો પુત્ર ઊઠીને મોકલાવે નહિ! સંદેશો બનાવટી . . . !' મદનપાલ બોલી ઊઠ્યો.

'મદનપાલજી! આ ખોબલા જેવડું જૂનોગઢ નથી હો. આ તો પાટણ છે. આજે બોલ્યા—ઠીક છે; પણ તમે કોનું અપમાન કરો છો એ તમને ખબર છે? પાટણના સેનાધ્યક્ષનું!' સાંતૂએ મદનપાલની ખબર લઈ નાખી.

'ભૈ! અમને તમારાં આ ઊંડાં પાણી માપમાં આવતાં નથી.'

'મહારાજ! આપને માટે થોડો ઉપાલંભ પણ છે,' આમશર્માએ આગળ ચલાવ્યું.

'શું છે? બોલો તો—'

* આ 'વિક્રમાંકદેવચરિત'માંથી છે.

'रामस्य पित्रा भरतोऽभिषिक्तः क्रमं समुल्लंघ्य यदात्मराज्ये।
तैनोत्थिता स्त्रीजित इत्यकीर्तिरद्यापि तस्यास्ति दिगंतरेषु* ॥'

મહારાજ અર્થ સમજીને મૌન થઈ ગયા. ઉદયમતિ કાંઈ અસ્વસ્થ બની ગઈ. મદનપાલ અશાંત થઈ ગયો. પણ અમાત્યમંડળના અંતઃકરણમાં વર્ષોજૂની સોલંકી રાજાઓની પ્રતિમાઓ જાણે આવીને બેસી ગઈ હતી.

રાજસભાનું વાતાવરણ એક ઘડીમાં બદલાઈ ગયું. કોને રાજ સોંપવું એ પ્રશ્ન હતો. હવે કોને કહેવું કે તમે રાજ સંભાળો, એ પ્રશ્ન થયો.

'સોંપો—ત્યારે ક્ષેમરાજદેવને—મહારાજની ને સૌની ઇચ્છા હતી એ જ અંતે થયું. આ બ્રાહ્મણમંત્રી—ચાણુક્યનો પણ ચાણુક્ય એ કાંઈ મને પહોંચવા દે? ભલે—ત્યારે હું મારે જૂનોગઢ જઈને રહીશ, મહારાજ!—'

દામોદર કાંઈ જવાબ વાળે કે મહારાજ કાંઈ બોલે તે પહેલાં તો મહારાણી ઉદયમતીનું વાક્ય મોંમાં ને મોંમાં અધૂરું રહી ગયું. સભા આખી સ્તબ્ધ બનીને જોઈ રહી. મહારાજ આશ્ચર્યથી સ્થિર થઈ ગયા. ચૌલાના નયનમાં અનોખા પ્રકારનો, પ્રેમનો, આનંદનો અને શોકનો, સાગર ઊમટ્યો. સામેથી ક્ષેમરાજદેવ પોતે જ આવી રહ્યો હતો. ક્ષેમરાજદેવ કુમાર નહિ—ક્ષેમરાજદેવ સંન્યાસી. એના એક હાથમાં કમંડલ હતું. બગલમાં મૃગચર્મ હતું. શરીર ભસ્મથી અંકિત શોભી રહ્યું હતું. હાથમાં રુદ્રાક્ષની માળા હતી. ડોકમાં પણ

* રામના પિતાએ, રાજ્ય ઉપર, ક્રમનું ઉલ્લંઘન કરી, ભરતનો અભિષેક કર્યો, તો 'સ્ત્રીજિત' એવી એની અપકીર્તિ હજી પણ છે. 'વિક્રમાંકદેવચરિત.' ૩-૪૦

રુદ્રાક્ષ પડી હતી. આંખમાં ત્રિલોકની ચેતન-અચેતનની મૈત્રી સાધનારની નિર્મળ પ્રસન્નતા હતી. મુખમુદ્રા વિરક્તિના આનંદથી ભરપૂર હતી. રાજકુમાર ક્ષેમરાજદેવ સૌને સુંદર લાગતો, પણ આજે ક્ષેમરાજ ભવ્ય જણાતો હતો. સભા આખી જાણે કોઈ આજન્મ યોગીને જોતી હોય તેમ આ વિરલ દૃશ્યે આશ્ચર્યમાં પડી ગઈ. તે સ્થિર શાંત પગલે આગળ આવ્યો.

તેણે મહારાજને નમન કર્યું: મહારાણી ઉદયમતીને પ્રણામ કર્યા: 'મા! આશીર્વાદ આપો,' તે નમ્રતાથી બોલ્યો: 'કે આ ભગવી ધજાને શોભાવું!' ઉદયમતિ કાંઈ જવાબ વાળે, આ શું છે એમ કોઈ સમજે, મહારાજ કાંઈ કહે, દામોદર આ નવા કોયડાનો ઉકેલ શો છે એનો વિચાર કરે, તે પહેલાં તો કુમાર કર્ણદેવ ઉતાવળે આવી રહેલો સૌની નજરે ચડ્યો. 'મહારાજ!' તેનો વિજ્ઞપ્તિભર્યો અવાજ સંભળાયો: 'મોટાભાઈને અનુજ્ઞા ન આપતા, અનુજ્ઞા ન આપતા, વચનથી ન બંધાતા, મહારાજ! એમણે મને છેતર્યો છે!'

'શું છે, કર્ણદેવ! શું છે? કેમ આટલા ઉતાવળા છો? કોણે તમને છેતર્યા છે?'

'મહારાજ! મોટાભાઈએ મને છેતર્યો છે!' કર્ણદેવે પ્રણામ કરીને જવાબ વાળ્યો. 'એમને આ વેષની અનુજ્ઞા ન આપતા!'

મહારાજને કર્ણદેવની વૃત્તિ સમજાણી. એક ઘડીભર પોતે ભૂતકાળમાં ચાલ્યા ગયા. હજી તો ગઈ કાલે જ જાણે પોતે રાજ્યનો અસ્વીકાર કરતા હતા, દુર્લભરાજ મીઠો ઠપકો આપતા હતા, પિતા નાગરાજદેવના કાંઈક વ્યગ્ર શબ્દો સંભળાતા હતા:—" શું મહારાજ દુર્લભદેવનું રાજસિંહાસન

મારે સંભાળવાનું હોય ? ચૌલુક્યોમાં ભાઈ પછી ભાઈ ગાદીએ આવે છે કે પુત્ર ? રાજ તો સંભાળશે આ ભીમદેવ.—હું તો મહારાજની સાથે ચાલી નીકળીશ !* યુધિષ્ઠિર હિમાદ્રિ ગયા, ત્યારે અર્જુન કે ભીમરાજ સંભાળવા રહ્યા ન હતા !"—હજી તો જાણે ગઈ કાલે જ બોલાયેલા એ શબ્દોના પડઘા આજે પ્રાસાદમાંથી આવી રહ્યા હતા. મહારાજ એક ઘડીભર એ સમયની લીલા નિહાળતા પ્રેમથી દ્રવી ગયા. આજે એ જ વસ્તુ જાણે કે ફરીને પ્રગટી નીકળી હતી. તેમણે ચૌલા સામે જોયું. આખી સભા—દામોદર, સાંતૂ, અને આખું મંત્રી-મંડળ ચૌલાદેવીને અંતરમાંથી પ્રણમી રહ્યું. પાટણ આજે ટક્યું હતું—છિન્નભિન્ન થતું અટક્યું હતું—આ નારીના પ્રતાપે; તે હવે પછી પણ ટકશે તે આ જ નારીના પ્રતાપે. એટલામાં કર્ણદેવ મહારાજની વધુ પાસે સરી આવ્યો હતો: 'મહારાજ ! ભાઈ ઊઠીને ભાઈને છેતરશે ? મોટાભાઈએ મને કહ્યું કે હું રાજ નહિ તજું. તે પછી જ મેં એમણે આપેલી રાજમુદ્રા સ્વીકારી હતી !'

'શું છે, ક્ષેમરાજ ? શી વાત છે ?' મહારાજે કહ્યું: 'આ તેં શું કર્યું છે ? આ વેષ લેવાનું કારણ શું ?'

'રાજમુદ્રા ને આ બધી શાની વાત છે, ક્ષેમરાજદેવ !' ચૌલાએ પૂછ્યું: 'તેં આ શું કર્યું છે ? કોઈને પૂછ્યું છે ?'

---

*'દ્વયાશ્રય', સર્ગ ૮-૨૦

राज्ञाथोक्तो नागराजोप्यतप्तोचे च ज्येष्ठो यत्तपोतप्तपार्थ :
नो राज्यायातप्त केनापि पश्चाद्भ्रात्रायं तर्तिक जनोद्यान्वतप्त ॥

અભયતિલકગણિની વિવેચના एतेनाहं राज्यं नाङ्गीकरिष्ये किं तु भ्रात्रा सह तपोनुचरिष्यामीत्युकम् ।

'મહારાજે આપેલી રાજમુદ્રા મેં કર્ણદેવને આપી છે; કારણકે એ એને માટે હતા, હું આ વસ્તુને માટે હતો!' ક્ષેમરાજદેવ શાંતિથી બોલ્યો.

'મહારાજ! એમણે રાજ ન તજવાનું મને વચન આપ્યું—ને બે ઘડી સાચવવા આપતા હોય તેમ મારે ઉપવસ્ત્રે રાજમુદ્રા પરાણે બાંધી દીધી. એ મેં સ્વીકારી નથી. હું એ મહારાજને ચરણે પાછી ધરું છું—'

બન્ને ભાઈઓના મીઠા પ્રેમકલહનું સ્વરૂપ સમજાતાં મહારાજ વધુ આર્દ્ર બન્યા. સૌને લાગ્યું કે પાટણમાં હજી તો ચૌલુક્યવંશનો મૂળ પરિમલ જળવાઈ રહ્યો છે.

'ક્ષેમરાજ! તને આ સંન્યસ્ત લેવાનું કેમ સૂઝયું? તને ખબર છે કે મારે તો કાલે પ્રભાતે નીકળી જવું છે—ને રાજ એક ક્ષણ પણ અત્યારે રેઢું મુકાય તેમ નથી? તેં આમ શા માટે કર્યું? કોની આજ્ઞા લઈને કર્યું? મેં તને રાજમુદ્રા આપી છે ને તારે જ રાજપદ સ્વીકારવાનું છે!'

'રાજ પ્રત્યેની કોઈ નિરાશાથી કે સંસારભીરુતાથી સ્વીકારેલો આ મારો ધર્મ નથી, મહારાજ! મને તો મા સરસ્વતીનાં વહી જતાં જળ—હરપળે વહી જતા જીવનની યાદ આપી રહ્યાં હતાં. મહારાજ! હું રાજને લઈને કરું પણ શું? જે વસ્તુ મારી પોતાની નથી, તે મારી શી રીતે બનશે?'

'કોણે કહ્યું કે આ વસ્તુ તારી નથી? તું રાજપદ માટે યોગ્ય હોય ને એ પદ બીજાને મળે—ચૌલુક્યોમાં એ થયું નથી—ને થશે પણ નહિ. રાજપદ તારું જ છે. તારે સંભાળવું પડશે. સંન્યસ્ત તજી દેવું પડશે. કોણે ભગવાન શંકરસરસ્વતીએ તને આ દીક્ષા દીધી છે? દામોદર! આનું

પ્રાયશ્ચિત્ત શું છે એ જાણવા વિદ્વન્મંડલને અત્યારે ને અત્યારે આમંત્રણ આપીને બોલાવો. ક્યાં છે રાજકવિ લક્ષ્મણ? કુમારને લાગે કે આ વસ્તુ મારી નથી તે મારી નહિ બને—એના હૃદયનો એ ગાઢ નિર્વેદ તો મને સોમનાથના સમુદ્રમાં સૂતો હોઉં ત્યાં પણ સંભળાય! વિદ્વન્મંડલી બોલાવો'

'મહારાજ! મારું કહેવાનું જુદું છે. જે વસ્તુ મારી નથી તેને હું લઈને પણ શું કરું?'

'કઈ વસ્તુ તારી નથી?'

'આ રાજ.'

'ત્યારે એ કોનું છે? તારું નથી, તો એ કોનું છે? તું યુવરાજ છે. તું યોગ્ય છે. રાજ તારું છે. તું રાજપદને લાયક છે. હું અધર્મ નહિ કરું. હું લૂંટારો નથી કે જીવન-સંધ્યાસમયે તારું રાજ બીજાને સોંપું. એમ હું સોંપું તો રૌરવ નરકમાં પડું. એમ હું સોંપું તો કર્ણદેવ પોતે પણ નહિ સ્વીકારે!'

'મારે તો, મહારાજ! રાજપદ જોઈતું જ નથી. મારી પાસે તો ત્રિભુવનનું . . .' કર્ણદેવ પોતાનું વાક્ય ગળી ગયો. દામોદર એ જોઈ રહ્યો. સાંતૂના હોઠમાં સહેજ સ્મિત આવી ગયું.

ક્ષેમરાજે હાથ જોડ્યાઃ 'મને ત્રિભુવનનું અમૃત મળ્યું છે, મહારાજ! મને હવે એમાંથી પાછો ખેંચો મા. મને આ વસ્તુ કોઈ દિવસ મારી લાગી જ નથી. મને તો એક અણુ-મોલ વસ્તુ મળી ગઈ છે. એટલા માટે હું કહું છું કે આ વસ્તુ મારી નથી, તે મારી શી રીતે બને? મને તો મા સરસ્વતીનાં વહી જતાં પાણી હમેશાં કહી રહ્યાં હતાં કે જીવન

પણ વહી જાય છે. મહારાજ રાજપદે હતા. સુતારા જીવતી હતી. દેવપ્રસાદ નાનો હતો. હું સંન્યસ્ત લઉં તો એમાંથી અનર્થ ને શંકા થવાનો સંભવ હતો, એટલે હું ખેંચી રહ્યો હતો. આજે જ્યારે મારા જીવનનો મહાપ્રસંગ આવ્યો છે, અને જેનું મેં હમેશાં ચિંતન કર્યું હતું તે ગેરવીધજા માંડ હાથ પડી છે, ત્યારે, મહારાજ ! મને હવે એમાંથી પાછો ન ખેંચતા— તમારી સાથે જ લ્યો—અને સૌના આશીર્વાદ મેળવી આપો!'

કુમાર ક્ષેમરાજદેવના ઉદાર અંતઃકરણમાં એમ થાય કે મને કોઈ રાજ આપવાનું નથી, હું કોણ ?—અને એટલા માટે એ રાજ તજી દેતો હોય, તો એ પ્રસંગનો ઘા ખમવા માટે મહારાજ ભીમદેવ તૈયાર ન હતા. તેમણે કહ્યું: 'દામોદર! વિદ્વન્મંડલી બોલાવો!'

'મને રાજગાદી આપીને શું કરશો ?' ક્ષેમરાજ બોલ્યો. એના શબ્દનો અજબ નિર્મોહી રણકો સૌ સાંભળી રહ્યા. 'અને રાજગાદીને મેળવીને હું કરીશ પણ શું? મને તો મહારાજ! મંડૂકેશ્વરનાં સરસ્વતીજલમાંથી અદ્ભુત વસ્તુ મળી છે. ક્યારની મળી ગઈ છે. એ મારી છે. મારા હૃદયમાં બેઠી છે. હું એનો છું. હું હવે બીજા કોઈનો થઈ શકું તેમ નથી. મહારાજ! શા માટે મને પાછો આમાં પાડો છો? રાજમુદ્રા રાખવાની કર્ણદેવને આજ્ઞા કરો, મહારાજ !'

આ અદ્ભુત દૃશ્યે મંત્રણાસભામાં એક ઘડીભર સૌને ડોલાવી દીધા. મહારાજ ભીમદેવ તો વર્ષો પહેલાં આ જ પ્રાસાદમાં, આ જ સ્થળે, આવું જ દૃશ્ય ખડું થયું હતું, એ સ્મૃતિઆનંદમાં તલ્લીન થઈ ગયા હતા. અર્ધોન્મીલિત એમની આંખો ઘડીભર સ્થિર થઈ ગઈ. જીવનની ધન્ય પળ

અનુભવતા હોય તેમ એ અર્ધસ્ફુટ અર્ધ અસ્ફુટ સ્વરે બોલી રહ્યા: 'ચૌલુક્યપ્રણાલિકા તો ખરેખર આ છે. આ. આ ચૌલાએ કહી એ જ; બીજી નહિ!'

'મહારાજ! ક્ષેમરાજદેવ રાજ નહિ સ્વીકારે, તો કર્ણદેવને હવે મહારાજે આજ્ઞા આપવી રહી. રાજ વિનાની તો આ મહાન નગરીને એક ક્ષણ પણ રાખી ન શકાય!' સાંતૂ બોલ્યો.

'કર્ણદેવ! હવે તારે આ રાજ સાચવવાનું રહ્યું. ને રાજ કરતાં પણ મહામોલી એવી ચૌલુક્યપ્રણાલિકા પણ સાચવવાની રહી. દામોદર! કર્ણદેવને હવે તારે ..'

'મહારાજ!' દામોદર હાથ જોડી રહ્યો: 'હવે હું આ ક્ષણથી જ દામોદર નથી રહ્યો. હું પણ મહારાજનો અંતેવાસી છું. ભગવાન સોમનાથનાં જળ મને ક્યારનાં બોલાવી રહ્યાં છે. હવે મહાઅમાત્ય આ રહ્યા—સંપત્કરજી! મહારાજની આજ્ઞા સંભાળો આવો, આમ આવો!' સાંતૂ આગળ આવ્યો.

કર્ણદેવ હાથ જોડીને હજી કહી રહ્યો હતો: 'મહારાજ! મને શા માટે આમાં નાખો છો? મોટાભાઈ છે—વિદ્વન્મંડલીને જ બોલાવોને. સંન્યસ્તત્યાગનું પ્રાયશ્ચિત્ત કરાવીને પણ જેમનું જે છે તેમને જ એ આપો.'

ક્ષેમરાજદેવે માથું હલાવ્યું: 'મેં તો કર્ણદેવને રાજમુદ્રા સોંપી દીધી, મહારાજ! મારો નિર્ણય અફર છે!'

મહારાજ ભીમદેવ ઊઠીને ઊભા થયા: 'કર્ણદેવ! આંહીં આવો, મહારાજ! આ ચૌલુક્યોનું આસન; એને હમેશાં આ રીતે જ શોભાવનારા નીકળો! આવો, મહારાજ!' ભીમદેવ આસન ઉપરથી ઊભા થઈ પાસે ઊભા રહ્યા. આખું મંત્રીમંડળ તરત ઊભું થઈ ગયું. ચૌલાદેવી કર્ણદેવને રાજતિલક કરવા શાંત પગલે આગળ આવી રહી હતી.

૭. જગત્પાલે જોયેલું અદ્‌ભુત દશ્ય

જગત્પાલ વહેલી પ્રભાતે નાહીપરવારી પાછો ફરતો હતો, ત્યાં એણે ડિંડિમિકાનો ઘોષ આવતો સાંભળ્યો ને એ ચમકી ગયો. કોઈ મહોત્સવની તૈયારી થતી હોય તેમ નગરમાંથી શંખનાદ આવી રહ્યા હતા. ઘોડાના હણહણાટ સંભળાતા હતા. ઢોલ, ત્રાંસાં, શરણાઈ, નફેરી ને ભેરિનાદથી આકાશ ગાજી રહ્યું હતું.

એટલામાં તો શંકર હાંફળોફાંફળો બહારથી દોડતો આવ્યો.

'આ શું છે? શાનો કોલાહલ છે, શંકર? કાંઈ ઝગડા જેવું છે કે શું?'

'મહોત્સવની ડિંડિમિકાનો ઘોષ છે, પ્રભુ!'

'મહોત્સવ? શાનો મહોત્સવ?'

'મેં કાનોકાન કર્ણદેવનો જયધ્વનિ સાંભળ્યો. અભિષેકનો ઉત્સવ શરૂ થતો લાગે છે!'

'કર્ણદેવનો જય?' જગત્પાલ વિચારમાં પડી ગયો.

'અવાજ તો એવો જ આવી રહ્યો છે!'

પ્રભાતના આછા ઉજાસની અસ્પષ્ટતાને લીધે એ ચકોર

આંખો એમને નિહાળી રહી હતી, તે એમણે દેખી નહિ. પણ એમના વાર્તાલાપને સાંભળવા એકકાન થઈને એક સ્તમ્ભને આધારે સીતા છાને પગલે ત્યાં આવીને ઊભી રહી ગઈ હતી.

'કર્ણદેવનો જયઘોષ સંભળાયો કાં?' જગત્પાલ બોલતો હતો: 'એનો અર્થ એમ થયો કે ઉત્તરાધિકારનો પ્રશ્ન તો જાણે પતી ગયો લાગે છે!'

'ખરી ખબર તો સવારે પડે, પ્રભુ!'

'પતી ગયો હશે, તોપણ આપણું કામ તો વધારે સરળ બની રહેશે. આવડા મહાન રાજ્યના ઉત્તરાધિકારીને ઝડપી લેવા માટે જ આપણે ઉતાવળે આવ્યા છીએ, એમ મહારાણીને સમજાવતાં વાર નહિ લાગે. પદ્માક્ષીની વાત હવે તરત મહારાણીને કહેવી એમ મને લાગે છે!'

'પણ આ કર્ણદેવ—કર્ણદેવ તો નર્તિકામાં મોહી રહ્યો છે, તેનું શું? એ પોતે જ એ વાતનો અસ્વીકાર કરશે તો?'

'તો શું? આપણે ક્ષેમરાજદેવને વળગશું. અને આ નર્તિકા—એ તો ઠીક જાણે . . નર્તિકાનો પ્રશ્ન તો એક સબળ વિપક્ષ સ્થાપવામાં મદદરૂપ થશે. આપણે માટે ક્ષેમરાજદેવ ક્યાં નથી? આપણે એક સબળ વિપક્ષ સ્થાપી શકીશું!'

'પણ વિપક્ષે બીજું કોણ? વિપક્ષ મજબૂત ન હોય તો . .'

'વિપક્ષ ન હોય તો નર્તિકાના પ્રશ્નમાંથી ઊભો કરી શકાય. એક વખત પટ્ટણીઓના મનમાં વસી જાય, એટલે થયું. યુવરાજનો અધિકાર દબાવીને આવો નર્તિકાપ્રેમી આવે, એ કરતાં તો જે ખરો યુવરાજ છે તે જ સારો, એટલું એમને થાય એટલે થયું. તો પછી આપણે પહોંચી વળીએ!'

'આપણે?'

'ત્યારે નહિ? આપણું લાટ એ પાટણનું તો મહા-મંડલેશ્વર ખરું નાં? પાટણની ધ્વજા માટે લાટ પણ લડી જાણે છે. પાટણને સાચો રાજા આપવાનું કામ લાટને માથે. અને..'

બન્ને જણા અત્યંત ધીમેથી કાંઈક બોલીને હસી રહ્યા.

એટલામાં આ બાજુ આવી રહેલા કોઈ ઘોડેસવારના ડાબલા વાગતા એમને કાને પડ્યા. બન્ને જણા સાંભળી રહ્યા. ડાબલા નજીક ને નજીક આવતા હતા. થોડી વારમાં બધે અજવાળું થઈ ગયું. મંદિરોની ફરફરતી ધ્વજાઓ દેખાવા લાગી. એ ક્ષણ થઈ ન થઈ, ત્યાં એક સવાર આવીને મંદિરને આંગણે ઊભો રહ્યો. એની પાછળ ઝડપથી ભોઈઓ આવી રહ્યા હતા. એમણે આવીને એક સોનેરી પાલખી ઉતારી.

'ક્યાં છે જગત્પાલજી? લાટના મહામંડલેશ્વર આવ્યા છે ને?' બહારથી અવાજ આવ્યો.

જગત્પાલે શંકર સામે જોયું: 'આ કામ એનું!'

'કોનું?'

'સંપત્કરનું!'

બન્ને જણા ઊઠીને ઊભા થયા. 'આપણને બોલાવવા જ આવ્યા લાગે છે. ચાલો, ત્યારે.. અને..' થોડી વાર એમની વચ્ચે ધીમી વાત ચાલી. સીતા એમને વાતોમાં તલ્લીન જોઈ ધીમેથી સરકી ગઈ.

'આપણે રેઢા ન પડીએ એની એને પડી લાગે છે. પણ આપણે એને ભૂ પાઈએ તો જ ખરા.'

એટલામાં જગત્પાલની દૃષ્ટિ રુચ્ચિક ઉપર પડી. 'એ-

હો ! સેનાધ્યક્ષજી ! તમે પોતે આવ્યા છો ?'

'ભાઈ ! શું કરીએ ? તમે આંહીં આવીને બેસી જાઓ, ને અમને ન કહેવરાવો; પણ મંત્રીશ્વરને ખબર પડી કે તમે મંદિરમાં ઊતર્યા છો—રાત હતી ને આ બાજુ ન આવ્યા —એટલે એમણે તો અમને સૌને કહી દીધું કે જગત્પાલજી વિનાનો રાજઅભિષેક કેવો ? પહેલાં એમને બોલાવી લાવો ! ચાલો, પ્રભુ !'

'એમ ? ત્યારે આ મંગલવાદ્યો સંભળાય છે તે રાજ-અભિષેકનો ઉત્સવ લાગે છે ? મહારાજ ક્ષેમરાજદેવ તો કોઈ દિવસ મળ્યા નથી !'

'તમારે માટે પાલખી પણ આવી છે. મહારાજ રાહ જુએ છે. કહે, હું મારા જૂના રણમિત્રને છેલ્લોવેલો મળી લઉં. પછી મારે તો તમે સૌ સરખા છો !'

'ઓ હો હો ! મહારાજે પણ ભારે કરી નાખી છે. ભારત આખું મોંમાં આંગળી નાખી જાશે. વૈભવ મેળવે છે તો સૌ; પણ તજે છે તો કોઈક જ. મહારાજે પણ સાપની કાંચળી પેઠે ભાર ઉતારી નાખ્યો. ઓ હો હો ! શંકર ! શો એમનો પ્રતાપ હતો !'

'રાજપ્રાસાદને દરવાજે મહારાજ ઊભા છે. પધારો. પ્રભુ ! તમારી રાહ જોવાય છે !' રુચ્ચિકે જગત્પાલની વાત જાણવા માટેની ફૂનેહને દાદ ન આપી.

જગત્પાલે શંકરને આંખ મારીઃ 'ત્યારે, શંકર ! હું પણ મહારાજને મળી લઉં !'

'શંકરદેવજી પણ આવે—મહાઅમાત્યે એમને તો ખાસ સંભાર્યા છે !'

'લે, શંકર ! જોયું ? મેં તને નો'તું કહ્યું ? મંત્રીશ્વર આપણને નહિ ભૂલે ! ચાલ ત્યારે, તું પણ ચાલ !'

રાજપ્રાસાદને આંગણે જનમેદની સમાતી ન હતી. એક તલ મૂકવા જેટલી જગ્યા પણ ક્યાંય ખાલી ન હતી. હર્મ્યોની અગાશીમાં, પ્રાસાદની ટોચે, છજામાં, ગોખમાં, ઝરૂખામાં, ગવાક્ષમાં, અટારીમાં, કઠેડામાં, માળમાં—જ્યાં જુઓ ત્યાં માણસ, માણસ ને માણસ જ નજરે ચડતું હતું. જનમંડળનો તો જાણે મહાસાગર ઊલટચો હતો. મહારાજ ભીમદેવનાં દર્શન કરી લેવા માટે લોક અધીર બન્યા હતા. હજારો સૈનિકો પાટણની બહાર રણમેદાનમાં ઊભા રહી ગયા હતા. સેંકડો ત્યાં પ્રાસાદ પાસે ઊભા હતા. ઘોડાંઓ હણહણતાં હતાં. હાથીઓની કતાર લાગી ગઈ હતી. ઠેરઠેર તોરણ બાંધ્યાં હતાં. ઘેરઘેર સુગંધી જલેભર્યા સોનેરી કુંભ શોભી રહ્યા હતા. ઠેકાણે ઠેકાણે પુષ્પના શૃંગાર લટકતા હતા. રસ્તામાં ગુલાબજલનો છંટકાવ થઈ રહ્યો હતો. કેસરકુંકુમકર્પૂરચંદનમિશ્રિત ગારથી પ્રાંગણમાં જાણે અરુણનાં કિરણ રમવા ઊતર્યાં હતાં. રાજપ્રાસાદના મુખ્યદ્વાર પાસે મહારાજનો હસ્તી—જયશ્રી—ઊભો રહીને મહારાજની આવવાની પ્રતીક્ષા કરી રહ્યો હતો. એક બાજુ એમનો સેંકડો રણભૂમિનો સાથી શ્યામકર્ણ ઊભો હતો.

હજારો ને લાખો કંઠમાંથી અચાનક સ્વર ઊપડચો ને ગગન ભેદતો ચાલ્યો ગયોઃ 'મહારાજ ભીમદેવનો જય ! જય સોમનાથ !' જગત્પાલે પાલખીમાંથી બહાર દૃષ્ટિ કરી.

મહારાજ ભીમદેવ રાજપ્રાસાદમાંથી બહાર આવી રહ્યા હતા. તેમને જોતાં જ સેંકડો નારીઓના હાથ, માથાને અડીને,

ટચાકડા ફોડી દુઃખણાં લેતા એકીસાથે એમને વધાવી રહ્યા. શંખધ્વનિથી આકાશ ગાજી ઊઠ્યું. ભેરી, શરણાઈ, નફેરી ને મંગલવાજિંત્રો વાગી રહ્યાં. ધનુષના ટંકારવ થયા. અસંખ્ય મસ્તકો મહારાજનો સંન્યસ્તવેષ જોઈને એમને પ્રણામ કરી રહ્યાં અને અંતરમાં કાંઈક અકથ્ય ભાવ અનુભવી રહ્યાં.

મહારાજને એક પડખે કર્ણદેવ હતો. એના માથા ઉપર રાજમુગટ હતો. ભીમદેવ મહારાજની અત્યંત પ્રસિદ્ધ તલવાર એની કેડે લટકતી હતી. એની ડોકમાં મોતીની માળા પડી હતી, અને મસ્તક ઉપર રાજછત્ર શોભી રહ્યું હતું.

ભીમદેવની પછવાડે જ રાણી ઉદયમતિ હતી. એની એક બાજુ અકિંચન સાદો દામોદર ચાલતો હતોઃ બીજી બાજુ સંપત્કર હતો. પાછળ ચૌલાદેવી ને કુમાર ક્ષેમરાજદેવ આવી રહ્યાં હતાં.

મહારાજે રાજપ્રાસાદના મુખ્યદ્વારની બહાર પગલું મૂક્યુંઃ એકવખત પાછા ફરીને પ્રાસાદને નીરખ્યોઃ બે હાથ જોડી તેને પ્રણામ કર્યા. ને પછી નગરજનોની ઠેરઠેર મળેલી મેદનીને પોતે અત્યંત વિનમ્રતાથી નમી રહ્યા. લોકો એ દશ્યથી ઘેલા ઘેલા થઈ ગયા. કેટલીક સ્ત્રીઓની આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. મહારાજની પાછળ એમનું દાસમંડળ આવી રહ્યું હતું. તેમાં કેટલાક રોતા હતા, અને કેટલાક છાના છાના આંસુ લોહતા હતા. જેમણે હજારો ને લાખોનાં સૈન્ય દોર્યાં હતાં, જેમની રણરંગી શૂરવીરતા નિહાળીને લોકો છક્ક થઈ જતા હતા, જેમની છટા નિહાળવા નારીવૃંદનાં ટોળાં મળતાં હતાં, જેમને *પંચ મહાશબ્દથી પાટણની પ્રજાએ

* પંચમહાશબ્દઃ શૃંગ, શંખ, ખંજરી, ભેરિ, અને જયઘંટા—એ પાંચ પ્રકારનાં વાજિંત્રનો શબ્દ.

વારંવાર અભિનંદ્યા હતા, જેમણે સોનેરીરૂપેરી પાલખીમાં બેસીને—મૌક્તિકની સેરોને એક બાજુ ખેસવી—પાટણની નગરશોભા નિહાળી હતી, તે આજ અકિંચન પુરુષની પેઠે, અડવાણે પગે, એક ગેરવાવસ્ત્રભર, ઉઘાડે ભસ્મધારી શરીરે, રુદ્રાક્ષની માળા ધારીને, પોતાની પ્રજાને નતમસ્તકે પ્રણમી રહ્યા હતા.

મહારાજ ધીમે પગલે આગળ વધ્યા: જયશ્રીની સૂંઢને પ્રેમથી પંપાળી: એક ઘડીભર તેને નિહાળી રહ્યા.

મહારાજનો હાથી રાજઆંગણેથી બારોટને આંગણે મોકલવાની આજ્ઞા થઈ. શ્યામકર્ણની પાસે જઈ, મહારાજે એની પીઠે હેતથી ધીમો હાથ મૂક્યો. પ્રસંગ જાણી ગયો હોય તેમ શ્યામકર્ણ ધીમે હણહણ્યો. એની આંખ ભીની જોઈ અનેક અંતઃકરણ દ્રવી ગયાં. મહારાજે હેતથી એની કેશવાળી ખંજોળી. રાજપુરોહિત આમશર્માને નમી મહારાજે એને શ્યામકર્ણની સોંપણી કરી. મહારાજ આગળ વધ્યા; પુષ્પોની, કર્પૂરની, કેસરની, કુંકુમની, ચંદનની, સુવર્ણરજની જાણે અંતરિક્ષમાંથી વૃષ્ટિ થઈ રહી. પ્રાસાદોની ટોચેથી, ગવાક્ષોમાંથી, ઝરૂખાઓમાંથી, અટારીઓમાંથી ફૂલ વરસી રહ્યાં. નગરશેઠની નાની કન્યાએ આવીને મહારાજને સાચાં મોતીથી વધાવી લીધા. પાછળ ઊભેલા અનેક શ્રેષ્ઠીઓ નતમસ્તકે મહારાજને ભાવથી નમન કરી રહ્યા. જગત્પાલ ને શંકર પાલખીમાંથી આ દૃશ્ય જોઈ રહ્યા હતા. મહારાજની સાથે સંન્યસ્તવેષધારી કુમાર ક્ષેમરાજદેવને એમણે નિહાળ્યો. એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. પાસે ઊભેલા કોઈને એમણે પૂછ્યું: ' આ કોણ જુવાન છે રાજકુમાર જેવો ? એણે કેમ સંન્યસ્તવેષ

લીધો છે?'

'એણે કેમ સંન્યસ્ત લીધું છે?' જવાબ આપનારો તેની સામે જોઈ રહ્યો: 'તમે પાટણના નથી લાગતા. પટ્ટણી સિવાય બીજા કોઈથી એ નહિ સમજાય. એ છે કુમાર ક્ષેમરાજદેવ!'

'એ રાજા નહિ થાય?'

હજારો નાગરિકોના કંઠમાંથી એ જ વખતે કર્ણદેવને નિહાળતાં અવાજ ઊઠ્યો: 'મહારાજ કર્ણદેવનો જય!'

જગત્પાલને જવાબ મળી ગયો. તેણે એક અર્થવાહી દૃષ્ટિએ શંકર સામે જોયું. એટલામાં નગરજનોને દૂર ખેસવીને આવતો મહાઅમાત્ય સંપત્કર તેમની દૃષ્ટિએ પડ્યો.

'અરે! ચાલો ચાલો, જગત્પાલજી! મહારાજ તમારી જ રાહ જુએ છે. ચાલો હવે, પાલખી ભલે આંહીં રહી. ચાલો મારી સાથે.'

સંપત્કરે એક હાથે જગત્પાલને ને બીજે હાથે શંકરને લઈને મેદની વચ્ચે થઈને પોતાનો રસ્તો કાઢ્યો. નગરની બહાર આવતાં મહારાજે સેંકડો ને હજારો ધનુર્ધારી સૈનિકોને ઊભેલા જોયા. જીવનને હથેળીમાં રાખીને રમનારા અનેક પટ્ટણીઓને મહારાજ ઓળખતા હતા. મહારાજે એમને પ્રણામ કર્યા: કાંઈ બોલ્યા નહિ—બોલી શક્યા નહિ—પણ કર્ણદેવના ખભા ઉપર હાથ મૂકી, તેને પોતાની આગળ કરી, સૈનિકો સામે જોઈ રહ્યા. રુચ્ચિકનો ઘેરો ગંભીર અવાજ ગાજી ઊઠ્યો: 'મહારાજ કર્ણદેવનો જય!' સૈનિકોએ એ ઘોષ ઉપાડી લીધો. ધનુષના ગગનભેદી ટંકારવથી આકાશ ગાજી ઊઠ્યું.

નગરીની સામે ફરી, મહારાજે એક વખત એને

આંખભરી નિહાળી લીધી. ઇંદ્રની નગરી જેની પાસે કાંઈ હિસાબમાં નહિ, એવી પાટણનગરી શોભી રહી હતી. સેંકડો મંદિરોના સોનેરી દંડ ઉપર ધ્વજાપતાકાઓ ફરકી રહી હતી. હજારો હર્મ્યો ઉપર જાણે પદ્મનાં વન ખીલ્યાં હોય તેમ પાટણની સુંદરીઓ ઊભી ઊભી—હજી મહારાજની વનવાટને જોઇ રહી હતી. કોટ, કાંગરા, ગોખ, છજાં, ઝરૂખા, ગવાક્ષો, જ્યાં જુઓ ત્યાં સોનેરી રૂપેરી મૌક્તિકભર્યાં અનેકરંગી આભરણો શોભી રહ્યાં હતાં. ઇન્દ્રને પણ માનવ થવાનું મન થઈ આવે એવું અદ્‌ભુત દૃશ્ય મહારાજની દૃષ્ટિએ પડ્યું. એક વટવૃક્ષના ઓટલા ઉપર એક ક્ષણભર મહારાજ થોભ્યા. વાજિંત્રમાત્ર તરત બંધ પડી ગયાં. મહારાજ ભીમદેવે કર્ણદેવ સામે દૃષ્ટિ કરી. કર્ણદેવ હાથ જોડી મહારાજ પાસે આવ્યોઃ મહારાજને પ્રણમી રહ્યો. મહારાજે તેના માથા ઉપર હાથ મૂકી તેને આશીર્વાદ દીધો. ક્ષેમરાજદેવે તેના બે હાથ ઝાલી, વાંસો થાબડી, આશીર્વાદ આપ્યા.

'પાટણની પ્રણાલિકા, નગરજનો ! જે વડે પાટણ મહાન બને એ છે. ચૌલુક્યો દેહ કાં રણમાં ને કાં વનમાં તજે છે—રણવાસમાં નહિ. પિતૃઓની એ પ્રણાલિકાને હું અનુસરું છું. આ કર્ણદેવને હું તમને સોંપું છું. જેમ મને તેમ એને તમારો ગણજો. હું હવે તમારી અનુજ્ઞા માગું છું ! અને હવે તમે સૌ રાજ્યાભિષેકનો મહોત્સવ ઊજવવા નગરમાં પાછાં ફરો. મહેતા ! તમારે કાંઈ કહેવું હોય તો—'

મહારાજની પાછળ જ દામોદર હતો. તેણે સૌને પ્રણામ કર્યા. 'હું તમારો મહાઅમાત્ય હતો, પણ હું મહાન તમારા વડે હતો. એ જ રીતે હવે મહાઅમાત્ય સંપત્કર છે. પટ્ટણીઓ

મહાન છો, ને મહાન રહેજો! હું પણ મહારાજની સાથે વિદાય લઉં છું!'

દામોદરના શબ્દે અનેકને ગૂંચવાડામાંથી મુક્ત કર્યા. દામોદર જાય છે કે રહે છે, એ હજી ઘણાને ખ્યાલમાં ન હતું. ને એનો સાધુવેષ—એ પણ કોઈ રાજદ્વારી જરૂરિયાત હોય એમ માની કેટલાક એની વાત માનવા તૈયાર ન હતા. પણ હવે સિદ્ધ થયું કે દામોદર ખરેખર વિદાય લે છે.

'પાટણ ત્યારે આજ ખરું રંડાયું—હવે નર્તિકાઓ નાચશે ને રાજા જોશે,' દામોદરના શબ્દાંતે મેદનીને છેડે કોઈક બોલ્યું. કોઈ સાંભળતું તો નથી નાં, એ જોવા એ અજાણ્યાએ પાછળ દૃષ્ટિ કરી, તો પાસે ઊભીને આ દૃશ્ય જોવામાં તલ્લીન એક નર્તિકા એની નજરે ચડી—સીતા. એના વદન ઉપર આ શબ્દોએ કાળી કજ્જલ જેવી શ્યામતા ફેલાવેલી એણે દીઠી. એણે તરત દૃષ્ટિ ફેરવી લીધી. ત્યાંથી ખસી જવા માટે સીતાએ પગ ઉપાડ્યો. એટલામાં તો સોનેરી-રૂપેરી ઘંટડીના અવાજ જેવો મીઠો મોહક ચૌલાનો શબ્દ સંભળાયો. ચૌલા કાંઇક કહી રહી હતી. તે સાંભળવા માટે ઊભી રહી.

'મહારાજ! હું સોમનાથની હતી. સોમનાથે મને આંહીં મોકલી. સોમનાથ મને પાછી બોલાવે છે. હું મહારાજની, મંત્રીઓની, નગરજનોની, કુમારોની—હવે રજા માગું છું. મેં પાટણને મહત્તાના શિખર ઉપર બેઠેલું દીઠું છે—ને એ મધુર સ્વપ્ન સાથે જ હું પાટણની વિદાય લઉં છું. હું—કે હું જે જાતને રજૂ કરું છું એમાંની કોઈ પણ, કોઈ દિવસ પાટણની મહત્તાને ખંડિત કરે કે માનવને હીણ-

પદ બનાવે એવું કાંઈ પણ પગલું નહિ ભરે, એની પટ્ટણીઓ ખાતરી રાખે. નીલકંઠ ભગવાન શંકરની નર્તિકાઓ હજી તો માનવને માનવોત્તર સ્વપ્નદર્શન આપવા માટે અથવા તો ભગવાન સોમનાથની ધૂસરરજ માટે છે. નગરજનો! ક્ષમા કરજો!'

ચૌલાદેવી બે હાથ જોડીને નાગરિકોને નમી રહી. એના શબ્દોએ મેદનીને ડોલાવી: પણ મેદનીને છેડે ઊભેલી નર્તિકા સીતાને તો અંતરમાંથી જાણે હલાવી દીધી.

કોઈ ન દેખે એમ સીતા વાચિનીશ્વરના મંદિર તરફ વળી ગઈ. એના અંતરમાં ચૌલાના શબ્દો ગુંજન કરી રહ્યા હતા: ' માનવને માનવોત્તર સ્વપ્નદર્શન આપવા માટે અથવા તો ભગવાન સોમનાથની ધૂસરરજ માટે.'

૮. નર્તિકા સીતા પાટણ તજી જાય છે

અભિષેકમહોત્સવ પૂરો થયો કે તરત જ કર્ણદેવે એક સંદેશો લઈને સંગ્રામને સીતા પાસે મોકલ્યો હતો. સંગ્રામ એ સંદેશો લઈને જઈ રહ્યો હતો, એટલામાં એણે પોતાના રસ્તામાં એક પહાડ જેવા ઊંચા પડછંદ આદમીને ઊભેલો જોયો. એને આશ્ચર્ય થયું. એટલામાં પેલા માણસે એને કહ્યું: 'તમારે સંદેશો મને આપવાનો છે!'

સંગ્રામ તો સડક જ થઈ ગયો. નવા રાજાના સંદેશાને આટલા થોડા વખતમાં આ પ્રમાણે અલ્પ મૂલ્યનો ગણવામાં આવે, એ એને મન નવાઈની વાત લાગી.

'તમે કોણ છો? રાજાનો સંદેશો માગવાની તમે હિમ્મત કરો છો એમ? તમને માથું વહાલું લાગતું નથી!'

'મને ન ઓળખ્યો?' પેલા ઊંચા પડછંદ આદમીએ પોતાનો નીલવેષ ને બુકાની સરખાં કર્યાં: 'હું અર્જુનભટ્ટ!'

'અરે! ભટ્ટરાજ! તમે આંહીં ક્યાંથી? તમે તો ત્યાં ભૃગુકચ્છમાં હતા ને!'

'હું આજે જ આવ્યો છું. તમારી પાસે જે સંદેશો છે તે મારે જોઈએ છીએ!'

'સંદેશો તો મહારાજનો છે. એ એમ આપી શકાય તેમ નથી!'

'મને મહાઅમાત્યનો આદેશ છે!'

'કે?'

'કે સંદેશો શો છે એ જાણી લેવો. અને પછી એનો અમલ મહાઅમાત્ય પોતે કરશે!'

સંગ્રામને રુચ્ચિકે તે દિવસે કહેલા શબ્દો સાંભર્યા. એ પોતે પણ રાજાનો આ નર્તિકાપ્રેમ ક્ષોભથી જોઈ રહ્યો હતો. પણ એમ એકદમ છેલ્લે પાટલે બેસવામાં એને પોતાની સલામતી ન લાગી.

'જુઓ, ભટ્ટરાજ! તમે જાણે લાટમાં રહ્યા છો. આ છે પાટણ. રાજ મહારાજ કર્ણદેવનું છે. સંદેશો લેવો એ કાંઈ છોકરાં પટાવવાના ખેલ નથી. રાજના સંદેશા એમ રેઢા નથી પડ્યા. સમજ્યા? બહુ બોલશો, તો પછી થાશે જોયા જેવી!'

સંગ્રામને ખબર ન રહી કે એ કોની સાથે વાત કરી રહ્યો છે. એક ક્ષણમાં અર્જુનભટ્ટ કાંઈ પણ બોલ્યા વિના આગળ વધ્યોઃ તેણે એની ગળચી પકડી, મોંએ ડૂચો લગાવી દીધો. એ જ વખતે સામેથી આવતા એક સત્તાવાહી અવાજે એની પકડ ઢીલી પડી ગઈ. 'ભટ્ટરાજ! એને છોડી દો. સંગ્રામ! આમ બરાબર ઊભો રહે!'

ભટ્ટરાજ ને સંગ્રામ બન્ને અત્યારે સાંતૂ મહેતાને જોઈ ક્ષોભ પામી ગયા.

'તમને મેં આ કામ સોંપ્યું, ભટ્ટરાજ! ત્યારે જ મને લાગ્યું હતું કે આમાં કાંઈક કાચું કપાઈ જાશે. સંગ્રામ! તું

મહારાજનો સંદેશો લઈ જાય છે એ ખરું ? શો છે સંદેશો?'

'હા, પ્રભુ ! છે તો મહારાજનો સંદેશો; નર્તિકાને તૈયાર રહેવાનું કહેવાનું છે !'

'ક્યાં—વટપદ્ર મોકલવી છે ?'

સંગ્રામ બોલ્યો નહિ. મહામંત્રીની માહિતી સાચી હતી. શી રીતે એમને તે મળી એ જ પ્રશ્ન હતો.

'એ સલાહ આપી છે પેલો ઉછાંછળો છોકરો છે નાં—એ જરા હમણાં રાજમહેલમાં વધારે આવજા કરે છે—મુંજાલ —તું ઓળખે છે એને ? એની જ આ સલાહ છે નાં ?'

'હા, પ્રભુ !'

'એ સલાહ એની છે. તારી પાસે રાજમુદ્રા છે એ આ ભટ્ટરાજને આપ. ભટ્ટરાજ એનો બંદોબસ્ત કરી દેશે. તને ખબર છે, તું આ શી રમત કરી રહ્યો છે ? ને મહારાજને ખબર છે કે આવી રમત ઘડીના છઠ્ઠા ભાગમાં રાજ હતાં ન હતાં કરી નાખે ! તું રાજમુદ્રા ભટ્ટરાજને આપી દે !'

'પણ, પ્રભુ ! મારું માથું—'

'તારું માથું ? તારા માથાનો વાળ એક પણ વાંકો નહિ થાય, જા; નિરાંતે જઈને મારી હવેલીના પાછલા વાડામાં ખુલ્લી પરસાળ છે ત્યાં અત્યારે સૂઈ જા. કાલે સવારે તારું શું કરવું તે વિચાર કરીશું. બહુ થાય તો થોડા દિવસ તું અદૃશ્ય થઈ જાજે, જા. બે ચાર દિવસ પછી મહારાજને મળવું; કહેવું કે નર્તિકાને ઘણી શોધી પણ ક્યાંય મળી નહિ. તને ખબર છે કે, મહારાજને ગાદીએ બેસતાં જ આ જે સૂઝયું છે તે આંહીં ચાલે તેમ નથી. સમજ્યો ? આ તો પાટણ છે. ભટ્ટરાજ ! એની પાસેથી રાજમુદ્રા લઈ લ્યો !'

દૂર ઊભેલા પોતાના એક સૈનિકને બોલાવી, તેમણે સંગ્રામને તેની સાથે હવેલીએ વિદાય કરી દીધો. અર્જુનભટ્ટ ને સાંતૂ બન્ને વાચિનીશ્વરના મંદિર તરફ ગયા.

મંદિર પાસે પહોંચ્યા તો એક સાંઢણી તૈયાર થઈને ઊભેલી તેમની નજરે પડી. સાંતૂએ ધીમેથી અર્જુનભટ્ટને કહ્યું : 'ભટ્ટરાજ ! તમે પાછલે દ્વારથી કોઈ ન દેખે તેમ જઈને છેક પાછળની સૌથી છેલ્લી અંબિકાની દેરી પાસેની ઓરડીએ જજો. નર્તિકા ત્યાં રહે છે. એ તૈયાર જ હશે. રાજમુદ્રા બતાવજો, એટલે તમારી પાછળ ચાલી નીકળશે !'

સાંતૂ અર્જુનભટ્ટની પ્રતીક્ષા કરતો થોડી વાર ત્યાં અંધારામાં થોભ્યો.

એણે નર્તિકાને દૂર કરવાનો વિચાર કર્યો. એને સોમનાથ મોકલવી એ કર્ણદેવને ત્યાં જવાનું આમંત્રણ આપવા બરાબર હતું. સિદ્ધપુર બહુ નજીક હતું. ભૃગુકચ્છ તો ગમે તેમ પણ લાટનું રાજખટપટી સ્થાન. તેણે એને સમુદ્રદ્વારા દક્ષિણમાં મોકલી દેવાનો જ નિશ્ચય કરી લીધો. રાજની શરૂઆતમાં જ આવી કથા લોકકંઠે ચડે તો એમાંથી હરકોઇને જ્વાલા સળગાવવાની સગવડ મળી જાય. વળી રાજ ક્ષેમરાજદેવે તજ્યું હતું, પણ દેવપ્રસાદ તો હજી મરુભૂમિમાં મામાને ત્યાં હતો. તે ગમે તે વખતે આવવાની વકી હતી. જગત્પાલની મનઃકામના દેવપ્રસાદ આવે તો કાંઈક ડુંભારણું સળગાવવાની હતી. તેણે કુનેહથી મહારાણીનો પ્રેમ મેળવી લીધો હતો. તેણે મદનપાલને પણ રાજકાજમાં આગળપડતો ભાગ લેવાનું ઉત્તેજન આપ્યું હતું. એ જગત્પાલ કોઈ સોગઠીનો દાવ ખેલી જાય તે પહેલાં જ સાંતૂએ પ્રથમ તો આ નર્તિકાને તુરત જ

રવાના કરવામાં પાટણની સ્થિરતા દીઠી.

એટલામાં એણે અર્જુનભદ્રને આવતો જોયો. તેને એકલો આવેલો જોઈ મહામંત્રીને આશ્ચર્ય થયું: 'કેમ ગઈ?'

'ના, પ્રભુ! એ તો આવવાની ના કહે છે?'

'આવવાની ના કહે છે? કેમ? તમે રાજમુદ્રા ન બતાવી?'

'એ તો બતાવીઃ પણ એ તો કહે, હું તો આ મંદિરની નર્તિકા છું!'

'એટલે શું થયું?'

'ભગવાન સોમનાથ સિવાય બીજા કોઈની પાસેથી હું આજ્ઞા લેતી નથી!'

'ક્યાં છે એ? ચાલો મારી સાથે!'

બન્ને જણા મંદિર તરફ ગયા. નર્તિકાએ મહાઅમાત્યને જોતાં જ આશ્ચર્યથી પ્રણામ કર્યા. પણ નર્તિકાને જોતાં મહાઅમાત્ય સંપત્કરના આશ્ચર્યની તો કોઈ અવધિ ન રહી. રાજવંશીઓમાં તેણે અથાક રૂપ જોયું હતું, પણ આટલી બધી ફુલ્લપ્રફુલ્લ પદ્મ જેવી કોમળતા અને વજ્ર જેવો જ દૃઢ નિશ્ચય, એ બન્ને કોઈ એક વ્યક્તિ પાસે એણે કદી દીઠાં ન હતાં. તેને આંહીં આવવા માટે એક ઘડીભર પસ્તાવો પણ થયો. તેની ચકોર ચક્ષુએ જોઈ લીધું કે, નર્તિકા તો પોતાના નાના અકિંચન ચંદનસુગંધિત ખંડને પુષ્પોથી શણગારી જાણે કોઈના આવવાની પ્રતીક્ષા કરતી જ અત્યારે બેઠેલી હતી! કદાચ એ કર્ણદેવની જ રાહ જોતી હશે. પ્રેમના આવા સુંદર વાતાવરણને પોતે છિન્નભિન્ન કરવા માટે આવ્યો છે, એ વિચારે એને જરાક ક્ષોભ પણ થયો.

'તમારું નામ જ સીતા કાં ?'

'પ્રભુ ! મને સૌ સીતા કહે છે !' સીતાએ અત્યંત મિષ્ટ અવાજમાં કહ્યું. મંત્રીના ચિત્તમાં એ મીઠાશનો ગુંજારવ બેસી ગયો.

'તમે પાટણનાં છો ?'

'હા, પ્રભુ ! હું પટ્ટણી છું !'

'તમારે આ નગર તજવું પડે તેમ છે. તમારે માટે બહાર સાંઢણી તૈયાર છે. અર્જુનભટ્ટે તમને રાજમુદ્રાનો આદેશ કહ્યો તે તમે સાંભળ્યો ?'

'હા.'

'ચાલો ત્યારે; ભટ્ટરાજ !—સાંઢણી . .'

'હું તો પ્રભુ' વાચિનીશ્વરની નર્તિકા છું, ભગવાન સોમનાથ સિવાય બીજું કોઈ મને આજ્ઞા આપી શકે નહિ: એટલે આદેશનો તો પ્રશ્ન જ નથી. હું કોઈનો આદેશ સ્વીકારતી પણ નથી.'

અત્યંત કોમળ, મિષ્ટ, મોહક, છતાં એટલો તો પ્રભાવશાળી અવાજ મહામંત્રીને કાને પડ્યો કે મહામંત્રી એક ક્ષણ વિચારમાં પડી ગયો: આ અવાજની સરખામણી કેવળ કોઈ કાલ્પનિક પદ્મિનીના અવાજ સાથે થાય એટલી બધી એની અસર કાનમાં રમી રહેતી હતી. સીતાનું મસ્તક શિષ્ટ અભિવાદન કરતું મંત્રીને નમી રહ્યું હતું.

'પણ તમારું આંહીં રહેવું અત્યારે અમારા હિતમાં નથી, ! એનું શું ? તમારે જવું જોઈએ !'

'હું તો મંદિરની નર્તિકા છું; ભગવાન શંકરની ભસ્મ લીધા પછી અભયને વરી છું. દેહ—બહુ બહુ તો છેવટે

ભસ્મ જ થાય છે નાં ? મને કોઈ આદેશ આપીને મંદિર તજાવી શકે નહિ.'

'પણ ત્યારે તમે શું પટ્ટણી નથી ?' સાંતૂએ અચાનક નવો જ પ્રશ્ન મૂક્યો. અવાજમાં રણકો પણ ફરી ગયો હતો. સત્તાવાહી નહિ—સંસ્કારી અવાજની મીઠાશ એમાં રમી રહી હતી.

'હું છું તો પટ્ટણી, પ્રભુ !' નર્તિકાએ ગૌરવથી કહ્યું. સાંતૂની આંખમાં તેજ ચમક્યું. એ એણે ન દીઠું.

'ત્યારે—મહારાજ કર્ણદેવના રાજ્યનો આ અરુણ-સમય છે. હજી અનેક વાદળાં ક્ષિતિજમાં ઘેરાયેલાં છે; તમારી સાથે એનું નામ જોડાશે તો પાટણની પ્રતિષ્ઠાને મોટી હાનિ થશે. પટ્ટણી હો, તો—પ્રભાત પહેલાં પાટણ તજી જાઓ—પટ્ટણી હો તો. ન હો, તો તમે ખુશીથી રહો: અમે બીજો રસ્તો શોધીશું !' સીતા વિચારમાં પડી ગઈ. જગત્પાલે કહ્યું હતું તે તેને યાદ આવ્યું. અભિષેકમહોત્સવના જે શબ્દે એને વીંધી હતી, તે શબ્દ યાદ આવ્યો. ચૌલાના શબ્દો પણ યાદ આવી ગયા. અત્યારે પાટણનો મહામંત્રી પણ એ જ વાત કરી રહ્યો હતો. તેના મનમાં પણ એ વાત રમમાણ થઈ રહી. એટલે સાંતૂએ પટ્ટણી તરીકેના એના ગૌરવને સંભારી આપતાં એ વિચારમાં પડી ગઈ. થોડી વાર સુધી તો તે એક પણ શબ્દ બોલી નહિ. પછી ધીમે શાંત પગલે એક ખૂણા તરફ ગઈ. એક નાનું સરખું પોટલું હાથમાં લીધું. સાંતૂ સામે જોઈને એને નમન કર્યું:

'ચાલો. . . !'

'તમને અમે પરાણે મોકલતા નથી હો—આ તો

તમે કહ્યું તમે પટ્ટણી છો—એટલે પટ્ટણી હો તો—' નર્તિકાની આંખમાં એણે જે જોયું એ જોઈને સાંતૂનો અવાજ એકદમ બંધ થઈ ગયો.

ઘડીભર એને મન થઈ આવ્યું કે નર્તિકાને જતી રોકી લઉં. પણ બીજી જ ક્ષણે એ વિચારને એણે મનમાંથી કાઢી નાખ્યો. 'ચાલો, ભટ્ટરાજ! તમે આગળ થાઓ—સાંઢણી ઉપર લૂણવીર છે, તેને મારું નામ દઈ—રાજમુદ્રા બતાવીને કહેજો કે, ભૃગુકચ્છથી છેક સ્તંભતીર્થ જઈ, દરિયાના વહાણ સુધી આમને પહોંચાડી પછી જ પાછો આવે. એમને ગોપાકપટ્ટન જવાનું છે! ને તમે પાછા ફરો ત્યારે તો મેં તમને કહ્યું છે.'

સીતા એક પણ શબ્દ બોલી નહિ; માત્ર સાંભળી રહી: તે મહેતાને પ્રણામ કરતી અંધારામાં વિલીન થઈ ગઈ.

પાટણનો મહામંત્રીશ્વર એકલો અંધારઘેરા માર્ગમાં પોતાનો રસ્તો શોધતો પાછો ફર્યો. પણ અંધારામાં વિલીન થઈ જતી સીતા—જળમાં ગુમ થઈ જતી કોઈ જલસુંદરીની માફક—એના સ્મરણપટમાં સાથે ને સાથે આવી રહી હતી.

તેણે ઘેર જઈ વસ્ત્રો ઉતાર્યાં. ખીંટીએ મૂકવા પાઘડી ને ઉપવસ્ત્ર સૂચકને આપ્યાં. તે બેઠો ન બેઠો, ને એને નર્તિકાની આંખો યાદ આવી.

'આવી તો કોણ જાણે કેટલી કોમળતા છૂંદવી પડશે! દામોદર મહેતાને થાક કેમ લાગ્યો એ આજ સમજાયું—' તે મનમાં મોટેથી બોલી રહ્યો. અને તેના મનમાં અચાનક બીજો એક ખ્યાલ આવી ગયો: 'આ મુંજાલ—એ આંહીં રહેશે, તો રાજમહેલ વિના એને બીજે ફાવશે નહિ, આવજા

કર્યા કરશે, ધાલમેલ કરશે, સાચીખોટી કરશે. છોકરો છે ભારે સ્ફૂર્તિવાળો, એટલે સખનો તો નહિ રહે. એને મોકલ્યો હોય ગોપાકપટ્ટનમાં તો? સાંભળ્યું છે એ સાચું હોય, તો જઈને જોઈ આવે કે જયકેશી કેવોક છે? એનો દરબાર કેવોક છે? એને મુસાફરી થાશે—ને આંહીં એ આડો આવતો આળસશે!'

૯. રાણી ફૂલાંદે

કર્ણદેવને સંગ્રામ પણ ન મળ્યો ને સીતાનો પત્તો પણ ન મળ્યો. છેવટે જ્યારે સંગ્રામ આવ્યો, ત્યારે પણ એણે એટલા જ સમાચાર આપ્યા કે સીતા મંદિરમાં લાગતી નથી. છતાં કર્ણદેવે સંગ્રામને હમેશાં ત્યાં મોકલવાનું ચાલુ રાખ્યું હતું: વખતે થોડા દિવસ માટે એ અદશ્ય થઈ ગઈ હોય! બીજી તરફથી સીતાની તપાસ પણ ચાલુ કરી હતી. એક દિવસ અરધી રાતે રાજમહાલયના પાછળના ગુપ્તદ્વાર તરફ એક પાલખી આવતી એણે જોઈ. ઉપરના ઝરૂખામાં પાલખીની રાહ જોતો કર્ણદેવ ઊભો હતો. પાલખીને આવતી જોઈ કે તે તરત નીચે દોડ્યો. તેણે ગુપ્તદ્વાર ખોલાવી નાખ્યું. બે સશસ્ત્ર નારીઓ દ્વારમાં નતમસ્તકે ઊભી રહી ગઈ.

'સંગ્રામ! આવ્યાં દેવી—ભુવનેશ્વરી?' તે પાલખી તરફ ગયો. સંગ્રામને પત્તો મળ્યો હોય, ને સીતા આવી પહોંચી હોય, એવું કર્ણદેવને લાગ્યું.

'મહારાજ!'

પાલખીમાંથી એક સાદી, તંદુરસ્ત જેવી જણાતી, પણ માનસિક ભ્રમણાથી નિત્ય પીડાતી હોય એવી તરુણ

સ્ત્રી બહાર નીકળીને ઊભી રહી હતી. એને જોતાં જ કર્ણ-દેવની આંગળી મોંમાં રહી ગઈ. 'અરે!' તે મનમાં બોલી ગયો; અને પછી તે મોટેથી બોલી ઊઠ્યો: 'ઓ હો! દેવી! તમે તો કહેવરાવ્યું પણ નહિ? તમે અચાનક જ આવ્યાં કે શું?'

મહાલયમાંથી મશાલચી આવી રહ્યો હતો. પ્રકાશ પડતાં જ કર્ણદેવની નજર ફૂલાંદે ઉપર પડી. એનું મન ખાટું થઈ ગયું, શરીર વિવર્ણ થઈ ગયું. 'મહારાજ! ઉતાવળ તો બહુ કરી' ફૂલાંદે બોલી રહી હતી: 'પણ તળાજું કાંઈ પાસે છે? મહારાજના અભિષેકસમાચાર તો ઠેકાણે ઠેકાણેથી મળતા હતા! ઉતાવળ કરી પણ વખતસર ન અવાયું. શરીરે કાંઈ અસુખ છે, મહારાજ? કેમ આમ ફિક્કા લાગો છો?'

'ના ના, અસુખ શાનું? પણ મોટાભાઈ તો મહારાજ સાથે ગયા. ને મહારાજે છોડેલો રાજભાર જેવોતેવો નથી તો!'

'અને હજી તો એમાં હું વધારો કરવાની છું!'

'તમે?' કર્ણદેવને આશ્ચર્ય થયું. રાણીને આંહીંની વાતની ગંધ આવી છે કે શું? તે મનમાં વિચારી રહ્યો: 'તમારે વળી શું કહેવાનું છે?'

'મારી પાસે પણ સમાચાર છે, મહારાજ! આપીશ એટલે મહારાજને ક્યાંય ચેન નહિ પડે!'

બન્ને રાજમહેલ તરફ ગયાં. કર્ણદેવનું ચિત્ત નર્તિકામાં હતું, શરીર રાણી સાથે ચાલી રહ્યું હતું. રાણીની વાતમાં એનું ધ્યાન ન હતું. પણ ફૂલાંદે બોલી રહી હતી: 'મહા-રાજ! મારી પાસે પણ સમાચાર છે—મહારાજનો ભાર વધે ને દુઃખ થાય તેવા!'

'શું છે? કોઈની ઉડાડેલી વાતમાં આજકાલ વિશ્વાસ રાખવા જેવું નથી, દે'.!'

સુવર્ણદીપિકાઓથી ઝળાંઝળાં થતા ખંડમાં બન્ને આવી પહોંચ્યાં ને આસન ઉપર બેઠાં. વધુ પ્રકાશ આવતાં કર્ણદેવની મુખમુદ્રા જોઈ રાણી વિચારમાં પડી ગઈ. કર્ણદેવે સ્મિત કરવાનો પ્રયત્ન કર્યો, પણ એ પ્રયત્ન વધુપડતો કૃત્રિમ થઈ ગયો. રાજભારની ચિંતાનો દેખાવ કર્યો, પણ એ દેખાવ ક્ષુલ્લક જેવો થઈ ગયો. એના હૃદયમાં જે હતું તે દર્શાવાય તેમ ન હતું. રાણીના શબ્દોનો અર્થ એ પોતાની માનસ-ભૂમિકા પ્રમાણે સમજતો હતો. એણે રાણીની વાતને ઉડાડવાનો પ્રયત્ન કર્યો.

'કોઈના શબ્દોમાં આંહીં વિશ્વાસ ન મૂકતાં, દે'!'

'કોઈના શબ્દોમાં વિશ્વાસ મૂકવાની વાત નથી, મહા-રાજ! આ તો મેં નજરોનજર જોયેલી વાત છે. મેં આટલું બધું ધાર્યું ન હતું!'

'શું છે, દે'? તમને કોઈએ ભરમાવ્યાં લાગે છે!'

'મને કોઈ ભરમાવી જાય, મહારાજ? એ વાતમાં કાંઈ માલ નથી. હું પણ તળાજાના ઠાકોરની કુંવરી છું હો! ભલે નાનું તો નાનું, પણ એ ય રજવાડું છે. ભરમાવી તો, કોઈ રહ્યું. આ તો નજરે જોયેલી વાત છે!'

'તમને કોઈ રસ્તામાં મળ્યું હતું?'

'ત્યારે એ જ વાત છે, મહારાજ!'

કર્ણદેવનો ચહેરો વધારે વિવર્ણ થઈ ગયો. પોતે સંગ્રામને વાચિનીશ્વરના મંદિરમાં આજે મોકલ્યો હતો. ગઈ કાલે તો એ જઈને પાછો આવ્યો હતો. નર્તિકા હજી તો પાછી

ફરી ન હતી. ને હવે સ્પષ્ટ લાગતું હતું કે એ પાટણ છોડી ગઈ છે. આજે પણ સંગ્રામ હજી ન આવ્યો કે કાંઈ સમાચાર પણ ન લાવ્યો, એનો અર્થ એ જ હતો. ગમે તે કારણે એ મંદિરમાંથી હમેશને માટે અદૃશ્ય થઈ ગઈ હતી. પોતે જે પાલખી સીતાની છે એમ ધારીને નીચે આવ્યો—તેમાંથી અચાનક ફૂલાંદે નીકળી. ફૂલાંદેને રસ્તામાં સીતાનો ભેટો પણ થઈ ગયો હોય. રાણીની વાતનો ધ્વનિ કર્ણદેવના મનને વ્યગ્ર કરી રહ્યો.

'દે! ઉતાવળે આપણે અનુમાન કરી બેસીએ એ ઘણી વખત ખોટાં પણ નીવડે!'

'નજરોનજર જોયેલી વાત કાંઈ ખોટી નીવડે, મહારાજ?' રાણીની મોટી, અને કાંઈક ભયત્રસ્ત આંખો કર્ણદેવ તરફ ફરી. પોતાની જરાતરા વિકળચિત્ત રાણીનો કર્ણદેવને હમેશાં થોડો થોડો તો ભય રહેતો, એટલે આજે એને વધારે વિકળ થતી જોઈ કર્ણદેવ એને શાંત પાડવા મથી રહ્યો.

'એવું છે, દે!' તે ધીમા મિઠ્ઠા અવાજે બોલ્યો: 'અત્યારે આંહીં સૌ કોઈ પોતપોતાની સત્તા માટે પ્રયત્ન કરે છે, એટલે સાચાખોટી અનેક વાતો ચાલે!'

એટલામાં સંગ્રામ આવવાના સમાચાર મળ્યા. કર્ણદેવ બહાર આવ્યો.

'કાં સંગ્રામ? નથી આવેલ નાં?' કર્ણદેવનો અવાજ ઘણો ધીમો હતો.

'મહારાજ! એ . . રાં . . મહારાજ! દેવી તો આવ્યાં નથી! એ તો હવે મંદિર તજીને ઊપડી ગયાં લાગે છે.'

'ક્યાં ગયેલ છે? શું કહ્યું મહારાજ શંકરસરસ્વતીએ?'

'એટલું જ કે એ તો મંદિરનો ત્યાગ કરીને ચાલ્યાં ગયાં લાગે છે!'

'કઈ બાજુ? કઈ તરફ ગયેલ લાગે છે? કહ્યું કાંઈ એણે?'

'ભૃગુકચ્છના વાવડ છે!'

ફૂલાંદે ભૃગુકચ્છ થઈને જ ઘણુંખરું આવતી, એટલે કર્ણદેવને શંકા હતી તે દૃઢ થઈ. એ સાથે જ રાણીના અસ્વસ્થ ચિત્તના વિચારે એને મૂંઝવણમાં મૂકી દીધો. રાણીનું મન એટલું વિકળ, વ્યગ્ર ને નબળું હતું કે એક ભ્રમણા કે વિચાર એના ચિત્તમાં ઘર કરી બેસે પછી એને કોઈ કાઢી શકતું નહિ. રાણી ઉદયમતીની ઉતાવળે ને કાંઈક જૂનો સંબંધ જાળવવાની ઇચ્છાએ કર્ણદેવને એક નાનકડી ઠકરાતની આવી કુંવરી સાંપડી ગઈ હતી. એ વ્યગ્ર ન હોય ત્યારે એની વિનમ્રતાનો પાર ન હતો, એના ડહાપણનો પણ પાર ન હતો, પ્રસન્નપ્રસન્ન વાતાવરણ સરજાવવાની એની શક્તિનો પણ પાર ન હતો, અને એના રૂપનો પણ પાર ન હતો. પણ એની સુંદર, સ્વચ્છ, કાંઈક મોટી આંખ ક્યારે ફરશે—ને ક્યારે એમાંથી અમાનુષી વિકળતા પ્રગટશે—એ કહેવું મુશ્કેલ હતું. એ વખતે લાગતું કે રાણી ઉપર કોઈ મલિન સત્ત્વની સત્તા જ જાણે ચાલી રહી છે ને આગળની ફૂલાંદે ત્યાં રહી જ નથી! કર્ણદેવને આ ભય હમેશનો રહેતો.

તે સંગ્રામ સામે જોઈ રહ્યો. રાણીને રીઝવવી કે સીતાને શોધવી, કે રાજતંત્રનો દોર હાથમાં લઈ એની તપાસમાં અનેકને મોકલવા પડે તો મોકલવા કે શું કરવું એનો નિશ્ચય એ એકદમ કરી શક્યો નહિ. સાંતૂનો પ્રતાપ એને

કાંઈક અસહ્ય લાગતો હતો. આ મુશ્કેલીનો ઉકેલ એને પોતાના કોઈક અંગત માણુસમાંથી શોધવો હતો. અચાનક એને સાંભર્યું. ' હાં, એ ઠીક પડશે. દેનો પણ એ સગો ને વિશ્વાસુ છે.' એણે મનમાં વિચાર કર્યો.

' મામા ક્યાં છે, સંગ્રામ ? '

' મામા તો ત્યાં જ. રહે છે ત્યાં. વખતે મહારાણી-બાના મહાલયમાં હોય ! '

' મામાને આંહીં મોકલ—જા, જલદી હો ! કહેજે દે આવ્યાં છે ! '

' અત્યારે ? '

' હા, હા, હમણાં જ ! '

સંગ્રામ નમીને ગયો. કર્ણદેવ પાછો રાણી પાસે આવ્યો.

' કાં મહારાજ ! સંગ્રામે પણ એ જ સમાચાર આપ્યા નાં ? '

' હા. ' કર્ણદેવે વાત રોળીટોળી નાખવામાં ડહાપણ જોયું.

' બોલો, ત્યારે ! હવે હું પાટણની મહારાણી સાચી કે નહિ ? સંગ્રામ જે સમાચાર આપવા આવ્યો હતો એ મેં રસ્તામાંથી જ મેળવી લીધા. રસ્તે રસ્તો, મહારાજ ! ભોથી ત્રાસી ગયો છે ! '

રાણીના છેલ્લા વાક્યે કર્ણદેવને જાણે નવો પ્રાણ આપ્યો. મનમાં પોતે જે ભય રાખી રહ્યો હતો તે અસ્થાને હોય, તો કેવું સારું ! તેણે કાંઈક ઉત્સાહથી કહ્યું:

' ભો ? ભો શેનો, દે ? રસ્તામાં ભો ? તમે એની વાત કરતાં હતાં ? '

'ત્યારે મહારાજ ? મારે એ જ વાત કરવાની હતી !' 'ઓતત્તારીની' કર્ણદેવને કોથળામાંથી બિલાડું નીકળતું લાગ્યું.

'ચારે તરફ ભય છે એમ ?' તેણે વાત કઢાવવા વાત લંબાવી.

'ત્યારે નહિ ? મહારાજ ! ઠેરઠેર આશાની હાક વાગે છે. રસ્તે રસ્તો એના ભોથી ધ્રૂજે છે. આ વખતે ભૃગુકચ્છને બદલે ધવલક્કને માર્ગે હું આવી એટલે ખબર પડી. મેં આવું નહોતું ધાર્યું. એ તો સારું હતું કે, અમારી ભેગા તો ઘણા સવાર હતા પણ રસ્તે ચાલનારો કોઈ સલામત નથી, પછી મોટો ચમરબંધી હોય કે નાનકડું દકરાળું હોય. આશાની મોટી તીરંદાજ ટોળી પાસે બધાં શીફાં ! ધરાર ઊભા રાખીને લૂંટી લ્યે ! યાત્રાળુને ય ન મૂકેને. બીજી એક વાત હું માનતી નો'તી, પણ મેં નજરોનજર જોયું હો, મહારાજ !'

'શું ?' કર્ણદેવે ઉતાવળે પૂછ્યું.

'આ સૌ વાત કરે છે નાં કે આશાની દીકરી પાસે એક ધોળું હરણ છે !'

'ધોળું હરણ ?'

'હા, મહારાજ ! મેં નજરોનજર જોયું. એને જંગલમાંથી બહાર આવવું ને અમારે ત્યાંથી જ નીકળવું. ધોળું તે કેવું ? જાણે—નર્યો હાથીદાંતનો કટકો ! એવું સરસ છે, મહારાજ ! *ધોળું હરણ ! સીતાજીની પેઠે રમાડવાની રઢ લાગે એવું છે. સંગ્રામ આશાના ખબર આપવા આવ્યો હતો નાં ?'

* 'ગુજરાત સર્વસંગ્રહ' પૃષ્ઠ ૪૧. એક ધોળું હરણ માર્યાનો એમાં ઉલ્લેખ છે. બીજું એક જોયાનો પણ ઉલ્લેખ છે.

'સંગ્રામ પણ એવી રંજાડ વિષે કહેતો હતો,' કર્ણદેવનો અવાજ સ્થિર ને શાંત હતો. 'એટલા માટે મામાને હમણાં બોલાવ્યા પણ છે!'

'અત્યારે?'

'ત્યારે ક્યારે? કોઈને ખબર ન પડે એમ મામા બહાર નીકળી જાય, તો જ કામ આવે નાં? આશાના ગુપ્તચરો પણ ઠેકાણે ઠેકાણે ફરતા હોય. આશાની ખબર લેવી પડશે. એમાં કાંઈ ચાલશે?'

'હું હમણાં આવું, મહારાજ! મામાને પણ એક ચીજ બતાવવી છે. હમણાં આવું!'

ફૂલાંદે અંદર જવા ઊપડી: કર્ણદેવ છુટકારાનો દમ ખેંચતો બોલ્યો: 'તમે હવે, દે'! જરાક પડખું ઢાળજો હો. તમને પછી ઉજાગરો સદતો નથી ને મારે માથે ભારે થાય છે. મારે તો મામાનું કામ છે તે હું થોડી વાર બેઠો છું.'

રાણી અંદર ચાલી ગઈ, એટલે કર્ણદેવ બે ઘડી શાંત પડ્યો રહ્યો.

૧૦. મદનપાલ વિશ્વાસ મેળવે છે

થોડી વારમાં મદનપાલ આવ્યો. અત્યારે આવે કવખતે કર્ણદેવે એને શા માટે બોલાવ્યો હતો, એ એનાથી કળી શકાયું નહિ. કાંઈક નર્તિકા વિષેની વાત છે એટલું તો સંગ્રામ પાસેથી એ જાણી શક્યો હતો, પણ એની સ્થિતિ કફોડી હતી. એ રાજાને મદદ કરવા માગતો હતો. પણ કરી શકે તેમ ન હતો. મહારાણી ઉદયમતીને એ પસંદ ન હતું. મહાઅમાત્યની સાથે મેળ રાખતાં કદાચ પોતે લાટનો દંડનાયક થાય—ને ભવિષ્યમાં પાટણનો સર્વસત્તાધીશ થઈ પડે એવી એને મહત્ત્વાકાંક્ષા હતી. એટલે મહાઅમાત્ય સાથે હમણાં બાજી બગાડવાનું એને ફાવે તેમ ન હતું. રાણી ફૂલાંદે એની દૂરદૂરની પણ સગી હતી. એનો તો કાંઈ અવાજ રાજકારણમાં ન હતો, પણ એને નાખુશ કરવાની ઇચ્છા મદનપાલને ન હતી. જે મહત્ત્વાકાંક્ષા એ સેવી રહ્યો હતો, એને માટે જોઈતી બુદ્ધિ એનામાં ન હતી. પણ એનું જાતઅભિમાન ભારે હતું. એટલે એ પોતાને બુદ્ધિશાળી માનતો ને બીજા કોઈ એને બુદ્ધિશાળી માને, તો એ આત્મ-શ્રદ્ધાથી ડોલી ઊઠતો; એટલું જ નહિ એનો એ મિત્ર થઈ

જતો. અત્યારના સંજોગ જોતાં કર્ણદેવની નર્તિકા વિષેની વાત ન સ્વીકારવાનો એણે નિશ્ચય કરી લીધો, ને છતાં પોતે સ્વીકારી છે એવો દેખાવ પણ એણે રાખવાનો સંકલ્પ કર્યો. રાજાને અને મંત્રીને એક બીજા સામે મૂકવાનો મોકો આમાંથી મળી જાય તો એ જવા ન દેવો, એ વિચાર પણ એના મનમાં રમી રહ્યો. પોતાની આ અદ્‌ભુત યોજનાથી પોતે મગ્ન થઈ ડોલી ઊઠ્યો.

'મામા! આંહીં આવો, આંહીં મારી પાસે—' કર્ણદેવે એને જોતાં જ કહ્યું: 'દે આવેલ છે. તમે પણ ઠીક મને એક રમકડું વળગાડી દીધું છે હો!'

'રમકડું?'

'ત્યારે નહિ? હમણાં આવશે જોજો ને, સારું છે કે હજી આંહીંની કોઈ વાતની ગંધ એને આવી નથી. પણ મેં તમને બોલાવ્યા છે જ આટલા માટે. બોલો તમે—પાટણના કોટપાલ થઈને કોણ જાય છે—'

'મહારાજ! પાટણનો કોટપાલ તો અર્જુનભટ્ટ છે. એ હમણાં દેખાતો જ નથી. કોઈક કહે છે, મહારાજ! કે મહેતાએ એને ક્યાંક મોકલેલ છે!'

'મુંજાલ કહેતો હતો ખરો—'

'મારો બેટો, આ છોકરો આજથી રાજાના કાન કરડવા માંડ્યો લાગે છે,' મદનપાલના મનમાં વિચાર આવી ગયો. એને જ બેટાને આ કામમાં ભટકાવવા દે. તે મોટેથી બોલ્યો: 'મહારાજ! એ જબરો છે હો. એને તલેતલની ખબર પડે છે. એ જ કહેતો હતો કે સાંતૂ મહેતાએ કાંઈક ગોટો કર્યો છે! એને કામ સોંપ્યું હોય તો પાર ઉતારે એવો છે!'

'તો એને બોલાવીએ'

'અત્યારે?'

'ત્યારે ક્યારે? માને ઘેલું લાગ્યું છે કે હવે તું બધું સંભાળી લે. પણ મામા! આ નર્તિકા વિના હું જીવું એમ નથી. મહારાજે પોતે—'

'કર્ણદેવ!' અચાનક રાણીનો અવાજ સાંભળીને મદનપાલ ઊભો થઈ ગયોઃ 'મહારાજની વાત કરે છે?' રાણીએ દૃઢ અવાજે કહ્યું: 'પણ મહારાજનો સમય જુદો હતો. આ સમય જુદો છે. મદનપાલ! તું આંહીં બેઠો છે પણ મેં તને અત્યારે જ બોલાવવા માણસ મોકલ્યો હતો. દેવપ્રસાદ આંહીંથી ત્રણ કે ચાર મજલ દૂર રહ્યો છે એ તને ખબર છે? એ નગરમાં પેસી ન જાય એ જોવાનું તારે માથે છે. લે આ કોટપાલની મુદ્રા, હમણાં તું ધારણ કરી લે. અર્જુનભટ્ટ આવે ત્યારની વાત ત્યારે! કર્ણદેવ! તને કાંઈ ખબર છે કે નવી રાજસત્તા જો હાથ નહિ રાખો તો હાથમાંથી બીજા સેરવી લેશે!'

'મા! તમે રાજસત્તા ચલાવતાં હો, તો મારે તો એ નથી જોતી!'

'તારે તે ક્યાંથી જોઈએ? તારે તો એનો મોહ છે—પણ એને તો પહોંચાડી દીધી સ્તમ્ભતીર્થ!'

'કોણે?'

'તું રાજા છો તે તને ખબર નહિ હોય? બીજા કોણે? સાંતૂ મહેતાએ! તમારે કોઈને રાજ કરવું નથી. તમે રાજ ન કરો તો બીજા કાંઈ બેઠા રહેશે? અત્યારે જ તમને કોણ ઓળખે છે?'

કર્ણદેવ બેઠો થઈ ગયો: 'મા! રાજ તમે કરજો, મારે રાજ કરવું નથી!'

મહારાણીને અને મદનપાલને ત્યાંજ મૂકીને તે અંદર ચાલ્યો ગયો. 'મદનપાલ! આને સમજાવજે. શરૂઆતથી આમ કરશે, તો આ તો પાટણ છે!' રાણીએ મદનપાલને કહ્યું. થોડી વાર પછી રાણી ઉદયમતી ગઈ કે મદનપાલે કર્ણદેવને શોધી કાઢ્યો: 'મહારાજ! કાલે જ મુંજાલને આપણે સ્તમ્ભતીર્થ મોકલીએ. એ જબરો છે!'

'એને કહેજો, મામા! મને મળે! એને અનુકૂળ થવા હું સમજાવી શકીશ.'

મદનપાલ બહાર નીકળ્યો, ત્યારે એને લાગ્યું કે પોતે આજે જબરજસ્ત રમત રમ્યો છે.

૧૧. મદનપાલને બનાવ્યો

'હા, પણ રુચ્ચિકજી માગે—રુચિકજી તો કાલે રાજ માગશે—તો તમે રાજ આપી દેશો? મેં તને કોટપાલ નીમ્યો હતો એટલે કોટપાલની મુદ્રા તારી પાસે જ રહેવી જોઈએ. તને ખબર છે, આવતી કાલે દેવપ્રસાદ આવીને ઊભો રહેશે, ને કોટ તમારા કબજામાં નહિ હોય તો તમે બની જશો!'

મદનપાલને મહારાણીએ કોટપાલ બનાવ્યો એમાં રહેલું ભયસ્થાન સાંતૂએ તરત જોઈ લીધું હતું. દેવપ્રસાદ પોતાના મોસાળ મરુભૂમિમાંથી આવી રહ્યો હતો; કોઈ પણ કારણે એનું અપમાન થઈ બેસે કે એને થોડો વખત પણ કોટ બહાર રહી જવું પડે, તો એટલા તણખામાંથી જે જ્વાલા પ્રગટે એ પાટણને બાળી મૂકે. અત્યારે પાટણની અત્યંત નાજુક પરિસ્થિતિને પળેપળે સાચવવાની હતી ને હરેક રીતે સાચવવાની હતી. એટલે મહાઅમાત્યે કોટપાલની મુદ્રા મદનપાલ પાસેથી લાવવાની રુચ્ચિકને આજ્ઞા આપી. મદનપાલે કોટપાલની મુદ્રા તો એને આપી દીધી પણ મહારાણીબાને તરત વાત કરી. મહારાણીનોઃ પિત્તો ગયો. તેણે એને સામી આજ્ઞા આપી: 'પાછો જઈને મહાઅમાત્ય પાસેથી મુદ્રા લઈ આવ,

જા. મારું નામ દેજે!'

ભૃગુકચ્છથી પાછા ફરેલા અર્જુનભટ્ટની વાત મહાઅમાત્ય સાંભળી રહ્યો હતો. એટલામાં બહારથી અવાજ આવ્યો : 'મહાઅમાત્યજી! છો કે?' અવાજ મદનપાલનો હતો. મંત્રીશ્વર તરત વાત પામી ગયો. તેને લાગ્યું કે આ ભાઈબહેન બન્નેને એક ઘાએ રાજકારણમાંથી તદ્દન અળગાં નહિ કરવામાં આવે તો પાટણનો પ્રશ્ન વેડફાઈ જશે. જે વખત જાય છે એ વખત મહામોલો છે. લાટ ને આશો બન્ને એ સમયનો ઉપયોગ કરી ભેગા મળી જાશે, તો પછી પાટણને એ બન્ને ભારે પડી જશે. એ બન્નેને છૂટા છૂટા હંફાવવાના હતા ને તાત્કાલિક હંફાવવાના હતા.

'આવો આવો, મદનપાલજી! હું અર્જુનભટ્ટને ને રુચ્ચિકનેએ જ કહી રહ્યો હતો. કીધું આનું નામ રાજવંશી ગૌરવ! આપણે મુદ્રા મગાવી તો તરત સોંપી દીધી. બીજો હોય તો વાતમાં ને વાતમાં વરસ કાઢી નાખે!'

'મહારાણીબાએ કહ્યું કે મહાઅમાત્ય મગાવે છે તો મુદ્રા સોંપી દો. ને મારે નામે પાછી માગી લાવો. પાછો પેલો આવે છે એના વાવડ છે નાં? તમને તો ખબર હશે?'

'કોણ?'

'કેમ વળી? દેવપ્રસાદ!'

'હાં, હાં, એ તો ભલેને આવે. એના બાપનું રાજ છે એટલે આવે તો ખરો નાં?'

'મહારાણીબાએ કહેવરાવ્યું છે કે પાટણના કોટકાંગરામાં એનો પ્રવેશ ન થાય એ આપણે જોવાનું છે. ભલે એ ઘડી બહાર તપતો. લાગે કે રાજભક્ત છે, બંડખોડા

કરવા આવ્યો નથી, ત્યાર પછી જ રાજમહાલયનું મોં દેખશે. સાથે બસોપાંચસો તો ઘોડેસવાર લાવે છે!'

'હોય હવે; રાજકુમાર છે, એટલાં માણસ તો સાથે હોય નાં?'

'કાલે સવારે સિદ્ધપુરથી આ બાજુ આવતાં રસ્તામાં જ હું એને પકડીશ!'

'વાહ, વાહ, એનાથી બીજું રૂડું શું?' સાંતૂ મોટેથી બોલ્યો. તે મનમાં વિચારી રહ્યો હતો કે જો આ મુદ્રા લીધા વિના ચાલ્યો જાય—તો કાલનો દિવસ ઊહાપોહ થયા વિના સચવાઈ જાય. પછીની વાત પછી. જગત્પાલ તો ક્યારનો શાંત બની જઈ દેવપ્રસાદ આવી રહ્યો છે એ સમાચારે અંતરાનંદ માણી રહ્યો છે. સિદ્ધપુરની યાત્રાનિમિત્તે પદ્માક્ષીને એણે ત્યાં મોકલી હતી. એ પણ પાટણ આવી રહી હતી. જગત્પાલની આવી શાંત હિલચાલમાં રહેલાં ભયસ્થાનો મહાઅમાત્યને મૂંઝવી રહ્યાં હતાં. રાણીનો સત્તાપ્રિય સ્વભાવ વધારે સ્પષ્ટ રીતે પ્રગટતો જતો હતો. મદનપાલ કુદરતી રીતે પોતાનો અભ્યુદય એમાં જોતો હતો. મહારાજ અશાંત ને અસ્થિર હતા. આમાં જરાક ભૂલ થાય તો સઘળું સળગી ઊઠે. જરાક ખોટું નિભાવી લેવાય તો પરસત્તા લાભ ઉઠાવી લે. દરેકે દરેક શબ્દની ને પળની કિમ્મત હતી.

'તમને ખબર છે, શા માટે મેં મુદ્રા પાછી મગાવી?'

'જોવા માટે હશે!'

મદનપાલના જવાબે સાંતૂને મનમાં હસવું આવ્યું: 'આ રુચ્ચિકજી સમાચાર લાવ્યા છે તે સાંભળો—પછી તમે જ કહેશો કે મુદ્રા ભલે મગાવી. રુચ્ચિકજી! શા સમાચાર છે

આશાના ?'

'સોમનાથથી એક પણ વહાણ એવું નથી નીકળતું, પ્રભુ! કે જેને આશાનો ભય ન હોય! ધરાર લૂંટી લ્યે છે. પછી અમે તે હોય! હમણાં મલયમાંથી ભૃગુકચ્છ માટે *વેદ્રચંદન આવતું હતું. એ ભૃગુકચ્છ પહોંચ્યું નહિ. ભીલડીઓના શરીર-શૃંગારમાં વપરાઈ ગયું. આ આશો !'

'આ આશાને વશ રાખવા માટે લાટમાં એક સમર્થ દંડનાયક જોઈએ, મદનપાલજી! સમજ્યા? બોલો, કોઈ છે તમારી નજરમાં ?'

મદનપાલ સાંતૂ સામે જોઈ રહ્યો. મહાઅમાત્ય એને બનાવતો હતો કે લલચાવતો હતો તે સમજાયું નહિ. ભર-સભામાં એનું અપમાન કર્યું એને હજુ બહુ વખત થયો ન હતો. મદનપાલને સાંતૂના શબ્દમાં વિશ્વાસ બેઠો નહિ. સાંતૂ એ કળી ગયો.

'મદનપાલજી! તે દિવસે મંત્રણાસભામાં મેં તમને બે ક્રૂર શબ્દો કહ્યા હશે, પણ તમે એ ભૂલી જજો. આજ તો આપણે સૌ હવે એક થાઈએ તો જ રાજ ટકે તેવું છે. તમે છો, મહારાણીબા છે, સૌ મળીને ચલાવશું તો ચાલશે!' સાંતૂના એકદમ વિનમ્ર શબ્દો મદનપાલની જાણે મહત્તા સ્થાપતા હોય તેવા હતા.

મહારાણીનો પોતે ભાઈ છે એટલે મહાઅમાત્ય એને મેળવી લેવા આ પ્રયત્ન કરતો હોય એવું મદનપાલને લાગ્યું. રાજકારણમાં આ પ્રમાણે પોતાની સલાહ કોઈએ માગ્યાનો

* ચંદનં બે પ્રકારનાં આવતાં: વેદ્રચંદન ને બર્બરક ચંદન. વેદ્રચંદન શ્રેષ્ઠ ગણાતું.

મદનપાલ માટે આ પ્રથમ જ પ્રસંગ હતો. હવે તો તક હાથમાંથી સરી ન જાય એની કાળજીમાં એ પડ્યો.

'કેમ બોલ્યા નહિ? બોલો, છે કોઈ તમારી નજરમાં લાટ સંભાળે તેવો?'

'મારી નજરમાં તો, પ્રભુ . . . કોઈ નથી.'

'ત્યારે મારી નજરમાં એક જણ છે,' સાંતૂએ આને થોડો વખત મહત્તા આપવામાં પોતાનું કામ વધારે સરળ થતું જોયું. મહારાણીની વાત જ આ મૂર્ખ ભૂલી જાય તો પોતે મહારાણીનું અપમાન પણ કર્યું ન કહેવાય ને દેવપ્રસાદ સાથેનું ઘર્ષણ પણ અટકી જાય; આગળની વાત આગળ. એટલામાં તો વખતે લાટના ને આશા ભીલના એવા સમાચાર પણ આવી જાય કે મહારાણી પોતે એને મળવા માટે દોડે!

'કોણ છે તમારી નજરમાં, પ્રભુ!' મદનપાલને વાત જાણવાની તાલાવેલી થઈ.

'છે એક જણ; તમને કહેવાય તેમ નથી. પણ રહો—તમારા હાથની વાત હોય, તો તમે મને મદદ કરશો? વાત આપણા બેની વચ્ચે જ હમણાં રહેવી જોઈએ.' સાંતૂએ જરાક સ્મિત કરતાં રુચ્ચિક સામે જોયું. રુચ્ચિક વાત કળી ગયો. તે નમીને તરત બહાર નીકળી ગયો. એની પાછળ જ અર્જુનભટ્ટ પણ ચાલ્યો ગયો. સાંતૂ એમને જતા જોઈ રહ્યો. બન્ને જણા અદશ્ય થયા કે જાણે બહુ જ વિશ્વાસની વાત હોય તેમ એ મદનપાલ પાસે સર્યો: 'મદનપાલજી! લાટના દંડનાયક તરીકે તો એ માણસ જ નભી શકશે જે લાટનો સંબંધી પણ હશે. મેં એ વિષે બરાબર વિચાર કર્યો છે. બીજા કોઈને લાટવાળા નભવા નહિ દે. આ જગત્પાલ લાટની

રાજકુમારી આંહીં લાવવા માટે આકાશપાતાળ એક કરી રહ્યો છે, ને મહારાણીબા એને ઉત્તેજન આપી રહ્યાં છે; પણ એ ફીફાં ખાંડવા જેવી વાત છે. લાટની રાજકુમારી આવશે, તો એ પોતાનો નવો એકડો નોંધાવતી આવશે. એ તમને પણ નહિ ગણે, મને પણ નહિ ગણે, ને મહારાણીબાને પણ નહિ ગણે.'

'એ તો સાચું છે, પ્રભુ!'

'અને રાણી ફૂલાંદેને પણ નહિ ગણે! લાટ પાટણની ડોકે ચોટશે તો પછી ઊખડશે જ નહિ. એના કરતાં આપણે જ એને ચોટીએ તો?'

મદનપાલની આંખ ઝીણી થઈ ગઈ. સાંતૂએ એને વાતમાં વધુ ઊંડો ઉતાર્યો.

'લાટની કુમારી પદ્માક્ષી પણ સિદ્ધપુર ગયેલી—જાત્રા કરવા માટે. કાલે એ પણ આંહીં આવે છે. આપણે એને જ આંહીં તળ રાખીએ તો? કુમારી અજબ રૂપવંતી છે. ને તમારું કુલગૌરવ લાટને ક્યાં અજાણ્યું છે?'

મદનપાલ પોતે શા કામ માટે આવ્યો હતો એ ક્યારનો વીસરવા માંડ્યો હતો. એમાં આ પ્રલોભને તો એને ઘેરી લીધો.

'મારે સ્વાર્થ છે એ હું તમને ચોખ્ખું કહી દઉં છું. તમે લાટના સંબંધી હો ને લાટના દંડનાયક પણ હો, તો અમારે એ બાજુની નિરાંત. જગત્પાલ માનશે કે આપણને પાટણનો સંબંધ તો મળ્યો. મહારાણીબાને સમજાવાશે. મહારાજને તો આ વાત રુચતી જ ન હતી.'

'પણ જગત્પાલ! જગત્પાલ પોતે માનશે?'

'અરે! જગત્પાલ શું, જગત્પાલનો બાપ પણ માનશે.

આપણે વાત મહારાણીબા તરફથી જ નહિ મુકાવીએ ?'

'મહારાણીબા તરફથી ?'

'ત્યારે નહિ ? મારું તમારું કાંઈ કોઈ થોડું માને ? મહારાણીબાને સમજાવવવાનું મારે માથે, બસ ? પણ પછી તમે ખસી જાઓ તો ?'

કુમારી પદ્માક્ષીના પ્રલોભને મદનપાલ તો પાણીપાણી થઈ ગયો હતો.

'હું ન ખસું, પ્રભુ ! પણ વાત થયા પહેલાં બહાર ન પડવી જોઈએ !'

'થયા પહેલાં બહાર પડે ? અરે, રામરામ કરો, મદનપાલજી ! એ તો તમે ભૃગુકચ્છ પહોંચો ને કુમારી પદ્માક્ષીનો હાથમેળાપ થઈ જાય, ત્યાર પછી તો આંહીં ખબર પડે કે મદનપાલજી લાટ જવાના છે. કામ તો જ થાય. નહિતર તો એમાં પા'ણા નાખવાવાળા ક્યાં લેવા જવા પડે એમ છે ? અત્યારે તો તમારે પણ મહારાણીબાને કહેવું કે કોટપાલનો અધિકાર મારી જ પાસે છે. મહારાણીબાની આજ્ઞા છે, તો દેવપ્રસાદને જાળવવા આપણા અર્જુનભટ્ટને મોકલી દઈશું. રાજકુમારી પદ્માક્ષી એના સાથમાં આવી રહી છે એટલે હમણાં તમારે એ બાજુ ફરકવું જ નહિ. મફતની કોઈને શંકા થાય. સમજ્યા, મદનપાલજી ! પછી તો આંહીંનું કામ અમે સંભાળી લેશું. તમે લાટનું કામ સંભાળી લેજો. એ તો બધું સમુંસુતર પાર ઊતરી જાશે, લ્યો—ત્યારે—હું ઊઠું. હજી દેરાસર ગયો નથી !'

મદનપાલની જીભ સિવાઈ ગઈ હતી. નહિ બોલવામાં એને પોતાનું હિત સચવાતું લાગ્યું. તે બેઠો થઈને નમીને ગયો

થોડી વાર પછી, પોતાના ગવાક્ષમાંથી નીચે ચાલ્યા જતા મદનપાલને જોઈને, સાંતૂ પેટ પકડીને હસી રહ્યો હતો: 'અરે! મૂરખો!'

'પ્રભુ! શું છે?' રુચ્ચિક આવી ગયો હતો, તેણે મહા અમાત્યને હસતાં જોઈને કહ્યું.

'અરે! ભટ્ટરાજ! રુચ્ચિકજી! ત્યાં કોણ જાય છે એ તો જુઓ! કોણ જાય છે, ભટ્ટરાજ! જુઓ તો—'

ભટ્ટરાજે નીચે જોયું: 'કેમ પ્રભુ! આ તો મદન..' પણ અર્જુનભટ્ટનો શબ્દ અધૂરો રહી ગયો: 'અરે! આ શું? આટલી બાંકી ચાલે ચાલે છે તે મદ્યપાન કર્યું છે કે શું?'

સાંતૂ હસી પડ્યો.

'એણે મદ્યપાન નથી કર્યું, ભટ્ટજી! એણે સત્તાનું પાન કર્યું છે. લાટનો દંડનાયક કેમ ચાલે એ એ શીખે છે. શીખવા દો. તમે ત્યારે, રુચ્ચિકજી! દેવપ્રસાદ સામે જવાનું રાખો. આંહીં અર્જુનભટ્ટ છે; કોઈને પણ તેના અપમાનની ગંધ ન આવે એ જોજો!'

૧૨. મહારાણી ઉદયમતીનો સત્તાપ્રેમ

'**ક્યાં** છે મદનપાલ? મદનપાલ ક્યાં છે? બોલાવી લાવ તો એને,' પોતાની સામે હાથ જોડીને ઊભેલા એક સંદેશવાહકના સમાચારે રાણીને વ્યગ્ર કરી મૂકી હતી. થોડી વારમાં તો એક અનુચર દોડતો દોડતો મદનપાલને બોલાવી લાવ્યો. એને જોતાં જ મહારાણીએ ઉતાવળે કહ્યું: 'અલ્યા! અંતે ગિરના પાડા જેવો જ રહ્યો કે? કાલે તું શું કહી ગયો હતો? તું તો કહેતો હતો કે કોટપાલનો અધિકાર તારી પાસે જ છે એટલે તારી આજ્ઞા વિના કોઈ બહારથી પેસી શકે તેમ નથી. કોટપાલનો અધિકાર તારી પાસે હતો ને?'

'ત્યારે બીજા કોની પાસે છે? અધિકાર તો મારી પાસે જ છે'.

'આ સાંભળ—આ શું કહે છે?' રાણીએ સંદેશવાહક પ્રત્યે જોયું.

'શું છે?'

'લ્યો, બોલ્યા ભાઈ—શું છે? હજી તો રાતનાં સપનાં આવતાં લાગે છે. દેવપ્રસાદ તો પાટણમાં આવીને બેસી પણ ગયો છે. તું ક્યાં ઊંઘતો હતો? કોટપાલનો અધિકાર તારો

હતો ને? આ રીતે તું અધિકાર જાળવવાનો છે? મેં તને શું કહ્યું હતું? સૈનિકો સહિત કોઈની આજ્ઞા વિના એ પાટણમાં પેસી ગયો ને તેં એને ટકોર્યો પણ નહિ? તું સિદ્ધપુર જવાનો હતો, તેનું શું થયું? રસ્તામાં એને મળવાનો હતો, તેનું શું કર્યું? ક્યાં છે તારી મુદ્રા? લાવ, મારી પાસે!'

'મુદ્રા તો અર્જુનભટ્ટ પાસે છે!'

'અર્જુનભટ્ટ પાસે છે? ત્યારે તું કોટપાલ શાનો?'

'કેમ નહિ? અધિકાર મારી પાસે છે; મુદ્રા અર્જુનભટ્ટ પાસે છે—આપી છે એને થોડો વખત સાચવવા!'

'અરે! જૂનોગઢ—જૂનોગઢ તો, બાપા! ગાંડપણભરેલું લડી જાણે; કળી તે કોઈ દી જાણે? અલ્યા! અધિકારી તું, ને મુદ્રા તારી પાસે નહિ? હવે જો તો ખરો, દેવપ્રસાદ નગરમાં બેઠો શું કરે છે? કેટલુંક સૈન્ય છે એની પાસે?' છેલ્લો સવાલ સંદેશવાહકને પુછાયો હતો.

'હશે, બે હજાર સવાર હશે!'

'બે હજાર? ને આ તારો રાજા તો હજી . . ઠીક, તું જા. . .' રાણીએ ઉતાવળે હાથ હલાવીને સંદેશવાહકને રજા આપી દીધી. 'મદનપાલ! તું પોતે જા. સાંતૂ મહેતાને બોલાવી લાવ. તમારે કોઈને રાજ કરવું નથી. બીજા તમારે માટે રાજ કરે એ બેઠા બેઠા જોવું છે!'

મદનપાલ ગયો એટલે મહારાણી ઉદયમતી વિચારમાં પડી ગઈ. દેવપ્રસાદ નગરમાં પ્રવેશ કરી ગયો—એની આજ્ઞા વિરુદ્ધ; મદનપાલને એણે કોટપાલ બનાવ્યો—પણ એ એક દિવસ પણ કોટપાલ ન રહ્યો. રાજાની—કર્ણદેવની ઉત્કટ ઇચ્છા છતાં નર્તિકાને નગર છોડવું જ પડ્યું. જગત્પાલની

સો એ સો વસા ઇચ્છા હતી પણ—પદ્માક્ષીવાળી વાત હજી કાઢી શકાતી ન હતી. હજી તો ગઈ કાલે મહાઅમાત્યની મુદ્રા પામેલા સાંતૂની આવી સત્તા રાણીને ખૂંચી રહી. એણે આજે એને પોતાની સત્તાનો પરિચય આપી દેવાનો નિશ્ચય કર્યો. એની મુખમુદ્રા ઉપરથી લાગતું હતું કે એણે અત્યારે ને અત્યારે સઘળી રાજસત્તા હાથ કરી લેવાનો દૃઢ નિર્ણય કર્યો છે.

એટલામાં સાંતૂ આવ્યો. મહારાણીની મુખમુદ્રા ઉપરથી જ એની અશાંતિ એ કળી ગયો. કાંઈક વાત રસ્તામાં મદનપાલ પાસેથી પણ મળી હતી. મહાઅમાત્ય વિના પાટણનું એક ચક્ર પણ ચાલી શકે નહિ—એ વસ્તુનો આજે પૂરેપૂરો પરિચય રાણીને આપવા માટે જ એ આવ્યો હતો. ભવિષ્યમાં હમેશને માટે એ શાંત બની રહે એ એકધારી રાજનીતિ માટે જરૂરી હતું. તે વિનયથી મહારાણીબાને પ્રણમીને એક બાજૂ બેઠો. તેની મુખમુદ્રા અસાધારણ શાંતિ ધારી રહી હતી. પણ મહારાણીને એથી વધુ અશાંતિ થઈ. એણે એકદમ જ વાત ઉપાડી. એનો બોલ ઉતાવળો, આકળો, અશાંતિ ભરેલો, કાંઈક તોછડો, ધડકતો, પોતાનું ધાર્યું નહિ થાય એવા ભયથી કૃત્રિમ રીતે થોડો મોટો, અને જરાક કર્કશ જેવો હતો: 'સાંતૂ! મહેતા! મેં તમને કેમ બોલાવ્યા છે એ તમને ખબર છે? જાણો છો?'

'હમણાં કહેશો એટલે જાણીશ!' સાંતૂનો સ્વર અસાધારણ રીતે શાંત હતો. જવાબ પણ એકદમ ટૂંકો હતો. રાણીને એમાં જાણી જોઈને થતી રાજસત્તાની ઉપેક્ષા દેખાણી.

'હવે રાજસત્તા મારે હાથમાં ધરવી છે. હવેથી મારી

આજ્ઞા પ્રમાણે થશે—' તે એકદમ બોલી ગઈ. 'થવું જોઈએ !'

'વાહ ! વાહ ! એનાથી રૂડું બીજું શું ? મહારાજ મૂલ-રાજદેવના સમયથી એ તો ચાલ્યું આવે છે. મહારાણી માધવી-એ મહારાજની સાથે પરાક્રમ કર્યાં, રાજ કર્યું, યજ્ઞદાન કર્યાં, રખડપાટ પણ કરી, અને છેવટે સાથે જ . . .'

'સંન્યસ્ત ગ્રહણ કર્યું—એમ તમારે કહેવું છે નાં ? સંન્યાસી થઈને ચૌલુક્યો રહે છે; જૂનોગઢના રા' કાં રણમાં પડે કાં કમળપૂજામાં પડે. હું દીકરી રા'ની. મારે સંન્યસ્ત લેવાનું ન હોય—અમારો રા'નો એ મારગ નથી !'

'તમારો એ મારગ છે, એમ મેં કહ્યું પણ નથી. થોરમાં કેળાં ન થાય !'

રાણીએ સાંતૂનો ઘા અણુસાંભળ્યો કર્યો. પણ તે મનમાં વળ ખાઈ ગઈ. ઉતાવળે એ બોલી ગઈ:

'મહેતા ! કાલથી મારી આજ્ઞા વિના કોઈ કામ ન થાય, એ તમારે જોવાનું છે. મદનપાલની કોટપાલની મુદ્રા અર્જુનભટ્ટ પાસે ક્યાંથી આવી ? કોણે તેને સોંપી ?'

'મદનપાલને જ પૂછોને; આંહીં જવાબ દેનાર પોતે જ હાજર છે ને !'

રાણીએ દૂર ઊભેલા મદનપાલ સામે જોયું. મદનપાલ હેં હેં ફેં ફેં થઈ ગયો.

'મેં તો તમારા કહેવા પ્રમાણે પાછી માગી હતી !' તે સંભાળીને બોલ્યો.

'પછી ? શું પાછી આપવાની કોઈએ ના પાડી ?'

'ના; ના તો કોઈએ નો પાડી. પણ હું વાતમાં ને વાતમાં માગતાં ભૂલી ગયો !'

'માગતાં ભૂલી ગયો? આવતી કાલે તો તું તારી જાતને પણ ભૂલી જાશે!'

'તો શો વાંધો છે, મહારાણીબા?' સાંતૂએ કાંઈક ઠંડા ઉપહાસથી કહ્યું: 'આ ખોબા જેવડું જૂનોગઢ ન હોય, બા! મહારાજ્યો ચલાવવાં—દામોદર મહેતાના મૂકેલાં મહારાજ્યો ચલાવવાં—એ કાંઈ છોકરાંની રમત નથી. આ મહારાજે આપી હતી એ રાજમુદ્રા તમને પાછી સોંપું છું. લ્યો,—' સાંતૂએ મહાઅમાત્યની મુદ્રા રાણી સામે ધરી.

'તમારા વિના નહિ જ ચાલે એમ માનો છો, મહેતા?' રાણીએ ગર્વથી કહ્યું.

'એમ માનું એવો હું મૂરખ નથી. તમને તો મારા વિના ચાલે; ચાલશે—પણ પાટણને મારા વિના નહિ ચાલે,' સાંતૂ બોલતાં બોલતાં ઊભો થઈ ગયો. તેણે મહારાણીબાને પ્રણામ કર્યા: જવા માટે પગ ઉપાડ્યો. મોંમાં આવેલું છેલ્લું વાક્ય જતાં જતાં કહી નાખ્યું: 'મા સરસ્વતીની સોનેરી રેતી શરીરે ચોંટી છે, એ જનમજનમાંતરે પણ કાંઈ ખંખેરી જાય એમ છે? પાટણને મારા વિના નહિ ચાલે, બા! તો મને પોતાને પણ પાટણ વિના ક્યાં ચાલે એમ છે?'

'હજી પૂરી સોંપણ તમે કરી નથી એટલે વખતે કામ પડે, મહેતા! તો તમને ક્યાં સંભારવા? ક્યાં હશો?'

'*વરણાગ મહેતાના વાડામાં. હું પાટણ તજવાનો નથી, બા! પણ જે પટ્ટણી ન બનેલ હોય, એવા કોઈ પાસેથી આજ્ઞા લેવાની મને ટેવ નથી. એવા દરેકે કાં પટ્ટણી થવું જોઈએ; કાં પાટણ તજવું જોઈએ. આ વાત નગરમાં

* સાંતૂના પિતા.

ઊડશે —. એ તમારા હિતમાં નથી એટલું કહી દઉં છું. જગત્પાલ કાગડો છે—ને કાગડાના જેવી એની નજર છે—એ આંખથી નથી જોતો, ગંધ ઉપરથી પારખે છે. અસંગતિને લીધે પ્રાણહીન બનતા રાષ્ટ્રદેહની ગંધ ઉપર તો એની ખાસ દૃષ્ટિ છે. એટલે વાત ઊડે નહિ એ જોતાં રહેજો.'

પ્રણામ કરીને સાંતૂ સીધે સીધો ચાલ્યો ગયો.

રાણીને એને રોકવાનું મન થઈ આવ્યું, પણ એનું અભિમાન ઘવાતું હતું. એણે મોટેથી બૂમ પાડી. જવાબમાં એક શસ્ત્રધારી નારી દોડતી આવીને આજ્ઞા સાંભળવા માટે ઊભી રહી. પણ મહારાણી ઉદયમતીની આંખમાંથી નબળાઈનાં, નિષ્ફળ ગુસ્સાનાં, વેર લેવાનાં, ને વૈર લઈ ન શકવાની પોતાની અશક્તિનાં, આંસુ વહી રહ્યાં હતાં.

આશ્ચર્યમાં શસ્ત્રધારી દાસી એક બાજુ નમીને ઊભી રહી.

૧૩. દુર્લભરાજ સોલંકી આવ્યો

મહારાણી ઉદયમતી પાસેથી નીકળ્યા પછી મહાઅમાત્ય સાંતૂ સીધો ઘેર ગયો. એને ખાતરી હતી કે મહારાણીનો સત્તાપ્રેમ એને હમણાં ખરી વસ્તુસ્થિતિ સમજવા નહિ દે. કેટલાકને સત્તાનો શોખ હોય છે; સત્તા વિના એ જીવી શકે નહિ; અને છતાં સત્તા હાથમાં આવે તો એ ભોગવી પણ શકે નહિ. એ કલા એમને સાધ્ય જ હોતી નથી: એવાને દેખાવપૂરતી સત્તા હાથમાં રહેવા દીધી હોય તો એ અણઘડની માફક પાછળપાછળ ચાલે. સાંતૂ ગુપચુપ ઘેર બેસી ગયો. લીલોવૈદ એની તબિયત જોવા હમેશાં જતોઆવતો થયો. પોતે મહાઅમાત્યને ત્યાં પાટાપીંડી કરવા જાય છે એ વાત ઉપર સૌનું ધ્યાન ખેંચાય એવા ઠાઠમાઠથી એ જતોઆવતો. અર્જુનભટ્ટ ને સૂચક દિવસમાં દસ વખત કામ વિના રાજમહાલય સુધી આંટા મારતા ને હમેશાં ઉતાવળમાં હોય તેમ દેખાતા. લોકો માનતા થયા કે હજી સત્તા મહાઅમાત્યની જ ચાલે છે ને માંદગીને લીધે ઘેર રહેતા મહાઅમાત્યની સલાહ લેવા આ બન્ને જણા રાજમહાલય સુધી મહારાણીના કામ માટે આવેજાય છે.

એ ભ્રમણા એમ ને એમ ચાલી. વધુ લાંબો વખત હજી ચાલત પણ ખરી. પરંતુ એક રાતે ભૃગુકચ્છથી આવેલા એક સાંઢણીસવારે ઉતાવળે મહારાણી પાસે જવાની અનુજ્ઞા રાજમહાલયના દ્વારપાલ પાસે માગી.

'કોણ છે? તેં શું કહ્યું? દુર્લભરાજ સોલંકી?' મહારાણીએ અનુચરને પૂછ્યું.

'હા, બા. ભૃગુકચ્છથી આવ્યા છે. કહે છે, મારે અત્યારે જ મળવાનું છે!'

'શું છે એને? બોલાવ તો.'

જેવી રીતે મહાઅમાત્ય સાંતૂને તેવી જ રીતે મહાઅમાત્ય પછીના લાટના આ સત્તાધીશને પણ રાજગૌરવનો ખ્યાલ આપવાની મહારાણીને જરૂર લાગી. એની પાછળ કેટલીક સશસ્ત્ર નારીસૈનિકો ઊભી હતી. ઊંચા પ્રકારના રેશમી ગાદીતકિયાને અઢેલીને મહારાણી ગૌરવથી એના આવવાની રાહ જોતી બેઠી.

થોડી વારમાં દુર્લભરાજ સોલંકી આવ્યો. મહારાણીબાને આવી રીતે મળવાનો એને પહેલો પ્રસંગ હતો. પોતાના જમાનાને ને પોતાના જમાનાની તમામે તમામ નાનીમોટી વાતચીતોને કેટલાક પી કાઢે છે, એવા જમાનાને ખાઈ બેઠેલા મહાવિચક્ષણ પુરુષોમાંનો એક એ હતો. અત્યારે એ આંહીં આવ્યો હતો—ખરી રીતે મહાઅમાત્યની નવસારિકા પ્રદેશ તરફની રાજનીતિની રૂપરેખા લેવાઃ છતાં મહાઅમાત્યને જાણે ઓળખતો જ ન હોય તેમ સીધેસીધો એ મહારાણીબા પાસે આવ્યો હતો. અર્જુનભટ્ટે આંહીંની પરિસ્થિતિથી એને ક્યારનો વાકેફ કરી દીધો હતો. આંહીં એને ત્રણ વેષ ભજવવાના હતા. મહારાણીબાને મળવાનું

હતું: દેખીતી રીતે એની આજ્ઞા લેવા; પણ ખરી રીતે લાટની સ્થિતિથી એને ભડકાવી એની સાન ઠેકાણે લાવવા. મહાઅમાત્યને મળવાનું હતું: એની પરદેશી રાજનીતિ સમજી, નવસારિકા પ્રદેશમાં ધસવા મથતા કોકણુવાસીઓ વિષે આજ્ઞા લેવા. જગત્પાલને પણ મળવાનું હતું: અંતરથી જગત્પાલના જ પક્ષમાં રહેવાનો વેષ મહાઅમાત્યના કહેવાથી એ ક્યારનો ભજવી રહ્યો હતો. હજી સુધી એના એ વેષની કોઈને ગંધ આવી ન હતી. મહારાણીને જોતાં જ દુર્લભરાજે મહારાણીનો ઢંગ તરત ઓળખી લીધો. આવડે તો આ ઉતાવળી, વ્યગ્ર, નિત્યરોષી, સત્તાપ્રિય બાઈ, આંગળીને ટેરવે નાચે — આવડે તો. ને ન આવડે તો એના ભયંકર અને અવ્યવસ્થિત એવા મનનો ગેરલાભ પણ મળે.

'મહાઅમાત્યને મળીને આવ્યા?' રાણીએ એને પૂછ્યું.

'મહારાણીબા! મહાઅમાત્ય આજ્ઞા આપી શકે એટલા તંદુરસ્ત નથી એમ મેં સાંભળ્યું. અને મારું કામ તાત્કાલિક આજ્ઞા લેવી પડે એવું જરુરી છે!'

પોતે મહાઅમાત્યને મળ્યો છે કે નહિ એ વાત જ એણે ઉડાવી દીધી. રાણીમાં એવી તીક્ષ્ણ અન્વેષણબુદ્ધિ ન હતી. એને તો એ શા માટે આવ્યો છે એટલું જ જાણવું હતું: 'શું છે? કેમ આવ્યા છો?' દુર્લભરાજે હાથ જોડ્યા ને આસપાસ દૃષ્ટિ કરી. મહારાણીએ હાથનો એક જરાક અભિનય કર્યો ને તમામ નારીસૈનિકો અદૃશ્ય થઈ ગઈ.

'શું છે સોલંકી? લાટમાં છે કાંઈ ઉપદ્રવ જેવું?'

'મહારાણીબા! જગત્પાલ આંહીં બેઠો છે, અને પદ્મદેવ ત્યાં બેઠો છે; પણ લાટ છૂપી તૈયારી કરી રહ્યું છે. સાંભળ્યું

છે કે જયકેશી એની મદદે આવવાનો. એટલે તાત્કાલિક લાટની મદદમાં આવી શકે એવી ચારે તરફની બહિરૂરચના આપણે ગોઠવી દેવી જોઈએ. હરકોઈ પળે લાટનો દંડનાયક એક રાતમાં મોટું સૈન્ય રણક્ષેત્રમાં ઉતારી શકે એવી ગોઠવણ નહિ હોય, તો આપણે ગમે તે દિવસે એક રાતમાં જ ભૃગુ-કચ્છ ખોઈ બેસીશું!'

'બસ આટલું જ?'

મહારાણીની કૃત્રિમ નિર્ભયતા દુર્લભરાજ માપી ગયો.

'આટલું થોડું છે, બા? ભૃગુકચ્છ ખોવાશે એને બીજે દિવસે ધવલક્ક પણ નહિ હોય! આશાપલ્લીના આશાની પાસે નહિ નહિ તો વીસ હજાર તીરંદાજો છે! સ્તંભતીર્થનો માર્ગ રૂંધવા એ તરત ધવલક્ક લઈ લેશે.'

'આંહીંથી કેટલું સૈન્ય તમારે જોઈએ?'

'આંહીંથી? મહારાણીબા! આંહીંથી એક પણ માણસ ઓછું થાશે, તો કાં ગર્જનક ને કાં માલવા બેમાંથી એક તમને ખાઈ જાશે!'

'ત્યારે બીજું સૈન્ય ક્યાંથી આવવાનું છે?'

'બીજું સૈન્ય એક જગ્યાએ છે!'

'ક્યાં?'

'ક્યાં છે એ મને ખબર નથી, પણ મહાઅમાત્યની જાણબહાર નહિ હોય. પ્રભાત પહેલાં એ સૈન્યનો પત્તો મને મળી જાય, તો હું સવારે આંહીંથી ચાલ્યો જાઉં. આંહીં હું આવ્યો છું એ વાત જગત્પાલે જાણવી ન જોઈએ!'

'તો મહાઅમાત્યને બોલાવો—' રાણીએ પોતાના નાનકડા હાથમાં શંખ લીધો.

'મહારાણીબા ! આપણે જ ત્યાં જઈએ તો? માંદા માણસ—આંહીં આવતાં વખત છે ને નવી ઉપાધિ આવી જાય—તો કામ આપણું વણસી જાશે. આપણે તો બીજું સૈન્ય એની પાસેથી મેળવી લઈએ એટલે બસ !'

મહારાણીબા પોતે સાંતૂને ત્યાં જતાં ન હતાં, પણ દુર્લભરાજ સોલંકીને આપવાના સૈન્યનો જાણે કે કબજો લેવા જતાં હતાં—વાતનો એવો વળાંક ઉદયમતીને ગમી ગયો.

'પણ જગત્પાલ તો આંહીં બેઠો નોરાં કરે છે પદ્માક્ષી માટે, એનું શું? એને યાદવની ને જયકેશીની ઊલટી બીક છે. એ આપણી સામે શું લડવાનો હતો? તમને મળેલા સમાચાર ખોટા છે. એ લડે તેમ લાગતું નથી !' મહારાણીએ અચાનક વાત બદલાવી.

'એ લડે તેમ લાગતું નથી એમ કોણ તમે કહો છો? દામોદર મહેતાની બુદ્ધિચક્ષુ નહિ હોય, મહારાણીબા! તો પાટણને દુશ્મનો ઘેરી વળશે. ને એ ઘેરામાંથી પછી છૂટવું ભારે પડી જાશે. તમને ખબર નથી, પણ તમે ધીમેધીમે ઘેરાતાં આવો છો. હું તમને કહું છું કે જગત્પાલ લડવાનો છે—ને મરતાં સુધી લડવાનો છે !'

'ને ન લડે તો?'

'ને પંદર જ દિવસમાં લડાઈ જગાવે તો?'

'તમને ખાતરી હોય તો ભલે; મહાઅમાત્યને આપણે પૂછો બીજું સૈન્ય ક્યાં પડયું છે? અટપટા જંગલમાં હોય, તો ત્યાંથી બહાર લાવે !' મહારાણીના શંખના અવાજે એક શસ્ત્રધારી નારી તરત અંદર આવી.

'ચાલો તમે પાછળ આવો—મારી પાલખી તૈયાર કરો.' તેણે આજ્ઞા આપી.

૧૪. મહાઅમાત્યનો પરિચય

'બીજું સૈન્ય મારી પાસે છે? તમને કોણે કહ્યું, મહારાણીબા? કોઈએ તમને ભરમાવ્યાં લાગે છે!'

'ભરમાવ્યાં કોઈએ નથી, પ્રભુ! મેં વાત કરી છે. બીજું સૈન્ય બહાર નીકળશે, તો જ હવે પાટણ રહેશે.' દુર્લભરાજ પાછળ આવી રહ્યો હતો. તેણે મહારાણી અને સાંતૂ વચ્ચેનો વાર્તાલાપ સાંભળતાં તરત ઉપાડી લીધો.

'પણ, મહેતા! તમે તો હમણાં દેખાતા જ નથી એ શું? તમારું કામ પડ્યું તે ટાંકણે તમે જ માંદા!' મહારાણીએ બીજું સૈન્ય હાથ કરી લેવા માટે જરાક વધુ કૌટુમ્બિક પરિચય બતાવ્યો.

'પગ ભારે થઈ ગયો છે, બા! આવવા ધારું, પણ ઊપડે જ નહિ ને! લીલાએ કાંઈક દવા તો લાગુ પાડી દીધી છે!'

'શું થાય છે?'

'કોઈ દી આવું દરદ દીઠેલ નહિ નાં? મહારાજના વખતમાં તો ઘોડા ઉપર ઘોડા જ કરવાના હતા. આ કાંઈક ઠરી બેસવાનો વખત આવ્યો, ત્યાં આવું દરદ થયું! ઘણું મનને મનાવું કે ભૂંડા! એ તો માણુસ છે તે એમ જ હાલે,

પણ કાંઈ કાચની કોઠી એમ સંધાય ? અંદરનું ભાંગે એને પછી રેણ પણ શું ?'

સાંતૂના દ્વિઅર્થી વાક્યે રાણી લેવાઈ ગઈ. એના ચહેરા ઉપર એની સત્તાની થતી અવજ્ઞાનો રોષ દેખાઈ આવ્યો. પણ સાંતૂએ એને મૂકી નહિ: રાણીનો સત્તાનો શોખ એ છોકરાની રમકડા માટેની હઠ જેવો છે, એટલે સાંતૂએ એ રમકડામાં રહેલા ભયનું ભાન કરાવવું શરૂ કર્યું. ' સોલંકી ! તમે ભૃગુકચ્છથી આવો છો નાં ?' સાંતૂએ દ્વિઅર્થી વાક્યરચના છોડી દીધી. એના અવાજનો રણકો પણ ફરી ગયો.

' હા ! પ્રભુ !'

' ત્યારે જુઓ, તમે છો, મહારાણીબા છે, સેનાધ્યક્ષ કચ્ચિક છે, મહારાજ છે, જેમને સંભાળવું ઘટે તે સંભાળી લેજો. પંદર દિવસ પછી તમારા હાથમાં ભૃગુકચ્છ નહિ હોય !'

' ત્યારે કોના હાથમાં હશે, મહેતા ?' રાણીએ ઉતાવળે કહ્યું.

' મહારાણીબા ! ભૃગુકચ્છ હશે કાં પદ્મદેવના હાથમાં અને કાં દેવપ્રસાદના હાથમાં !'

' દેવપ્રસાદના હાથમાં ? એને તો પાટણમાં તમે જ પ્રવેશ કરાવ્યો હતો ! મેં તો એને પાટણબહાર રાખવાની જ વાત કરી હતી !'

' એને પાટણ બહાર રાખ્યો હોત, તો અત્યારે જ ભૃગુકચ્છ એના હાથમાં હોત ! તમે મહારાણીબા ! કુમારી પદ્માનીને તો જોઈ છે નાં ?'

' હા, જોઈ છે; ને તમે બધાં માનતાં હો તો ભલે; જગત્પાલ પાટણની રાજગાદી એને મળે એટલે તો નોરાં કરતો

આંહીં બેઠો રહ્યો છે!'

'ત્યારે તમે એ ખોટાં ફીફાં ખાંડો છો! પાટણ તો શું પણ ત્રિલોકના રાજ માટે પણ આ લાટવાસીઓ રેવા-કાંઠો ને ભૃગુકચ્છ એ કદી ન છોડે! કુમારી પદ્માક્ષીને તમે જોઈ? છે ને એની આંખમાં ત્રિભુવનની મોહિની ને નાસિકામાં આખા જગતની ખુમારી? મહારાણીબા! પાટણ તો પદ્માક્ષીને જીતે ત્યારે; બાકી પાટણને પદ્માક્ષી જીતી ચૂકી છે!'

'જીતી ચૂકી છે? શી રીતે?'

'આંખ ઉઘાડી હોય તો જુઓ ને બુદ્ધિ હોય તો અનુમાન કરો. દેવપ્રસાદે એને સિદ્ધપુરમાં પહેલાંવહેલાં જોઈ. પછી આખે રસ્તે બન્ને સાથે આવ્યાં. અત્યારે દેવપ્રસાદ એની પાછળ ઘેલો છે!'

'તો કાઢો એને બહાર!'

'પાટણ ગુમાવવાનો એ તો સહેલામાં સહેલો માર્ગ છે! ભલે, બહાર કાઢો! નડૂલ એને મદદ કરશે—એની માનો લોહી સંબંધ જાળવીને; માળવાને તો એ હિતની વાત છે; ને લાટ મદદ કરશે આ નવા સંબંધને અંગે. હવે તમારે એને બહાર કાઢવો હોય તો બહાર કાઢો. મહારાણીબા! કેટલાકને લોઢું વશ કરતું નથી, સોનું વશ કરે છે. દેવપ્રસાદને જીતશો તો તમારો થઈને રહેશે. ખીજવશો તો ગુજરાતભરમાં હજી સુધી તો એવો કોઈ જુદ્ધપ્રેમી જોદ્ધો જાણ્યો નથી. એનો બાપ સાધુ જન્મ્યો હતો. આ જોદ્ધો જન્મ્યો છે. એને નાનો ન ગણતા. એ નાનકડો સિંહ છે.'

ઉદયમતીને ધ્યાન રહ્યું નહિ, પણ એ ધીમેધીમે મહા-

અમાત્યની સલાહ લેવા સુધી આવી ગઈ હતી. ન જાણી શકાય તેમ એના હાથમાંથી દોર સરી રહ્યો હતો. એ કાંઈક નમ્ર થઈ ગઈ: ' પણ ત્યારે કરવું શું ?'

' એ તમે જાણો. મહારાજ જાણે. આ દુર્લભરાજ સોલંકી જાણે.'

' પણ એટલા માટે તો સોલંકી આવ્યા છે. બીજું સૈન્ય એની મદદે લાટમાં મોકલવાનું છે. એ સૈન્ય ક્યાં છે? એ વાત પહેલી ઉકેલોને !'

' બીજું સૈન્ય ? કોણે કહ્યું કે બીજું પણ સૈન્ય છે ?'

' એ તો, પ્રભુ ! મેં કહ્યું છે.' દુર્લભરાજે હાથ જોડ્યા.

' ક્યાં છે બીજું સૈન્ય ? તમે ક્યાં જોયેલું ?'

' ક્યાં છે દુર્લભરાજ ?' મહારાણીએ પૂછ્યું.

' બીજું સૈન્ય તો, મહારાણીબા ! પાટણના સમગ્ર સૈન્ય કરતાં પણ પ્રબળ છે !'

' પણ એ છે ક્યાં ? મહાઅમાત્ય તો ના પાડે છે. અમે પણ સાંભળ્યું નથી. તમે આ નવી નવાઈની વાત ક્યાંથી લાવ્યા ?'

' મહારાણીબા ! બીજું સૈન્ય તો મહાઅમાત્યના મસ્તકમાં રહ્યું છે. એ કામ કરશે ત્યારે એક ક્ષણમાં લાખનું સૈન્ય પેદા થાશે !'

' એમ ? તમે આ વાત કરતા હતા ?' મહારાણીને એને આ વાત ગમી નહિ. પણ તેણે તક ઝડપી લેવામાં તાત્કાલિક પ્રશ્નનો ઉકેલ જોયો. મહારાણીના હોઠ ખોટું હસી રહ્યા: ' હોય, મહેતા ! ઘરનાં ભાણાં કોને કહે ? એ તો ખખડે પણ ખરાં. એટલા માટે કાંઈ તમે મસ્તકને કામે ન લગાડો એ ચાલે ?'

તેણે દુર્લભરાજની વાત ઉપાડી લીધી.

એના ભયંકર, ખોટા, કેવળ હોઠ ઉપર રમતા સ્મિતને સાંતૂ જોઈ રહ્યો. મહારાણીને કોઈ પણ પ્રકારે નમતું ન આપવાનો એનો નિશ્ચય વધુ દૃઢ થયો: 'મહારાણીબા! રાજમુદ્રા તમારી પાસે છે. તમે એ ગમે તેને સોંપી શકો છો. બીજું સૈન્ય નથી એની તમને હવે ખાતરી થઈ ગઈ હશે. હવે તમે ઠીક પડે તે રસ્તો લ્યો. અર્જુનભટ્ટની વાત સાચી હોય, તો મને લાગે છે કે થોડા જ વખતમાં જયકેશીનો એક જબરજસ્ત હુમલો લાટ ઉપર આવશે!'

'લાટ ઉપર આવશે?'

'મહારાણીબા! એ હુમલો તો એક નિશાની જેવો હશે—સાગરમાં ચાંચિયુંવહાણ ધુમાડો કરીને પોતાનાં બીજા મિત્ર વહાણોને રસ્તો બતાવે છે નાં એના જેવું. એની પછવાડે ગર્જનકો આવશે, આશો આવશે, સૌ આવશે.'

'જેને આવવું હોય તે ભલે આવતા—પાટણ પણ તૈયાર છે—'

'તૈયાર હતું—તૈયાર હોત—'

'અને અત્યારે?'

'આ પાટણ દામોદર મહેતાનું રહ્યું નથી!'

'ત્યારે કોનું છે?'

'કહું?'

'હા, કહોને—આ પાટણ અત્યારે કોનું છે?'

'મદનપાલ જેવા શંખનું!'

'શંખનું? મહેતા! ગમે તેમ પણ એ મારો ભાઈ છે હો!'

'તમારો એ ભાઈ હોય તો તમને ચેતાવવાનાં રહ્યાં. પદ્માક્ષી પાછળ એ પણ ઘેલો છે, ને જગત્પાલ એની ઘેલછાને લૂંટી રહ્યો છે. મહારાણીબા! પાટણને સંભાળવાની તમે તૈયારી બતાવી છે, તો એને બરાબર સંભાળજો. હું આંતરવિગ્રહના પડછાયા દેખું છું, ને બહારના દુશ્મનોના ઘોડાના ડાબલા સાંભળું છું!'

'પણ ત્યારે તો, તમને દામોદર મહેતાએ પાટણ સોંપ્યું તો છે.'

'મહારાણીબા! કેટલીક વસ્તુઓ એકચક્રી હોય તો શોભે! દામોદર મહેતાએ મૂકેલું પાટણ સંભાળવું એ કાંઇ છોકરાના ખેલ નથી. મહારાજ થોડા દિવસ વધુ આમ નિષ્ક્રિય રહેશે, અને તમે ભાઇબહેન આડીઅવળી વાતોમાં ઘૂમ્યાં કરશો, તો આજનું પાટણ આવતી કાલે નહિ હોય! મારે તો શું છે? પણ તમને આ ખેલ ભારે પડી જાશે!'

'પણ ત્યારે તમે ઉકેલ આપો; લ્યો — જગત્પાલની વાતમાં કેટલું તથ્ય સમજવું?'

'તે તમને વધુ ખબર! એને બોલાવનાર તો તમે જ હતા! હું એમ એક એક પ્રશ્ન છૂટો લેતો નથી. બુદ્ધિને એવી રીતે ભાડે આપવાની મને ટેવ પણ નથી!'

'તો તમે બધા પ્રશ્નોનો ઉકેલ કરો, બસ? હું મારે ખસીને મારગ આપું. કહો તો જૂનોગઢ જાઉં!'

'મહારાણીબા! તમે જૂનોગઢ જાશો તો પાટણ પ્રભાવિહોણું થઈ જાશે. રાજમહાલયમાં તમે બેઠાં રહેશો, તો અમારી બુદ્ધિ કામ કરશે. ને આ મદનપાલ એને પણ હું પાટણમાંથી બહાર ફરકવા દેવામાં માનતો નથી. પાટણમાં એ રહેશે,

ત્યાં સુધી એ બુદ્ધિમાન રહેશે. પાટણમાં એ સત્તા ભોગવશે, તો એ બુદ્ધિહીન થઈ જાશે. એ પાટણમાં શોભાભર્યો ફર્યાં કરશે, તો પ્રભાવ પાડશે. મહારાણીબા ! મોઢું ન લગાડતાં, પણ રા'નું લોહી—એના મહિમાની અમને જાણ છે. એને કોઈ યોજનામાં ગોઠવો તો એ મૂંઝાઈ જાય. એને છૂટા મૂકો એટલે સિંહ જેવા.'

'તો તમારી રાજમુદ્રા પાછી તમે ધારો—!'

'હવે તો મહારાજ કર્ણદેવ પોતે આવે ત્યારે ! મને રાજમુદ્રાનું આકર્ષણ નથી, કે મોહ પણ નથી. રાજમુદ્રા મેં તો પાટણના પ્રેમ માટે સ્વીકારી હતી. પાટણનો ધણી આંહીં આવીને આપશે તો એ રાજમુદ્રા ધારીશ. નહિતર તમે સૌ સમર્થ છો ! તમારું સામર્થ્ય જોઈને હું પણ રાચીશ !'

'મહારાણીબા ! આ એક બહુ સુંદર તક મળી ગઈ છે—મહારાજને દરેક વાતમાં રસ લેતા કરવાની,' દુર્લભરાજે કહ્યું.

ઉદયમતીને ગમ્યું તો નહિ. પણ પોતે કાંઈક અટપટા પ્રશ્નો વચ્ચે આવી પડી છે એ ભાને એને વધુ ભયભીત બનાવી.

'એક વાત તમને કહી દઉં, મહારાણીબા !' સાંતૂ વધારે દૃઢતાથી બોલ્યો: 'હું રાજમુદ્રા ધારું કે ન ધારું એ બધું મારે મન સરખું છે. જ્યારે જ્યારે લાગશે કે પાટણ ભયમાં છે, ત્યારે ત્યારે અડવાણે પગે તમને ચેતાવવા દોડ્યો આવીશ. વળી તમે સમર્થ છો. તમે એવી સુખદ ભ્રમણામાં હો કે તમારી આંહીંની વાત કોઈ જાણતું નથી—ને આમ ને આમ ચાલ્યા કરશે, તો કોઈ જાણવાવાળું નથી એ ભ્રમણા કાઢી નાખજો. માલવાથી કુંતલ સુધી સૌ તમારી રજેરજ વાત અત્યારે મેળવી રહ્યા છે !'

'તો તો મહારાજને આ લાટના ભયની જાણ કરીએ, બા!' દુર્લભરાજે વાતને અત્યારે જ થાળે પાડવાના ઉદ્દેશથી કહ્યું.

'મહારાજને લાટના ભયની વાત કરશો—તો એમાં બધી વાત મૂકવી પડશે. દેવપ્રસાદની વાત પણ મૂકવી પડશે.'

'એ તો મૂકવી જ પડશે!' દુર્લભરાજે કહ્યું.

'મૂકવી પડશે એટલું બસ નથી. જગત્પાલ તમને પોતાના હિતૈષી માને છે. લાટમાં રહ્યા રહ્યા તમે ખરી પળ આવ્યે એને મદદ કરવાના છો, એ ભ્રમણા તમે ઉત્પન્ન પણ કરી છે. કાલે સવારે તો તમારે જતું રહેવાનું છે, એટલે એ બહાના નીચે તમે અત્યારે જ જગત્પાલને અને દેવપ્રસાદને મળીને એમની વાત જ જાણી લ્યો! દેવપ્રસાદ લાટનો દંડ-નાયક હમણાં થાય—ને પછી વહેલેમોડે એના બાપનું રાજ એનું થાય—એવી યોજનામાં દેવપ્રસાદને રસ કેટલો છે એ જાણી લેવું. તમે જગત્પાલના થઈને રહ્યા છો, એટલે એ કરી શકશો. અત્યારે જ જાઓ—વેષ પણ ફેરવતા જાજો. કહો તો અર્જુનભટ્ટને પણ તમારી પાછળપાછળ મોકલું—'

'શું કરવા?'

'શું કરવા? ન સમજ્યા? જગત્પાલના તમે થઈ રહ્યા છો એવી ગંધ પણ આંહીં કોઈને હજી ન આવી હોય, એ વાતને એ અશક્ય માને. ને એમાંથી તમારા પ્રત્યે એને શંકા આવવી શરૂ થશે. એનું મારણ આ. એક અર્જુનભટ્ટ તમારી પાછળપાછળ તમારી વાત જાણવા માટે જાણે ફરતો હોય! તમે દેવપ્રસાદને કે જગત્પાલને વાત કરો, ત્યારે વધુ સાવધ રહેવાનો કૃત્રિમ દેખાવ કરી, ત્યાં

આસપાસ ફરી રહેલા અર્જુનભટ્ટને તક મળે તો બતાવી પણ દેજો ! એટલે એના મનની શંકા દૂર થઇ જાશે—ને એ પોતાના અંતરનો ભેદ તમને બતાવી દેશે. એ લઈને તમે આવો. પછી મહારાજને મળો—તો તમે લાટની સંપૂર્ણ વાત કહી શકશો, ને તમારી રાજનીતિ એ પ્રમાણે ઘડી શકશો. તમે કહ્યું કે લાટ તૈયારી તો કર્યે જ જાય છે.

'હા, પ્રભુ!'

મહારાણી તો આભી જ બની ગઈ. આટલી યોજના-પૂર્વક દુશ્મનને અજ્ઞાત રાખવાની મહામંત્રીની શક્તિનો એને *પરિચય થતાં એ કાંઈક વધુ વિનમ્ર પણ થઈ ગઈ. એને લાગ્યું કે એનું સ્થાન રાજમહાલયમાં છે એ જ બરાબર છે.

---

* अस्याश्चर्यमयस्य मन्त्रगतयः स्वैरन्तरङ्गैरपि
ज्ञायन्ते न विधेरिवातिकुटिला वैदग्ध्यसीमाभुवः ।
—'કર્ણસુંદરી નાટિકા'માં એ પ્રમાણે સાંતૂનો પરિચય આપ્યો છે.

૧૫. દેવપ્રસાદની પ્રતિજ્ઞા

જગતપાલને મળવા માટે દુર્લભરાજ સોલંકી ચાલ્યો; સંકેત પ્રમાણે અર્જુનભટ્ટ એની પાછળપાછળ ચાલી રહ્યો હતો.

જગતપાલ લાટની રહીસહી અર્ધસ્વતંત્રતાનો છેલ્લો અવશેષ હતો. એની નસમાં બારપ, ગોગીરાજ અને કીર્તિપાલનું લોહી વહેતું હતું. એનું ચાલે તો એ થાય તેટલું બધું સૈન્ય ભેગું કરીને હમણાં જ પાટણ ઉપર એક વખત તો તૂટી પડે. કાં સ્વતંત્રતા પાછી મેળવે, નહિ તો રણમાં પડીને દેવાંગના મેળવે. એક વખતનું એનું આ માનસ હતું. પણ ધીમેધીમે એ ઘેલી રાજપૂતીમાંથી નીકળી મહારાજ્યોની કુનેહ શીખ્યો. એનો પુત્ર પદ્મદેવ તો હજી પણ પાટણ સાથે લડી લેવા માટે જ થનગની રહ્યો હતો. પણ પિતા અનુભવથી ઘડાયો હતો: પાટણની સત્તાનાં ઊંડાં મૂળનો ખ્યાલ મેળવી ચૂક્યો હતો. વિમલ ને દામોદર જેવાના પરિચયથી પાટણની મહત્તાનો આંક મૂકતાં શીખ્યો હતો. અવંતી અને કર્ણાટક જેવા પણ પાટણ સાથે એકલા આખડવા હવે તૈયાર ન હતા એ ફેરફાર એ જોઈ શક્યો હતો. એટલે યુદ્ધમાં નહિ પણ યુક્તિમાં એણે લાટનો ઉદ્ધાર દીઠો. એક બાજુથી એણે લાટમાં સૈન્યની

તડામાર તૈયારી કરવા માંડી હતી, ગુપ્ત રીતે. બીજી બાજુ જયકેશીને પ્રદેશનું પ્રલોભન આપ્યું અને વૈવાહિક સંબંધ બાંધવા માટે પુરોહિત બ્રહ્મદેવશર્માને ત્યાં મોકલ્યો. આશાને સ્તમ્ભતીર્થનો મોહ લગાડ્યો. કોઈને શંકા ન પડે માટે પોતે પાટણમાં આવ્યો. પાટણમાં આંતરવિગ્રહ જાગે તો તરત લાભ લેવો, ને ન જાગે તો જગવવા જેટલું વાતાવરણ તૈયાર કરતા જવું, એ એનો હેતુ હતો. બહારથી તો એ મહારાણી ઉદયમતીને વિજ્ઞપ્તિ કરી રહ્યો હતો. મહારાજ કર્ણદેવ લાટની રાજકુમારીને સ્વીકારે એવો વિનમ્ર સંદેશો મોકલી તે આતુરતાથી જવાબની રાહ જોતો બેસી રહ્યો હતો. એટલામાં જાણે દેવપ્રસાદના આવવાના સમાચારે એના કાન સતેજ કર્યા. કુમારી પદ્માક્ષી સિદ્ધપુર યાત્રા કરવા ગઈ. દેવપ્રસાદને તેની સાથે પ્રથમ દૃષ્ટિએ જ રાગ થયો. જગત્પાલને એ પહેલાં તો ગમ્યું. પણ જ્યારે એણે જોયું કે કુમારી તો દેવપ્રસાદ સાથે ખરેખરી પ્રેમમાં પડી ગઇ છે, ત્યારે એ વસ્તુ એને ખૂંચી. પ્રેમનો સ્વાંગ ભજવવાનું ભૂલીને કુમારીએ તો સાચી પ્રીતિ બાંધી. જગત્પાલને એક આશ્વાસન હતું, કે એમાંથી પણ આંતરવિગ્રહનો અગ્નિ તો જગાડી શકાશે. એટલે એ મહારાણીબાના સત્તાના શોખને જરા જરા પંપાળતો રહ્યો અને મહારાજ કર્ણદેવ સાથે પદ્માક્ષીના વિવાહ વિષે વધુ વિજ્ઞપ્તિ પણ કરતો રહ્યો.

ભૃગુકચ્છનો પાટણ તરફનો સત્તાધિકારી દુર્લભરાજ સોલંકી એનો મિત્ર હતો. પણ સાંતૂએ એને પહેલેથી જ બરાબર સાધ્યો હતો, ને મહામંડલેશ્વરની પદવીની લાલચ આપી એને પોતાનો બનાવી લીધો હતો. સાંતૂ પાટણમાં મહા-

અમાત્યપદે આવતાં દુર્લભરાજને એમાં પોતાનો ઉત્કર્ષ દેખાયો. એટલે એની મારફત લાટની ને જગત્પાલની રજેરજ વાત મહામંત્રીને મળતી રહી. આ પ્રમાણે જગત્પાલ પાટણમાં દાવ નાખી રહ્યો હતો. એના દાવને ઊંધા કરી એને જ લાટમાં પૂરી રાખી, પદ્મદેવને દબાવી દેવાની ને આશાને મહાત કરવાની કલ્પના સાંતૂ કરી રહ્યો હતો. બન્ને એકબીજાને હંફાવવા તૈયાર થયા હતા. દેવપ્રસાદ ને પદ્માક્ષીનો પ્રેમ એ તો એક તદ્દન જ નવી વાત હવે ઉમેરાણી હતી.

જગત્પાલને તો દેવપ્રસાદનું રાજપૂતી રંગે ભરેલું માનસ પોતાના કાર્યને વધુ અનુકૂળ લાગ્યું. ક્ષેમરાજ વખતે જે થઈ શક્યું હોત—તે પાછું આવી રીતે સિદ્ધ કરવાની થોડા વખતમાં જ તક આવતાં એને એક રીતે તો આનંદ થયો હતો. દુર્લભરાજે જગત્પાલને મળીને લાટના સમાચાર આપ્યા. પદ્મદેવની તૈયારીની વાત કરી. આશાને ઉશ્કેરવા માટે પાટણ તરફથી કાંઈક થાય એવી યોજના ઘડવાનું કહ્યું, અને પછી આંહીં બહુ સાવધ રીતે રહેવાની એને ચેતવણી પણ આપી.

'મહારાણીબાને હું તો હમેશાં વિજ્ઞપ્તિ કરું છું.' જગત્પાલ બોલ્યો. 'મારે પાછું ભૃગુકચ્છ જવું કે નહિ? પણ કોઈ દાદ જ દેતું નથી ને! મહારાજ તો જાણે રાજમાં કાંઈ નથી. આ તે શું થવા બેઠું છે, સોલંકી!'

'જે થાવા બેઠું છે એ સારા માટે છે, પ્રભુ! પણ આ વાણિયો *વટપદ્રનો છે હો—મહાશઠનો શઠ. દામોદર તો ઘણી વખત બોલી નાખતો. ક્યારેક એની ચાલ કળી

* સાંતૂના બાપદાદા વડોદરા [વટપદ્ર]ના હતા.

શકાતી. આની ચાલ કળે એ વાદળની વાત કળે એવું છે. તમારા ઉપર એની નજર છે!'

'એ તો છે જ. પણ મહારાણીને સત્તાનો શોખ લાગ્યે છે; સાંતૂને એકચક્રી સત્તા રાખવી છે; મહારાજ બેમાંથી એકને કાંઈ ન કહેતાં મૂંગા થઈ ગયા છે. એટલામાં આ દેવપ્રસાદની વાત ભલે વિકાસ પામતી. કૂવામાં હશે તો હવાડામાં આવશે. પ્રતિસ્પર્ધી બેઠો હશે ને આપણો સંબંધી હશે, તો વહેલેમોડે કાંઈ ને કાંઈ નવી પરિસ્થિતિ જન્મશે! નર્તિકાવાળી વાત પણ ચોળાશે! અને કોને ખબર છે, મહારાજ ને દેવપ્રસાદ બન્નેની વચ્ચે પદ્માક્ષી માટે સ્પર્ધા ન જાગે!'

'મહારાણીબાને સાંતૂએ તો લાટનો ભય બતાવ્યે છે . . એટલે કદાચ વસ્તુ ન બને; મહારાજનું મન પણ ઉદાસીન છે; પણ . .'

દુર્લભરાજ સોલંકી ગવાક્ષમાંથી એકીનજરે બહાર જોઈ રહ્યો: 'મહારાજ! પેલો એક લાંબો પડછાયો—ત્યાં દેખાય છે કે મને જ લાગે છે? જુઓ તો!'

જગત્પાલે બહાર દૃષ્ટિ કરી. કોઈ માણસનો પડછાયો ચાલી રહ્યો હતો.

'કોઈ છે ખરું. કોણ હશે?'

'સાંતૂને શંકા પડી છે કે હું છાની રીતે તો તમને મળવા આવ્યો છું. એટલે પેલા ભટ્ટને એણે પાછળ મોકલ્યે લાગે છે!'

ફરીને બહાર નજર કરતાં જગત્પાલે અર્જુનભટ્ટ જેવા કોઈને પસાર થતાં જોયો. એને દુર્લભરાજ સોલંકી પોતાનો હોવા વિષે વધારે ખાતરી થઈ ગઈ.

'પ્રભુ! હવે હું જે રસ્તે આવ્યો એ રસ્તે તો પાછો નહિ જ નીકળું!'

'બીજે રસ્તેથી નીકળવું—આંહીં બીજી બાજુ દેવપ્રસાદ રહે છે. વચ્ચે એક ઊંચી વંડી છે.'

'વંડી ઠેકવી પડશે?'

'ના, ના. વચ્ચે નાની ડોકાબારી છે ને! ત્યાંથી પછી કોઈ ન દેખે એમ રાજમાર્ગ પકડી લેવાશે.'

'થયું ત્યારે, હું જાઉં. દેવપ્રસાદને પણ મળતું જવાશે. એટલે ત્યાંથી બહાર નીકળતાં કોઈ દેખશે તોપણ વાંધો નથી!'

દુર્લભરાજ બહાર નીકળ્યો. નીકળતાં નીકળતાં તેણે જગત્પાલના કાનમાં વિશ્વાસભરેલી રીતે વાત કરી: 'દેવપ્રસાદ હમણાં દંડનાયક થાય તો પછી વહેલેમોડે એ પાટણ સામે પડે!'

'પણ મહેતો એ થાવા દેશે? આકાશપાતાળ એક નહિ કરે? નહિ તો મેં એ યોજના જ ધારી છે!'

'ત્યારે મહેતો આ થાવા દેશે—ન થાવા દે તો પેલો ભેંશનો ભાઈ છે નાં મદનપાલ—એને મહારાણીબા દંડનાયક બનાવી દે!'

'આપણે તો ત્યારે બેય હાથમાં લાડુ છે. મદન આવશે તો તો મૂરખ બનશે. દેવપ્રસાદ આવશે તો ઉલ્લુ બનશે. મહારાજ હમણાં જાગે એમ નથી. મહારાણીબા સત્તા છોડે એમ નથી. મહાઅમાત્ય લાટને છંછેડે એમ નથી. એટલામાં તો લાટ તૈયાર થઈ જશે!'

'પદ્મદેવની તૈયારી તો હું જોઈને જ આવું છું. એમાં

વાંધો નથી. માત્ર આ વણિકને સંભાળજો. એ આંહીંનું થાળે પાડીને એકદમ ત્યાં દોડશે! ઠીક ત્યારે—'

દુર્લભરાજ જગત્પાલની યોજના મનમાં ઉતારી ગયો. તે પ્રણામ કરીને દેવપ્રસાદના મહાલય તરફ જવા નીકળ્યો

દુર્લભરાજે એક મોટા ચોકમાં પ્રવેશ કર્યો. સામેના ચોકની આખી લંબાઈને માપી લેતો એક મહાન પ્રાસાદ ત્યાં ઊભો હતો. ચાંદની રાતે હિમાચ્છાદિત પર્વતની સ્પર્ધા કરે તેવો સુંદર ને શુભ્ર. પ્રાસાદનો સામેનો જ એક વિશાળ ખંડ— પચાસેક સોપાન ચડયા પછી આવે એટલો ઊંચો— દુર્લભરાજની દષ્ટિએ પડયો. ખંડમાં સોનેરી દીપિકાઓ જલી રહી હતી. મંદમંદ ચાલતા એક હીંડોળા ઉપર, ચાંદની રાતે ખીલેલ ફુલ્લપ્રફુલ્લ પોયણી શી, એક અત્યંત મનોહારી નાજુક રમણી બેઠેલી એની નજરે ચડી. એની સામે જ હીંડોળા ઉપર એક રસિક જુવાન બેઠો હતો. બન્ને જણાં જાણે કાંઈક નિહાળવામાં તલ્લીન હોય તેમ નીચી દષ્ટિ રાખી રહ્યાં હતાં. ઘડીભર દુર્લભરાજને પાછા ફરવાનું મન થઈ આવ્યું. પણ એણે હિમ્મત કરી પગથિયા ઉપર પગ મૂકયો, ને તે સડેડાટ પગથિયાં ચડી ખંડના દ્વાર પાસે જઈને ઊભો રહ્યો.

પોતે જે જોયું તે માનતો ન હોય તેમ દુર્લભરાજ એક ઘડી-ભર તો સ્તબ્ધ થઈ ગયો. એણે જે દશ્ય જોયું એ અપાર્થિવ હતું. જાણે કોઈ ગાંધર્વલોકમાં પોતે આવીને ઊભો હોય, અને કામદેવ–રતિના સુંદર યુગલને નિહાળી રહ્યો હોય! હીંડોળા ઉપર મંદમંદ ઝૂલી રહેલ બન્નેના તરુણ દેહમાંથી અલૌકિક રમણીય છટા પ્રગટતી હતી. કોઈક વખત જીવનના વસંતકાલે આવું અનુપમ મિથુન નજરે ચડે. બન્નેમાં કોણ વધારે રૂપાળું, એ કહેવું

જેટલું મુશ્કેલ હતું, તેટલું જ મુશ્કેલ બન્નેમાં કોણ વધારે રસિક, એ જાણવાનું હતું. એકબીજાને માટે એકબીજાને નિર્માણ કરીને, જાણે વિધિ પણ પોતાની આ રસસૃષ્ટિ જોવા માટે એકાદ ખૂણે ઊભો રહી ગયો હશે, એવી ભ્રાંતિ થઈ આવે–એટલી બધી આ બન્નેની વચ્ચે રસ અને ઉલ્લાસની સમાનતા હતી. બન્નેની મુખમુદ્રા સરખી જ મોહક હતી. દેહનું લાલિત્ય એકબીજાની પૂર્તિ કરતું હોય, તેમ એક અખંડ સંવાદ જગવતું હતું.

તરુણીના નીચે લટકતા પગની સહેજ ઠેશથી હીંડોળો ધીમે ધીમે ચાલી રહ્યો હતો. ઉપર બન્નેની વચ્ચે * ચોરંગીની રમત ખેલાઈ રહી હતી. પોતપોતાની ચાલમાં બન્ને એટલાં તલ્લીન હતાં કે દુર્લભરાજ તરફ એમનું લક્ષ ગયું નહિ.

'મહારાજ! હવે તમારો રાજા ક્યાં ચાલે તેમ છે? કહો, આ બાજુ વજીર છે, પેલી બાજૂ ઘોડી છે, સામે હાથીની શેહ છે!' સ્તમ્ભતીર્થના સુંદર અકીકમાંથી સરજેલ રત્ન જેવા એક મહોરાને પોતાના નાજુક હાથમાં રાખીને

* ચોરંગી એટલે શેતરંજ. અત્યારની સોળ મહોરાંની રમત કદાચ એ નહિ હોય. પણ મહોરાં વધારે ઓછાં હોય—વજીર ને રાજા એકને બદલે બે હોય પણ. ચોરંગીનો ઉલ્લેખ તો રુદ્રટ [નવમી સદી]માં હોવાનો આધાર શ્રી. પ્રહ્લાદ દીવાનજી એમના એક લેખ [પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ]માં બતાવે છે. 'મોહપરાજય' નાટકની પ્રસ્તાવનામાં રા. ચીમનલાલ દલાલે આ વિષે લખેલ છે. ઉપમિતિભવપ્રપંચા કથાઓમાં જે રમતોનો ઉલ્લેખ છે તેમાં ચોરંગીનો ઉલ્લેખ છે. બાણભટ્ટના 'હર્ષચરિત'માં 'અષ્ટપાદ' શબ્દ ચોરંગી માટે વાપર્યો જણાય છે. એટલે આ રમત ઘણી જૂની છે, ને હિંદમાં ઘણા જૂના વખતથી જાણીતી હતી.

પદ્માક્ષી બોલી રહી હતી: 'બોલો હવે—શેહ
સ્ત્રીથી પુરુષ તો હારતો જ આવ્યો છે, મહારાજ.
નવું શું છે? એમાં હાર કબૂલતાં આટલા બધા મૂંઝા
શું કરવા? જુઓને, મેં તમને આટલા દિવસમાં કેવા
પણ દેવપ્રસાદને પરાજય મોંઘો પડતો હતો. એ મહો
નજર ટકાવી રહ્યો હતો: 'પટ્ટણીઓ એમ નથી હારતા.
તમારી હાથીની શેહ . . તો આ ગઈ.'

સુંદર ઝરણના રુમઝુમ રણત્કાર જેવું મીઠું
સંભળાયું: 'અરે! મહારાજ! એક હાથીની શેહ ગઈ, તે
હાથીની આ આવી. નિવારો હવે, લ્યો. હાર્યા, હાર્યા,
રાજ!' તાલી દેતી દેતી પદ્માક્ષી ઊભી થઈ ગઈ. એને
આનંદથી ડોલી ઊઠચો હતો.

'મહારાજ!' દુર્લભદેવ હાથ જોડીને બોલી રહ

બન્ને જણાં સડપ સચેત થઈ ગયાં. 'મહ
અવિનય થયો હોય તો ક્ષમા માગું છું. પણ હું કાલે
જવાનો છું. ને બીજો કોઈ વખત ન હતો! રસ્તો
હતો!' દુર્લભરાજે ઉમેર્યું.

'અરે! સોલંકી!—તમે— તમે આંહીં ક

'અરે! કાકા! તમે—?' પદ્માક્ષી ઊભી રહી
તે જરાક સલજ્જ સ્મિત કરતી હીંડોળાખાટની પાસે
આઘે સરી ગઈ. 'કાલે જ જવાના છો એમ?'

'હા, બહેન! મારે ઉતાવળનું કામ છે. . કીધું
મહારાજને એક વાત કાને નાખતો જાઉં...'

પદ્માક્ષી સમજી ગઈ. તે નમીને એક બાજુ ઉ
તરત ચાલી ગઈ.

દેવપ્રસાદ ને દુર્લભરાજ બે જ જણા રહ્યા. વાત શી રીતે ઉપાડવી એનો દુર્લભરાજ વિચાર કરી રહ્યો. દેવ-પ્રસાદ ને પદ્માક્ષી બન્ને એકબીજાં માટે જ હતાં, એ વાત તો દીવા જેવી સ્પષ્ટ હતી. પણ આ મહાન પ્રેમમાં પાટણનો દ્રોહ કરાવવાની કેટલી શક્તિ છે, એ જાણવું મુશ્કેલ હતું.

'મહારાજ! મારી વાત આપને એકને માટે જ છે.'

'હવે આંહીં કોઈ બીજું છે નહિ. કુમારી તો ગયાં.'

'ક્ષેમરાજદેવ મહારાજનો નિર્ણય અમને લાટમાં વીજ-ળીના પડવા જેવો લાગ્યો!'

'પિતાજીને એમ રુચ્યું!' દેવપ્રસાદ આશ્ચર્યથી દુર્લભ-રાજને સાંભળી રહ્યો.

'લાગે એવું જ છે, મહારાજ! રાજ ગમે તેમ પણ તમારા બાપનું હતું! તમે જ એના ખરા વારસ હતા અને છો. આજે સારું છે, મહારાજ કર્ણદેવની કૃપા છે, પણ કાલે એ કૃપા ન હોય તો?'

દેવપ્રસાદનું આશ્ચર્ય વધતું ગયું. દુર્લભરાજે આગળ ચલાવ્યું.

'એ તો સારું છે કે આ તમે કર્યું છે લાટ સાથે પ્રીત-સંબંધનું, એટલે વહેલેમોડે લાટમાં સત્તા જામશે ને કાકા માન આપતા રહેશે—'

'શાની વાત કરો છો, સોલંકી? આ સિવાય તમારે બીજી કાંઈ વાત કરવાની છે?' દેવપ્રસાદનો અવાજ જરાક તીખો હતો.

'હા, પ્રભુ! હું એ જ કહેવા આવ્યો હતો. તમે લાટ સાથે સંબંધ બાંધો તો તમારું શ્રેય થશે.'

'શ્રેય? સોલંકી! તમે પાટણના લાગતા નથી. કોઈ પટ્ટણી પોતાનું શ્રેય થાય માટે આવા સંબંધ બાંધે એમ?'

'હા, પ્રભુ! તમે લાટમાં હશો ને લાટના હશો, તો લાટવાળા મુશ્કેલીમાં તમારી પડખે રહેશે. આંહીં સૌ માન આપતા રહેશે. તમને કોઈ દબાવવાની હિમ્મત નહિ કરે. તમારું રાજ છે—એ તમને પાછું જોતું હશે, તો ભવિષ્યમાં એ પણ મળશે!'

દેવપ્રસાદ સાંભળતાં જ રાતોપીળો થઈ ગયો. તેણે પાસે પડેલી તરવાર ઉપર હાથ મૂક્યો. એનો રમણીય મોહક ચહેરો જુદી જ વીરતાથી શોભી ઊઠ્યો. રુદ્રસ્વરે એ ગાજી ઊઠ્યો: 'તારામાં સોલંકીનું લોહી નથી લાગતું! દુર્લભરાજ! તું કોને મને—દેવપ્રસાદને—રાજાની સામે ઉશ્કેરવા આવ્યો છે એમ?'

'પ્રભુ! ઉશ્કેરવાની વાત નથી; આ તો રાજનીતિની વાત છે!'

'રાજનીતિ? તું છે કોણ? તું સોલંકી છે? ના, ના, તું સોલંકી નહિ હો. સોલંકીનો આ બોલ નહિ!'

'પ્રભુ!' દુર્લભરાજે લેશ પણ ડર્યા વિના વાતનો તાગ લેવાના હેતુથી વધારે નીડરતાથી કહ્યું: 'પ્રભુ! ઘણી વખત ઊગતી જુવાનીમાં ઊંડી રાજભેદની રમત સમજાતી નથી. પણ હાથ ઉપર રાખશો તો રહેશે; રાજ હશે તો...'

'સોલંકી! હવે જો એક અક્ષર વધુ બોલ્યો તો તારું માથું ધડ ઉપર નહિ હોય હો! શું મહારાજ કર્ણદેવ બેઠા નથી, શું એમનું રણુરંગી સૈન્ય નથી, શું મારે પડખે આ લાટની અનુપમ સુંદરી નથી, અને શું માથે રણક્ષેત્ર ગાજતાં નથી

કે તારા ખોબા જેવડા રાજનો મોહ તું મને--રજપૂતને આજે રહી રહીને લગાડવા આવ્યો છે? મને રજપૂતને—સ્વર્ગ માટે જન્મેલાને—તું પૃથ્વીનો મોહ લગાડવા આવ્યો છે એમ? જુદ્ધ શું મરી ગયાં છે કે હું તારી ડાહીલી રાજનીતિની વાત સાંભળવા ઊભો રહીશ? મહારાજને પડખે રણુમાં લડવાનો લહાવો છોડીને આ રાજની ખટપટમાં હું પડું એમ? હું શું રજપૂતનો દીકરો નથી કે જુદ્ધનો આનંદ જતો કરું? ઘા મારવાના ને ઘા ઝીલવાના મહોત્સવો તજીને આ તારી નમાલી બેચાર જોજન ભોં સંભાળવા સારુ, મારા બાપદાદાની વારસામાં મળેલી મહામોલી રાજપૂતી હું ખોઉં એમ? તું શું મને એવો હલકો ધારે છે? હું પણ મહારાજ ભીમદેવનો પૌત્ર છું. આખી પૃથ્વીનું રાજ મળે, તોપણ હું જુદ્ધનો રસ જાતો ન કરું. જીવવું હોય તો હવે કોઈ દી આ વાત કાઢતો નહિ. હું તો મહારાજ કર્ણદેવનો નિત્યસંગાથી, એનો રણુપડછાયો, જુદ્ધમાં આડા ઘા ઝીલનારો, પાટણુપતિના યુદ્ધનો પ્રતિહારી છું. સમજ્યો? જા હવે—તું ભીંત ભૂલ્યો છે!'

'મહારાજ! હાથે કરીને શું કરવા દાસપણું સ્વીકારો છો? આજ તક છે: એવી તક કાલે નહિ હોય. કાલ તમારી નથી— લાટ તમને મદદ કરવા દોડશે.'

'ત્યારે હવે તું લાટનો ગુપ્તચર છે એ ચોક્કસ; જાસૂસ જ લાગે છે. લે તો જા ત્યારે--' સબ કરતીકને દેવપ્રસાદની તલવાર મ્યાનમાંથી નીકળી પડી, હવામાં ઊછળી. દુર્લભરાજ ચારચાર પગથિયાં કૂદતો જીવ લઈને એકદમ નાઠો. એની પાછળ દેવપ્રસાદ પડ્યો: 'પકડો એને. એ લાટનો જાસૂસ

છે ! પકડો.' એણે મોટેથી બૂમ પાડી. આસપાસથી અનુચરો દોડ્યા. દુર્લભરાજને પોતાનો નાસવાનો માર્ગ રૂંધાતો લાગ્યો. તેણે એક જણને ભોંભેગો પછાડ્યો. પોતે ઝડપથી બહાર દોડી ગયો. એ મૂઠીઓ વાળીને દોડવા માંડ્યો. દેવપ્રસાદ ઉઘાડી તલવારે એની પાછળ પડ્યો.

દુર્લભરાજ સોલંકીને દોડતો જોઈને તો દેવપ્રસાદને એના ગુપ્તચરપણા વિષે વધુ ખાતરી થઈ ગઈ. તે એની પાછળ જ પડ્યો. દુર્લભરાજે એને ભુલાવવા બહુ પ્રયત્ન કર્યો. પણ કુમારની નજરમાંથી એ ખસી શક્યો નહિ. તે દોડતો દોડતો સાંતૂ પાસે પહોંચ્યો.

મહાઅમાત્ય હજી મહારાણી ઉદયમતી સાથે રાજનીતિની વાત કરી રહ્યો હતો: દેવપ્રસાદની શુભનિષ્ઠા વિષે એને કહી રહ્યો હતો. પણ એના ચિત્તમાં એ વાત બરાબર બેસતી ન હતી. એટલામાં આગળ દુર્લભરાજ સોલંકી ને પાછળ ખુલ્લી તલવારે દેવપ્રસાદ બન્નેને ઉતાવળે આ તરફ દોડ્યા આવતા જોઈને એ આશ્ચર્યચકિત થઈ ગયો. 'મહારાણીબા ! તમે જરા અંદરના ખંડમાં પધારો—આ દેવપ્રસાદ જ દોડ્યો આવતો લાગે છે— શું છે ? અલ્યા ! કોણ છે ?'

મહારાણી ત્વરાથી પાસેના ખંડમાં ચાલી ગઈ. એટલામાં તો દુર્લભરાજ સોલંકી ' પ્રભુ ! મારી નાખ્યો આ કુમારે—' એમ કરતોકને છેક તેની પાસે આવી પહોંચ્યો.

' શું છે ? છે શું દેવપ્રસાદ ? આટલા આકળા કેમ છો ?' દેવપ્રસાદને જોઈને સાંતૂએ કહ્યું. ' આ ઉઘાડી તલવાર શી ?'

' પ્રભુ ! એ લાટનો જાસૂસ છે !'

' કોણ લાટનો જાસૂસ છે ? તમને કેમ ખબર પડી ?'

'અમાત્યજી! એ લાટનો જાસૂસ છે. એને કાં ભોં-યરામાં ભંડારો, કાં મને સોંપો. એને આંહીં પાટણમાં રાજ-દ્રોહ જગાવવો છે.'

'પણ બેસો તો ખરા, હવે એ ક્યાં જવાનો હતો? બેસો, બેસો. શું છે દુર્લભરાજ સોલંકી! શી વાત છે?'

'પ્રભુ! મેં માત્ર કુમારને રાજનીતિની વાત કરી!'

'રાજનીતિની કે રાજદ્રોહની?'

'જુઓ તો ખરા, દેવપ્રસાદ! એ લાટનો જાસૂસ માલૂમ પડશે, તો સગા દીકરાને પણ હું ભોંમાં ભંડારું એવો છું, હો! શું હતું, સોલંકી? તમે શું કહ્યું?'

'મેં તો, પ્રભુ! એ જ. આજે એમને તક છે—રાજમાં સત્તા જમાવી લેવાની. કાલે એ નહિ હોય!'

'એમાં ત્યારે એણે ખોટું શું કહ્યું છે, દેવપ્રસાદજી? મહારાજ કર્ણદેવને પણ રાજ પરાણે આપવું પડ્યું છે. તમને મોહ હોય—'

'મહાઅમાત્યજી! માન રાખું છું. પણ પછી હું ચૌલુક્યકુળનો છું હો! કાં જનોઇવઢ કાપી નાખીશ, ને કાં મારી જાતને આંહીં રોળી નાખીશ. તમને હજી મનમાં શંકા છે ને તમારે મારી ચકાસણી કરવી છે, એમ નાં?'

'કુમાર! ચકાસણીની આમાં ક્યાં વાત છે? સૌ જાણે છે, તમે લાટ તરફ આકર્ષાઈ રહ્યા છો. લાટનું પાટણ તરફનું વલણ પણ જાણીતું છે.'

'હું લાટ તરફ આકર્ષાઈ રહ્યો છું? કોણ કહે છે?'

'આખું પાટણ તો એ જાણે છે. કુમારી પદ્માક્ષી લાટની નથી તો ક્યાંની—માળવાની છે?'

મોટા ખુલ્લા નિખાલસ હાસ્યથી ખંડ આખો છવાઈ ગયો. ' ઓ હો હો હો ! એટલા માટે તમે મારા ઉપર શંકા રાખો છો ?'

' ત્યારે દુર્લભરાજ સોલંકી તો આપણા જ છે, કુમાર ! તમારી શંકા કાઢી નાખજો. પણ તમને લાટ આકર્ષી રહ્યું છે ખરું !'

' મહાઅમાત્યજી ! મને લાટ આકર્ષી રહ્યું નથી, ને આકર્ષવાનું પણ નથી. ને લાટની કુમારીની વાત કરતા હો, તો એને તો માત્ર પાટણની સામે નહિ—પણ આખી દુનિયાની સામે થઈને હું ધારી રાખું !'

' દુનિયાની સામે તો અનેક થાય છે ને થાશે. પાટણની સામે થઇને કોઈ હજી સુધી તો ફાવ્યો નથી !'

' ત્યારે જો એ કુમારીની વાત હોય તો—હું એને તો નહિ છોડું !'

' પાટણ કહેશે તો ?'

' તોપણ નહિ !'

' ને પાટણ છોડવું પડશે તો ?'

' છોડવું પડશે તો ? મારી દાદીને ઓળખો છો ?—ચૌલાદેવીને ? દંડનાયક વિમલ જેવા પણ એને પાટણ નહોતા તજાવી શકચા. હું એનો વંશવારસ છું. હું પાટણ તજું નહિ. કુમારીને પણ તજું નહિ. મહારાજ કર્ણદેવને પણ તજું નહિ !'

' એવી વાત તો બધા કરતા આવે, કુમાર ! અમારે પણ પાટણનું રાજસૂત્ર સંભાળવાનું છે. તમે લાટના સંબંધી થઈને રહો—એ વાત આંહીં ભારે પડી જાય. મહારાણીબાનું

મન જ પહેલું તો ઊંચું થઇ જાય !'

'મહાઅમાત્યજી ! મૂર્તિજલ લઇને હું પ્રતિજ્ઞા મૂકું તો ? પાટણનો દ્રોહ હું કદી ન કરું. કરું તો રૌરવ નરકમાં પડું. કરું તો મારું માથું ને તમારી તલવાર !'

'દ્રોહ તમે કરો—ક્ષેમરાજદેવનો પુત્ર દ્રોહ કરે—એ વાત તો સૂરજ પશ્ચિમમાં ઊગવાની થઇ. દ્રોહ તમારે હાથે કદી જ ન થાય—પણ લાટની કન્યા આંહીં આવે એ અમને ભારે પડી જાય !'

'કેમ ?'

'એમાંથી તણખો ખરે !'

'પ્રભુ ! ભગવાન સોમનાથના શપથ લઇને એક વાત કહી દઉં ?

'શી ?'

'હું મહારાજ કર્ણદેવનો મારા મનથી રણપ્રતિહારી છું. જે ઘડીએ એમ લાગશે કે મહારાજનો દ્રોહ આ દેહથી થઇ જાય તેમ છે, તે ઘડીએ જ આ દેહ અગ્નિને સોંપી દઇશ. મહારાજ મૂલરાજદેવે અગ્નિસ્નાન કર્યું હતું. ચૌલુક્યોને એ કાંઈ નવી નવાઈની વાત નથી. જે ઘડીએ રાજદ્રોહનો મનમાં પણ વિચાર આવશે, કે જે ઘડીએ મહારાજ વિનાનું સિંહાસન છે એવા સમાચાર પણ મને મળશે, તે જ ઘડીએ દેવપ્રસાદ અગ્નિને પોતાની આહુતિ આપી દેશે. બસ ? દિવ્યજલ મગાવો, પ્રભુ ! હું તમારી સમક્ષ શપથ લઈ લઉં. પછી છે કાંઈ ?'

'પણ ત્યારે પદ્માક્ષી—'

'પ્રભુ ! એ કદા નહિ બને,' દેવપ્રસાદનો સ્થિર શાંત દઢ અવાજ આવ્યો. 'કદી પણ નહિ બને ! જેની પાદાંગુલિના

નભમાં આકાશી તારાનાં પ્રતિબિંબ ઊગી નીકળે છે, એવી સ્ત્રીઓ રાજના ટુકડાણુકડા જેવી ક્ષુલ્લક વાતમાં રાચે એ માનતા નહિ. હું એ માનતો નથી. એ એવી વાત માટે હોતી નથી. લાટની આ સુંદરી તો નિત્યયૌવનનું સમુદ્રમંથનમાં રહી ગયેલું પંદરમું રત્ન છે! એણે મને ગાંધર્વી દુનિયા બતાવી છે. આ પૃથ્વીનો મને હવે લેશ પણ મોહ રહ્યો નથી, પ્રભુ! મને તો જીવનમાં બે જ રસ રહ્યા છેઃ એક જુદ્ધનો, અને બીજો આ જુવતીનો. જુદ્ધ કરવું પડે ત્યારે સંભારજો—બાકી, આ જુવતી વિનાનો દેવપ્રસાદ—એ વાતમાં કાંઈ માલ નથી!'

થોડી વારમાં દિવ્યજલ આવ્યું. દેવપ્રસાદે પ્રતિજ્ઞા લીધી.

સાંતૂ મોટેથી હસી પડ્યો: 'તમે પણ ઘેલા છો, કુમાર! હોય. જુવાની છે ને? આવો સોલંકી, આંહીં આવો—તમારો કુમાર સાથે મેળ મેળવી દઉં. પાછા એમને જ અમારે લાટમાં દંડનાયક બનાવીને મોકલવા છે. કેમ જશો નાં, કુમાર?'

'મહારાજની આજ્ઞા થશે તો—'

'મહારાજની આજ્ઞા થશે. તમે લાટને સંભાળવાનું માથે લીધું છે, એમ હવે અમારે સમજવાનું ને તમારે પણ સમજવાનું. જગત્પાલ તૈયારી કરે છે, એ તો તમને ખબર હશે! સોલંકીએ જ સમાચાર આપ્યા છે!'

'ભલે કરે!'

'પણ આ લાટની કન્યાને એ વાત આકરી પડશે, કુમાર!'

'પ્રભુ! હું પાટણને અને લાટની કુમારીને—બેમાંથી એકેને તજવાનો નથી. મારે તો એ બન્ને જમણી ડાબી આંખો છે!'

'ત્યારે એ બન્ને આંખોને કેમ સાચવવી એ કલા તમારે જાણવી પડશે. મહારાણીબાને કહીને શુભ મુહૂર્ત જોવરાવી દઈએ. જગત્પાલ તો તૈયાર જ બેઠા છે!'

થોડી વાર પછી દેવપ્રસાદ ગયો ને મહારાણી ઉદયમતી પણ ગઈ. મહારાણીબાને દેવપ્રસાદની વાતથી શાંતિ થઈ ગઈ, એ સાંતૂએ જોયું. દેવપ્રસાદે મૂકેલા દિવ્યજલના તરભાણા ઉપર સાંતૂની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ હતી. થોડી વાર તેણે દુર્લભરાજ સોલંકી સામે જોયું: 'સોલંકી! તમારે એક કામ કરવાનું રહેશે. દેવપ્રસાદના આ ગંભીર શપથની જાણ જગત્પાલને આપવાની!'

દુર્લભરાજ આશ્ચર્ય પામ્યો, 'પ્રભુ! જગત્પાલને?'

સાંતૂએ ડોકું ધુણાવ્યું: 'તે વિના બીજો ઉપાય નથી.'

'લાટની કન્યા—એને માટે આંહીં અત્યારે પાટણમાં સ્થાન નથી!'

'તમે એમને બન્નેને સાથે જોયાં છે, પ્રભુ?' દુર્લભ-રાજના અવાજમાં મૃદુતા હતી.

'કોને?'

'દેવપ્રસાદને ને પદ્માક્ષીને!'

'બહુ શોભે છે?'

'કામદેવ ને રતિ જાણે!'

'આપણા પુરાણમાં એક વાત છે, સોલંકી! તે બહુ સમજવા જેવી છે. જ્યારે ભગવાન શંકરનું તપાસન ડોલાવવું હતું ત્યારે એ કામદેવનો ખપ પડ્યો.' સાંતૂ બોલ્યો: 'એ જ રતિને રખડાવીને, કામદેવને ભસ્મ થઈ જવા માટે

બ્રહ્મદેવ જેવા પિતા પોતાને હાથે એને લઈ ગયા ! * ઓ હો ! જીવનની ઘટમાળ એવી છે !'

દુર્લભરાજ સોલંકી મહાઅમાત્યની વાણીનો ધ્વનિ સમજતાં ધ્રૂજી ઊઠ્યો. એના મનની દૃષ્ટિ, સ્તંભતીર્થનાં આફ્રીકનાં સુંદર મહોરાં વડે ચોરંગી રમતી લાટની રસિક કુમારિકા ઉપર જઈને ઠરી હતી.

---

* કામદેવ રતિની પ્રીતિમાં લીન રહેતો. શંકરને ડોલાવવા માટે દેવતાઓને કામદેવનો ખપ પડ્યો, ત્યારે બ્રહ્માએ એને આણી આપ્યો, એવી પૌરાણિક કથા છે. બ્રહ્મા કામદેવના પિતા ગણાય છે.

૧૬. દક્ષિણના પ્રવાસીઓ

મદનપાલ મૂર્ખ હતો ને વખતે કવખતે ધૂર્ત પણ થઈ બેસતો. મહારાણી ઉદયમતીનો એના ઉપર લાડઘેલો પ્રેમ હતો; એટલે એને એકદમ નકારી શકાય તેમ ન હતું, તેમજ એને પાટણની બહાર મોકલવો પણ પોસાય તેમ ન હતું. ગમે તેના પંજામાં એ રમી જાય—ને કાંઈક આડું અવળું કરી બેસે, તો કારણવિનાની નવી ઉપાધિ થાય. મહારાજ કર્ણદેવે માનભેર બોલાવીને રાજમુદ્રા સાંતૂને જ્યારે સોંપી દીધી, ત્યારે જ સાંતૂએ નિશ્ચય કર્યો હતો કે મદનપાલને શોભાના ગાંઠિયા તરીકે જ પાટણમાં રાખી મૂકવો. પણ એને કોઈ પણ પ્રકારની સત્તા આપવાની કોઈને ઇચ્છા નથી, એવું મહારાણીબાને શરૂઆતમાં ન લાગે, માટે એણે મદનપાલને નવી નવી યોજના બતાવવાનો વિવેક રાખ્યો હતો. જગત્પાલ ને કુમારી પદ્માક્ષીવાળી વાત મદનપાલ તો મદ્યના ઘેનમાં ભૂલી ગયો. પણ એ વાત સાંતૂ ભૂલ્યો ન હતો. એણે એમાં જ જગત્પાલ ને મહારાણી વચ્ચે અંટસ વધી જવાની શક્યતા જોઈ હતી. વળી દેવપ્રસાદને આ વાતની ખબર પડે તો એ મદનપાલને એવી ચપખણી આપે કે એને જિંદગીભર સાંભરે. આ પણ એક લાભ

હતો. પણ એ વાત કુટુંબકલેશનું રૂપ લીધા વિના પતી જાય, મદનપાલ પણ સમજી જાય કે એને માથાવઢ કરી નાખનારો કોઈક આંહીં પણ પડચો છે ખરો, અને એ જ વાતમાંથી દેવપ્રસાદને લાટ મોકલવાનું નક્કી થઈ જાય—એવી કોઈ યોજના વિષે સાંતૂ વિચાર કરી રહ્યો હતો. એમાંથી લાટ ઉપર પણ વહેલો ને પહેલો ઘા કરી લેવા માટેનો કાંઈ રસ્તો મળી આવે.

પણ લાટ ઉપર માત્ર ઘા કરી લીધ્યે પતી જાય તેમ ન હતું. લાટનાં મૂળ ઘણાં ઊંડાં હતાં. જગત્પાલ લાટનો દક્ષિણ તરફનો સંબંધ વધુ ને વધુ વિકસાવવા આતુર હતો. રાજપુરોહિત બ્રહ્મદેવશર્મા કર્ણાટક—કોકણ તરફ એ હેતુથી જ ગયો હતો. સાંતૂએ પણ દક્ષિણ તરફ જવા માટે મુંજાલને તૈયાર કર્યો હતો. રાજકવિ લક્ષ્મણ ને વાચિનીશ્વર મંદિરનો મહંત શંકરસરસ્વતી એ બન્ને પણ સાથેસાથે ઊપડે એવી યોજના હતી. પોતાની હવેલીમાં એમના આવવાની પ્રતીક્ષા કરતો એ અત્યારે બેઠો હતો. લાટ ઉપર આવનારા ઘા વિષે જગત્પાલ પૂરેપૂરો જાગ્રત થાય તે પહેલાં જ કુંતલેશ્વર ને જયકેશી સુધી પાટણની મહત્તાની વાત પહોંચી જવી જોઈએ. લાટ કરતાં પાટણની મૈત્રીમાં એ વધુ યશ ને ગૌરવ દેખે ને કેટલેક અંશે એની અનિવાર્ય મહત્તા પણ સ્વીકારે —તો જ પાટણ વહેલેમોડે લાટને પોતાના ભેગું ભેળવી દેવામાં સફળ થાય. અત્યારે અવંતી કરતાં પણ પાટણને લાટની વધારે અગત્ય હતી. એ કામ માટે દક્ષિણ તરફ જનારાઓને એણે અત્યારે બોલાવ્યા હતા.

થોડી વારમાં જ એક પછી એક તે આવવા માંડચા.

પહેલો આવ્યો એક તેજસ્વી જુવાન. એના રૂપમાં અનોખા પ્રકારની મધુરતા હતી. નાનું સુંદર નાક, પ્રેમભરેલી બે આંખો, અને અમીરનો અમીર છતાં હળીમળી જવાની શક્તિ દેખાડતો રૂપાળો ને ગૌર પ્રસન્નતાભર્યો ચહેરો. જેની સાથે વાત કરે તેને ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાના બનાવી લે એવી મોહક મીઠાશ ત્યાં એ ચહેરા ઉપર રમી રહી હતી. એના ખોળામાં માથું મૂકવાનું મન થઈ આવે એટલો બધો વિશ્વાસ પ્રેરનારી એની મોટી બે નિર્મળ આંખો તરફ સાંતૂ જોઈ રહ્યો. એને આ તરુણ અદ્ભુત લાગ્યો હતો, અને એટલો જ વિચિત્ર પણ લાગ્યો હતો. એ મિત્ર તરીકે પ્રાણ આપે, પણ શત્રુ થાય તો પ્રાણ લીધે જ જંપે. મહારાજ કર્ણદેવના રહસ્યમંત્રનો થોડો ભાગ એની પાસે પણ રહેતો. સાંતૂએ એનો ઉપયોગ કરવાનું ધાર્યું હતું. પણ એને એના મોહક ચહેરાની, મીઠી વાણીની, અને વધુ તો એના અદમ્ય સત્તાકાંક્ષી સ્વભાવની પિછાન હતી. સામેનો સાવધ ન હોય તો જેટલી સીફતથી આ જુવાન અરિનું માથું કાપી નાખે, એટલી જ સીફતથી મિત્રને પણ ઉડાડી મૂકે. એની રાજનીતિની ફિલસૂફી-માં એક જ શબ્દ હતો: સત્તા, સત્તા અને સત્તા. પાટણ મહાન, પણ મારા વડે ને મારાથી—આ એની રાજનીતિનો, એની સઘળી જીવનફિલસૂફીનો, અને એના મહાન આદર્શોનો સાર હતો. હું—મહાન હું, એ જ એને મન સૃષ્ટિસુખની પરાકાષ્ટા હતી.

સાંતૂને પ્રણામ કરી એ થોડે દૂર બેસવા જતો હતો, ત્યાં સાંતૂએ એને બોલાવ્યો : 'આંહીં પાસે આવ, મુંજાલ! પાસે આવ. બીજા આવનારા પણ કોણ છે? તું

છે. આપણા વિદ્યાપતિ રાજકવિ છે. મહારાજ શંકરસરસ્વતી વખતે આવે. તમારા ત્રણચાર ઉપર જ મારો બધો આધાર છે. પેલી નર્તિકાને વટપદ્ર મોકલી દેવાની મહારાજને તે દિવસે તેં સલાહ આપી હતી ?'

પ્રશ્ન અણધાર્યો આવ્યો હતો. પણ સાંતૂએ જોયું કે મુંજાલ જાણે એ માટે તૈયાર જ હતો. ચહેરાના રંગમાં કે આંખના ખૂણામાં પણ એણે જરા જેટલીય અસ્વસ્થતા ન દીઠી. એને આ તરુણમાં પોતે મૂકેલી શ્રદ્ધા સફળ લાગી.

'હા, મેં આપી હતી, પ્રભુ !' મુંજાલે જવાબ વાળ્યો.

'કેમ ? શા માટે વટપદ્રનું કહ્યું ? મારું ગામ હતું માટે ?'

'ના રે, પ્રભું ! એવું કાંઈ હોય ? પણ નર્તિકા મંદિરની હતી. સોમનાથ, ભૃગુકચ્છ, ચંદ્રાવતી, સિદ્ધપુર, આનંદપુર, બધે એની તપાસ થાત. વટપદ્ર પાસે અને મંદિરધામ નહિ, એટલે ખોળનારા એને ત્યાં ખોળવાનું જ ભૂલી જાત ! એ ત્યાં નિરાંતે રહી શકત. અને પછી આગળ ઉપર જોયું જાત !'

'સાબાશ ! તારી બુદ્ધિ તો અજબ છે, ભઈ ! તું આગળ જતાં નામના તો ચોક્કસ કાઢીશ. પણ જો, હમણાં બહુ ઉધામા કરતો નહિ. વાછરડાં ખીલા વિના કૂદે એમાં મજા નહિ. મહારાજનો વિચાર છે કે તને દક્ષિણમાં મોકલવો. બોલ, તું જશે ?'

'મહારાજની ઇચ્છા હોય તો . .'

'મહારાજની ઇચ્છા છે એટલે તો તને કહ્યું. ને મહારાજને પણ ઇચ્છા તો તેં જ કરાવી હશે ના ? તેં જ કહ્યું હશે કે નર્તિકા દક્ષિણમાં ગઈ છે !'

'પ્રભુ ! . .'

'હું એમ કહેતો'તો કે એ તેં ભલે કહ્યું. પણ જો, આ નર્તિકાનું વાદળ આજે પણ આંહીં હોત, ને મહારાજે તારા કહેવા પ્રમાણે એને વટપદ્રમાં રાખી હોત, તો શું પરિણામ આવત તને ખબર છે ? પાટણની પ્રજાનો મહારાજમાંથી વિશ્વાસ ઊઠી જાત. એટલી ઝીણી વાતનો લાટવાળા લાભ ઉઠાવી લેત, અને આશો વધારે પ્રબળ થાત. જે અંદરથી વિભક્ત થાય છે, તે વિનાશ પામે છે. અને પાટણ અંદરથી વિભક્ત થઈ જાત. તું હોંશિયાર છે, પણ તારી હોંશિયારી હમણાં પક્ષભેદ કરાવવામાં ન વાપરતો. હજી પાટણને ઘણાં કામ કરવાં બાકી છે. હું તને એ કહેતો હતો કે તેં મહારાજને આ વાત કહી છે—નર્તિકા દક્ષિણમાં ગઈ છે—એ ભલે કહી. આપણે એનો ઉપયોગ કરી લેવાનો છે !'

'શો ?'

'જગત્પાલ બેચાર દિવસમાં પાટણ છોડી જશે. એ યુદ્ધની તૈયારી કરે છે. પણ પાટણના સામર્થ્યનું એને માપ આવ્યું નથી. ને જયકેશી તરફની મદદ એને સરવાળે મોંઘી પડે તેમ છે. એટલા પૂરતો એ રાહ જોવા માગે છે. તું આંહીંથી પહેલાં ભૃગુકચ્છ જાજે.'

'કેમ ? ત્યાં શું ?'

'ભૃગુકચ્છ જઈને થોડા દી નિરાંતે રહેવું. કર્ણદેવને નર્તિકાનો મોહ છે, એ વાતની જગત્પાલને તો જાણ છે જ. એ નર્તિકાને મેં દક્ષિણમાં મોકલી દીધી છે, ને તું એને પાછી લાવવા માટે દક્ષિણમાં જઈ રહ્યો છે—એ વાત તારે પ્રસિદ્ધ થવા દેવી, ને એના કાન ઉપર જવા દેવી. પછી એ કામમાં

એની જ મદદ લેવી! પણ પહેલાં એનો વિશ્વાસ મેળવવો પડશે! એનો વિશ્વાસ મેળવવો—એ તો કાગડાને કાંકરી મારવા જેવી વાત છે! તું કર્ણદેવનો વિશ્વાસ ધરાવે છે એ ભૂમિકા ઉપર એને લીધો હોય, તો વખતે આંહીંનું તંત્ર બગાડવા માટે એ તારો વિશ્વાસ કરવા પ્રેરાય ખરો! એમ બને.'

'અથવા એમ કરીએ તો, પ્રભુ!'

'શું?'

'જગત્પાલ દેવપ્રસાદ ઉપર આધાર રાખી રહ્યો છે. પદ્માક્ષીના સંબંધમાં પણ એ જ પ્રધાન ને કેન્દ્રવર્તી વસ્તુ છે!'

'બરાબર!' સાંતૂ મંજુલની વિચારસરણીનું ઊંડાણ જોઈ ને આશ્ચર્ય પામ્યો. 'છોકરો! ગજબનો છે,' તે મનમાં ને મનમાં બોલી રહ્યો.

'પણ દેવપ્રસાદ મહારાજને જ વળગી રહેવા, એમના જ સામંત થઈ ને રહેવા, એમની પડખે જ રણમાં પડવા, એમના જીવન સાથે જ જીવન જીવવા, અને મૃત્યુ સાથે મૃત્યુ મેળવવા દિવ્યજલ લઈને તમારી સમક્ષ જે શપથ લઈ ગયા—એની જાણ એને કરી હોય તો? એ નિરાશ થઈ જાશે. કદાચ દેવપ્રસાદ સાથે એને ઘર્ષણ જન્મશે, કુમારી પદ્માક્ષી ઉપર એનો કોપ ઊતરશે. અને આપણને, આવી તદ્દન ગુપ્તમાં ગુપ્ત વાત કરી દેવા માટે, એ મિત્ર માનતો થાશે એ લાભ!'

'અરે આ છોકરો! આણે ગજબ કરી! આને આ ક્યાંથી ખબર?' સાંતૂ પોતાના મનમાં ને મનમાં ઘા ખાઈ ગયો. એક ઘડીભર એ મુંજાલ સામે જોઈ રહ્યો: 'તને આ

ક્યાંથી ખબર પડી, મુંજાલ? દેવપ્રસાદના શપથની તો કોઈને જાણ પણ નથી!'

'પ્રભુ! આપણા મનમાંથી જીભ ઉપર આવનારી વાતો પણ પછી ક્યાં આપણી રહે છે?'

'દામોદર મને સોંપવા રોકાયો એમ જીવનસંધ્યા સમયે આને સત્તા સોંપવાની મારા મનમાં મેં ગાંઠ તો વાળી હતી,' સાંતૂ મનમાં વિચાર કરી રહ્યો: 'ને એટલા માટે જ આને પલોટવાની આ વાત હતી. પણ આ છોકરો અજબ પ્રકારનો છે. કોઈ સત્તા સોંપે ને લે એવો એ નથી. આ તો સત્તા પડાવવામાં જ રાચશે! ઠીક, એને પણ જરા અનુભવ કરાવવો પડશે!' એટલે મુંજાલે દર્શાવેલી રાજનીતિનો પોતાને અત્યારે લેશ પણ ખપ ન હોય એવી ઉપેક્ષાથી સાંતૂએ કહ્યું. 'તારે ગોપકપટ્ટન જવાનું છે, મુંજાલ! જઈશ નાં?'

'પ્રભુને ખપ હોય તો!' મુંજાલ બોલ્યો.

'ખપ છે એટલે તો તને બોલાવ્યો છે. આ તેં વાત કરી દેવપ્રસાદવાળી—એ પણ ઠીક છે. એનો તું ભૃગુકચ્છમાં ઉપયોગ કરી જોજે. જગત્પાલને એમ જ થાય કે તું મહારાજના આટલા કામ માટે જ જઈ રહ્યો છે, એટલે બસ. એમ થાય તો એની ઉઘાડી આંખમાં ધૂળ નાખી દક્ષિણ તરફ જવાય. નહિતર એ પણ આશાનો ભાઈ છે: રસ્તો રોકીને જ બેસે. જો કવિરાજ લક્ષ્મણ તો બીજે માર્ગે જશે, ને મહારાજ શંકરસરસ્વતી વળી ત્રીજે માર્ગે. તને રત્નમાણિકચનો કંઈ અભ્યાસ ખરો કે?'

'જાણું તો છું!'

'થયું ત્યારે. તું સ્તમ્ભતીર્થનો રત્નમાણિકચનો વેપારી.

મહારાજ શંકરસરસ્વતી એ સોમનાથની જાત્રા કરવા નીકળેલા સાધુ. અને વિદ્યાપતિ લક્ષ્મણ એ તો ત્યાંના વિદ્યાપતિ બિલ્હણને કાવ્યશાસ્ત્રવિનોદ માટે મળવા જનારા કવિજન. આ પ્રમાણે તમારે ગોપકપટ્ટન જવાનું છે. બોલો, ત્યાં જઈને શું કરશો ?'

'દામોદર મહેતાની પેલી વાત પટ્ટણીઓમાં પ્રચલિત છે એ યાદ છે, પ્રભુ !'

'કઈ ?'

'દામોદર મહેતાને મહારાજ ભીમદેવ અવંતી મોકલી રહ્યા હતા. પાટણ ઉપર એ વખતે ભય ગાજતો હતો. મહારાજે ઘણી ઘણી વાત કહી, અને અનેક ભલામણો કરી. છેવટે બધું પૂરું થયું એટલે દામોદર મહેતાએ રજા લેતી વખતે ઉપવસ્ત્ર ખંખેરી કાઢ્યું !'

'હા . . હા . . . હા . . .' સાંતૂ હસી પડ્યો : 'મહેતો—મહેતો તો મહેતો હતા.'

'ત્યારે એવી વાત છે, પ્રભુ ! શું કરવું ને એ માટે ત્યાં શું કરવું એ આંહીં સાંભળીશું તે ઉપવસ્ત્ર ખંખેરવા જેવું બની રહેશે. શા માટે જવાનું છે, એટલી જાણ મળે એટલે બસ.'

'પાટણમાંથી પટ્ટણીઓ બહાર નીકળે ત્યારે એમના અંતરમાં જે વાત હમેશાં રમતી હોય છે, તે માટે જ તમને ત્યાં મોકલવાના છે. પાટણની મહત્તા સ્થાપવા !'

'થયું ત્યારે, પ્રભુ ! એ મહત્તા એવી સ્થપાશે કે ત્યાંનો રાજરાજેન્દ્ર પણ પાટણના એક સામાન્ય શ્રેષ્ઠીનાં રત્નો જોઈને યાચક બનવામાં ધન્યતા અનુભવશે !'

'આ કવિવાણી, પ્રભુ! કોણ મુંજાલ બોલી રહ્યો છે?' સામેથી એક તરુણ રસિક જુવાન આવી રહ્યો હતો. એના પાતળા હોઠ ઉપર સંધ્યાના રંગની મોહક લાલી હતી. અણિ-શુદ્ધ, કર્ણાવલંબી, સુંદર અને સ્વપ્નઘેલી એની આંખો હતી. એના નાકનો અમીરી મરોડ જોનારને વશ કરે એવો હતો. ગૌરવર્ણનો, નાજુક અને સુંદર એનો દેહ હતો. કપાળમાં કેસરી ચંદન શોભી રહ્યું હતું, અને હાથમાં એક ગ્રન્થ હતો.

'શું લાવ્યા છો, કવિરાજ? *લક્ષ્મણદેવજી! તમારી કવિવાણી તો પાટણના છોકરાઓએ પણ પકડી પાડી લાગે છે. મુંજાલ બોલ્યો એ સાંભળ્યું નાં?'

'એ સાંભળ્યું ને હું ડોલી ગયો!'

'બેસો ત્યારે. યોજના એવી કરી છે કે તમે પાટણના વિદ્યાપતિ છો. તમે વિદ્યાપતિ બિલ્હણ સાથે કાવ્યશાસ્ત્રવિનોદ કરવા માટે જાઓ છો. મુંજાલ સ્તમ્ભતીર્થનો રત્નમાણિક્યનો શ્રેષ્ઠી થઈને જાય છે. શંકરસરસ્વતી સોમનાથ ભગવાનની આજ્ઞા પ્રમાણે દક્ષિણસમુદ્ર પર્યંત પગયાત્રા કરવા માટે નીકળે છે. તમારો સૌનો માર્ગ આંહીંથી જ જુદોજુદો રહેશે, એટલે કોઈ કાંઈ જાણશે જ નહિ. ત્યાં ગોપકપટ્ટનમાં પાટણની મહત્તા કેમ સ્થાપવી એ ત્યાંના પ્રસંગો પ્રમાણે તમારે યોજ-વાનું રહેશે. વિદ્યાપતિ બિલ્હણને તો જરૂર મળજો. ×મને એ ઓળખે પણ છે. અને ત્યાં એક અદ્દ્ભુત ચિત્રકાર છે. શ્રીકંઠ એનું નામ. એને પણ મળજો! એ આંહીં ગુજરાત-

* શ્રીપાલની વંશાવલીને આધારે આ નામ લીધું છે.

× કવિ બિલ્હણ પાટણમાં આવ્યો ત્યારે એની રચેલી 'કર્ણસુંદરી-નાટિકા' સાંતૂના શાંતિનાથના પ્રતિષ્ઠામહોત્સવમાં ભજવાયેલી.

માં આવી ગયેલ છે!'

થોડી વાર રહીને સાંતૂએ ઉમેર્યું: 'આંહીંથી તમે નીકળશો, એ જો જગત્પાલની જાણમાં આવશે, તો એ તરત સમજી જાશે. એણે પોતાના રાજપુરોહિત બ્રહ્મદેવશર્માને ત્યાં મોકલ્યો પણ છે!'

'શા માટે?'

'ગોપકપટ્ટનના જયકેશીને બે કન્યા છે. એક મૈમલદેવી. કુંતલેશ્વરના બીજા પુત્ર વિક્રમાંકદેવ વેરે એને આપેલ છે. બીજી મયણલ્લાદેવી—મીનલદેવી. હવે બીજીને ક્યાં આપવી? બીજો કુંતલેશ્વર દક્ષિણમાં તો નથી. અવંતી તો વંશપરંપરાનું એનું વેરી રહ્યું. ચેદિરાજ સાથે યાદવોનો મેળ નહિ—અને યાદવો તો કુંતલેશ્વરના મહાસમર્થ સામંતો. જયકેશી પોતે મહાશક્તિશાળી લડવૈયો છે. કાપર્દીદ્વીપના સ્થાનક સુધી સત્તા વધારીને એણે લાટવાસીઓને ત્યાંથી કાઢ્યા પણ છે. લાટને ગુજરાત મેળવશે, કે દક્ષિણીઓ લઈ જાશે—એ મહાપ્રશ્ન આપણી સામે ખડો થયો છે. એ પ્રશ્ન આપણા જીવનમરણનો પ્રશ્ન છે. દામોદર સામે પડેલું અવંતીનું યુદ્ધ એ બહુ બહુ તો જય કે પરાજય એનું યુદ્ધ હતું. આપણી સામે પડેલું આ લાટનું યુદ્ધ એ જય કે પરાજયનું યુદ્ધ નથી. એ તો લાટ ગુજરાતનું રહેશે કે હમેશને માટે દક્ષિણનું થશે—એવા મહાપ્રશ્નનું યુદ્ધ છે. મહારાજ મૂલરાજદેવે લાટમાં બારપનો પગ સ્થિર થવા ન દીધો, તો આજે પાટણ છે. ગુજરાત પાસે લાટ ન હોય, એટલે ભૃગુકચ્છ ન હોય, સ્તંભતીર્થ ન હોય, સોમનાથ પણ ન હોય, અને સિંધ, ઉજ્જેન, અરબસ્તાન, ઈરાન, તગર [યાદવનું દેવગિરિ] ને એરંડપલ્લી સાથેનો વ્યાપાર પણ

ન હોય! લાટ ન હોય તો પાટણનો વૈભવ ન હોય! પાટણે લાટ લેવું જ પડશે. અને લીધા કરતાં વધારે તો એ કે એણે એને પોતાનું કરી નાખવું પડશે. લાટીરીતિ, લાટીલઢણ, લાટના શબ્દટંકાર—લાટની ચંચળતા સઘળું જ ફેરવી નાખવું પડશે. દક્ષિણમાં પાટણની મહત્તા સ્થાપશો તો પાટણ મહાન બની રહેશે. તમે એ મહત્તા સ્થાપી ન શકો, તો કુંતલ, અવંતી, લાટ, આબુ—એટલા બધાં સામે પાટણ લાંબો વખત ટકી ન શકે. આજે છે એવી પાટણમાં ક્યારેય શાંતિ ન હતીઃ અને આજે એ ઊભું છે એવી કરાડ ઉપર એ ક્યારેય ઊભું ન હતું. તમે પટ્ટણી છો. વધારે કાંઈ મારે કહેવું નથી. પણ જો જયકેશી લાટની મદદે જશે—તો લાટ આપણું નથી. એટલે પાટણ આપણું નથી! આજે પાટણમાં કોઈને આ ખ્યાલ નથી—એટલે જ આ મહામોલો સમય મહારાણીઓ ને મહારાજ નાના નાના પ્રશ્નમાં કાઢી રહ્યા છે કે આ તરુણ મુંજાલ જોવા કઢાવી રહ્યા છે. પરંતુ હવે એક ક્ષણ પણ જાય એ પોસાય તેમ નથી. તમને ખબર તો હશે જ કે ગર્જનકનો કોઈ રાક્ષસ જેવો માણસ આંહીં વખતે વખતે દેખા દેતો થયો છે. એનું નામ બર્બરક. આ બર્બરકમાંથી આશાનું ને લાટનું સળગશે. એ સળગાવવા જ એ આવ્યો લાગે છે. એ સળગે તે પહેલાં તમે દક્ષિણમાં પહોંચી જાઓ—ને પાટણના મહિમાના ગાન વડે અરિદળને વધારે નહિ તો લાટની મદદે જતું રોકી રાખો! વધુ ત્યાં ગયે જેવો સમો. સાંભળ્યું છે એ સાચું હોય, તો જયકેશી ને મીનલદેવી વચ્ચે ગુજરાતના પ્રશ્ન ઉપર મતભેદ પણ છે. દીકરીને ગુજરાતના સોમનાથના નામે અદ્ભુત લાગણી પ્રગટે છે. બાપને ગુજરાત અસંસ્કારી ને ભયંકર

લાગે છે. એમાંથી પણ લાભ લેવાય. એ તો ત્યાં ગયે ખબર!'

'પ્રભુ!' બહારથી અર્જુનભટ્ટનો ઉતાવળો સાદ આવ્યો.

'કેમ? શું છે, ભટ્ટરાજ? તમે ગયા નથી—મકવાણાજી પાસે?'

'મકવાણાજીએ તો ધૂણી ધખાવી છે!'

'ધૂણી?'

'બર્બરકને વશ કરીને ક્યાં મહારાજ પાસે લાવવો છે? મકવાણાજીએ એમ પુછાવ્યું છે!'

'અરે, મહારાજ પાસે શું કામ છે એનું? મકવાણાજીને ઠીક પડે ત્યાં—આબુ ચંદ્રાવતી—ઠીક પડે તે તરફ જજોને. ત્યાં ડુંગરામાં કોઈ ભોંયરામાં ભંડારી દેજો. આપણે એને વશ કર્યો છે એવી વાતનું પણ કામ નથી. જગત્પાલ ભલે જાણે કે હજી બર્બરક છૂટો ફરે છે!'

મહારાણી ફૂલાંદે થોડા વખત પહેલાં જ્યારે આ બાજુ આવી રહ્યાં હતાં, ત્યારે એમની પડખે જંગલમાંથી એક ભયંકર રાક્ષસાકૃતિ જેવો પુરુષ ચડી ગયેલો. મહારાણીના નબળા મગજ ઉપર એની સ્થાયી અસર થઈ ગઈ. વારંવાર રાત્રે ઊંઘમાં 'બર્બરક!' કહેતાં તે જાગી જતાં—ને ફાટી આંખે જાણે કોઈને નિહાળીને ધ્રૂજતાં હોય એમ ધ્રૂજી ઊઠતાં. હરપાળ મકવાણાએ પોતાની શક્તિઉપાસના વડે આ ભૂત જેવાને વશ કરવાની તૈયારી બતાવી. આજે એની ઉપાસના કરવા એ સ્મશાનમાં બેઠો હતો. અર્જુનભટ્ટ ત્યાંથી જ અત્યારે આવતો હતો. બર્બરક ગર્જનકનો કોઈ ભયંકર ગુપ્તચર હોવાની સાંતૂને શંકા હતી. પણ મકવાણાએ તો મધરાતી જુદ્ધ કરીને એને વશ કરવાની પોતાની શક્તિ-

ઉપાસનાની વાત મહાઅમાત્ય પાસે મૂકી હતી. મહાઅમાત્યે એ કબૂલ કરી લીધી હતી. એટલે મકવાણાએ એને વશ કર્યો છે એ સાંભળતાં એ ગમે તે હોય તોપણ એને વધુ ઊહાપોહ ન કરતાં હમેશને માટે અદૃશ્ય કરી દેવામાં પાટણનું ગૌરવ દીઠું.

અર્જુનભટ્ટ પ્રણામ કરીને ગયો.

'મુંજાલ! ત્યારે આપણી વાત પણ હવે પૂરી થઈ ગઈ છે. મેં કહેવાનું તને કહી દીધું. ભૃગુકચ્છ કાલે સવારે જ જાય છે નાં?' કવિરાજ! ત્યારે તમે પણ ભલે ગમે ત્યારે સિધાવજો!'

લક્ષ્મણ ને મુંજાલ બન્ને ગયા. પણ મુંજાલ બે ડગલાં પણ નહિ ગયો હોય, ત્યાં સંગ્રામને એની સાથે વાત કરતો સાંતૂએ જોયો. સંગ્રામ કર્ણદેવના નર્તિકા વિષેના સમાચાર આપવા માટે જ આવ્યો લાગ્યો.

'રાજાની આ નર્તિકાઘેલછા જવાની નથી—ને એને ખબર નથી પણ કેવું મહાન પરિણામ આ પ્રયાસ ઉપર અવલંબે છે,' તેણે તરત સાદ કર્યો: 'ભટ્ટરાજ!'

અર્જુનભટ્ટ થોડે જ દૂર ગયો હતો તે તરત પાછો ફર્યો: 'મહારાજ શંકરસરસ્વતી, કવિરાજ લક્ષ્મણ, ને મુંજાલ—ત્રણેમાંથી ગમે તે ગમે તે વખતે બહાર જવા માગે તો કોઈ રોકે નહિ, એટલું ધ્યાન રાખજો. પણ આ ત્રણ જ હો. ને તમે મકવાણાની સાથે જ રહેજો. એને માથે માથું નથી! મૂળ તો તમે *મ્હૈસૂરના કાં ભટ્ટરાજ?'

'હા, પ્રભુ!'

'ત્યારે મકવાણાનું કામ પૂરું થયે મને મળજો. તમારે પણ કદાચ દક્ષિણનો પ્રવાસ ખેડવો પડે!'

* 'A Glossary of Castes & Tribes & Races in the Baroda State' P. 55. Also, Enthoven's Vol. I & II.

૧૭. જગત્પાલે પાટણ શી રીતે છોડયું ?

બર્બરક વિષે જ્યારે થોડા દિવસ સુધી વધુ કાંઈ પણ ન સંભળાયું, ત્યારે જગત્પાલને શંકા થઈ. બર્બરકની પાસે એક મહાન શક્તિ હતી. તે પાણીમાં ઘણો વખત અદૃશ્ય રહી શકતો. સરસ્વતીમાં અદૃશ્ય રહી રાતે પાટણને ભડકાવવા માટે એનો ઉપયોગ કરી લેવાની ને એ રીતે નગર આખામાં અશાંતિ ફેલાવવાની જગત્પાલની યોજના હતી. એટલે એણે તપાસ કરવા માંડી. મકવાણા હરપાલે એને રાતમાં ને રાતમાં ઉપાડીને ક્યાંક પૂરી દીધો છે, એટલી વાત મળી આવી. ક્યાં પૂર્યો છે એનો પત્તો ન લાગ્યો.

આશાને આ વાત ઉપર ઉશ્કેરવા માટે જગત્પાલે હવે ભૃગુકચ્છ જવાની તૈયારી કરી. ગર્જનકને પણ એ વિષે સંદેશો મોકલાય. તે મહાઅમાત્યની રજા લેવા આવ્યો.

'અરે વાત છે કાંઈ? તમને તે જવા દેવાય? મહારાજને જરાક સ્વસ્થ થવા દો. પછી જાજો.'

'પ્રભુ! તમારી સૌની માયા તો ઘણી છે, મને પણ પાટણ છોડવાનું મન થતું નથી, પણ ત્રિવિક્રમદેવ નાના રહ્યા. વખતે કોચવાય. પદ્મદેવનો સંદેશો પણ છે!'

'મહારાણીબાને મળ્યા ?'

'હું ત્યાં જ જઈ રહ્યો હતો. વચ્ચે કાધું, તમારી રજા લઈ લઉં. હમણાં પાછી ભૃગુકચ્છ આવનારાં વહાણોની રંજાડ વધી છે!'

'કોણે—આશાએ એ શરૂ કર્યું હશે! એને અમારે પૂરો કરવો છે હવે.' સાંતૂએ કહ્યું.

'પ્રભુ! તો તો બહુ સારું. લાટ તરફથી મહારાજ જે માગણી કરશે તે પૂરી પાડીશું!'

'ઘોડાં આવ્યાં છે હમણાં કાંઈ ઇરાનમાંથી ?'

'અરે પ્રભુ! શું અમારે માથે તો થઈ છે. ત્રણ *બગલા આવતા હતા, પણ ત્રણે ધરાર ઉપાડી ગયા. આશો તો હવે હદ કરે છે!'

'હવે થોડા વખતમાં આશો નહિ હોય, જગત્પાલજી! પછી તમે નિરાંતે સૂજો. રુચ્ચિકજી ને અર્જુનભદ્ર આવતી કાલે જ ઊપડે છે. દેવપ્રસાદ તમારી તરફ આવશે. તમને સમાચાર મળે કે તરત તમે સ્તમ્ભતીર્થ સુધી આવી જજો.'

'અમારી મોટામાં મોટી ચિંતા મહીસાગરની, પ્રભુ! ઊતર્યાં મહી તો થયા સહી—એવી વાત છે. એટલે અમને તો પ્રભુ સમાચાર મોકલે તે પહેલાં મહીસાગર હેમખેમ ઊતરી જવાય એટલો સમો રહેવા દેજો. નહિતર એ તો પછી આશો છે!'

સાંતૂ જગત્પાલની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. તેણે મનમાં કાંઈક ગાંઠ વાળી લીધી. 'હા, હા, તમને અમે પંદિર દિવસ અગાઉથી કહેવરાવીશું!'

---

* વહાણ.

'હાં, તો પ્રભુ! ઠીક થાય. જયકેશીનો પણ સંદેશો આવ્યો છે ને? એણે કહેવરાવ્યું છે કે, કાં અમને નવ-સારિકામાં થાણું નાખવા દ્યો, કાં તમે આશાને વશ કરો. અમારો નૌકાવ્યવહાર ખોટવાઈ જાય છે!'

'હાં, એ તમે ઠીક સંભાર્યું લ્યો. અરે! સૂચક!' જવાબમાં સૂચક હાજર થયો. 'પેલો એક સંદેશવાહક આવ્યો છે કાપર્દીદ્વીપથી—એ ક્યાં છે?'

'પ્રભુ! આપને મળવાની રાહ જોતો બહાર જ બેઠો છે!'

'એને આવવા દે, આવવા દે. આ જગત્પાલજી છે ત્યાં કાંઈક સૂઝ પડે કે શો જવાબ વાળવો.'

થોડી વારમાં એક કાળો લાંબો આદમી હાજર થયો. તેણે પ્રણામ કર્યાં. એક વસ્ત્રલેખ આપ્યો.

'બેસો, ક્યાંથી—સ્થાનથી આવો છો?'

'હા, પ્રભુ! હું સ્થાનનો છું!'

'તમે કહ્યું એ જ છે, જગત્પાલજી! કોકણપતિનો સંદેશો છેઃ સોમનાથની જાત્રા અશક્ય થતી જાય છે. બર્બરક, કુર્ક સંધાર, મેર, જત, કિરાત દરિયાને ડોળી રહ્યા છે. એણે કહેવરાવ્યું છે કે, તમે બંદોબસ્ત કરો, નહિતર પછી અમે આવીએ!'

'અમે આવીએ? એટલે?' જગત્પાલે કૃત્રિમ રોષ બતાવ્યો, ખોટું આશ્ચર્ય દેખાડ્યું.

એના કરતાં દસગણા વધારે રોષથી સાંતૂ ગર્જી ઊઠ્યો. તેણે વસ્ત્રલેખ ફેંકી દીધોઃ 'કહેજે તારા કોકણપતિને—આંહીંથી તો આશાને જેર કરવાવાળા એને જેર કરશે,

જ્યારે એમને ઠીક લાગશે ત્યારે. તમારી આજ્ઞા પ્રમાણે અમારાં સૈન્યો ચાલતાં નથી. સમજ્યો? સ્થાનથી આગળ વધશો તો ભોં જરા આકરી આવશે. નવસારિકામાં દુર્લભરાજ બેઠો છે. કહેજે!'

'પ્રભુ! સ્થાનમાં આવીને એક શ્રેષ્ઠીને આ લોકો ઉપાડી ગયા. ચાલીસ સહસ્ર દ્રમ્મ માગ્યા!'

'ચાલીસ લક્ષ પણ માગે. એમાં અમારે શું? અમારે ત્યાં કોઈ આવતું નથી. જયકેશી મહારાજને કહેજે કે તમે મહામંડલેશ્વર છો—જ્યારે આ બાજુ તો ગુર્જરેશ્વર છે. તમારે વિજ્ઞપ્તિ કરવાની હોય. આવવા ન આવવાની વાત હમણાં જવા દો. ચાલો, જગત્પાલજી! આપણે પાછું મોડું થાય છે!'

જગત્પાલ બહાર નીકળ્યો. સૂચકના હાથમાંથી ઉપવસ્ત્ર લેતાં લેતાં સાંતૂએ ધીમેથી એને કહ્યું: 'પેલા કપર્દીદ્વીપવાળાને જવા દેતો નહિ હો! એને કહેજે, હમણાં રાજમહાલયમાંથી પાછા ફરે છે. આપણે હજી જવાબ આપ્યો નથી, એમ ગણવાનું છે. કહેજે ને સંભાળજે એને!'

જગત્પાલ સાથે સાંતૂ રાજમહાલયમાં પહોંચ્યો, તો ત્યાં મદનપાલ એને સામે મળ્યો. સાંતૂએ સ્મિત કરતાં એને પ્રોત્સાહન મળે એમ આંખની ઇશારત કરી. મદનપાલ કોણ જાણે શું સમજ્યો. પણ તે દોડતો અંદર ગયો.

'બહેન! આ આવ્યા સાંતૂ મહેતા! હવે તો તમે વાત કાઢજો. જગત્પાલ પણ સાથે છે!'

'ભૈ! તું તો એવો જ રહ્યો. હવે એવી વાત કઢાય?'

'પણ તમે કાઢજો તો ખરા! કુમારીને તો સોએ સો વસા જૂનોગઢ મનમાં વસી ગયું છે!'

એટલામાં જગત્પાલ ને સાંતૂ આવ્યા.

'બા ! જગત્પાલજી તો જવાનું કરે છે,' સાંતૂએ આસન ઉપર બેસતાં કહ્યું.

'અરે ! કાં કાં ? હજી કેટલાક માસ થઈ ગયા છે ! મહારાજનું મન તો ન માન્યું, સોલંકી ! અમને પણ મનમાં વસવસો રહી ગયો !'

'હોય, બા ! જેવા કર્મના આંકડા.'

'અમારે તો દેવપ્રસાદ પણ એ જ છે. ને મારો આ મદનપાલ એ પણ એ જ છે. દેવપ્રસાદની તો છોકરમત ગણાય. તમારી વૃત્તિ હોય તો હું તો જૂનાગઢ સંદેશો મોકલું. રા'નું ગૌરવ તો મોટા કુંતલેશ્વરોમાં પણ હજી જન્મ્યું નથી !'

'પણ એ તો કુંતલેશ્વર, મહારાણીબા ! આ તો લાટેશ્વર, જેને બબ્બે નદીનાં તો રખવાળાં. સૌને પોતાનું સો વસા લાગે—પણ જૂનોગઢ એ લાટની વડ નથી, બા ! લાટની કન્યાઓનાં તો દસ જનમારાનાં પુણ્ય વિના દર્શન પણ થાતાં નથી !'

મહારાણીને ઘા જરાક વસમો પડ્યો. સાંતૂએ ધીમેથી વાતને વળાંક આપ્યો: 'જગત્પાલજી ! જેને ત્યાં સોમનાથનું રખોપું વંશપરંપરા ઊતરતું આવ્યું છે, એ રા' કોઈ કન્યા સામું જોતા નથી. જુએ છે, ત્યારે એ કાં દેવાંગના હોય છે, કાં પૃથ્વીની અણમોલી રત્નકણિકા હોય છે. એમ રા'નો હાથ રેઢો પડ્યો નથી, સોલંકી ! કે તમને એ મળી જાય. આ તો તમે આંહીં બહુ રોકાયા, આશાભર્યા આવ્યા હતા, એટલે મહારાણીબાએ વાત કહી લાગે છે !'

જગત્પાલ એક તો આંહીંના નિવાસમાં પોતાનો હેતુ

સાધવામાં નિરાશ થયો હતો તેમાં આ મદનપાલની વાતે બળતામાં ઘી હોમ્યું. આવા મદ્યપી માટે પદ્માક્ષીના હાથની વાત થતી જોઈ એ ઊકળી ગયો. તે બેઠો થઈ ગયો. 'મહારાણીબા ! હું તો કાલે જવાનો છું. લાટની કન્યા એટલે શું એ જાણવા માટે પાટણના લોકોને દસ જનમારા પણ બસ નથી. તમારે તો આંહીં ઉપર રેતીનાં રણ રહ્યાં નાં ? ને અમારે તો નર્મદાકિનારો. ભીલડાને જેવી ચંદનની કિમ્મત, એવી તમારે મન લાટની કન્યાની કિમ્મત. ઠીક લ્યો, હવે સ્તંભતીર્થમાં મળીશું, સાંતૂ મહેતા !' જગત્પાલ વ્યંગમાં બોલી ગયો.

'પણ પહેલા તમે આવશો કે અમે આવીએ ?'

'આવજો ને, તમે જ આવજો ને !' જગત્પાલ ઉતાવળે આકળે અવાજે બોલી ગયો. પણ એક ક્ષણમાં એણે પાછી સ્વસ્થતા મેળવી લીધી: 'તમે કહેવરાવશો, મહાઅમાત્યજી ! એ પ્રમાણે થશે ! ઠીક લ્યો.' જગત્પાલે પ્રણામ કર્યા અને ઉતાવળે રજા લીધી.

પણ જગત્પાલ ગયાને બહુ વાર નહિ થઈ હોય ત્યાં 'મારી નાખ્યો રે બહેન !' કરતોક ને ધબ્બ દઈ ને મદનપાલ રાણીના પગ પાસે પડચો.

'શું છે, મદન ? શું છે ? કોણે માર્યો ? કોણ છે ?'

'દેવપ્રસાદ !'

'પણ છે શું ?'

'જગત્પાલે એને કહ્યું કે "રજપૂતો લડે છે, રણમાં પડે છે, મરે છે, પણ સ્ત્રીનું અપમાન તો કેવળ અનાર્ય હોય એ કરે છે. મદનપાલે પદ્માક્ષીનો હાથ માગ્યો—એને લાટ

પોતાનું હડહડતું અપમાન ગણે છે.'' દેવપ્રસાદ આંહીં આવી રહ્યો હતો એણે આ સાંભળ્યું ને મને માર્યો !'

'માર્યો ? શું કહે છે ? તને માર્યો ? ને તે પણ રાજ-દરબારમાં ?'

'હું મારીને ભાગી ગયો નથી, મા ! તમારી પાસે એ વાત કરવા જ આવી રહ્યો હતો !' બહારથી દેવપ્રસાદ આવ્યો. એનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો. 'આવી અનાર્યતા પાટણના રાજમહેલમાં આજે પહેલી જ વખત થાય છે, મા ! નારીનું અપમાન તો આંહીં કોઈ દિવસ થયું નથી !'

'પણ છે શું, કુમાર ? બેસો તો ખરા. આટલા આકળા શા માટે થાઓ છો ? તમે મદનપાલજીને માર્યું છે ?' સાંતૂએ અંતરમાં આનંદ અનુભવતાં પણ મોટેથી જરાક દુઃખ પામતાં કહ્યું.

'એ તો મેં કહ્યું !'

'શા માટે ?'

'એ પણ મેં કહ્યું !'

'તમારા ઉપર કેટલી ગંભીર જવાબદારી છે એ તમને ખબર છે, દેવપ્રસાદજી ? તમે મહારાજની પછી રાષ્ટ્રના બીજા પુરુષ છો. સેંકડો નાગરિકો તમને દેવ ગણે છે. તમે ઊઠીને આમ હાથ ઉગામશો ? ને તે પણ મદનપાલજી જેવા ઉપર ? અને તે પણ રાજમહાલયમાં ?'

'રાજમહાલય જ આવી શિક્ષા માટેનું યોગ્ય સ્થાન ગણાય, મંત્રીશ્વર ! નગરના ચોકમાં એને માર્યું હોત, તો અરધું પાટણ અત્યારે આંહીં હોત. આ તો આપણા માટલાનો ગોળ આપણે ચોરી ખાધો. પણ હવે એને કહી દેજો—અને

મા ! તમે પણ એને સંભાળી લેજો. બીજો કોઈક મળશે, તો વાત વધુ ભયંકર બની જાશે !'

'ગઈ ગુજરી તો ભૂલી જવી જોઈએ, કુમાર ! પણ તમારે આવતી કાલે તો ભૃગુકચ્છ જવાનું છે, એ ખબર છે? લાટમાં કાંઈ આવું ન થઈ બેસે એ જોજો—ત્યાં પ્રતિષ્ઠા ગુમાવવી આપણને નહિ પોસાય. ચાલો, મદનપાલજી ! આ વાત હવે જવા દો.'

'પણ એમ રાજપુરુષને મરાય કેમ ? અમે ધારીએ, તો એને કાલે લાટનો દંડનાયક . . .'

'હવે, મહારાણીબા ! એ વાત જ દાટોને. કોઈને ખબર પડી નથી એમાં આપણું નાક સચવાયું માનોને. આપણે ભૂલ કરી એમ માનો. પદ્માક્ષીનું નામ આપણે લીધું, તો જગત્પાલજીને ખોટું લાગ્યું નાં ? ચાલો, હવે એ જવા દો. જાણે કાંઈ બન્યું નથી એમ ગણી કાઢો. ચોળીને ચીકણું કરતાં મફતની આપણી જ લઘુબુદ્ધિ ઉઘાડી પડશે ! મદનપાલજીને હવે તો અમારે આ રાજમહેલમાંથી હમણાં ક્યાંય અળગા જ કરવા નથી ને !'

'મારે ક્યાંય જાવું પણ નથી ને !'

'હં, જુઓ; કેવા સમજી ગયા !'

'સમજે નહિ—જમરાજની ભુજા જેવી તલ . . .'

'અરે ભઈ! દેવપ્રસાદજી ! તમે પણ ? જે વાત દાટવી છે એને પાછી ઉખેડો છો ? ચાલો, મદનપાલજી ! ચાલો. મારી સાથે ચાલો. મહારાજ પાસેથી દેવપ્રસાદજીને લાટની દંડનાયકની રાજમુદ્રા અપાવીએ, ને તમારે માથે રાજમહાલયના મુખ્ય રક્ષકનો ભાર નાખીએ. ચાલો !'

૧૮. મુંજાલે શંકરને શું કહ્યું ?

ભૃગુકચ્છના એક ઉત્તુંગ કિનારા ઉપર બે માણસ બેઠા બેઠા કાંઈક વાતચીત કરી રહ્યા હતા. નીચે નદીનાં જળ વહી રહ્યાં હતાં, એમાં આવતીજતી નૌકાઓના શ્વેતરંગી સઢ ઉપર તેમની નજર ફરીને, દૂરદૂરના બેટની વનરાજિ સુધી જઈ આવતી હતી. એમાંનો એક જુવાન હતો. બીજો પ્રમાણમાં કાંઈક પ્રૌઢ હતો. જુવાન નાના નાના કાંકરાને નદીના પાણીમાં નાખી રહ્યો હતો, અને પોતે ઉડાડેલા કાંકરાની ગતિ જોઈ આનંદ પામતો હતો. એણે અંગૂઠો ને આંગળી ભેગાં કરી એક કાંકરો ઉડાડ્યો: ‘ જુઓ, શંકરજી ! આ ગયો. આમ ઊડે—જો આવડે તો. ભલા, લાટ ને પાટણ, લાટ ને પાટણ વંશપરંપરા લડ્યા જ કરશે ?’

‘ મુંજાલજી ! વાત તો તમે બહુ સારી કહી, પણ એની વચ્ચે સંધિ કરાવવાની કોની—તમારી તાકાત છે ? સાંતૂ મહેતાએ તો લાટને રોળી નાખવાની તૈયારી કરી છે. અમારાથી એ અજાણ્યું નથી હો !’

‘ ને આ બાજુ તમે લાટના સાંધિવિગ્રહિક છો, એટલે જાણતા તો હશો જ કે, તમે દેવપ્રસાદને સાધવાની તૈયારી

કરી છે એ પાટણથી પણ અજાણ્યું નહિ હોય ! એકબીજા સામે જ્યાં સુધી અવિશ્વાસ છે, ત્યાં સુધી હું શું કરું ? હું તો ઘણો ઇચ્છી રહ્યો છું કે લાટ બળવાન હોય, પાટણ બળવાન હોય, અવંતી પણ બળવાન હોય—ને દક્ષિણનરેન્દ્રોની નર્મદાથી આગળ વધવાની આશાને ધૂળમાં રોળતા હોય! પણ એ કાંઈ બનવાનું છે? બકરાના ગળાના આંચળમાંથી કાંઈ દૂધ મળે ?'

'પણ અમે પાટણ આવ્યા ત્યારે તમે ક્યાં સૂઈ ગયા હતા? અમે તો સંબંધ બાંધવાને આવ્યા હતા !'

'એમ નહિ, શંકરજી! હવે એમ નહિ,' મુંજાલ કોઈ અદ્દ્ભુત સચ્ચાઈથી બોલતો હોય તેમ અવાજ, મુખમુદ્રા ને રણકો ત્રણેનો મેળ સાધી રહ્યો: 'હવે એમ નહિ—આપણી સાચી નેમ હજી પણ છુપાવતા ફરીએ, તો આ પાટણ ને લાટની મૈત્રીની વાતનો કાંઈ સાર જ નથી. તો તો બહેતર છે કે તમે તમારે કામે વળગો, ને હું નવરો નર્મદાકિનારે આંટા મારું !'

'કેમ એમ બોલ્યા? અમે પાટણમાં આવ્યા હતા એ ખોટું છે?'

'આવ્યા એટલે શું થઈ ગયું? તમે પાટણમાં સંબંધ બાંધવા આવ્યા હતા? તમે તો અમને છેતરવા આવ્યા હતા! એમ નહિ, શંકરજી! હવે આપણે વાત કરવી હોય તો નિખાલસતાથી કરીએ. એ વખતે હજી મારી સ્થિતિ પણ શી હતી! એ તો સારું થયું કે આ નર્તિકાને પાટણમાંથી મંત્રીશ્વરે કાઢી, રાજાને મારામાં જરા શ્રદ્ધા આવી, મને વાત કરી, મહારાણીબાને પણ એ ઠીક લાગ્યું, અને મંત્રીશ્વરને અંધા-

રામાં રાખી મને સ્થાન તરફ મોકલવાનું નક્કી થયું. નર્તિકા ત્યાં છે એવા સમાચાર મળ્યા છે, એટલે હું જાઉં છું. આજ આપણે વાત થઈ, ને તમે બન્નેની વચ્ચેની મૈત્રીનો સૂર કાઢ્યો, ત્યારે તમને શુદ્ધ હૃદયે હું કહું છું કે મૈત્રી થઈ શકે એવો પાટણપતિ આજે ત્યાં છે. એને ચક્રવર્તી થવાનો મોહ નથી, રાજ વધારવાની તમન્ના નથી, યુદ્ધની કીર્તિનો લોભ નથી, અને સૈન્યો દોરવાનો શોખ નથી! તમારે ત્યાં પણ એ સ્થિતિ હોય, તો અત્યારે બન્ને વચ્ચે મૈત્રી થાય—મારું ચાલે તો હું તો નર્મદાની આ પારનાં બધાં રાજ્યોને એક પ્રેમસાંકળથી બાંધી દઉં! પણ એ દિવસ ક્યાંથી? સૌ વાતો કરે, આપણું સ્વપ્ન સાંભળે, આનંદ વ્યક્ત કરે, અને પછી કહેશેઃ બહુ સારું, અમને પણ તમારું સ્વપ્ન પસંદ પડ્યું. બીજા કોઈ ચક્રવર્તી ન થવાના હોય તો અમારે થાવું નથી, ને બીજા થાવાના હોય તો અમારે પાછળ રહેવું નથી, આ એવી વાત છે. ઠીક, ભગવાન સોમનાથે ધાર્યું હશે તે થાશે!'

'પણ આપણે વાત આગળ વધારો. ચાલો, મુંજાલજી! કહો, તમે શી રીતે સંધિ કરો?'

'પહેલાં એ કે આશાને જેર કરવા તમે મદદ કરો!' મુંજાલે જાણી જોઈને શંકરને શંકા ન પડે માટે પોતાની ખરી કહેવાની વાત પાછળ રાખી દીધી. શંકરે મુંજાલમાં પણ સામાન્ય મુત્સદ્દી જોયો. એની સ્વપ્નદર્શી વાતો તો હવા માટે જ લાગી.

'ઠીક ચાલો, આશાને જેર કરવા તમને મદદ કરીએ. સ્તંભતીર્થ કોનું?'

'જે આશાને વશ કરે એનું!'

'એટલે કે તમારું?'

'અરે! શંકરજી! આપણે મહાન વાતો કરવાની હોય, ત્યારે પણ હમેશાં નાનીનાની વાતને જ ચોળ્યા કરીએ છીએ! સ્તંભતીર્થ ને સોપારાથી આપણે આગળ જતા જ નથી. આપણે એકબીજાની મૈત્રી કરતાં પ્રદેશને વધારે મહત્ત્વ આપીએ છીએ.'

'ચાલો મૈત્રી—મૈત્રીની વાત કરો—!'

'શંકરજી! તમારું લાટવાળાનું કામ નથી મૈત્રી કેળવવી તે. તમને પ્રદેશનો મોહ છે. પ્રીતિ એટલે શું—એ તો તમે તમારા દંડનાયક દેવપ્રસાદ પાસેથી પણ શીખી શકો. એની પ્રીતિ જોઈ છે?'

'કેમ કેવી છે? અમને અનુભવ થયો નથી!'

'ત્યારે એનું નામ ચૌલુક્યોની પ્રીતિ કહેવાય, શંકરજી!'

'એના બાપે રાજત્યાગ કર્યો—એની વાત કરો છો?'

'એના બાપની વાત શી કરવી હતી? એનો બાપ તો જુવાની વટાવી ગયો હતો. આણે તો સંસારનો રંગદર્શી ઉંબરો જ હજી તો જોયો છે, ઊગતી મોહક જુવાનીને પહેલે જ પગથિયે હજી તો એ ઊભો છે, ત્યાં! પણ જો જો આ વાત જગત્પાલ પાસે ન જાય હો—આ તો તમે પાટણ ને લાટની મૈત્રી વિષે વાત કરો છો, ત્યારે જો લાટમાં સત્તાનો ત્યાગ કરનારા પુરુષો કોઈ પજ્યા હોય, તો પાટણમાંથી એનો કેવો જવાબ આપનારા પડ્યા છે એના ઉદાહરણ વિષે તમને કહું છું. આના બાપે રાજત્યાગ કર્યો!'

'એ તો જાણીતી વાત છે!' શંકર બોલ્યો.

'પરંતુ આણે પણ રાજત્યાગ કર્યો છે, એ ગુપ્ત વાત

છે. કોઈને ખબર નથી. મહારાજને પણ—'

'એટલે? આ રાજગાદી નહિ સ્વીકારે? મહારાજ શતાયુ થાય, ધનવાનપુત્રવાન પણ થાય—પણ મહારાજ નહિ હોય, કોઈ વારસ ન હોય—'

'તો આ તમારો જુવાન રણરંગી દંડનાયક દેવપ્રસાદ છે નાં, એ પાટણના મહારાજ્યને શિવનિર્માલ્ય ગણીને હાથ જોડી છેટે ઊભો રહે! એની સામું પણ ન જુએ—ચૌલુક્ય રાજવંશીની શોધ મંત્રીઓએ કરવી રહી!' મુંજાલે કહ્યું: 'એ આ દેવપ્રસાદ!'

'એમ?'

'ત્યારે નહિ? આણે તો મા સરસ્વતીના જળથી શપથ લીધા છે..'

'કે?...'

'અરે! શંકરદેવજી! તમે છો? આ બીજું કોણ? મુંજાલ મહેતા છે?' પાછળથી ટેકરો ચડીને આવતા જગત્પાલનો અવાજ સાંભળીને બન્ને ઊભા થઈ ગયા. મુંજાલે પ્રણામ કર્યા: 'હા, મહારાજ! આ કિનારેથી જરા દેખાવ જોતા હતા. સામે સૂર્ય ડૂબે છે!'

'દેખાવ તો ત્યાંથી બહુ સરસ આવે છે—પેલો ઉત્તુંગ ખડક નર્મદાના જળને જોતો ઉભો છે ત્યાંથી—દંડનાયક રહે છે ના એ ખડક! શંકરજી! આવો છો? આપણે જરા એ બાજુ લટાર મારી લઈએ—ઘોડાં લઈને ભૂપત પરબારો ત્યાં આવશે. આપણે આમ કાંઠે ચાલતા જઈએ. તમે આવો છો, મુંજાલ મહેતા!'

'પ્રભુ! મારે તો શંકરજીનું જરા કામ હતું, એટલે આંહીં આવ્યો હતો, મારે કાલે નીકળવું છે પાછું—'

'ક્યાં જાઓ છો ?'

'સ્થાનક !'

'એમ ? ઠીક ત્યારે—' શંકર ને જગત્પાલ બન્ને ચાલતા થયા.

શંકર જગત્પાલ સાથે થોડે ચાલ્યો, ને પછી તે કાંઈક રહી ગયું હોય તે લેવા આવતો હોય તેમ પાછો ફર્યો. 'મારી મુદ્રિકા. . . મંજુલ મહેતા !' તે મોટેથી બોલતો પાસે આવ્યો. ધીમેથી કાનમાં કહ્યું: 'તમે શું કહેતા હતા, મહેતા ! શા શપથ લીધાની શી વાત હતી ?'

'હાં, હાં, એ તો આ તમારા દંડનાયકે શપથ લીધા છે, મા સરસ્વતીનું જળ લઈને, કે પાટણનું સિંહાસન મહારાજ કર્ણદેવવિહોણું બને તે જ સમયે દેહ અગ્નિદેવને સોંપી દેવો !'

'હેં ! . . અરે ! મહેતા ! દુર્લભરાજ સોલંકીએ પણ એ જ સમાચાર આપ્યા હતા. ખરેખર એમ શપથ લીધા છે ?'

'શંકરદેવજી વાત ગુપ્ત છે હો, ફેલાવતા નહિ. આવા મહાનુભાવો પાટણમાં પડ્યા છે. એટલે એની મૈત્રી કરવા જેવું છે, એ દર્શાવવા આ તમને કહ્યું. ચાલો—મારે પણ જવું છે !'

શંકરદેવ ચાલી નીકળ્યો. એ જગત્પાલ પાસે પહોંચ્યો ત્યાં સુધી મુંજાલ એની પાછળ જોઈ રહ્યો. થોડી વાર પછી જગત્પાલને આશ્ચર્યમાં હાથ ઊંચો કરી વાત કરતો મુંજાલે દીઠો.

'મૂરખો !' મુંજાલ એ દૃશ્ય ઉપર નજર કરતો બીજી તરફ વળી ગયો: 'વાતને એ ઘડી પણ પેટમાં રાખી શક્યો નહિ !'

૧૯. પદ્માક્ષી

મુંજાલે ધાર્યું હતું તેમ જ બન્યું.

શંકરના આપેલા સમાચાર સાંભળીને જગત્પાલ વ્યગ્ર થઈ ગયો. એને લાગ્યું કે લાટની પ્રતિષ્ઠાને તો કલંક લાગ્યું પરંતુ કન્યાને પણ લાગ્યું—ને હાંસી થઈ એ વધારામાં. મહારાજ કર્ણદેવના સિંહાસનના પાયા હચમચાવી મૂકવા માટે પદ્માક્ષી હતી. પદ્માક્ષી પાટણમાં જાય—તો એ લાટનો એક સબળ પક્ષ સ્થાપે. પાટણની રાજનીતિમાં એનું મહત્ત્વ પડે. લાટને વહેલેમોડે વિજયમાર્ગ સંપડાવે. ક્ષેમરાજદેવે રાજત્યાગ કર્યો હતો. પણ દેવપ્રસાદે કાંઈ રાજત્યાગ કર્યો ન હતો. રાજ-ગાદીનો ખરો વારસ તો દેવપ્રસાદ હતો. એની મા મરુભૂમિની હતી. નડૂલનો પાટવી *પૃથ્વીપાલ કર્ણ સાથે વૈર રાખતો. માલવપતિ ઉદયાદિત્ય પણ પાટણવિરોધી હતો. એ બધા દેવપ્રસાદની પડખે ઊભા રહેવા માટે તૈયાર થાત. લાટ પણ દેવપ્રસાદને મદદ કરત. પરિણામે પાટણ ઉપર દેવપ્રસાદની સત્તા હોત, અને એ દેવપ્રસાદ લાટના ઉપકાર નીચે પણ

* ભીમદેવના સમયમાં બાલપ્રસાદ. તેનો ભત્રીજો પૃથ્વીપાલ. કર્ણ સામે એ લડેલો.

હોત. પાટણના ભાવિ મહત્તાના સ્વપ્નને ધૂળમાં રગદોળવાની જગત્પાલની પહેલી બાજી ન ચાલી—ક્ષેમરાજદેવે અસાધારણ ત્યાગ કર્યો એટલે; આજે બીજી બાજી પણ એના જ પુત્રે ધૂળમાં મેળવી—અને એ પણ એવા જ ત્યાગથી.

પણ પદ્માક્ષીએ તો સાચા પ્રેમથી દેવપ્રસાદ માટે હૃદય ખોઈ દીધું હતું. જગત્પાલની દૃષ્ટિને એમાં હવે કેવળ મૂર્ખતા લાગી. દેવપ્રસાદને ક્યારેક પણ સાધી શકવાની આશા હોત, તો તો એ સંબંધનો કાંઈક પણ અર્થ હતો. પણ છોકરો બાપ કરતાં સવાયો નીકળ્યો. બાપે તો માત્ર રાજત્યાગ કર્યો હતો; આણે તો રાજરક્ષણ માટે દેહત્યાગ સુદ્ધાં કરવાની પ્રતિજ્ઞા લઈને કર્ણદેવ પ્રત્યે નિઃસીમ ભક્તિ દેખાડી હતીઃ પાટણના રાજકારણમાં ક્યાંય લેશ પણ શંકાનું વાદળ ન દેખાય, તો તો પદ્માક્ષી પણ ત્યાં જઈને શું કરવાની હતી? તો પદ્માક્ષીને ત્યાં મોકલવાનો અર્થ પણ શો હતો? પછી તો લાટ માટે છેલ્લો એક જ ઉપાય હતો—લડી લેવાનો. જગત્પાલે પદ્માક્ષીને સમયસર ચેતાવી દેવાનો નિશ્ચય કર્યો. તેણે પદ્માક્ષીને તરત બોલાવી.

'પદ્માક્ષી! દુર્લભરાજ સોલંકીએ તો મને પહેલેથી ચેતાવ્યો હતો—પણ મારા મનને એમ હતું કે દેવપ્રસાદનું અંતઃકરણ આપણા તરફ વળ્યું છે એટલે વહેલેમોડે લાટ લડતમાંથી બચી જશે. અને એમ બચતું હોય તો ભલે આ સંબંધ થતો. પણ હવે લડત અનિવાર્ય બનશે!'

'કેમ એવું શું છે, કાકા? અચાનક કાંઈ થયું છે? પાટણનો કાંઈ સંદેશો આવ્યો છે?'

'પાટણે દંડનાયક તરીકે દેવપ્રસાદ મોકલ્યો એનાથી

વધારે મોટો બીજો શો સંદેશો આવવાનો હતો ? પણ લાટ પાટણનું ખંડિયું રહ્યું નથી, રહેવાનું નથી, ને રહેશે નહિ. કીર્તિપાલને રણસંગ્રામમાં જ એ પાણી મેં આપ્યું છે. ત્યાર પછી એનો જીવ ગયો! સાઠ ઉપર પહોંચવા આવ્યો છું પણ દેહને જાળવી રહ્યો છું, એટલા માટે. પરતંત્ર લાટ એ મારા હૃદયનું શૂળ છે! લાટને આંગણે વળી પાટણનો દંડનાયક કેવો ?'

'કાકા! તમને દેવપ્રસાદનો પરિચય નથી. એ માણસ નથી, દેવ છે!'

'હું જો, દીકરી ! તને કહી દઉં. હું કવિ નથી કે હૃદય પાછળ ઘેલો બનું. દેવપ્રસાદ લાટને માટે શું કરી શકે તેમ છે ? મારે તો એનું કામ છે, દેવનું કામ નથી!'

'એ લાટના દંડનાયક થઈને આવ્યા છે,' પદ્માક્ષીનો અવાજ સ્નેહભર્યો હસો: 'પણ લાટની પરતંત્રતા ધીમે ધીમે એના દ્વારા ઓછી થાશે!'

'ઓછી થાશે? પરતંત્રતા વળી ક્યાંય ઓછી ને અદકી દીઠી છે ખરી? લાટમાં કાં પાટણ સર્વોપરિ હોય, કાં પાટણનું નામોનિશાન ન હોય. ત્રીજો કોઈ માર્ગ જ ન હોય! રણડંકો તો વાગી ચૂક્યો છે, ને લડાઈ લેવાની છે!'

'ન લડવું હોય—પાટણને લડવું નથી; દેવપ્રસાદ કહે છે કે હું છું ત્યાં સુધી પાટણ લડવાનું નથી—તોપણ તમારે લડવું છે?'

'દેવપ્રસાદ તો સાધુડો છે!'

'તમને ત્યારે ખબર નથી, કાકા! એની પાસે નરપુંગવોને શરમાવે એવી મહાનુભાવતા છે. એના બાપે જેમ

પાટણનું રાજ તજ્યું—તેમ જ એક દિવસ લાટનો સીમાડો એ તજી દેશે. પાટણ પાસે તજાવી દેશે. એની પાસે એ શક્તિ છે. બીજા કોઈ પાસે એ નથી.'

'આ બોલ લાટની કન્યાના નથી. લાટની કન્યાઓ પરતંત્ર રહેવા માટે સરજાયેલી નથી. આપણે તો સ્વતંત્ર લાટ જોઈએ. એ જે રસ્તે આવે, એ આપણો ધર્મ. એ જે આપે, એ આપણો મિત્ર. એ જે રોકે, એ આપણો દુશ્મન. દુશ્મન માટે લાટને માન નથી, પ્રીતિ નથી, સહાનુભૂતિ પણ નથી. દુશ્મનો માટે સહાનુભૂતિ રાખવાનો સાધુડોધર્મ લાટનો નથી. દેવપ્રસાદ લાટનો દંડનાયક નથી—એ લાટની પરતંત્રતાનું પ્રતીક છે. એણે જવું જ જોઈએ. પોતાની મેળે જાય તો ડાહ્યો. નહિ જાય તો એને જવું પડશે. કાં એ યુક્તિથી મરશે, કાં જુદ્ધમાં મરશે, ત્રીજો કોઈ માર્ગ જ ન હોય. અને નથી.'

'પણ કાકા—દેવપ્રસા . . .'

'તું લાટની કન્યા છે . . . એ ભૂલતી નહિ,' જગત્પાલનો અવાજ ગૌરવભર્યો બન્યો. 'લાટની કન્યા હોવું એ ઓછું ગૌરવરૂપ છે કે દેવપ્રસાદનું નામ પણ તારે હવે લેવું પડે? દેવપ્રસાદને ને તારે શું?'

'પણ હું દેવપ્રસાદની પણ છું! મનથી હું એની છું!' પદ્માક્ષીના અવાજમાં મૃદુતા હતી, અને એવી જ અડગ દૃઢતા હતી.

'કોણે કહ્યું? તું દેવપ્રસાદની! દેવપ્રસાદની તું શું છે? આપણે તો દેવપ્રસાદને સાધ્યો હતો કે એક દિવસ એ પાટણનો પ્રતિસ્પર્ધી થઈને ઊભો રહે. એક દિવસ પાટણનો

મહામંડલેશ્વર બની રહે. એ વખતે લાટ ચક્રવર્તી હોય; પાટણ મહામંડલેશ્વર હોય. ભૌગોલિક રીતે પણ એમ જ હોવું જોઈ એ. સ્તમ્ભતીર્થ આપણી પાસે છે. સોમનાથ આપણી વધુ નજીક છે. કર્ણાટકવાળા આપણને વધુ ઓળખે છે. જયકેશીને આપણે રોકી રહ્યા છીએ. દક્ષિણને ઉત્તરથી વિભક્ત કરનારી નર્મદા આપણી છે. મહી આપણી છે. આપણે દક્ષિણપથના સઘળા પ્રહારો રોકી રાખનારા દુર્ગપાલ છીએ. પાટણ જ્યારે જન્મ્યું પણ ન હતું—ત્યારે લાટ તો વૈભવમાં મહાલતું હતું. મારે ફરી સ્વતંત્ર લાટને નીરખવું છે. તે વિના મારી ગતિ ન હોય. આજથી દેવપ્રસાદ આપણો દુશ્મન છે!'

'કાકા . . .!'

'હવે કાકા ને બાકા! છોકરી! નર્મદાનું પાણી પીને આટલી ધ્રૂજે છે શું? એક દેવપ્રસાદ જેવી સાધુડીને છોડતાં આટલો કંપ શું? જે નર્મદાના જળમાં તો લાટની સ્વતંત્રતા માટે અનેક વીરપુરુષો ડૂબ્યા છે, મર્યા છે, હતા ન હતા થઈ ગયા છે, એ જ નર્મદાનું પાણી શું તેં પીધું નથી કે આટલી આ નબળાઈભરેલી થોડીક ક્ષણોનો ત્યાગ કરતાં તને ધ્રુજારી આવે છે? એમાં રડે છે શું?'

'કાકા! માણસ હોત તો જરૂર હું એને તજી દેત! તમે એને ઓળખતા નથી.'

'ત્યારે આ દેવ હશે?'

'દેવ નથી; એ તો દેવેન્દ્ર છે! એની પાસે જાણે પૃથ્વીની સઘળી સુધા ભરી છે. એનામાં કેવળ રસિકતા નથી, એકલી શૂરવીરતા નથી; કોઈને સ્વપ્ને પણ શોધતાં ન જડે એવી એનામાં મહાનુભાવતા છે. માનવમાં વિરલ એવી અદ્ભુત

ત્યાગશક્તિ એની પાસે છે. એ જ્યારે ત્યાગ કરે છે, ત્યારે એ ત્યાગની કોઈ સીમા જણાતી નથી. કેવળ માનવેંદ્ર જ એવો ત્યાગધર્મ કેળવી શકે.'

'મારે તારી કવિતા નથી સાંભળવી. તું ગાંડી છે!'

'સ્ત્રી ડાહી હોય ત્યારે એ સ્ત્રી હોતી નથી; એ ગાંડી હોય ત્યારે જ એ સ્ત્રી હોય છે. હું ગાંડી નથી. મને ગાંડી એણે કરી છે!'

'ત્યારે તું લાટની કન્યા નથી. લાટની કન્યાની વાણીમાં આવી નિર્બળતા ન હોય! આવી ઘેલછા ન હોય. આવી છોકરવાદભરેલી બાલિશતા ન હોય.'

'હું એને પગે પડીશ, સમજાવીશ. પાટણ અને લાટ—બન્ને મહાન થશે, તો એક ઉત્તરના ગર્જનકોને, અને બીજું દક્ષિણના કર્ણાટકોને રોકશે. એ માનશે.'

'માનશે? તું અણસમજુ છે. એ શું માનશે? તને પાટણના રાજ્યચક્રનો ખ્યાલ નથી. મોટામાં મોટો પણ એ રાજ્યચક્રના એક આરારૂપે જ પાટણમાં કામ કરી શકે. દેવપ્રસાદ ગમે તેટલો મહાનુભાવ કેમ નથી—એ એક આરારૂપે જ પાટણમાં છે. એથી વધુ એ કાંઈ નથી. તને એ સત્તાકાંક્ષી મંત્રીઓનો પરિચય નથી. એમના ચક્રમાં ન બેસે એને એ તરત ઉખેડીને ફેંકી દે. દેવપ્રસાદ શું માનશે?'

'મારું કહેવું. પાટણ લાટને સ્વતંત્રતા આપે તો?'

'છોકરી!' જગત્પાલ ઠંડી ઉપેક્ષામાં હસી રહ્યો. 'તારો બોલ જ હવે લાટની કન્યાનો નથી રહ્યો. સ્વતંત્રતા કોઈ કોઈને આપે ખરું? સ્વતંત્રતા એ શું આપવા જેવી કે માગવા જેવી વસ્તુ છે? સ્વતંત્રતા માગ્યે મળે? માગ્યે

૧૨

મળે એ સ્વતંત્રતા હોય ? તને—લાટની કન્યાને શું મારે કહેવાનું હોય કે, હાથીના કુંભસ્થળ ફાડનારી સમશેરના પાણીનું સ્વતંત્રતા એ તો મોતી છે. એ માગી મળતી નથી, કોઈનાથી અપાતી નથી, આપવાની એ વસ્તુ નથી. તારો આ વિષય નથી. જા—તું—તારી મા પાસે જા—દેવપ્રસાદને અમે સમજી લેશું !'

'હું એને વીનવીશ—પગે પડીને વીનવીશ,' પદ્માક્ષી બોલી.

'પણ તું શું વીનવીશ—?'

'તમારી પાસે તો, કાકા ! સમશેર છે. મારી પાસે સ્ત્રીનું હૃદય છે. તમને એમાં શી સમજ પડશે ?'

'માથું અફાળી જો ત્યારે—એ દેવપ્રસાદ છે. એ સાધુડો છે. એણે તો ક્યારની પ્રતિજ્ઞા પણ લીધી છે—'

'શી ?'

'તે તારે જાણીને શું કરવું છે ?'

'મહારાજ !' અચાનક શંકરે પ્રવેશ કર્યો.

'કેમ શું છે, શંકર ?'

'સાંભળ્યું પ્રભુ ? આહવમલ્લે જલસમાધિ લીધી !'

'આહવમલ્લે ? હેં !' જગત્પાલનો અવાજ આશ્ચર્યથી ફાટી ગયો. 'આહવમલ્લે જલસમાધિ લીધી ? કોણે સમાચાર આપ્યા ? કુંતલેશ્વર જેવા જલસમાધિ લે ? શા માટે ?'

'દક્ષિણાપથના યાત્રાળુઓએ કહ્યું. આપણા ગુપ્તચરો પણ એ જ સંદેશો મોકલી રહ્યા છે !'

'પણ શા માટે જલસમાધિ લીધી ? આહવમલ્લ જેવાને એવા કયા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય ? એના જેવા રણ-

રંગી પુરુષે રહી રહીને આવું પગલું ભર્યું ? રાજગાદી ઉપર ત્યારે કોણ આવ્યું ? '

' પ્રભુ ! આહવમલ્લ તો જીવનભર કાંચીના ચોલ રાજાઓ સાથે લડ્યા હતા. કોઈ વખતે હાર્યા હતા. અનેક વેળા જીત્યા હતા. પણ આ વીર રાજેન્દ્ર ચોલે * વિજયવતીમાં એક મહાન પરાજય એમને આપ્યો ત્યારથી એમનું મન ખાટું થઈ ગયું હતું. એમના જેવા રણરંગીને એ પરાજય મૃત્યુના ઘા જેવો લાગ્યો. આહવમલ્લે બીજી લડાઈ આપી. બીજી લડાઈએ એને ભોંભેગા કરી દીધા. પોતાની પુષ્પક હાથિણી એમણે ખોઈ. મધુવન જેવો સેનાપતિ ખોયો. વિક્રમાંકદેવ જેવા પુત્રને રણમાંથી નાસતો જોયો. જયસિંહ જેવા નરકેસરીને ભાગતા દીઠા. આહવમલ્લે દૃઢ મનોબળ કરીને ત્રીજું આહ્વાન ચોલરાજને મોકલ્યું. તુંગભદ્રાને કાંઠે ફરી યુદ્ધ થયું. ચોલરાજનો યશસ્તંભ નદીને કિનારે ગૌરવભેર ઊભો રહ્યો. કુંતલેશ્વર સોમેશ્વર આહવમલ્લ આ અપયશ સહી શક્યા નહિ. એક દિવસ પ્રભાત સમયે ઊઠી—તુંગભદ્રામાં સ્નાન કરી, પવિત્ર થઈ, ભગવાન સૂર્યદેવને પ્રણમી તેમણે જલમાં પ્રવેશ કર્યો. નદીના તરંગમાં આનંદભેર આગળ ને આગળ વધ્યા. કંઠ સુધી જલ આવ્યું. વાજિંત્રો વાગવા લાગ્યાં. સોનાનાં, મોતીનાં ને હીરાનાં દાન અપાવા માંડયાં. થોડીવારે મા તુંગભદ્રાએ એમને પોતાના ખોળામાં લઈ લીધા ! '

' જલસમાધિ લીધી ? ' પદ્માક્ષીનો ધ્રૂજતો અવાજ આવ્યો. એનું હૃદય ધ્રૂજી ઊઠયું. ' જીવતે જીવત પાણીમાં ડૂબી મર્યા ? એમ જીવ કેમ ચાલ્યો ? '

* બેઝવાડા.

શંકર જવાબ આપવા જતો હતો, પણ જગત્પાલના ચહેરાને જોઈને એ થંભી ગયોઃ ‘ શંકર ! આહવમલ્લે જે કર્યું છે એ બરાબર છે. જિંદગીભરનો યોદ્ધો આ સિવાય બીજું કરી શું શકે ? જલ સિવાય બીજું કોણ એને શાંતિ આપે ? ’

જગત્પાલનો અવાજ હૃદયમાંથી જાણે ધ્રૂજતો આવતો હતો. પદ્માક્ષી એ સાંભળતાં કંપી ગઈ.

‘ પણ આપઘાત કરે, કાકા ? આત્મહત્યા જેવું મહા-પાપ કરે ? ’

‘ મારી મા રેવા જાણે છે કે એ *આપઘાત નથી, મહાપાપ પણ નથી !’ જગત્પાલ બોલ્યો. એનો અવાજ ગંભીર, વેદનાપૂર્ણ પણ દૃઢ હતો. એ સાંભળતાં પદ્માક્ષીનાં રૂંવાડાં ઊભાં થઈ ગયા. ‘ વીરજન માટે એ જ રસ્તો છેઃ શંકર ! કાં જલ, કાં રણ ! ’

‘ બહેન ! બા ! ’ શંકરે કહ્યું. ‘ પરાજય એટલે શું એ એ તમને હમણાં નહિ સમજાય. ’

‘ પદ્માક્ષી ! આ ચૌલુક્યોનું લોહી લાટના પૂર્વજોમાં છે ! ’ જગત્પાલ થોડી વાર પછી બોલ્યો ત્યારે એમાં ખડક જેવી દૃઢતા હતી. ‘ પરાજય કે પરાભવ નહિ—પ્રાણત્યાગ એ જ્યાં સુધી લાટનું નાનામાં નાનું છોકરું પણ આચરી જાણે છે, ને લાટની સુંદરીઓ હીંચકાની દોરીમાં પ્રાણત્યાગનો મહિમા ગાય છે, ત્યાં સુધી પાટણ લાટને વશ રાખી રહ્યું ! પ્રાણત્યાગ

* કુંતલેશ્વર આહવમલ્લે જલસમાધિ લીધી હતી. એનું વર્ણન ‘The Chalukyan Architecture of the Kanarese Districts Archeological Survey of India, by Henry Cousens,’ Vol. II, page 11—એમાંથી લીધેલ છે.

કરવાની ખરી વેળાએ જે પ્રાણત્યાગ કરે છે, એ તો પ્રજાને પ્રાણ આપે છે. આહવમલ્લના આ પ્રાણત્યાગે તો આજે આખું કર્ણાટક બેઠું થઈ જશે. પ્રાણત્યાગ કરવાની એક વિરલ પળ હોય છે; કોઈક જ એ જાણે છે.'

'પ્રભુ ! દક્ષિણના બીજા સમાચાર પણ આવ્યા છે—' શંકરે ધીમેથી કહ્યું.

'શું ?'

શંકરે જવાબ આપવામાં સહેજ વાર લગાડી. જગત્પાલ કળી ગયો. 'પદ્માક્ષી ! હમણાં આવું—' તે શંકર સાથે બહાર ગયો.

'પ્રભુ !' શંકરે જગત્પાલને જરાક જ દૂર જતાં કહ્યું: 'જયકેશીની મીનલદેવીને તો સોમનાથનું ઘેલું છે. એ ગુજરાતને ઝંખે છે !'

'બ્રહ્મદેવે સમાચાર મોકલાવ્યા છે ?'

'હા.'

જગત્પાલ થોડી વાર શાંત રહ્યો.

'શંકર ! તો, લાટ લડી લેશે. આપણે આશાને સાધો !'

બન્ને જણા મંત્રણાખંડ તરફ ગયા.

વૃદ્ધ કાકાને જતા પદ્માક્ષી જોઈ રહી. લાટના ગૌરવના છેલ્લા અવશેષ સમા એ હતા. પદ્માક્ષી એમના શબ્દે વિચારમાં પડી ગઈ. થોડી વારમાં આકાશમાં ધીમેધીમે તારા દેખાવા માંડ્યા. ચંદ્ર સ્વચ્છન્દે એકલવિહારી બનીને નર્મદાકિનારાને શણગારી રહ્યો. પદ્માક્ષીને કાંઈક વિચાર આવ્યો. તે ઊભી થઈ. સોનેરી રણકાર કરતી ઝાંઝરીને કાઢીને તેણે એક બાજુ મૂકી દીધી. પોતે કોઈ ન દેખે તેમ પાછળના વરંડામાં ગઈ. ત્યાંથી

એ એકલી નર્મદા કાંઠે કાંઠે દેવપ્રસાદના મહાલય તરફ ચાલી.

નદી નર્મદાના ગૌરવ જેવા એક ઉત્તુંગ ખડકના શૃંગ ઉપર દંડનાયકની મનોહર હવેલી હતી. એના અતિ રમણીય ઝરૂખા નર્મદાના જળ ઉપર ઝૂકી રહેતા. એમાં પ્રગટાવેલી સોનેરી દીપાવલિ, આકાશના ફૂલની જેમ, નર્મદાના જળમાં રમવા પડતી. પદ્માક્ષી છેક નદીકિનારે પહોંચી. કોઈક માછીમાર જેવો ત્યાં ઊભો હતો: 'અલ્યા હોડકું છે?' પદ્માક્ષીએ એને પૂછ્યું.

માછીમારને સ્વરની મોહિની અપૂર્વ લાગી: 'હા, બા! છે!'

'ચાલ ત્યારે—પેલી દીપાવલિ દેખાય છે એ બાજુ લે–!'

'ત્યાં નહિ જવાય, બા! એ તો દંડનાયકનો ઝરૂખો છે!'

'જવાશે—તું તારે લઈ લે ને!'

'અરે બા! વીંધી નાંખે—દેખે તો—એ તો પાટણનો કુંવર છે! પંખી નથી ફરકતાં, ત્યાં કાંઈ માણસનું ગજું છે?'

'નહિ વીંધે—હું છું ને—' પદ્માક્ષીએ હસીને કહ્યું: 'તું તારે લઈ લે!'

થોડી વારમાં ઝરૂખા નીચે આવીને હોડી થોભી. પદ્માક્ષીએ સાદ કર્યો.

'અરે! આ શું? તમે આંહીં ક્યાંથી? આમ આ બાજુ ક્યાંથી આવ્યાં? આ બાજુ કેમ આવ્યાં?' ઉપરથી દેવપ્રસાદ ડોકાયો.

'આજ તો આમ મન થયું. ચૌરવૃત્તિ કરવાની મરજી થઈ આવી. ઉપરથી દોરડું તો ફેંકો!'

'પણ એમ શું કરવા?'

'જોઈએ તો ખરા—જુવાનજુવતી એકબીજાને શી

રીતે મળતાં હશે ! લ્યો, દોરડું ફેંકોને, કે હિમ્મત નથી થાતી ? તો પછી તમે નીચે આવો !' પદ્માક્ષીએ લાડઘેલી વાણી કહી.

દેવપ્રસાદે ઝરૂખાની થાંભલી સાથે દોરડું બાંધીને નીચે ફેંક્યું. પદ્માક્ષી સડેડાટ ઉપર ચડવા માંડી: ' અલ્યા ! તારું હોડકું લઈ જાજે હો !' તેણે ઉપર ચડતાં ચડતાં કહ્યું, ' આજ તમે આ બાજુથી આવ્યાં, પણ એ તરફ ચોકીદારો વગર પડકાર્યે તીર ફેંકે છે હો !' દેવપ્રસાદે પદ્માક્ષીને કહ્યું.

' એમ ? એવા તીરને કોઇ હાથમાં પકડી લેવાની શક્તિ ધરાવતું હોય તો ? એ આવે કે ન આવે ?'

' એ આવે . . '

' ત્યારે ?'

બન્ને જણાં ઝરૂખામાં બેઠાં. દૂર દૂર સુધી નર્મદાનાં જળ ઉપર ચાંદની રમી રહી હતી. સામે કાંઠે વનરાજિમાંથી લહેરાતો પવન ધીમી, મીઠી, મોહક અને માદક સુગંધ લાવી રહ્યો હતો.

' આજ તમે આમથી કેમ આવ્યાં ? ને આટલાં કેમ ઉદાસ દેખાઓ છો ?'

' આજ હું ચોરીછૂપીથી આવી છું. હવે હમેશ ચોરી કરવી પડશે. ને એ છાની પણ રાખવી પડશે !'

' પણ કાંઈ કારણ ?'

' કારણ તો, મહારાજ ! મને શી ખબર પડે ? તમને ખબર નહિ હોય ? તમે દંડનાયક થઈને આવ્યા છો, તમને તો બધી ખબર હોય !'

' કાંઈ થયું છે ? કેમ તમે આજ ચોરંગી સંભારતાં નથી ?'

'ચોરંગી ક્યાંથી સાંભરે ? લાટવાળાને હરપળે તમારી ચોકી સાંભરે છે !'

'આજ તમને આ નવી ઘેલછા લાગી છે કે શું ?'

'પાટણને ત્યારે આ શું ઘેલું લાગ્યું છે, મહારાજ ! કે બસ લાટને વશ રાખવું, રાખવું, ને રાખવું. લાટ કોઈને વશ રહે ખરું ? દંડનાયકને એ સાંખી શકે ખરું ?'

દેવપ્રસાદ પદ્માક્ષીના વાક્યે સચેત થઈ ગયો. પણ એ વીરપુરુષ હતો. એવી ચેતવણી સાંભળવાની એને ટેવ ન હતી. એણે પોતાનું મોહક સ્મિત કર્યું: 'પદ્માક્ષી ! આવી મીઠી ચાંદનીમાં આવા સુંદર નદીકિનારે, અત્યારે તે ચોરંગી રમવાની હોય, કે આવી નમાલી રાજકારણની વાતો કરવાની હોય ?'

'ચોરંગી રમીએ, મહારાજ ! હું એ રમવાને જ આવી છું.' પદ્માક્ષીના આખા શરીરમાં એક પ્રકારની રોમાંચક ધ્રુજારી આવી ગઈ. 'પણ તમને ખબર તો છે નાં કે લાટ આ સહી શકતું નથી !'

'શું ?'

'આ પરતંત્રતા. પટ્ટણીઓનો આંહીં પગદંડો. કુંતલેશ્વર આહવમલ્લે જલસમાધિ લીધી—એ ખબર મહારાજને મળ્યા ?'

'કુંતલેશ્વરે જલસમાધિ લીધી ? શું કહો છો ? કુંતલેશ્વર જેવાએ ?' દેવપ્રસાદને આશ્ચર્ય થયું.

'પ રા જ ય સહેવો એવો વિકટ છે, મહારાજ ! ચોલરાજ રાજેન્દ્રે એમને આપેલો પરાભવ સહન થઈ શક્યો નહિ: અને એમણે જલસમાધિ લીધી ! અમે લાટવાસીઓ એ વંશના ! પ રા જ ય અને પરરાજ્ય લાટને નહિ ફાવે !

હું તમને એ કહેતી હતી, મહારાજ! શા માટે લાટ ને પાટણ બન્ને સ્વતંત્ર મિત્રરાજ્યો થઈને ન રહે? એથી બન્ને બળવાન બનશે!'

'મને લાટમાં રસ નથી; લાટની સુંદરીમાં છે. પાટણમાં પણ રસ નથી; પાટણપતિમાં છે!' દેવપ્રસાદની નિખાલસ વાણી આવી.

'ત્યારે તમે પાટણપતિને સમજાવો. એ તમારું માનશે!'

'પાટણમાં તો મહાઅમાત્ય સાંતૂ મહેતા છે!'

જગત્પાલના પાટણના જ રાજ્યચક્રના અનુભવી શબ્દો પદ્માક્ષીને સાચા લાગ્યા.

'અને તમે? તમે ત્યારે શું છો? તમે કાંઈ નથી?'

'હું? હું તો મહારાજ કર્ણદેવનો રણપ્રતિહારી. જ્યાં મહારાજ ત્યાં હું! રાજ કેમ ચલાવવું એ મહાઅમાત્ય જાણે. રાજને કેમ રક્ષવું એ મહારાજ જાણે.'

'પણ ત્યારે તમે શું જાણો? હું તમને પૂછું છું, મહારાજ! તમે કાંઈ જાણો કે નહિ?'

'હું તો શાંતિ હોય ત્યારે સુંદરીઓ સાથે ચોરંગી રમી જાણું; અશાંતિ હોય ત્યારે રણમાં તલવાર ખેલી જાણું; મહારાજની પડખે યુદ્ધમાં ખપી જાણું. મને ત્રણ જ વાતની ગતાગમ. સૈનિકની, સુંદરીની, સ્વર્ગની. પાસે સમશેર હોય, સામે તમે હો, વચ્ચે ચોરંગી હોયઃ પછી દુનિયા આખી જખ મારે! મને, પદ્માક્ષી! સાચું જ કહું છુંઃ લાટ, પાટણ, રાજનીતિ, પરતંત્રતા, એ સઘળામાંથી કોઈની કાંઈ ખબર નથી. ચાલો, હવે ચોરંગી રમવી છે? લાવું...?'

પદ્માક્ષીનું અંતર ઊંડું ઊંડું ઊતરી ગયું હતું. એના અંતઃકરણમાં કુંતલેશ્વરની જલસમાધિ—અને એ સમાચાર સાંભળીને હાલી ગયેલી વૃદ્ધ જગત્પાલની મુખમુદ્રા—એ ઊગી નીકળ્યાં. ધીમેધીમે તુંગભદ્રામાં ચાલ્યો જતો કુંતલેશ્વર દેખાયો. ધીમેધીમે મા રેવાના જલમાં જતો જગત્પાલ નજરે પડચો. તેણે એક અદશ્ય કંપારી અનુભવી. તે અચાનક બેઠી જેવી થઈ ગઈ: અને પાછી તરત સ્વસ્થ થઈ ગઈ.

'લાવું છું ત્યારે! આવી મિઠ્ઠી ચાંદનીમાં તમે ચોરંગી મૂકી અને આવી વાત શું લાવ્યાં?' દેવપ્રસાદ બોલ્યો.

કાંઈક નિશ્ચય કરતી હોય તેમ પદ્માક્ષી બોલી:

'ખરેખર, મહારાજ! તમને બીજી કોઈ વાતમાં રસ નથી?'

'બીજી કઈ વાત રસ લેવા જેવી છે, એ તો તમે મને કહો! આજ દિવસ સુધી દુનિયામાં જીવી તો માત્ર એક જ જાણુ ગયો છે. મ હા રા જ મુંજ! એને સૈનિકનો રસ લેતાં આવડચો, સુંદરીનો રસ લેતાં આવડચો, અને સ્વર્ગનો રસ લેતાં પણ આવડ્યો! એને જીવતાં આવડયું. અને જીવતાં કરતાં વધુ —એને મરતાં આવડયું!'

'મહારાજ! ત્યારે લાવો—તમે મને પરાજય નથી આપ્યો—એવી નીતિ તમને સ્વપ્નમાં ય ન આવે—પણ તમે જુદી જ માટીના માનવી છો—...'

પદ્માક્ષીની વાણીનો ભાવાર્થ દેવપ્રસાદ ગ્રહી શકચો નહિ. એ તો ચોરંગી લેવા માટે અંદરના ખંડમાં દોડચો.

પદ્માક્ષી એને જતો જોઈ રહી. એણે એક ઊંડી અકથ્ય વેદના અનુભવી. થોડી વાર પછી એણે બહાર દૃષ્ટિ

કરી, તો મા રેવાનાં જળ રૂપેરી ચાંદનીમાં એવાં મનોહારી લાગતાં હતાં કે જાણે મોતીની ચાદર માએ ઓઢી હોય! પદ્માક્ષી બેઠી થઈને ઝરૂખામાં એક ક્ષણભર ઊભી રહી. એ દૃશ્ય એ જોઈ રહી. રેવામાં જલસમાધિ લેતો જગત્પાલ એની દૃષ્ટિએ જાણે આવીને ઊભો રહી ગયોઃ એ ધ્રૂજી ગઈ. આ દૃશ્યે એને હલાવી દીધી. 'લાટની કન્યા પરાજય સહે નહિ—પરાજય સહે નહિ—' એના મનમાં મોટો શબ્દ થઈ રહ્યો. 'અને જીવતાં કરતાં વધુ—મરતાં આવડ્યું મહારાજ મુંજને!' એના કાને દેવપ્રસાદનો અવાજ સંભળાતો હતો. 'ખરે ટાણે પ્રાણ ત્યાગે એ તો પ્રજાને પ્રાણ આપે—' જગત્પાલના એ શબ્દો પાછા કાને પડ્યા. એટલામાં તેણે દેવપ્રસાદનો ઉતાવળે આવતો પગરવ સાંભળ્યોઃ અને થોડી વારમાં દેવપ્રસાદને એણે ખંડમાં પ્રવેશ કરતો જોયો. 'પ્રાણત્યાગે, ખરે ટાણે, એ પ્રાણ આપે'—એના મનમાં એક જ વિચાર ઘૂમી રહ્યો. હવે થોભવાનો વખત ન હતો. તેણે બે ડગલાં આગળ ભર્યાં

'મા! રેવા! મા! મને પણ લેજો—ત્યારે, તમારા ખોળામાં! તમારી રૂપેરી ચાદરમાં, મા!'

પદ્માક્ષીએ એકદમ નીચેનાં નર્મદાના નીરમાં જોરથી ધૂબકો માર્યો. દેવપ્રસાદે એને પડતી—નીચે જતી જોઈ. એ દોડ્યો. એણે ચોરંગી ફેંકી દીધી. ઝરૂખામાં આવ્યો. નીચે દૃષ્ટિ કરીઃ એક ક્ષણમાં પદ્માક્ષીને વિલીન થઈ જતી જોઈ. વાંસવા વાંસવા ઊડેલા પાણીના છંટકાવથી ઝરૂખો ભીંજાઈ ગયો. તેણે ઝડપથી દોરડું પકડ્યું. સડેડાટ નીચે ઊતર્યો. અરધે રસ્તેથી જ પાણીમાં ઝુકાવ્યું. ડૂબકી મારી અંદર ગયો. ઉપર આવ્યો. જલમાં રસળતી એકલી ચાંદની નીરખી. મોટેથી બૂમ પાડી. 'દોડો!

દોડો! અલ્યા? કોણ છે? પદ્માક્ષીદેવી પાણીમાં પડ્યાં છે. કોઇને ખબર કરો. અલ્યા કોણ છે?' કોઈ આવતું નજરે ચડ્યું નહિ. તેણે જોરથી શ્વાસ થંભાવી ફરી પાણીમાં ડૂબકી મારી.

દેવપ્રસાદ જ્યારે ફરીને પાણીમાંથી બહાર આવ્યો, ત્યારે પોતાની તરફ આવતું એક હોડકું એની નજરે ચડયું. એણે ચારે તરફ દૃષ્ટિ ફેરવી, પણ ક્યાંય પદ્માક્ષીનો પત્તો ન હતો. અઠંગ તરનારી હોવા છતાં એ બહાર ન જ આવી, એટલે એ જાણીજોઈને પાણીમાં જઈ પડી હતી એ નક્કી થયું. આજે લાટ વિષે જે વાત નીકળી હતી, તેની સાથે આ વસ્તુનો સંબંધ હોય એવું સહજ અનુમાન એના મનમાં આવી ગયું. દેવપ્રસાદનું અંતઃકરણ એનો વિચાર કરતાં ધવાયું. એ ડૂબકી મારી મારીને ચારે તરફ ફાંફાં મારી થાકી ગયો હતો. એટલે એણે જેવું હોડકું આ બાજુ આવતું દીઠું કે તરત તે તરફ એ તરતો ગયો.

'અલ્યા! કોણ છે અંદર? છે કોઈ તરૈયો?'

'મહારાજ!'

દેવપ્રસાદ ચમકી ગયો. અવાજમાં મુંજાલ મહેતાનું સામ્ય જોઈ એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'કોણ છે? મહેતા! તમે છો?'

'એ તો હું છું, દેવપ્રસાદજી! મુંજાલ. તમે અત્યારે આંહીં પાણીમાં ક્યાંથી? ઉપર આવતા રહો—અલ્યા! હોડી એ બાજુ લે!'

'ઉપર ક્યાંથી અવાશે? પાણીમાં પદ્માક્ષી પડી ગયેલ છે!'

'પડી ગયેલ છે? ત્યારે આ ધમાલ એની લાગે છે!'

'છે કોઈ તરૈયો તમારી સાથે? ડૂબકી મારવાવાળો!'

'ના, નથી. અને હોય તોપણ ખોટી થવાનો વખત નથી, કુમાર! તમે જલદી ઉપર આવતા રહો. રાજમહાલયમાં અત્યારે મોટી ધમાલ ચાલી રહી છે. કુમારીનું હરણ થયું એમ વાત થઈ રહી છે. લાટના સૈનિકો તમારી હવેલી ઉપર હમણાં આવી પહોંચશે!'

'છો આવતા!'

'છો આવતાની વાત નથી. હરણની વાત સાચીખોટી ગમે તેણે ફેલાવી હોય, પણ તેણે લાટ અને પાટણ વચ્ચેના આગામી યુદ્ધની ચિનગારી ફૂંકવા માટેની એ જુક્તિ ગોઠવી છે. આ હોડકામાં જલદી આવતા રહો—અમરાવતી પહોંચી જાઓ, મહારાજ! લાટવાળાને દંડનાયક જોઈતો નથી, અને આ બહાનું મળી ગયું છે! અમરાવતી પહોંચી જાઓ!'

'પણ પદ્માક્ષીને લીધા વિના? આંહીં એને ડૂબવા દઉં એમ?'

'દેવપ્રસાદજી! વાતમાં વખત કાઢવાનો આ સમો નથી. પદ્માક્ષી પાણીમાં પડ્યાં છે—એ કાંઈ તમે થોડાં પાડ્યાં છે?'

'એટલે હું એને તજીને ચાલ્યો જાઉં એમ?'

'હમણાં—સૈનિકો આવશે; તમારી હવેલી ઉપર હલ્લો લાવશે; લાટ પાટણ વચ્ચેના કલહની આ પહેલી ચિનગારી મને જણાય છે. તમે અમરાવતી પહોંચી જાઓ, કુમાર!'

'મારે તો કુમારી પદ્માક્ષીની શોધ કરવી હજી બાકી છે—તમે જાઓ. હું કુમારીને પણ સાચવી લઈશ, ને સૈનિકો-ને પણ સાચવી લઈશ.'

દેવપ્રસાદ પાણીમાં ડૂબકી મારી ગયો.

મુંજાલને આંહીં થોભવામાં હવે જોખમ લાગ્યું. પાટણ અને લાટ વચ્ચે આ પ્રસંગમાંથી છમકલું જાગવાની શક્યતા એણે જોઈ લીધી હતી. પોતે આંહીં વધુ વખત ગુમાવે તો પછી ગોપકપટ્ટન તરફ જવાનો પોતાનો માર્ગે માર્ગ રૂંધાઈ જાય, એટલે તેણે જેવો દેવપ્રસાદને ફરીને બહાર આવતો જોયો ને લોક-ટોળાનો કોલાહલ વધુ નજીક આવતો સાંભળ્યો કે તરત ઝડપથી હોડીને કાંઠા તરફ હંકાવી. પોતે અંદરથી કૂદી પડ્યો. ઝપાટા-બંધ દેવપ્રસાદની હવેલી આગળ જઈને એ ઊભો રહ્યો.

માણસોનો કોલાહલ નજીક આવી રહ્યો હતો. મુંજાલ સ્વસ્થ ચિત્તે ત્યાં ઊભો. તેણે પહેરેગીરોને સજ્જ થવા કહી દીધું. થોડી વાર પછી તે પોતે દોડતો હિમ્મત કરીને આગળ ગયો. હથિયારબંધ ટોળું આ બાજુ આવી રહ્યું હતું—એને રસ્તામાં જ રોક્યું.

‘ અલ્યા ! કોણ છે એ ? પકડો એને—’

‘ અરે ! દોડો ! દોડો ! કુમારીબા પાણીમાં પડી ગયાં છે. પદ્માક્ષીબહેન પાણીમાં પડ્યાં છે. દોડો, દોડો— એક-દમ દોડો ! આંહીં જ પડ્યાં છે ! ’ મુંજાલે ગભરાયેલો ફાટેલો મોટો અવાજ કાઢી સૌને ગભરાવી દીધા.

ટોળામાંથી એકદમ હુડુડુ કરતું પાંચપચીસનું જૂથ નોખું પડ્યું: નદીકિનારા તરફ દોડ્યું. મુંજાલ પણ તેમની સાથે દોડ્યો. મુંજાલને પકડવાની વાતનો ટોળાનો રસ અદ્ધર રહી ગયો.

લૂગડાં ઉતાર્યાં ન ઉતાર્યાં ને સૌ મુંજાલે બતાવ્યું એ જગ્યાએ પાણીમાં કૂદવા માંડ્યા.

થોડી વારમાં ઘોડેસવારોના પડઘા સંભળાયા.

મુંજાલ દેવપ્રસાદની સાથે અનેક તારાઓને પાણીમાં ડૂબકી મારતા ને ઉપર આવતા જોઈ રહ્યો હતો. ‘ ક્યાં પડ્યાં ? ક્યાંથી પડ્યાં ? ’ એમ પ્રશ્નો પુછાતા હતાઃ ઉત્તરો મેળવાતા હતા. બીજી હોડીઓ પણ આ બાજુ આવતી જતી હતી. ટોળાના તાત્કાલિક ઝનૂનનો આંધળો સામનો કરવાનો દેવપ્રસાદને હવે નહિ હોય—એટલી ખાતરી થતાં જ મુંજાલ ત્યાંથી છટકી ગયો.

૨૦. આશાના જંગલદુર્ગમાં

ભૂગુકચ્છના કોટકાંગરા ઉપર નજર માંડીને એક ઓઢી આવી રહ્યો હતો.

રાતનો સમય હતો ને પોતાને કોઈ ઓળખી ન બેસે એટલે એણે પોતાની સાંઢને તદ્દન શણગારવિહોણી બનાવી દીધી હતી. એક જરા જેટલો અવાજ પણ ન થાય માટે ઘૂઘરમાળ ને પગનાં કલ્લાં સીખે કાઢી નાખ્યાં હતાં. એણે પોતે પણ બુકાની બાંધી લીધી હતી. કાળાં કપડાં પહેર્યાં હતાં. ખબર ન પડે એમ શસ્ત્ર સંતાડી દીધાં હતાં. એનો દેખાવ ડરાવે એવો ને કાચાપોચાને થથરાવી મૂકે એવો હતો. મોટી પ્રચંડ કાયામાં પણ મોટી દેખાતી બે આંખો ગમે તેવા છાતીકઢાને પણ ગભરાવી દે એવી દેખાતી હતી. એની સાંઢ સપાટાબંધ જઈ રહી હતી.

'વાઘણે આજ હદ કરી નાખી છે હો!—આપણે ધાર્યા કરતાં કેટલા વહેલા આવી ગયા? પણ તેજલરાણી! રસ્તો તો સાચો છે ના, દીકરી? જોજે હો. ઉપરથી તો દૂધ વરસે છે. પણ હું તો ગલઢો રહ્યો નાં? ધ્યાન બહારું જાય!'

'ના, ના, બાપુ ! સાચો જ છે.' મીઠો, જંગલને પણ મોહિની લગાડે એવો હેતભર્યો અવાજ આવ્યો. 'કેમ ભૂલી ગયા ? આપણે પંદર દિવસ પહેલાં આ જ રસ્તે આવ્યા હતા તે? છોકરી જરા હસી ગઈ. 'પેલો દેખાય છે દીવો—એ જ પાટણના કુંવરની હવેલી. આપણે બાપુ ! એ દીવાને ક્યારે ઉડાડવો છે ?'

'એને નાં ? આવશે—એ વખતે ય આવશે. હવે તો હાથવેંતમાં આવ્યો સમજ ને. મારે બેટે મકવાણે પણ ભારે કરી ! જમણો હાથ જ ભાંગી નાખ્યો !'

'શું કર્યું, બાપુ ?'

'આ બર્બરકને ભંડારી દીધો ઈ! કોણ જાણે ક્યાં ભંડારી દીધો ! બર્બરકને મેં ચેતાવ્યો'તો કે ભૂંડા, તું રાણી ફૂલાંદેને બહુ બહુ તો સાબર સુધી ભડકાવીને પાછો ફરજે. આ ગરીબ આશાનું એટલું માન, બૈરાંની રંજાડ આપણને શોભે નહિ, પણ જડસો કાંઈ સમજે ? હાથે કરીને વાઘની બોડમાં હાથ નાખ્યો!'

'નાક દબાવીએ તો મોઢું ઊઘડશે, બાપુ ! આપણે આ પાટણના કુંવરની હવેલી ઉપર જ ત્રાટકીએ ! ને એને જ ઉપાડી લઈએ!'

'એમ કાંઈ છોકરાંના ખેલ છે, દીકરી ? એ ય તે મોટો રણજોદ્ધો છે! તેં જોયો છે ?'

'એક વખત તમે બતાવ્યો'તો—હરણાંની પાછળ દોડતે ઘોડે ઊપડ્યો'તો ત્યારે. ઘોડેસવારી તો, બાપુ ! એની જ હો ! ગજબની !'

'જેવાતેવાનો કુંવર છે ? એને ઘેર પણ ભગવાન

સોમનાથની ભક્તિ હાલી આવે છે! એય તે જોગંદર જેવો છે. રાજ જેવું રાજ એના બાપે છોડી દીધું ને એણે મોંમાંથી હરફ કાઢ્યો નથી, ઈ જોગ વિના? આ તો આપણા ઉપર ઘા કરવા તૈયાર થયો એટલે શું કરીએ!'

'બાપુ! આ શું? ત્યાં જુઓ તો—માણસ તો માતું નથી! પેલે કાંઠે!'

તેજલરાણીએ બતાવ્યું ત્યાં આશાએ દૃષ્ટિ કરી: 'કાંઈક છે ખરું નવાજૂનું, દીકરી! આપણે થોભો'તો.' એણે જરાક સહેજ પગ અડાડ્યો ને સાંઢ નીચે ઝોકી ગઈ.

બાપદીકરી નર્મદાના કિનારા તરફ ચાલ્યાં. કોઈ દેખે નહિ માટે નદીના પટમાં ધીમેથી ઊતર્યાં. આઘે દૃષ્ટિ કરી, તો કેટલાંક માણસો જાણે નદીમાં કાંઈક ધબાધબ કરી રહ્યાં હતાં.

'કાંઈક ખોયું લાગે છે!'

'અરે આ શું, બાપુ? જુઓ તો, પેલું કોઈક તણાય!' તેજલરાણીની તીક્ષ્ણ દૃષ્ટિએ નર્મદાજળમાં કાંઈક તણાતું જોયું: 'જુઓ તો—'

'માણસ લાગે છે!'

'આ તો બાઈ માણસ લાગે છે! માણસ અરે! બિચારી!' તેજલ બોલી, ને બોલતાંની સાથે જ તેણે નદીમાં વહેતું મૂક્યું. આશો નદીને કાંઠે કાંઠે એની પાછળ દોડ્યો.

'જીવે છે, બાપુ!' હાંફતી હાંફતી તેજલ બોલી રહી. તેણે એક હાથે પેલી મૂર્ચ્છાવશ બાઈને ટકાવી રાખી હતી. બીજે હાથે હલેસાં મારતી ને પાણીના વેગ સાથે વેગ લેતી તે તીરની પેઠે આડે રસ્તે તરતી તરતી કાંઠા તરફ આવતી જતી હતી.

'પેલાં પછી આપણને જોશે હો!'

'આ આવી—' થોડી વારમાં તેજલે કાંઠા ઉપર પગ મૂક્યો. તેણે પેલી બાઈને ધીમેથી નીચે મૂકી. 'જીવે છે, બાપુ! નાક પાસે હાથ રાખો'તો, જુઓ તો!'

'તેજલ! જગતપાલને આપણે કોઈ દિવસ મળ્યા નથી. સંદેશો આવતો જતો. આજ મળવા આવતા હતા—પણ કાંઈક નવાજૂની લાગે છે. ઈ બધા રાજાલોક મહા ખંધા. આપણી વાતું રહી લોઢા હારે—મને લાગે છે આપણે ન જાઈએ. તું તૈયાર થઈ જા—તેજલ! હું સાંઢણી લાવું. આંહી કાંઈ આપણે વખત ગુમાવાય? આપણે બાઈને બચાવી, હવે એને ઉપાડી લ્યો ભેગી.' આશાને દ્રમ્મનો મોહ લાગ્યો. રાજકારણ કરતાં બાનના કંચન ઉપર લૂંટારુનું ધ્યાન પહેલું ગયું. તેણે આંહીંથી જ પાછા ફરી જવાનો વિચાર કર્યો: 'આંહીં કુંવરની હવેલી છે—એનું જ કોઈક લાગે છે! તેજલ! તો તો ઘા ભેગો ઘસરકો થઈ જાશે.'

'લાગે છે તો એમ જ.'

એક ક્ષણમાં આશો સાંઢણી લાવ્યો. એને ઝોકારી. તેજલે ફૂલની જેમ પેલી બાઈને ઉપાડી લીધી. પોતાના હાથમાં ધરી રાખી; તેને આશાના હાથમાં આપી. પોતે ચડી બેઠી. ફરી પેલી બાઈને લઈ લીધી—ને એક પળમાં એમણે પૂરવેગે સાંઢણીને બીજે જ રસ્તે મારી મૂકી.

રસ્તે કોઈ કાંઈ બોલ્યું નહિ. થોડી વારે એક ગામડું આવ્યું. ગામને પાદર ભરવાડનાં ઘર આશાએ જોયાં. તે હિમ્મતથી નીચે ઊતર્યો. એક તૂટલ-ફૂટલ ખાટલી લઈ આવ્યો. તેને ઊંટ ઉપર મૂકીને બરાબર બાંધી દીધી. પેલી બાઈને

તેમાં સુવારી દીધી. એને સ્ફૂર્તિ આવતી લાગી. સાંઢણીએ વેગમાં ને વેગમાં જોજન ઉપર જોજન કાપવા માંડયાં.

સવારે આશાના જંગલદુર્ગનાં દર્શન થયાં. અનેક ગાયો, ભેંશો ને બળદ ને પાડા રખડતા દેખાયાં. ભીલનાં છોકરાં તીર લઈને નદીના કાંઠા ઉપર બેસી જલમાં તરતાં માછલાંને વીંધવા પ્રયત્ન કરી રહ્યાં હતાં. ઠેરઠેર પંખીઓ બોલતાં હતાં. મોર નાચી રહ્યા હતા. જંગલ આખું જાણે એની ભાષા બોલી રહ્યું હતું.

પેલી બાઈને પેટમાં બહુ પાણી ગયું હોય એવું લાગ્યું નહિ. રસ્તે થોડી વારમાં જ એની મૂર્ચ્છા તો વળી ગઇ હતી. પણ પોતે ક્યાં જઈ રહી છે એનું એને આખે રસ્તે ભાન ન હતું. તેજલે એને એકબે વખત બોલાવવાનો પ્રયત્ન તો કર્યો, પણ એણે કાંઈ જવાબ ન વાળ્યોઃ એટલે કોઈ કાંઈ બોલ્યું નહિ.

જંગલ દેખાયું ત્યારે તેને આશ્ચર્ય થયું. તેણે પોતાને એક ભયંકર કાળા પ્રચંડ આદમીની પછવાડે બેઠેલી જોઈ. તેણે બોલવાનો પ્રયત્ન કર્યો. પણ તેની જીભ સિવાઇ ગઈ.

તેજલરાણીએ તેને હેતથી બોલાવી: 'બહેન! ઠીક લાગે છે હવે? તમે બહુ પાણી તો પીધું લાગતું નથી! કેમ કરતાં પડી ગયાં?'

'ઝરૂખા ઉપરથી!'

'તમારું નામ?'

'પદ્માક્ષી!'

'તમે ક્યાંનાં? પાટણનાં છો?'

'ના, ના!' પદ્માક્ષી વિચાર કરી બોલી: 'સ્તમ્ભતીર્થનાં!'

એટલામાં એક વિશાળ મેદાન દેખાયું. આ મેદાનની ચારે બાજુ નાની નાની ટેકરીઓ હતી—અને દરેક ટેકરી ઉપર પથ્થરનો કોઠો હતો. કોઠા ઉપર એક ભીલ ઊભો ઊભો દૂર સુધી દૃષ્ટિ રાખતો હતો. આશાને જોતાં જ દરેક કોઠા ઉપર એક પછી એક ડંકો પડતો ગયો. આશાએ સાંઢણી ઝોકારી.

'બ્હેન ! ઊતરો—હવે તમારી દવા થાશે, આપણે ઘેર આવ્યાં !'

'હું ક્યાં આવી છું ? આ આ શું છે ?'

'આશાભીલનું નામ સાંભળ્યું છે ? આ આશાભીલનો ટેકરો !'

'આશાભીલનો ?' પદ્માક્ષીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે મનમાં ને મનમાં વિચાર કરતી રહી. તેણે પોતાની જાત છુપાવવાનો નિશ્ચય કરી લીધો.

એક રસ્તે એને તેજલરાણી લઈ ચાલી. આશાએ એને જતાં જતાં બોલાવીઃ 'તેજલ ! બેટા !—આંહીં આવ તો, આવે વખતે કઈ દવા—હું તને કહું !'

તેજલ પાસે આવી.

'જો, એણે કહ્યું તે તેં સાંભળ્યું ? સ્તમ્ભતીર્થનાં છે ! પાંચ લક્ષ દ્રમ્મ ઓછામાં ઓછા પાકચા—એને બરાબર સંભાળજે હો !'

પદ્માક્ષીને કાને એ શબ્દો જેવાતેવા પડચા. 'લક્ષદ્રમ્મ' ને 'બરાબર સંભાળજે'

તે મનમાં ને મનમાં હસી રહી.

૨૧. *ગોપકપટ્ટનનો અતિથિ

મુંજાલ ભૃગુકચ્છથી ઊપડતા વહાણમાં ગોપકપટ્ટન જવા ઊપડ્યો હતો. શંકરસરસ્વતી અને કવિ લક્ષ્મણ તો લાંબે રસ્તે થઈને આવવાના હતા, તેથી મુંજાલ પણ દક્ષિણમાં છેક નીચે સુધી જઈ મદુરા, ગોકર્ણ, શ્રીરંગપટ્ટમ્ વગેરે સ્થળોની જાત્રા કરતો કરતો એક દિવસ સંધ્યાસમયે ગોપકપટ્ટનમાં ઊતર્યો. ગોપકપટ્ટનની સમૃદ્ધિ જોઈને એ છક્ક થઈ ગયો. સેંકડો વહાણો—મલાયા, સુમાત્રા, જાવા, લંકા, અંગ, સૌરાષ્ટ્ર,

---

* ગોપકપટ્ટન—ગોપાકપટ્ટન તે હાલનું ગોઆ. જયકેશી ત્યાંનો રાજા. એની વંશાવળી આ પ્રમાણે છે: ગુહલદેવ—ષષ્ટદેવ [૧]—ગુહલદેવ બીજો—ષષ્ટદેવ બીજો—[૧૦૩૦—૧૦૫૦]—જયકેશી પહેલો [૧૦૫૦—૧૦૮૦].આ જયકેશીની પુત્રી તે મીનલદેવી. જયકેશી કર્ણાટકનો મહામંડલેશ્વર અને વિક્રમાંકદેવનો મિત્ર હતો. વિક્રમાંકદેવ આહવમલ્લનો પાટવી નહિ, છતાં ગાદી ઉપર આવ્યો ને પોતાના મોટા ભાઇને પદભ્રષ્ટ કરી શક્યો, તેમાં એના સાસરા જયકેશીની ઘણી સહાય્ય હતી એ રીતે પાટણનો કર્ણદેવ ને કર્ણાટકનો વિક્રમાંકદેવ બન્ને સાઢુ. વિક્રમાંકદેવ સિદ્ધરાજ જયસિંહનો પણ સમકાલીન અને એનો માસો. બિલ્હણ વિક્રમાંકદેવનો રાજકવિ. કદમ્બકુલના રાજધ્વજમાં સિંહનું ચિહ્ન હતું.

ગુજરાત, લાટ, અને સ્તંભતીર્થથી આવેલાં બંદરમાં પડ્યાં હતાં. રાજના અધિકારીઓ દરેક વહાણમાં આવેલી વસ્તુ પ્રમાણે બંદર વેરો ઉઘરાવતા દષ્ટિએ પડ્યા. સેંકડો મુસાફરો નગરના મહાન પાન્થાશ્રમ તરફ વળી રહ્યા હતા. મુંજાલ પણ એ તરફ ચાલ્યો.

શંકરસરસ્વતી આવેલ છે કે નહિ, આવેલ હોય તો ક્યાં છે, અને કવિ લક્ષ્મણ ક્યાં છે, એ વિષે મુંજાલને હજી કાંઈ પત્તો મળ્યો ન હતો. તે પાન્થાશ્રમમાં જઈને એક બાજુએ પથારી પાથરી ગુપચુપ આડે પડખે પડ્યો. થોડી વાર થઈ ને હજારો દીપિકાઓથી પાન્થાશ્રમ શોભી ઊઠ્યું. પાન્થાશ્રમની પાછળ એક મોટું તળાવ હતું. એ તળાવનો આખો કિનારો દીપિકાઓથી ઝળાંઝળાં થઈ રહ્યો.

'હમેશાં આવી દીપશોભા પ્રગટે છે?' મુંજાલે પોતાની પાસે પથારી નાખી પડેલા એક મુસાફરને પૂછ્યું.

'ના, ના; હમેશાં આવી દીપશોભા કરે તો તો પછી દેવાળું જ કાઢે ના? અને આગળ પાછો મુખ્ય પ્રધાન *સઢન છે! કોઈ શ્રીમંત શ્રેષ્ઠી આજકાલ આવતા વહાણમાં મરી ગયો હશે. એની બિનવારસી સમૃદ્ધિમાંથી આ ભભકો આજે થયો લાગે છે!'

'ઓહો! શી તમારી વાત છે?' બીજા એક મુસાફરે પહેલાની વાતને ઉડાવી દીધી: 'નહિ તો જાણે પાન્થાશ્રમને ઊપજની ખામી હશે? સેંકડો વહાણો હમેશાં આવે

* જયકેશીના મુખ્ય પ્રધાન તરીકે એક Sadanoનું નામ કદંબવંશના ઇતિહાસમાં મળે છે. એ મુસ્લિમ હતો. અને આ પાન્થાશ્રમની રચના એને આભારી હતી.

છે. ને એમના ઉપર લેવાતો બધો રાજભાગ પાછો આંહીં જ વપરાય છે! એ રાજભાગ રાજકોશમાં નથી જાતો! પ્રધાનનો એવો કડક નિયમ છે!'

'તમને પણ ખબર નથી ને મફતના શું કરવા હાંકયે રાખો છો? કાશ્મીરદેશથી એક મહાકવિ આવ્યા છે. આંહીંથી થોડે દૂર એક * અગ્રહાર છે. ત્યાં ગયા છે. ત્યાંથી અત્યારે પાછા ફરવાના છે. એમના સત્કાર માટે આ શોભા થઈ રહી છે!'

મુંજાલ મૂંગો મૂંગો સાંભળી રહ્યો હતો. 'કાશ્મીરદેશનો કવિ—એ કોણ હશે? કવિ બિલ્હણ તો ન હોય?' એના મનમાં પ્રશ્ન થયો.

એની શંકાનું સમાધાન કરે તેમ કોઈ હતું નહિ. પેલા મુસાફરો એમની વાતોમાં પડી ગયા હતા. પણ થોડી વારમાં બહારથી શંખના ધ્વનિ આવવા લાગ્યા. મહાન ગજરાજના ઘંટાઘોષ સંભળાવા લાગ્યા. ઉતાવળે ઉતાવળે બેત્રણ તંત્રપાલ અંદર દોડચા આવ્યા. 'ત્યાં મધ્યખંડમાં દીપાવલિ પ્રગટાવો. અરે! આ કુમારીબા પણ—' તેઓ અંદરઅંદર પોતપોતાની ઉતાવળી પ્રકૃતિ પ્રમાણે બોલી રહ્યા હતા: 'કોઈ કુમાર-કુમારી આંહીં પાન્થાશ્રમમાં આવતાં નથી. ને આમને બસ ઘેલછા છે! જે જાત્રાળુ આવે એને સોમનાથનું પૂછવું! આ કવિરાજ સોમનાથથી આવ્યા છે એ ખબર પડી, તો એને મળવા અત્યારે આવ્યાં! હજી કવિરાજ તો આવ્યા નથી!'

મુંજાલ પોતાના આસન ઉપરથી બેઠો થઈને કુમારીબાની વાત આવી એટલે કુમારીને નિહાળવા આગળ ગયો. પણ કુમારી હજી આવી ન હતી. સૌ રાહ જોતા ઊભા હતા.

---

* ધાર્મિક વિદ્યાલય જેવું.

મુંજાલ પણ એમાં ઊભો રહ્યો. પરંતુ એ પોતાના વિચારમાં લીન થઈ ગયો હતો.

જ્યારથી એ દક્ષિણપથમાં આવ્યો, ત્યારથી એના રીત-રિવાજ, સમૃદ્ધિ, શક્તિ, વ્યવસ્થા, તંત્ર સઘળાં સમાજઅંગો જોઈને એ છક્ક થઈ ગયો હતો. ગુજરાતમાં હાથીનાં દર્શન જ્યારે મહાન ઉત્સવપ્રસંગ હોય ત્યારે થાય. હાથીની સેના પણ પરિમિત સંખ્યાવાળી. આંહીં તો એણે મદુરાના મહાન મંદિર-માં સેંકડો શ્રેષ્ઠીઓને હાથી ઉપર બેસીને વિશાળ ચોગાનમાં ફરતા દીઠા! 'ગોપુરમ્' જોતાં એને કોઈ મહાન ગગનચુંબી કીર્તિમંદિરનો ખ્યાલ આવી જતો. સહસ્ર સહસ્ર સ્તંભોના મહાન મંડપો એણે આંહીં જોયા. જયકેશીની હસ્તિસેના એકાદ અવંતીનાથને ધ્રુજાવે એટલી બળવાન ને વિશાળ લાગી. રસ્તે આખે એણે ભર્યાભર્યા જલવિહારો જોયા. ઠેરઠેર ચંદનના વૃક્ષોથી મઘમઘી રહેતાં ઉદ્યાનો દીઠાં. એ *જોજનનો વિશાળ બંધ બાંધીને રાજેન્દ્ર ચોલે સર્જેલું મહાન સાગર જેવું હિલોળા દેતું સરોવર જોઈને તો એ દિઙ્મૂઢ બની ગયો. એણે આંહીંના રાજરાજેન્દ્રોને સત્તાશાળી, ગૌરવવાળા, પ્રતાપી, ઉગ્ર, સેંકડો વર્ષ થાય પણ યુદ્ધનો પરાજય ન સ્વીકારે એવા, પિતા પછી પુત્ર યુદ્ધનો વારસો સ્વીકારતા આવે એવા, રણરંગી, અત્યંત આગ્રહી, અને વજ્રદેહી એવા જોયા. એને ગોપકપટ્ટનનું મહત્ત્વ સમજાયું. જયકેશીની કોકણપટ્ટીની એક બાજુએ દુર્ગમ પર્વતમાળા—ને બીજી બાજુએ ગર્જી રહેલો પશ્ચિમસમુદ્ર. એ બેની વચ્ચે પોતાની સત્તા દૃઢ કરતો કરતો

* આ વિષે ઉલ્લેખ છે. એ મહાન વિષય (પ્રાંત)ને એ બંધ પાણી પૂરું પાડતો.

જયકેશી છેક ગોકર્ણથી આગળ વધતો વધતો ગોપકપટ્ટન, રત્નાગિરિ, સોપારા, સ્થાનક થઇને નવસારિકા સુધી આવ્યો હતો. ભૃગુકચ્છ એની નજરમાં હતું. સ્તંભતીર્થ એનું ધ્યેય હતું. એ જમીનમાર્ગે પણ આવે, નૌકાદળ પણ લાવે. એની મહત્ત્વાકાંક્ષા ક્યાં અટકે એ કહી શકાય નહિ. એટલે જ્યારે સોમનાથના નામે કુમારી ઘેલી થાય છે એમ તંત્રપાલની વાતમાં ઉતાવળે પ્રગટ થયું, ત્યારે મુંજાલ આનંદ અનુભવી રહ્યો. એને મહાઅમાત્ય સાંતૂની દીર્ઘદૃષ્ટિ માટે અત્યારે માન થયું, અને પોતાના કાર્યનું મહત્ત્વ અને મુશ્કેલી બન્ને સમજાયાં.

એટલામાં વાજિંત્રોના અવાજ આવવા લાગ્યા. શરણાઈ-ઓ વાગી રહી. ફરી શંખનાદ થયા. મહાન ગજરાજોની હારની હાર દેખાઈ. સશક્ત, સુંદર, તેજસ્વી નારીસૈનિકો ઉઘાડી સમશેરે ઘોડા ઉપર આવતાં નજરે પડ્યાં. લોકમાં મોટો કોલાહલ થઈ ગયો. તંત્રપાલો આંહીંતંહી દોડી રહ્યા. સુવર્ણમંડિત છત્ર દેખાયું. સહ્યાદ્રિપર્વતના મહાશૃંગ જેવો એક ભવ્ય ગજરાજ ધીમી ચાલે આવી રહેલો નજરે પડ્યો. ગજરાજની સોનેરી અંબાડીમાં એક અત્યંત *નમણી, ગૌરવશીલ, તેજસ્વી, પ્રતાપી, મનોહારી, સ્વસ્થ જુવાન કુમારિકા બેઠેલી મુંજાલે જોઈ. એની આંખમાં દેવની કરુણા જેવી અત્યંત મિઠ્ઠી પ્રસન્નતા છલકાતી હતી. એની સીધી સુંદર નાસિકા જગન્મોહિનીનું રૂપ ધારણ કરનાર ભગવાન વિષ્ણુના મોહક સ્વરૂપની શોભા પ્રગટાવતી હતી. એની સામે જોનાર એકબે પળ મોહ પામે; તરત એના પ્રતાપે અંજાય; એના ગૌરવથી ઝંખવાય; અને અંતે ગુપ્તયુગની કોઈ શિલ્પાકૃતિ સામે ઊભો રહીને, એના કંઠમાંથી

---

* દ્વયાશ્રય

નીકળતી સુરમ્ય સંગીતપદાવલિ, વાતાવરણમાંથી આવતી અનુભવતો હોય તેમ, આશ્ચર્યમાં મુગ્ધ બનીને ઊભો રહે! એને આ રૂપ કોઈ મહાકવિની ધ્વન્યાત્મક વાણી જેવું મનોહારી પણ અગમ્ય લાગે. અરૂપ એને કહેવાય નહિ, અને રૂપનું એને નામ અપાય નહિ. એનું રૂપ નાસિકામાં, મુખમુદ્રામાં, આંખમાં કે શરીરસૌષ્ઠવમાં ક્યાંય ન હતું. એ ક્યાં હતું એ ખબર પડે તેમ ન હતું. હતું એ ચોક્કસ. પણ કોણ જાણે કેવી રીતે શરીરમાં બધે એ સમાઈ ગયું હતું—કે ચાંદની રાતે ચમકચમક થતી પશ્ચિમસમુદ્રની જલતરંગાવલિની માફક હરક્ષણે તે નજરે પડતું ને હરક્ષણે અદૃશ્ય થતું. રૂપ જોવા માટે આંખ ટેવાયેલી ન હોય, તો કુમારીનો અત્યંત મનોહારી આછોભીનો વાન આ રૂપને જાણે સંતાડી દેતો લાગે!

એની પાછળ બે દાસી ચમ્મર ઢોળતી હતી. બન્ને પડખે બે શસ્ત્રધારી નારી ઊભી હતી. તેનો ગજરાજ આગળ આવ્યો. મુંજાલ કુમારીને જોઈ રહ્યો. એક તદ્દન જ નવી સૃષ્ટિની કોઈ પ્રતિમા હોય એટલી બધી અપરિચિત એ લાગી. મુંજાલ શાંત રીતે ચિંતવન કરી રહ્યો. તરત એના મનમાં એક વિચાર આવ્યો: 'આ કુમારી અદ્‌ભુત લાગે છે!' તે મનમાં બોલી ગયો. શું અદ્‌ભુત છે એનું પૃથક્કરણ એ અત્યારે તો ન કરી શક્યો, પણ એના અંતરમાં એક બીજો વિચાર ઊગી નીકળ્યો: 'આ—સ્ત્રી લાગે છે, જ્યાં સુધી એની પાસે સત્તા નથી ત્યાં સુધી; એની પાસે સત્તા હોય તો—?' એણે મનમાં પ્રશ્ન કર્યો ને એ ઉત્તર ખોળવા લાગ્યો: એણે એની સીધી સુંદર સત્તાતુલાની શાંત ડાંડી જેવી નાસિકા જોઈ: '—તો એ દેવી લાગે!' એને ઉત્તર સૂઝ્યો. અને એ ઉત્તરના

આકર્ષક રૂપમાં એટલો રમમાણ થઈ ગયો કે કુમારીનો ગજરાજ એની પાસેથી ક્યારે ચાલ્યો ગયો એની પણ એને ખબર ન રહી. એના મનમાં એનું વાક્ય મોટેથી હજી અવાજ કરતું હતું: ' આ સ્ત્રી લાગે છે—જ્યાં સુધી એની પાસે સત્તા નથી ત્યાં સુધી; એની પાસે સત્તા હોય તો ?—તો એ દેવી લાગે ! '

મુંજાલ મોડામોડો સૌની પાછળપાછળ મુખ્ય બેઠકખંડ-માં પેઠો. દક્ષિણ પ્રદેશની મોટી રૂપાળી સુવર્ણદીપિકાઓ જલી રહી હતી. ચારે તરફ કુમારીને નિહાળવા માણસોની ઠઠ જામી હતી. એટલામાં તો ઘૂઘરમાળનો અવાજ કાને પડચો. હડુડુ કરતું લોક એક બાજુ થઈ ગયું. સુંદર રૂપેરી શૃંગ વડે શોભતા ચાર સુંદર ધોળા ધોરીની નાજુક વહેલ મેદાનમાં આવીને ઊભી રહી. વહેલમાંથી એક જુવાન જેવો રસિક માણસ નીચે ઊતર્યો. એના ઉપવસ્ત્રની લટકતી મોહક છટા અનેકને આકર્ષી રહી. એના કપાળમાં શુદ્ધ કાશ્મીરી કેસર શોભતું હતું. હાથમાં એક પુસ્તક હતું. સ્વપ્નઘેલી વિશાળ આંખોમાં મદ અને માદકતા બન્ને હતાં. કાશ્મીરી-જનો જેવી ગૌરમોહક એની કાંતિ હતી. તે ધીમે પગલે આગળ આવ્યો, એની પાછળ બીજો એક તરુણ પણ ઊતર્યો. મુંજાલ હૃદયમાં સંતોષથી ડોલી ઊઠચો. કાશ્મીરી કવિની પાછળ કવિ લક્ષ્મણ આવી રહ્યો હતો. એટલે એ પણ એની પહેલાં આંહીં પહોંચી ગયો હતો. હવે શંકરસરસ્વતીની શોધ જ બાકી રહી.

કવિ બિલ્હણને જોતાં જ કુમારી તરત આસન ઉપરથી નીચે ઊતરી આવી, અને એની સામે ચાલી. બે હાથ જોડીને એને પ્રણમી રહી. આ અભિવાદનની લેશ પણ પરવા ન હોય

કે આ અભિવાદન પોતાને માટે અત્યંત સહજ હોય તેમ કવિ બિલ્હણ ધીમેધીમે ચાલતો રહ્યો. કુમારી એની પાછળપાછળ ચાલતી હતી. કવિમાં ગૌરવ હતું કે ગર્વ એ કહેવું મુશ્કેલ હતું.

'કવિતા, કેસર ને કામિની ત્રણે કાશ્મીરનાં સંતાન છે, લક્ષ્મણદેવ ! બીજે ક્યાંય મળે નહિ. બીજે ક્યાંય હોય પણ નહિ !' લક્ષ્મણદેવ એની સાથે જ ચાલી રહ્યો હતો: તેનો જવાબ મુંજાલે પકડી લીધો. 'ચંદન * અને ચારુતા એ જેમ ગુજરાતમાં મળે છે તેમ !'

'ગુજરાત ?' કવિ બિલ્હણ આસન પાસે પહોંચીને ગૌરવથી બેઠો. પાસે લક્ષ્મણ બેઠો. સામે મીનલદેવી હતી.

'ગુજરાત ? અરે ! એ તે કાંઈ દેશ છે ? જ્યાં માણસને બોલતાં પણ આવડતું નથી !' બિલ્હણે કહ્યું.×

'બોલતાં આવડતું નથી ?' મીનલદેવી પ્રણમીને આશ્ચર્યથી પૂછી રહી.

'લાટના તો સંસ્કૃતદ્વેષી—અને ગુજરાત લાટની પાસે. એને શું બોલતાં આવડે ?'

'ભગવાન સોમનાથની છાયા છતાં—'મીનલદેવીએ કહ્યું.

'આ હા હા ! કુમારી !' બિલ્હણ સોમનાથના સ્મરણે બીજી જ કલ્પનામાં ચડી ગયો: 'સોમનાથ—જેણે સોમનાથ જોયેલ નથી એણે ભારતવર્ષમાં કાંઈ જ જોયું નથી ! જ્યાં સમુદ્રના જલતરંગો ભગવાન શંકરને પ્રણમે છે, જ્યાં મનોહારી ત્રિવેણીસંગમના રૂપાળા દ્વીપો ઉપર અનેક ચારુનેત્રીઓ નૃત્ય કરી રહી છે, જ્યાં ગંધર્વના સંગીતને થંભાવે

* એક વખત ગુજરાત ચંદનનું ધામ હતું.

× 'વિક્રમાંકદેવચરિત': સર્ગ ૧૮, શ્લોક ૯૭.

એવું સંગીત થાય છે—આ હા! કવિરાજ લક્ષ્મણ! તમે ભાગ્યશાળી છો. તમે સોમનાથના કવિ છો. તમે ભાગ્યશાળી છો! અને તમારો ગુર્જરેશ્વર પણ ભાગ્યશાળી છે!' બિલ્હણની સ્વપ્નઘેલી આંખ જાણે સોમનાથને પ્રત્યક્ષ જોઈ રહી હોય તેમ સ્થિર થઈ ગઈ.

સોમનાથને નામે ગુજરાતનું ગૌરવ ગવાઈ રહ્યું છે, કુમારી મીનલદેવી એ સાંભળી રહી છે, એટલે મુંજાલને લાગ્યું કે હવે આ તક છે, અને એણે તરત પ્રગટ થવું જોઈએ. કવિ બિલ્હણ કાલે તો ચાલ્યો જાશે—અને આજે વાતવાતમાં ગુજરાત વિષે બીજું કાંઈ બાફી નાખવાનો વખત એને મળવો જોઈએ નહિ. એ માણસોને હઠાવતો આગળ આવ્યો.

'એવો એક બીજો જણ પણ ભાગ્યશાળી છે, કવિરાજ!' મુંજાલ છેક પછવાડેથી બોલી ઊઠચો.

'કોણ છે એ?' મીનલદેવીનો અવાજ આવ્યો. અવાજ એટલો તો મધુર હતો—સત્તાનો ટંકાર છતાં એ એટલો સુરુચિભર્યો, સંસ્કારી ને રમ્ય હતો કે કવિ બિલ્હણ પણ એટલા શબ્દ માત્ર સાંભળતાં આશ્ચર્ય પામી ગયો. આ કુમારીની બહેન વિક્રમાંકદેવને ત્યાં છે કે જ્યાં પોતે જઈ રહ્યો છે, એ વિચારથી એને મનમાં આનંદ પણ થયો. એટલામાં તો મુંજાલ આગળ આવ્યો હતો. તેણે એના તરફ દૃષ્ટિ કરી. મુંજાલે પ્રણામ કર્યાઃ 'એવો બીજો એક ભાગ્યશાળી નર પણ છે —અને તે હું!' મુંજાલે ગૌરવથી કહ્યું. 'દર વરસે ભગવાન સોમનાથને ચરણે એક અણમોલું રત્ન ભેટ ધરવા જાઉં છું. એવું અણમોલ રત્ન મેળવવા માટે જ આંહીં આવ્યો હતો. આ રહ્યું એ રત્ન!'

મુંજાલે ત્યાં રત્ન મૂક્યું તો ખરું, પણ મીનલદેવીના કંઠનાં, કર્ણનાં, હાથનાં અને બાજુબંધનાં તમામ રત્નો જાણે એક ક્ષણમાં કાચનાં બની ગયાં. કવિ બિલ્હણ પણ રત્નના તેજથી બે ઘડી ડોલી ઊઠ્યો. લક્ષ્મણ મુંજાલની સામે જોઈ રહ્યો. મુંજાલે અતિશય ચાતુરીથી બરાબર ક્ષણ પારખી હતી.

'આ રત્ન તમે ક્યાંથી કાઢ્યું?' મીનલે પૂછ્યું. એક અદ્દ્‌ભુત વિજયદૃષ્ટિ વડે મુંજાલે સૌની સામે જોયું. પણ બિલ્હણની મુખમુદ્રામાં રહેલો ગર્વ એ કળી ગયો. હમણાં જ ગુજરાત વિષે એણે કહ્યું હતું, એટલે મુંજાલે સાવધ રહેવામાં ડહાપણ જોયું. ગુજરાત વિષે બિલ્હણને ફરી બોલવાનો મોકો જ ન મળે એમાં લાભ હતો.

'એ રત્ન વેંગીપ્રદેશનું છે!'

'તમે કોણ છો?' મીનલદેવીએ પૂછ્યું.

'હું સ્તમ્ભતીર્થનો છું. રત્નમાણિક્યનો વેપારી છું!'

'નામ?'

'મુંજાલ!'

'આંહીં વ્યાપાર અર્થે આવ્યા હશો?'

'એમ પણ ખરું; બાકી તો આ રત્ન સોમનાથને ચરણે ધરવા જાઉં છું. ત્યાં સાંભળ્યું કે શારદાદેશના વિદ્યાપતિ આ બાજુ આવ્યા છે—ચેદિરાજના વિદ્યાપતિ ગંગાધર પાસેથી જેમણે વિજયપત્ર મેળવ્યો...'

'ગંગાધર!' બિલ્હણ ગર્વમાં હસી પડ્યો. 'બિચારો! એને બહુ ખરાબ લાગ્યું હશે! તમે પણ આ સાંભળ્યું છે?'

મુંજાલે બિલ્હણના હાસ્યમાં પોતાનો વિજય જોયો. 'અમે કેમ ન સાંભળીએ, કવિરાજ! ગંગાધર પાસેથી વિજય-

પત્ર મેળવવો એ તો મહાભારતનું યુદ્ધ જીતવા બરાબર છે !'

બિલ્હણ આત્મસંતોષથી ડોલી ઊઠ્યો.

'તમે સોમનાથ કેટલી વખત ગયા છો ?' બિલ્હણે પૂછ્યું.

'હજી એમ થાય છે કે કેટલી વખત જાઉં ! ત્યાંને। સાગર જોનારા બીજા સાગરને પછી સંભારતા નથી.'

પોતે કેટલી વખત ગયો છે એ કહ્યા વિના મુંજાલે તો કવિને કેવળ કલ્પનાનો દોર પકડાવ્યો.

'અને ત્યાંનું નૃત્ય જોનારાને બીજા નૃત્યનો મોહ રહેતો નથી—ઓ હો હો કાંઈ સ્થળ છે !' બિલ્હણ બોલી રહ્યો હતો. 'સોમનાથ પાસેના જળમાં જે નાહ્યા છે, એમણે ગંગોત્રી, જમ્નોત્રી ને રેવાજી એ ત્રણે પવિત્ર જળમાં સ્નાન કર્યાં છે ! ત્યાંના મંદિરની સ્તમ્ભાવલિ જોઈને બે ઘડી તો ઇંદ્રભવનનો વૈભવ ભૂલી જવાય. ત્યાંની નૃત્યાંગનાઓ નીરખો, અને અપ્સરાઓ સાંભરે નહિ ! સોમનાથનું ક્ષેત્ર જુઓ, અને સ્વર્ગભૂમિનો મોહ ચાલ્યો જાય. ત્યાંનાં જળ નીરખો, અને આકાશગંગાનાં જળની તૃષ્ણા શમી જાય. અદ્ભુત--અદ્ભુત. સોમનાથ અદ્ભુત છે ! તમે ગયાં છો નાં, કુમારી ?'

'ના, કવિરાજ ! હું તો હજી ગઈ નથી !'

'હેં ? તમે સોમનાથ ગયાં નથી ? અરે ! આની સાથે જ જાઓ. કાલે જ જાઓ.'

'કવિરાજ ! જશે કેમ નહિ ? મહારાજ ષષ્ટદેવ તો આખા ગોપકપટ્ટનને લઈને સોમનાથ ઊપડ્યા હતા !' મુંજાલ બોલ્યો.

'ખરેખર ?'

'હા, કવિરાજ ! એ વાત સાચી છે. મહારાજ ષષ્ટદેવ સોમનાથ ગયા ત્યારે * આખું ગોપકપટ્ટન સાથે ગયું હતું. કર્પૂરના ભાવ મહારાજે ઘટાડી નાખ્યા હતા કે ગરીબમાં ગરીબ પણ કર્પૂરની ભેટ ભગવાન સોમનાથને ચરણે ધરી શકે !' મીનલદેવી બોલી.

'અને હજી તમે તો, કુમારી ! સોમનાથ જોયું પણ નથી ! મહારાજ જયકેશીએ સોમનાથના સમુદ્રજલમાં સ્નાન કરીને આ કહેવા જેવું છે: 'ત્રિલોકના આભૂષણરૂપ આ કન્યા, આ મહાન રાજસિંહાસન, કે આ મારો આત્મા—ત્રણેને સાથે કે એકએકે, હે ભગવાન ! ગ્રહણ કરો. અને એ પુણ્ય વડે મારી યશધ્વજા પશ્ચિમસમુદ્રમાં પ્રસિદ્ધિ પામો !'

મુંજાલ જાણે શ્લોક સાંભળતાં ડોલી ગયો હોય તેમ આનંદમગ્ન થઈ ગયો. તેણે કેડેથી એક બીજું રત્ન કાઢયું, બિલ્હણના ચરણ પાસે મૂકી દીધું: 'કવિરાજ ! રાજાનાં રત્નો તો સૌ કોઈ લેશે, અમને ગરીબને આ વખત ક્યારે મળશે ?'

સ્તમ્ભતીર્થના આ વેપારી સામે મીનલદેવી જોઈ રહી. બીજું એવું જ અણમોલું રત્ન તો આ કવિના ચરણે ધરી દે છે ! ગુજરાતનો આ શ્રેષ્ઠી એવો કોણ છે એ જાણવાની એને તાલાવેલી થઈ. બિલ્હણ પાસેથી એ મોડેથી ઊઠી ત્યારે તેણે તંત્રપાલને કહ્યું: 'પાન્થાશ્રમનો પેલો રત્નમાણિક્યનો વેપારી છે ના—એને કાલે રાજમહાલયમાં લાવજો !'

---

* કદમ્બકુલનો ઇતિહાસ, પૃષ્ઠ ૧૭૬.

૨૨. રાજકુમારી મીનલદેવી

બીજે દિવસે મુંજાલ રાજમહાલયમાં જવા માટે નીકળ્યો ત્યારે ગોપકપટ્ટનની ખરી સમૃદ્ધિનો એને ખ્યાલ આવ્યો. રાજમાર્ગ ઉપર સોનેરી પાલખીઓમાં બેસીને જતા સેંકડો નાગરિકો એની દૃષ્ટિએ પડ્યા. ત્યાં રત્નજડિત દંડને આધારે રહેલાં રેશમી આચ્છાદનવસ્ત્રો નીચે, સુવર્ણમંડપિકાઓમાં બેસીને રૂપરમણીઓ જતી હતી. હીરામાણિક્યજડિત કર્ણફૂલોની છાયા એમની ગૌરકાંતિમાં ચંદ્રકલંકની માફક લોલવિલોલ શોભી રહી હતી. ગજરાજો, અસ્વારો, પદાતિઓ, સ્ત્રીઓ, નાગરિકો, શ્રેષ્ઠીઓ, યાત્રાળુઓ, પ્રવાસીઓ—એ સેંકડોજનોથી વિશાળ માર્ગ એવો રુંધાઈ ગયો હતો કે, એમાં મુશ્કેલીથી રસ્તો કાઢી શકાય એમ હતું. તંત્રપાલની માર્ગસૂચના પ્રમાણે મુંજાલ એની પાછળપાછળ ચાલી રહ્યો હતો. થોડી વારમાં તેઓ રાજમહાલય પાસે આવી પહોંચ્યા. કોઈ મહાન ઉત્તુંગ ગિરિરાજ જેવો મહાલય શોભી રહ્યો હતો. એના ચોગાનમાં ગજરાજો, અશ્વો, પાલખીઓ, ને મંડપિકાઓની કતાર ઊભી રહી ગઈ હતી. હજારો માણસો રાજમહાલયમાં જતાંઆવતાં હતાં. ચોગાનને છેડે જ એક

સશસ્ત્ર નારીસૈનિકે તંત્રપાલને પૂછ્યું: 'સ્તમ્ભતીર્થના શ્રેષ્ઠી છે?'

તંત્રપાલે માથું ધુણાવીને હા પાડી.

'તમે જાઓ ત્યારે. ચાલો, શ્રેષ્ઠીજી! મારી સાથે ચાલો.' રાજમહાલયના મુખ્યદ્વાર પાસે સેંકડો સશસ્ત્ર સૈનિકો ઊભા હતા. સિંહદ્વારને બાજુ ઉપર રહેવા દઈ, પેલી દાસીએ મુંજાલને પડખે ને નાને રસ્તેથી પાછળના વરંડામાં પ્રવેશ કરાવ્યો.

મુંજાલને હવે સમજાયું કે પોતાને શા માટે તંત્રપાલની સાથે પગેપાળે આવવાનું હતું. રાજકુમારી મીનલદેવી એની પાસેથી સોમનાથ વિષે કાંઈક જાણવા માગતી હતી. પણ પરદેશી સોમનાથી યાત્રાળુ સાથે કુમારી વાતચીત કરતી હોય એ વસ્તુ રાજભવનમાં કોઈને રુચતી નહિ હોય, એટલે જ આ બીજે રસ્તે થઈને દાસી એને દોરી રહી હતી.

એણે સાંભળ્યું હતું કે પિતાપુત્રીને ગુજરાત પરત્વે મતભેદ છે. એ વાતને આથી સમર્થન મળ્યું.

આમાંથી શી રીતે રસ્તો કાઢવો એ વિષે એ વિચાર કરી રહ્યો.

જળહિલોળા દેતા એક વિશાળ સરવરને કિનારે કિનારે, પુષ્પોથી રચેલી વીથિકામાં થઈ, તેઓ આગળ વધ્યાં. આગળ જતાં સામે એક ગગનચુંબી 'ગોપુરમ્' જેવો વિશાળ ઉત્તુંગ મંડપ નજરે ચડ્યો. એનું મુખ્યદ્વાર એટલી તો વિવિધ રમ્ય શિલ્પાકૃતિઓથી આભરિત હતું, કે એના ઉપર ગયેલી નજર પછી બીજે વળી શકે જ નહિ. છેક ગગન સુધી પહોંચતા એક ઉપર બીજા એવા અનેક મનોહર માળ એની ઉપર હવામાં ફરફરી શોભી રહ્યા હતા. સુવર્ણદંડને આધારે

રહેલી અનેક રેશમી ધજાપતાકા હવામાં ફરફરી રહી હતી. એમાં રહેલો કાદમ્બવંશનો રાજચિહ્નનો સિંહ, જાણે પશ્ચિમ-સમુદ્રને ઉલ્લંઘવા માગતો હોય તેમ, હવામાં તરતો હતો. જાણે ગોકર્ણથી સોમનાથ સુધીના સમુદ્રસ્વામી થવાની જયકેશીની મહત્ત્વાકાંક્ષાનું એ સૂચન કરતો હોય! મુંજાલ એ દૃશ્ય જોઈ રહ્યો. જ્યારે એણે એ મહાદ્વારમાં થઈને છેક અંદરના ચોગાનમાં પ્રવેશ કર્યો, ત્યારે એની સામે જે દૃશ્ય ખડું થયું, એ જોઈને એક ઘડીભર એ મંત્રમુગ્ધ બની ગયો.

સામે એક અત્યંત સુંદર, રમ્ય લીલોતરીથી ભરપૂર, લીલોછમ, અને તેજછાયામાં નાહી રહેલો વિશાળ ચોક હતો. ચોકની ચારે તરફ ઉત્તુંગ મનોહર પ્રાસાદો આવી રહ્યા હતા. ચોક વચ્ચે આવેલા એક જલયંત્રમાંથી સુવર્ણરસે રંગેલું હોય એવું જલ, કૈલાસી રાજહંસાકૃતિની ચાંચમાંથી બહાર પડતું હતું. ઠેકાણે ઠેકાણે અત્યંત નાજુક શિલ્પાકૃતિઓ, સંગીત અને નૃત્યની કોઈ ને કોઈ સ્થિતિ દર્શાવતી ઊભી રહી ગઈ હતી: કોઈ વિરહમાં હતી, કોઈ શોકમગ્ન હતી. કોઈના આનંદનો પાર ન હતો, કોઈક પોતાના નૃત્યમાં તલ્લીન હતી; તો નાનાં સુંદર ઉદ્યાનતડાગોમાં પડતી એમની પ્રતિચ્છાયા જલમાં ઝૂલી રહેલાં કમળોને, પોતપોતાની અંતરંગ જીવનરેખા કહેવા માટે જાણે વિશ્રાંતિ લેતી હતી! ત્યાં સારસબેલડી હલેતી ફરતી હતી. જલકૂકડીઓએ પાણીમાં રમત માંડી હતી. મયૂરો ને ઢેલો સ્વચ્છન્દે આમતેમ આનંદ કરી રહ્યાં હતાં. ત્યાં કોયલની વાણીનું અનુરણન કરતા * ક્રીડાપોપટ જાણે અકાલે વસંતને જગાડી રહ્યા હતા. એક જગ્યાએ શીતળ ઘાટી છાયામ

* બિલ્હણ.

ચિત્રવિચિત્ર હરણનું એક ટોળું શાંત સ્વસ્થ બેસી ગયું હતું.

મુંજાલે ચારે તરફ દૃષ્ટિ ફેરવી. સામે, મ્હૈસૂરની લાલ માટીમાંથી બનાવેલો, વિશાળ, સુંદર રાજમાર્ગ દેખાયો. રાજમાર્ગને છેડે અત્યંત મનોહારી મહાલય નજરે ચડ્યું. અનેકરંગી આરસમાંથી બનાવેલી સોપાનપરંપરા મહાલયના પ્રવેશદ્વારને શણગારી રહી હતી. દાસીએ આંહીંથી એની રજા લીધી. મુંજાલને અભિવાદન કરીને સામેના સોપાન તરફ એણે અંગુલિનિર્દેશ કર્યો.

મુંજાલ તે તરફ ચાલ્યો. સોપાનની પરંપરા ચડીને મહાલયની અંતરંગ સુંદરતા જોવા એક ક્ષણવાર એ થોભ્યો. *સહસ્ર સ્તમ્ભાવલિથી શોભિત દેવમંડપ જેવો અપૂર્વ વિશાળ મંડપ એની નજરે આવ્યો. સોનેરી રંગના કઠણ પીળા રાજિયા પથ્થરમાં કોતરેલી સ્તમ્ભાવલિની અદ્‌ભુત શિલ્પાકૃતિઓ જોઈને એ સ્તબ્ધ બની ગયો. જાણે કોઈ સજીવ અપ્સરાસૃષ્ટિમાં આવીને પોતે ઊભો હતો! ચારે તરફ વિસ્તીર્ણ મહાલયની મનોહારી સૃષ્ટિ વિલસી રહી હતી. સ્તમ્ભે સ્તમ્ભે નતમસ્તકે સશસ્ત્ર નારીસૈનિક ભાલા નમાવીને પ્રશાંત પ્રતિમાની જેમ ઊભી રહી ગઈ હતી. પોતાની સામેની સીધી ચાલી જતી સ્તમ્ભાવલિની પાર એણે દૃષ્ટિ કરી, તો સામે રત્નજડિત હીંડોળાખાટ ઉપર મંદમંદ ઝૂલી રહેલી રાજકુમારી એની નજરે ચડી. ધીમે ધીમે ઝૂલતા હીંડોળાની પાસે બે દાસીઓ ચમ્મર લઈને ઢોળતી હતી. આછી ઠેસે હીંડોળાને સહેજ ગતિ આપતી રાજકુમારીની સામે એક

* મદુરામાં સહસ્ર સ્તંભવાળો મંડપ છે. રામેશ્વરમમાં પણ આવો ઘણા થાંભલાવાળો એક મંડપ છે.

જુવાન નર્તકી નાચી રહી હતી. હરક્ષણે બદલાતા તાલની સાથે એનું મોહક શરીર અવનવી રમણીયતા દર્શાવતું હતું. સ્ફાટિકની પારદર્શક ભોંમાં જાણે પોતાના જ હજારો પડછાયા સાથે તે જલમૂર્તિની માફક સરી રહ્યું હતું. એના રમણીય આકર્ષક દેહભંગની એક છટા જોનાર જુએ ન જુએ, ત્યાં તો બીજો એથી વધુ સુંદર, વધુ આકર્ષક શરીરભંગ, સરવરમાં આપોઆપ ઊઠતા જલતરંગની પેઠે, દેહમાંથી જ જાણે આપોઆપ પ્રગટ થતો હતો ! નર્તિકા નહિ, પણ આકાશગંગાની વિલાસરમણે ચડેલી એકાદ ઊર્મિ જાણે રૂપેરી ચાંદનીમાં સરતી હોય એવી મોહક, ત્વરિત, અને રમ્ય એની ગતિ હતી—હરપળે બદલાતી, હરક્ષણે વધુ મધુર બનતી. પાસેથી રુદ્રવીણાના મોહક મીઠા સ્વરો આવી રહ્યા હતા.

મુંજાલ ઉપર મીનલદેવીની દૃષ્ટિ પડી અને મુંજાલે બે હાથ જોડીને પ્રણામ કર્યા. મીનલદેવીએ સહેજ મસ્તક નમાવતાં, નારીસૈનિકોના ભાલા સીધા થઇ ગયા. મુંજાલને દોરવા માટે એક દાસી આગળ આવી. મીનલદેવીએ સોનેરી ઘંટડીનો જરાક રણત્કાર કર્યો અને વાતાવરણ એકદમ શાંત સ્થિર થઈ ગયું. લાવણ્યમય ગતિમાં જ સરતી નર્તિકા એક સ્તમ્ભને આધારે સ્થિર થઈ ગઈ. રુદ્રવીણાનો મંદ થતો ને વધારે ને વધારે મધુરતા ફેલાવતો સ્વર ધીમેધીમે વિલીન થઈ ગયો.

મુંજાલ આગળ વધ્યો. મીનલદેવીને પ્રણામ કરી દાસીએ મૂકેલા એક આસન ઉપર બેઠો.

'શ્રેષ્ઠીજી! તમે સ્તમ્ભતીર્થથી આવો છો કાં?' મીનલદેવીએ મુંજાલ તરફ જોતાં કહ્યું. 'કવિરાજ બિલ્હણ તો રોકાય તેમ ન હતા, કર્ણાટકના રાજકુમાર વિક્રમાંકદેવે

એને તરત બોલાવેલા એટલે. પણ એમણે સોમનાથની વાત કરીને તો મને મોહિની લગાડી છે. સોમનાથ વિષે મારે વધારે જાણવું છે. એટલે મેં તમને બોલાવ્યા છે!' મુંજાલને મીનલદેવીનો સ્વર અદ્ભુત લાગ્યો, એ આકર્ષક હતો, મધુર હતો, કર્ણપ્રિય લાગે એવો હતો, અને છતાં એમાં એનું પોતાનું અનોખા પ્રકારનું ગૌરવ હતું.

'કુમારીબા! કેટલીક વસ્તુઓ શ્રવણ માટે નહિ, દર્શન માટે હોય છે. જેણે સોમનાથ જોયું નથી—એણે ભારતવર્ષમાં કાંઈ જ જોયું નથી. એનું જીવન અફળ છે! પંડિતરાજ બિલ્હણ જેવા—જેમણે શારદાદેશ જોયો છે, એમને પણ સોમનાથની મોહિની અદ્ભુત લાગી છે. એ જોવાની વસ્તુ છે, કુમારીબા! વર્ણનની વસ્તુ નથી. અને હું વણિક્‌જન વર્ણન પણ કરીને શું કરી શકું? એ કામ તો કોઈ કવિજનનું!'

'ત્યારે તમે તો દરવર્ષે સોમનાથ જાતા હશો?'

'પાટણપતિ મહારાજ મૂલરાજદેવને એવો નિયમ હતો કે દર સોમવારે સોમનાથ જવું! હું ગરીબ શ્રેષ્ઠી દર સોમવારે તો ક્યાંથી જઈ શકું? પણ દરવર્ષે તો અચૂક જાઉં છું!'

'મારે સોમનાથ જાવું છે!' મીનલે કહ્યું. એના અવાજમાં આતુરતા હતી.*

---

* 'પ્રબંધચિંતામણિ'કારે સોમનાથ વિષે ઉલ્લેખ કર્યો છે; કાદંબવંશના ઇતિહાસમાં પણ એ છે; દક્ષિણના અન્ય રાજાઓની એ સમયની સોમનાથની નોંધ ધ્યાન ખેંચે તેવી છે. સ્થાનકના શિલાહાર રાજા અનંતદેવ [૧૦૭૦-૧૧૧૦] વિષે 'गत्वा शैशव इव सैन्यसहितो दृष्टवा च सोमेश्वरम्' એ પ્રમાણે નોંધ છે. ['The Silaharas of Western India,' by A. S. Altekar]

'કુમારીબા! સોમનાથ જાવું હોય તો પહેલાં અમારે ત્યાં સ્તમ્ભતીર્થમાં આવો!'

'કેમ ત્યાં શું છે?'

'સ્તમ્ભતીર્થમાં તમે એવા શ્રેષ્ઠીઓ જોશો કે જેમના નામે મલાયા, સુમાત્રા અને જાવામાં પણ તમને ઘર જેવું લાગે. સ્તમ્ભતીર્થમાં આવો તો મારું ગરીબનું પણ ત્યાં ઘર છે! મને પણ અલૌકિક અવસર મળી જાય! ત્યાંથી તમારો સોમનાથનો માર્ગ સરળ થઈ જાશે!'

'સ્તમ્ભતીર્થ તો પાટણપતિને ત્યાં છે નાં?'

'પાટણપતિને ને અવંતીપતિને—અને કર્ણાટકપતિને—ત્રણેને સુવર્ણથી ખરીદી લે એવા સહસ્ર કોટચધિપતિ શ્રેષ્ઠીઓ ત્યાં સ્તમ્ભતીર્થમાં પડયા છે. હું પાટણનો નથી, હું સ્તમ્ભતીર્થનો છું. સ્તમ્ભતીર્થ પશ્ચિમસમુદ્રે ઝૂલતી મૌક્તિકની છીપ જેવું એકલું, અડગ અને અટંકી ઊભું છે. એ કોઈને નમ્યું નથી, નમવાનું પણ નથી. એ કોઈનું નથી. એને રાજનો મોહ નથી, પ્રદેશની પડી નથી; વ્યાપાર એનો ચાલ્યા કરે—એટલે બસ. અમે કોઈને અમારા રાજા ગણતા નથી. અમારો રાજા એક જ—દરિયો.'

'પણ એ તો તમારી ભાવના છે. પણ તમારા ઉપર અત્યારે સત્તા કોની?' મુંજાલને લાગ્યું કે રાજકુમારી વસ્તુ-સ્થિતિનો બરાબર તાગ લેનારી છે.

'એક ભગવાન જિનેશ્વરની. બીજી ભગવાન સોમનાથની.'

'ત્યારે પાટણપતિની નહિ?'

'ના; પાટણપતિની નહિ, લાટની પણ નહિઃ હમણાં વળી કાપર્દીદ્વીપના સ્થાનક ઉપરથી ધાડાં આવ્યાં હતાં એમની

પણ નહિ. અમારા રાજા અમે પોતે.'

'પણ વહેલેમોડે કાં લાટ કાં પાટણ કોઈક તો તમને નહિ સતાવે?'

'વહેલેમોડે શું કરવા? અત્યારે જ સતાવે છે ને?'

'ત્યારે?'

'એ છતાં હજી સુધી અમે કોઈનો સ્વીકાર કરતા નથી. કોઈને નમતું પણ આપતા નથી. પણ પાટણ ને લાટ એમાંથી પસંદગી કરવાની આવશે, તો અમે પાટણને પસંદ કરીશું. પહેલાં તો બન્નેને દ્રમ્મથી ખરીદી લેશું—એમના મોં કેવડાં? પાંચ કોટી, દસ કોટી, પંદર કોટી—માગી માગીને શું માગવાના? અમારે મન દરિયાની એક ખેપ!'

'એવા શ્રેષ્ઠીઓ ત્યાં પડ્યા છે એમ?' મીનલદેવીને કૌતુક થયું, રસ લાગ્યો. પણ મુંજાલે જોયું કે એનો અવાજ અત્યંત શાંત હતો.

'અરે! બા! તમે જો સ્તમ્ભતીર્થમાં આવો, તો જેમના ચરણની નખપંક્તિમાં માણિક્યની કાંતિની છટા પ્રગટે છે, એવી અનુપમ સુંદરીઓને, દરિયાના જલતરંગે, નૌકાઓમાં વિહાર કરતી જોઈને, છક્ક થઈ જાઓ. સોનેરી માછલીઓને રમાડવા માટે ઘણી વખત એ સાચ્ચાં મોતીના સોનેરી કુંભ ભરીને ચાંદની રાતે ફરવા નીકળે છે!'

'શું કહો છો?'

'સાચું કહું છું, કુમારીબા! સૈન્યની વાત જુદી છે. યુદ્ધનો પ્રશ્ન જુદો છે. બાકી, કર્ણાટકપતિને, પાટણપતિને ને અવંતીપતિને—ભારતવર્ષના એ ત્રણે મહાન નરપતિઓને—સોનારૂપાથી ખરીદવા હોય તો એ એક જ નગરી કરી શકે,

અને તે સ્તમ્ભતીર્થ ! લંકા, ઇરાન, સુમાત્રા, જાવા—અને બર્બરક પ્રદેશ એ સઘળાં અમારાં તો ફળી !'

'અને લાટનું ભૃગુકચ્છ ?'

'ભૃગુકચ્છ ? સ્તમ્ભતીર્થના શ્રેષ્ઠીનું એક ચૌદ વરસનું છોકરું હોય, તો એ આખા ભૃગુકચ્છને બે દિવસમાં ખરીદીને ઘેર ઉપાડી લાવે—આ ભૃગુકચ્છ ! એ હજી ઊગતું છે. એની પાસે દરિયો નથી. અમારે આંગણે તો સેંકડો આવે ને સેંકડો જાય !'

'પણ લાટના સ્વતંત્ર રાજની એ રાજધાની !'

'થોડા દિવસની—કુમારીબા ! પાટણ એને ગળી જાશે—ગળી જાવાની તૈયારીમાં છે !' કુમારીની વાત કરવાની રીતથી મુંજાલ આશ્ચર્ય પામ્યો. શાંત સહજ વાત કરતી હોય એમ એ વાત કરતી હતી, અને છતાં પોતાને જે જાણવું હતું તે તરફ એ વાતને દોરી રહી હતી.

'પણ ગળી શકશે ?'

'અવંતીપતિના આબુ ને જે ગળી ગયું—અને પચાવી પણ ગયું—એને આ ભારે પડશે ? આ બાજુ તમે ખરા—પણ તમે કર્ણાટકના મહામંડલેશ્વર; ગુર્જરેશ્વર તો સ્વતંત્ર રાષ્ટ્રપતિ. અને કર્ણાટક—અવંતિ—ને પાટણ ત્રણ સિવાય ચોથું છે કોણ ? તેમાંથી કર્ણાટક તો આંહીં ખૂંચ્યું છે. અવંતી તો પાટણથી ત્રાસી ઊઠ્યું છે. એટલે પાટણ જ વહેલે-મોડે અમારે ત્યાં આવશે. ભલે આવે. પાટણમાં પણ મહાન શ્રેષ્ઠીઓ પડ્યા છે. અમારો વ્યાપાર વધશે !'

'અને સ્વતંત્રતા નહિ જાય ? સ્વતંત્રતા જશે તેનું શું ?'

'કુમારીબા! સ્વતંત્રતાના નામે આજે કેટલાં વર્ષોથી ચોલ ને ચૌલુક્યો લડે છે? એમને શું મળ્યું? આજ લાટ કેટલાં વર્ષોથી પાટણ સામે લડે છે? એને શું મળ્યું? પાટણનો દંડનાયક! સંસ્કાર, સમાજ, ધર્મ સઘળું સમાન હોય, ત્યારે સ્વતંત્રતાની આ ઘેલછા શી? જે બળવાન હોય, તે નિર્બળને રક્ષે. રક્ષણ ન આપે, તો બીજો એને ભક્ષે—એ તો પરાપૂર્વથી ચાલ્યું આવે છે!'

'લાટ નબળું છે એમ?'

'અમારાં રત્નમાણિક્યો ખરીદતાં પાટણના શ્રેષ્ઠીઓ પાછું વાળી જોતા નથી. ભૃગુકચ્છમાં અકીક સિવાય બીજું જતું નથી. કોણ સબળ ને કોણ નિર્બળ, એ તો સેનાપતિઓ જાણે!'

'પાટણમાં શ્રેષ્ઠીઓ હશે. પણ સોમનાથની જલયાત્રામાં ભંગ પડે છે, વારંવાર યાત્રાળુઓને લૂંટે છે—એ આશાને વશ કરનારા સેનાપતિઓ પાટણમાં નથી? ફેરફારને અંગે રાજવ્યવસ્થા નબળી પડી છે? મારે સોમનાથ જવું છે—ને જવાતું નથી—એમાં આ પણ એક કારણ છે. કોઈ રસ્તો વિઘ્નરહિત નથી એ ખરું?'

'કુમારીબા! તમે સ્તમ્ભતીર્થ મારે ગરીબને ઘેર આવોને. આશો પોતે ભેગો ચાલીને તમને સોમનાથ મૂકી જાય તો?'

'એમ કેમ?'

'આશો તો અમારો સ્તમ્ભતીર્થનો પાળેલો વાઘ છે—*ઊંટિયો વાઘ!' મુંજાલ બોલ્યો. 'એને ક્યારે છૂટો મૂકવો

*ઊંટિયોવાઘ=સિંહ. સ્તમ્ભતીર્થ પાસે તે પહેલાં સિંહ મળતા એવો ઉલ્લેખ છે.

એ અમારા હાથમાં. ક્યારે પકડી રાખવો, એ પણ અમારા હાથમાં. સોમનાથ સુધીમાં કોઈનો વાળ વાંકો ન થાય! બસ?'

'નૌકાસૈન્ય તો અમારું ક્યાં નથી?'

'અરે! બા! જાત્રામાં વળી આ જુદ્ધ શા કરવાં? ને અરબ્બકિનારેથી આંહીં સોમનાથ–સ્તંભતીર્થ સુધી ફરતા ચાંચિયાનો એવડા મોટા સાગરમાં કોને ખબર ક્યાં ભેટો થઈ જાય? આશો તો—'

'એ તો લાટેશ્વરનો મિત્ર છે ને?'

'એ તો સૌનો મિત્ર છે. જે દ્રમ્મ આપે તેનો એ દોસ્ત. લાટેશ્વરને એની મૈત્રી શોભે. પાટણપતિના ગૌરવને એમાં હાનિ. એટલે એ લાટનો મિત્ર છે એ સાચી વાત. પણ અમારો તો પાળેલો વાઘ છે!'

મીનલદેવીને કોઈ દાસી વસ્ત્રલેખ આપવા આવી. ઘડીભર એ લેખ વાંચવામાં એ પડી. મુંજાલ વિચાર કરી રહ્યો.—શંકા ન થાય તેમ પાટણપતિ ને કર્ણાટકપતિને અવંતિપતિની સાથેએણે બેસાર્યા હતા. લાટનો એને હિસાબ નથી એ વાત થઈ ગઈ. શ્રેષ્ઠીઓના વૈભવ વખાણ્યા. હજી એક વાત બાકી રહી જતી હતી—સંસ્કારની—વિદ્યાની. તેણે ધીમેથી વિમલ દંડનાયકની અર્બુદગિરિમાલાની મોહકસૃષ્ટિ સંભારી. એટલામાં વસ્ત્રલેખ સંકેલતી મીનલદેવી બોલી: 'શ્રેષ્ઠીજી! ચેદિદેશથી કોઈ ચિત્રકાર આવ્યા છે. એણે મળવા આવવાની અનુજ્ઞા માગી છે. પણ મારે સોમનાથની વાત પૂરી જાણી લેવી છે—એટલે એ કાલે આવશે. પણ અવંતીને નામે મને કવિરાજ બિલ્હાણની વાત યાદ આવી ગઈ. કાલે એમણે કહી

હતી નાં? ત્યાં એ બાજુ શું એટલો બધો અસંસ્કાર છે—કે શબ્દઉચ્ચારણમાં શુદ્ધિ કે માધુર્ય જ ન મળે? એ સાચું ?'

મુંજાલ રાજકુમારીની ચાતુરી જાણી ગયો. ગુજરાત વિષે સર્વસ્વ જાણી લેવાની આની આ રીત હતી. એ હવે સાવધ થઈ ગયો. વાત એવી રીતે મૂકવી કે આને પક્ષપાત ન લાગે—નહિતર એના મનમાં કુશંકા જન્મશે. તે ધીમેથી બોલ્યો:

'એનું કારણ, છે બા!'

'શું?'

'એ બાજુ પાટણના એક દંડનાયક થઈ ગયા. વિમલ. એમણે આરસના પથ્થરમાં અલૌકિક સૃષ્ટિ ખડી કરી છે. જાવા—સુમાત્રાથી એ સૃષ્ટિ જોવા અનેક આવે છે—ને એની રૂપમોહિની જોઈને ડોલી જાય છે. તમારે આંહીં છે—ભવ્યતા ને વિશાળતા. પણ વિમલમંત્રીએ તો પથ્થરને આપી છે—નરી સુંદરતા. પથ્થરે પથ્થરને એણે ભાષા આપી. જ્યાં પથરા પણ ધ્વન્યાત્મક કાવ્ય જેવી ભાષા બોલી શકે છે—કવિરાજ બિલ્હણ તો મહાપંડિત છે, એમનામાં અસત્ય વાણીનો દોષ આરોપું તો મને પાતક લાગે—પણ આંહીં કર્ણાટકી અવાજનો ટંકારો મને ધનુષટંકાર જેવો લાગ્યો હતો; અને છતાં આંહીંની નારી પાસે ગતિની—નૃત્યની ભાષા છે; એ તો એવું છે, કુમારીબા! સૌને પોતપોતાની ભાષા હોય છે. લાટ પાસે લાટીરીતિ છે. સોરઠ પાસે મીઠી રાગિણી છે. પાટણ પાસે મોહક બંસી જેવી નારીહૃદયની ગીતાવલિ છે! એમની ભાષા—બોલવામાં નથી—ગીતમાં છે. કર્ણાટકની, તમારી—નૃત્યમાં છે. અવંતીની કાવ્યવૈભવમાં છે. ચોલરાજેન્દ્રોની ઉત્તુંગ ગો-

પુરમ્માં છે. બંગની ગૌડીશૈલીમાં છે. સ્તંભતીર્થની રત્નના મોહક રંગમાં છે. પણ આ તો મારો વિચાર છે!' અને પછી તેણે જાણે પોતાને કાંઈ લેવાદેવા ન હોય તેમ ઉમેર્યું: 'કવિ બિલ્હણ સાચા પણ હોય; છેલ્લાં વર્ષોમાં મહાસૈન્ય વડે રણક્ષેત્ર ઉપર વિજય મેળવતું મહારાજ ભીમદેવનું પાટણ ધનુષટંકારમાં શબ્દટંકાર કેમ ભૂલ્યું ન હોય? ભૂલ્યું હોય તો ના ન કહેવાય! કવિ બિલ્હણની—વાત સાચી હશે, કુમારીબા! જે સૈન્યને બહુ સંભાળે છે, એ સંસ્કારને વિસારે પણ મૂકે છે. મહારાજ ભીમદેવ, દંડનાયક વિમલ, દામોદર, બાલુકરાય, કેસર મકવાણો—શૂરવીરોની પરંપરા હમણાં આવી ગઈ—એટલે પંડિતોની ખામી પણ હોય!'

એ જ વખતે એક નારી સૈનિક દોડતી આવી: 'કુમારીબા! મહારાજ આવે છે!' તે ઉતાવળીઉતાવળી બોલી ને ઊભી રહી.

'મહારાજ? કોણ પિતાજી આવે છે? એ તો ત્યાં કાંચીપુરમ્માં હતા ને? હમણાં જ આવ્યા? અચાનક આવ્યા એ શું? કેમ આવ્યા હશે? સાથે બીજું કોણ છે?'

'મોટાં બહેન!'

'હેં! મોટા બહેન? એ પણ આવ્યાં છે? અરે! શ્રેષ્ઠી—' મીનલદેવીને સ્તમ્ભતીર્થનો આ વેપારી અત્યારે આંહીંથી નીકળે ને મહારાજની નજરે પડે એ યોગ્ય લાગ્યું નહિ. ગુજરાત પ્રત્યે મહારાજની દૃષ્ટિ સહેજ શંકાભરી હતી. એમની રાજનીતિ પ્રમાણે લાટ સાથેના સંબંધમાં વધારે લાભ હતો. મોટીબહેન—મૈમલદેવી પણ એ જ મતની હતી. પાટણ કરતાં તો મીનલદેવીને માટે એ વિક્રમાંકદેવને વધારે યોગ્ય ગણતી

'શ્રેષ્ઠીજી ! આ બાજુ—' મીનલદેવીએ એક નારી-સૈનિકને સૂચના આપી. 'કાંઈ ફિકર નહિ, કુમારીબા ! મારી તરફથી લેશ પણ અશાંતિ નહિ થાય. હું આંહીં જ ઊભો રહી શકીશ. આંહીં કોઈ નહિ દેખે.' હીંડોળાની પાછળના નજીકના એક મહાન સ્તંભની પછવાડે મુંજાલ ઊભો રહી ગયો. એને કોઈ દેખે તેમ ન હતું. એ સૌને દેખી શકતો હતો, ને વાતચીત સાંભળે તેમ હતો. ઉતાવળમાં એ વસ્તુ પ્રત્યે કોઈનું લક્ષ ગયું નહિ. થોડી વારમાં મહારાજ જયકેશી આવ્યા. એ આધેડ વયના હતા. ગંભીર, ચિંતનશીલ અને ઉદ્યોગી જણાતા હતા. પરાક્રમ અને ઉદ્યોગ એ સિવાય ત્રીજી કોઈ વાતમાં એમને રસ હોય તેમ ન લાગે. દુન્યવી ડહાપણ-માં રાચતા વિવેકી મનુષ્ય જણાય. એમણે પળેપળનો ઉપયોગ કરીને આજની પોતાની અસામાન્ય સ્થિતિ પ્રાપ્ત કરી હતી. ગોપકપટ્ટન એમનું સર્જન હતું. આગળ ને આગળ વધતાં સ્તમ્ભતીર્થ સુધી પહોંચી જવું એ યોજના એમની હતી. કાપર્દીદ્વીપનું સ્થાનક એમણે જીત્યું હતું. કર્ણાટકના ચક્રવર્તી-ઓને પોતાની સલાહ માન્ય કરતાં એમણે શિખવાડ્યું હતું. દક્ષિણનાં યુદ્ધ બંધ થાય—તો ઉત્તરમાં વધાય, એવી રાજનીતિ એમણે આપી હતી. મુંજાલ એમને જોઈ રહ્યો. પહેલી દૃષ્ટિએ તો કોઈ રાજવંશી શૂરવીર પુરુષ કરતાં સજ્જન નાગરિકની છાપ આપતા, ડાહ્યા રાજવી એ જણાય. એની અને મીનલદેવી વચ્ચેનું અંતર પણ એ કળી ગયો. પિતાનામાં અનુભવથી આવેલું અત્યંત દીર્ઘદૃષ્ટિવાળું વિવેકી ડહાપણ હતું; જ્યારે પુત્રીમાં નૈસર્ગિક રીતે જન્મેલું શાંત, સ્થિર, ભાવનાપૂર્ણ બુદ્ધિબળ હતું.

'તમે તો અચાનક જ આવ્યા, પિતાજી! અને મોટી બહેન ક્યાંથી ?'

મૈમલદેવી *આગળ આવી: 'હું પણ કાંચીપુરમ્ હતી. પિતાજી ત્યાં આવ્યા. એટલે સાથે આવી.' તે મીનલને પ્રેમથી ભેટી પડી.

સૌ બેઠા. જયકેશીએ સહેજ નિશાની કરી ને નારી-વૃંદ સડેડાટ પાછું સરી ગયું. મીનલદેવીને સાંભર્યું કે પેલો સ્તમ્ભતીર્થનો પરદેશી વેપારી ત્યાં ઊભો રહ્યો છે—પણ હવે એના પોતાના ડહાપણ ઉપર જ વાત છોડવામાં ડહાપણ હતું.

'બ્રહ્મદેવશર્મા આવ્યા છે—લાટથી, મને તો લાટનો સંબંધ ઠીક લાગે છે. એટલા માટે હું આવ્યો છું. મીનલ! એ તને તો ખબર હશે; ભૃગુકચ્છ જેવું નગર છે. સ્તમ્ભતીર્થ છે!'

'સ્તમ્ભતીર્થ એનું ક્યાં છે, પિતાજી? ને નગર ઘણાં હોય—કે રાજ મોટું હોય—એથી શું?'

'ત્યારે? તારી વાત તો કાંઈ ન્યારી જ લાગે છે! આ મૈમલદેવીએ તો કર્ણાટકનું રાજ જોયું, રાજકુમાર જોયો—અને પરણી પણ ગઈ! લાટ તો એટલું સમર્થ છે કે આપણી સહાય મળતાં એ છેક પાટણમાં જયધ્વજ ફેલાવશે! અને આપણે પણ નવસારિકા પ્રદેશને એ રીતે મેળવી શકીશું! લાટ દૂર ખસતું પાટણ તરફ જાય—આપણે ખસતા ખસતા લાટ તરફ જઈએ!'

'અને ત્યાં પાટણમાં કોઈ સમર્થ પુરુષ નહિ બેઠા હોય એમ?'

'અત્યારે એવું જ છે, દીકરી! અત્યારે પાટણમાં કોઈ

* મમ્મલદેવી.

ધણીધોરી નથી ! આશો—એક ભીલડો—સોમનાથનાં જાત્રાનાં વહાણ ધરાર લૂંટી લે છે, એ શું બતાવે છે ? ઉદયાદિત્ય ખોંખારા મારે છે, એ શું બતાવે છે ? જગતપાલ તૈયાર થાય છે, એ શું બતાવે છે ? આપણે વખત ગુમાવવો એ હાથે કરીને વિપત્તિ વહોરવા જેવું છે. પદ્મદેવ જેવો કુમાર અત્યારે ભારતવર્ષમાં ક્યાંય નથી !'

'પણ એ લાટેશ્વર છે ?'

'અરે નહિ હોય તો થશે ! આપણે બનાવીશું !'

'અરધું ભારતવર્ષ સાચવવાનું જેની પાસે સામર્થ્ય કે સ્વપ્ન હોય—' મીનલદેવીનો અવાજ શાંત, ભાવનાપૂર્ણ, દૃઢ અને તેજસ્વી બની ગયો. 'નર્મદાથી હિમાચલ સુધી વિસ્તરવાની જેનામાં શક્તિ હોય—એ સિવાય બીજા કોઈને હું નૃપતિ ગણુતી નથી. લાટમાં એ શક્તિ નથી. એટલે મારું સ્વપ્ન, તો ભગવાન સોમનાથના સમુદ્રનું જ રહે છે !'

'તું કોઈક બ્રાહ્મણી લાગે છે, મીનલ ! જ્યારે જુઓ ત્યારે સોમનાથ ! એ સિવાય બીજી કોઈ વાત જ નથી.'

'એમ જ હશે,' મીનલ હસતાં હસતાં બોલી. 'આપણા પૂર્વજ તો બ્રાહ્મણ નાં ? જરૂરિયાતે *મયૂરશર્માને ક્ષત્રિય બનાવ્યા, પણ લોહી તો બ્રાહ્મણનું નાં ? મને પણ, પિતાજી ! સોમનાથને નામે કંઇ કંઈ થાય છે.'

* મયૂરશર્મા કાદંબવંશના મૂળપુરુષ ગણાય છે. કાંચીમાં ગયેલા. અપમાન થયું. દ્રોણ પેઠે ક્ષત્રિયધર્મ સ્વીકાર્યો, એવી કથા છે. મોરેસ, પૃ. ૧૫-૧૬. આ મયૂરશર્મા કે વર્મા કેટલેક અંશે ઐતિહાસિક પુરુષ પણ છે. 'Ancient Karnataka', B.A. Saletore, P. 249 & 327

'સોમનાથ શું લાટવાળાનું નહિ થાય?'

'પણ લાટવાળા પાસે પરંપરા શી? એનું કુળગૌરવ શું? એમને હાથે મહાન પરાક્રમ કયું?'

'એ પણ ચૌલુક્યો છે!'

'આપણે આ કર્ણાટકના ચૌલુક્યો ક્યાં જોયા નથી? ચૌલુક્યે ચૌલુક્યે ફેર. મહારાજ! આજે તો આ સમય છે—બાકી તમે ભૂલી કેમ જાઓ છો? મોટાં બ્હેન! ખોટું ન લગાડતાં હો—!'

'મારે શું છે, મીનલ! તારે પરણવું હોય તો પરણ. લાટ છે, કર્ણાટક છે—અને એમાં ન પરણવું હોય તો રહે કુમારી! સોમનાથની સાધુડી જ થાને!'

'એવું છે, બ્હેન! એ તમને ઠીક લાગે—વિક્રમાંકદેવને *પાંચ તો રાણી છે. છઠ્ઠાં તમે છો!'

'એમાં શું થઈ ગયું? રાજા તો રાણીઓથી શોભે!'

મીનલદેવી સહેજ હસીઃ 'અરે! બ્હેન! તમે પણ? પણ હું મહારાજને બીજું જ કહી રહી હતી. કર્ણાટકના ચૌલુક્યો, મહારાજ! આપણા એક વખત તો સામંતો; આજે આપણે એના સામંતો છીએ! ખરા કુંતલેશ્વર તો આપણે.'

'વરસોના ઇતિહાસ ઉખેળવાનું તો, મીનલ! તને ગમે. આપણે તો જોવાનું એ કે, આજે એ મહાન સમ્રાટ છે. દક્ષિણસમુદ્ર સુધી પહોંચવાનું એનું સ્વપ્ન છે. નર્મદાથી દક્ષિણસમુદ્ર સુધીના વિસ્તારને વશ રાખનારા—એ કુંતલેશ્વરો—એમનાં સ્વપ્ન કાંઈ ઓછાં ભવ્ય નથી કે તું મૈમલને

* ચંદલદેવી, લક્ષ્મીદેવી, જક્કલદેવી, મલયવતીદેવી, અને માલિકાદેવી—એ પાંચ.

હસે છે!'

'ઇતિહાસ તો હું એમ ઉખેળી રહી હતી, પિતાજી! કે આંહીં તો એવા મહાન કુંતલેશ્વરો થઈ ગયા છે—દક્ષિણ-સમુદ્ર પર્યંતના સ્વામીઓ—કે ઉત્તરમાં જ્યારે મહાન ચંદ્ર-ગુપ્ત હતા, ત્યારે આંહીં એનો એક સાંધિવિગ્રહિક આવ્યો હતો. એવા તો જેમને ત્યાં સાંધિવિગ્રહિકો આવતા, તે આ કુંતલેશ્વરો. અને એવા જ ભવ્ય કાદંબવંશી સિંહધ્વજના સ્વામીઓ. આજે આ કર્ણાટકને આપણે મહાન ગણવું પડે, એ કાંઈ જેવોતેવો વિનિપાત છે? એ સાંધિવિગ્રહિક કોણ હતો, બહેન! તમને ખબર છે?' મીનલે મૈમલને પૂછ્યું.

'અરે! મારે શું? કોણ જાણે કોણ આવ્યો હશે!' મૈમલે ઉપેક્ષાથી કહ્યું.

'તમે નામ સાંભળશો ને ડોલી ઊઠશો. એ હતો ભવ્ય રઘુવંશની કીર્તિકથા સરજનારો કવિ કાલિદાસ!'

'મીનલ! તું ઘેલી છે!'

'ઘેલી કેમ ન હોઉં, મહારાજ? એ કવિકુલગુરુ કાલિ-દાસ જેવા પણ જેમના રાજદરબારે સામાન્ય *આસન મેળવવામાં સંતોષ અનુભવી રહેતા—એવા મહાન સમ્રાટો

---

* કુંતલેશ્વર પ્રવરસેન વિષે આ ઉલ્લેખ છે 'ઔચિત્યવિચાર-ચર્ચા'માં 'કુંતલેશ્વરદૌત્યમ્'માંથી ઉતારેલો શ્લોક, 'કાવ્ય-મીમાંસા,' ૨૧૪.

इह निवसति मेरुः शेखरः क्ष्माधराणां
इह विनिहितभाराः सागराः सप्त चान्ये ।
इहमहिपतिभोगस्तम्भविभ्राज्यमानं
धरणितलमिहैव स्थानमस्मद्विधानाम् ॥

જે પૃથ્વીમાં થઈ ગયા, એ પૃથ્વીની હું પુત્રી છું. કર્ણાટકને તમે મહાન ગણો. પણ કર્ણાટકમાં મહાન છે શું? ને કર્ણાટકના એક નાનકડા પડછાયા જેવું લાટ—એ તે કાંઈ રાજ છે?'

'પણ ત્યારે તું કોને મહાન ગણે છે? તારે મન કોઈ મહાન છે કે નહિ?'

'હિમાચળને!' મૈમલદેવીએ શાંત ઉપહાસ કર્યો.

'હા, હા, બહેન! હિમાચળને. મારે તો એક સ્વપ્ન છે. સોમનાથને સુવર્ણરત્નમાણિક્યથી છાઈ દેવાનું—ઉત્તર ભારતવર્ષને હિમાચળથી નર્મદા સુધીના સામ્રાજ્યથી છાઈ દેવાનું. એ સ્વપ્ન જેનામાં હું જોઈશ, એને હું કાંઈક ગણીશ!'

'ઉત્તર ભારતવર્ષનું સામ્રાજ્ય થાય ત્યારે—આ દક્ષિણ સામ્રાજ્યનું કર્ણાટક તો સ્વામી છે!' મૈમલદેવીએ કહ્યું.

'ત્યાં મારે સાતમી રાણી થવું નથી! અને બીજું તમને કહી દઉં. અવધ્ય રાજાને—મુંજ જેવાને, હણનારા કર્ણાટકમાં અનાર્યતા છે!'

'અનાર્યતા?' મૈમલે કહ્યું.

'હા, હા, અનાર્યતા' મીનલદેવીનો અવાજ જરાક કંપતો હતો—'આહવમલ્લ મૃત્યુ પામ્યા છે. હવે રાજ માટે ભાઈઓ ભાઈઓ કેવા લડે છે એ જોજો. કર્ણાટકના દિવસ ભરાઈ ચૂકયા છે!'

'એ તો તને એમ લાગે. ઈર્ષા તો થાય જ નાં—ભારતવર્ષમાં બીજો કુંતલેશ્વર નથી, એટલે એમ લાગે. કાશ્મીરથી પંડિતો આંહીં કુંતલદેશમાં આવે છે, બહેન! એમ અંદરઅંદર ઈર્ષા કરવી સારી નહિ!'

બન્ને બહેનોને રંગ ઉપર ચડતી જોઈ જયકેશી વચ્ચે

પડયો. 'મીનલ! શું તું પણ? હવે, આપણે આપણું સંભાળોને! લાટના પુરોહિત બ્રહ્મદેવશર્માને બોલાવું? એમના સંદેશાએ મને આ બાજુ વહેલો આણ્યો છે. બોલ, બોલાવું?'

'ના.'

'કેમ?'

'પિતાજી! હું સોમનાથની દેવદાસી થઈ જઈશ—અયોગ્યને નહિ પરણું!'

'લાટનો પદ્મદેવ અયોગ્ય?'

'એકલી ગાંડી શૂરવીરતા મેં ઘણી જોઈ છે. ગાંડી શૂરવીરતા મહારાજ્યો સ્થાપતી નથી. ને હોય તે રાજ્યો ટકાવી પણ શકતી નથી.'

'ઠીક, ત્યારે કર્ણાટક?'

'એ *અનાર્ય છે! એક વખત આપણા એ સામંત હતા!'

'આ તારો નિશ્ચય છે? દૃઢ છે?'

'હિમાચળ જેવો!' મીનલે મૈમલ સામે જોયું. બન્ને બહેનો સામસામે હસી પડી.

'મીનલ! મને લાગે છે તું કુંવારી રહીશ!' મૈમલ હસતી હસતી બોલી.

'તો પિતાજીનું અરધું રાજ સંભાળીશ! હું પણ ઘોડેસવારી જાણું છું. તલવાર ફેરવું છું. ધનુષ ઉપાડી શકું છું.

* વિક્રમાંકદેવનાં કવિ બિલ્હણે ઘણાં વખાણ કર્યાં છે. પણ મોટાભાઇ સોમેશ્વર બીજાને પદભ્રષ્ટ કરનારો—ને સૌથી નાના ભાઈ મહાપરાક્રમી જયસિંહને પહેલાં સ્વાર્થપૂરતો મેળવી લઈ, પછી હાંકી કાઢનારો, વિક્રમાંક કેટલેક અંશે રાજખટપટી જણાય છે.

મને રાજ કરવાના કોડ પણ છે. આ વખતે પિતાજી સ્થાનક ઉપર જાય ત્યારે સાથે હું જવાની છું !'

'પાલખીમાં જજે અને જરાક મજબૂત ભોઈ ઓને સાથે લેજે—!' મૈમલે શાંત ઉપહાસ ચાલુ રાખ્યો.

'પાલખીમાં શું કરવા? ઘોડેસવારી કરતી નહિ જાઉં! —સૈન્યને મોખરે? નવસારિકા સુધી મહારાજની આણ...' મીનલ બોલતી અટકી ગઈ. એને હવે અચાનક સાંભર્યું કે સ્તમ્ભતીર્થનો પેલો વેપારી આંહીં ઊભો છે.

'ચાલો, ચાલો ત્યારે, મૈમલ! આ તો ઘેલી છે ઘેલી. એને એના સ્વપ્નામાં તલ્લીન રહેવા દો. ચાલો, આપણે, બ્રહ્મદેવને બિચારાને ખોટી આશામાં આટલા દિવસ રોકયો છે—ત્યારે બહેન! જવાબ આપી દઉં છું!' જયકેશી ઊભો થતાં બોલ્યો.

મીનલદેવીએ ઊઠીને બે હાથ જોડયા. પિતાની સાથે ચાલી. થોડી વાર પછી એ પાછી ફરી રહી હતી.

મુંજાલ એને પાછી આવતી જોઈ રહ્યો. 'આવી મહાન સ્વપ્નથી ભરેલી રાજકન્યા પાટણમાં આવે! આવશે?' એ વિચાર કરી રહ્યો. એને લાગ્યું કે આ સ્ત્રી સત્તા મેળવતાં દેવી જેવી થઈ રહે. પોતાની એ પ્રથમ પરીક્ષા સાર્થક હતી. પણ આને પાટણની કઈ મહત્તા સ્પર્શી શકે? એનું સ્વપ્ન તો હિમાચળથી નર્મદાતટના મહારાજ્યનું છે. એને પોતાનું કામ હજારગણું મુશ્કેલ થતું લાગ્યું.

'શ્રેષ્ઠીજી!'

મુંજાલ વિચારમાંથી જાગ્યો. તેણે પોતાની ભેટમાંથી મોતીની અત્યંત મનોરમ દાબડી કાઢી. તેમાં મહામોલાં રત્નો

ઝળકી રહ્યાં હતાં. મીનલદેવી સામે ધરીઃ 'રાજકુમારીબા! કાલે મારે તો સોપારા જવું છે—તમારે યોગ્ય ભેટ મારા જેવા અકિંચન પાસે ક્યાંથી હોય? પણ આ છે, તે ધરું છું!'

મીનલદેવી એક ક્ષણ આશ્ચર્યમાં ડૂબી ગઈ. 'આ માણુસ એવો કોણ છે કે જેની પાસે આટલાં બધાં રત્નો છે! કાલે એણે કવિ બિલ્હણને આપ્યાં—એવાં જ રત્નો પાછાં આજે ક્યાંથી લાવ્યો? આ કોઈ ગુપ્તચર તો નહિ હોય? હોય તો ક્યાંનો હોય? પાટણનો—?' એના મનમાં વિચાર આવ્યો.

'તમે છેલ્લા છેલ્લા ક્યાં પાટણમાં હતા, શ્રેષ્ઠીજી? હમણાં ક્યાંથી પાટણથી આવો છો?' મીનલે અચાનક પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન અચાનક હતો, પણ અવાજ શાંત ને સ્થિર હતો. મુંજાલ રાજકુમારીની સ્વસ્થતા જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે પોતાની ભૂમિકા ઝડપથી તૈયાર કરી લીધી.

'હા, રાજકુમારીબા! હું હમણાં તો પાટણથી આવી રહ્યો છું!'

'તમે તો સ્તમ્ભતીર્થ—'

'સ્તમ્ભતીર્થનો હું રહેવાશી.છું એમ મેં કહ્યું હતું. હું તો પ્રવાસી રહ્યો. રત્નમાણિક્ય શોધવા વેંગી પ્રદેશમાં વારંવાર જવું પડે છે. હમણાં વળી કુમાર દેવપ્રસાદને કોઈ રત્ન જ ગમતું નથી! એટલે ત્યાં જવું પડયું હતું!'

'દેવપ્રસાદ? એ કોણ છે?'

મુંજાલ હસી પડ્યોઃ 'કુમારીબા! માફ કરજો. પણ કુંતલેશ્વરો જેના ચરણમાં પડતાં મહત્તા પામે, એવો એ પાટણનો કુમાર છે.'

'પાટણનો કુમાર ?'

મુંજાલે પોતાની તક ઝડપી: 'રાજકુમારીબા ! ભગવાન સોમનાથની એના ઉપર છાયા છે. જે રાજને માટે રાજકુમારો મરી પડે છે—આંહીં તમે વાત કરી ના ? કર્ણાટકના રાજકુમારોની—'

મીનલદેવીને કાંઈક સ્તબ્ધ થયેલી મુંજાલે દીઠી. તેણે તો આગળ ચલાવ્યું:

'તમે વાત કરી ના ? કર્ણાટકના રાજકુમારોની—રાજ માટે ભાઈ ભાઈ વચ્ચે કેવી ચાલે છે તે—એટલે આ કુમાર સાંભર્યો. પાટણપતિ ભીમદેવે રાજત્યાગ કર્યો, ત્યારે પ્રેમકલહ થયો કે બે ભાઈમાંથી કોણ એમની સાથે જાય !'

'ખરેખર ?'

'આનું નામ સોમનાથની છાયા ! પાટણ શું જીતશે, ક્યાં ઘા મારશે, એ સૌ કોઈ જાણી શકે છે. એની એક જ વાત કોઈ જાણી શકતું નથી. એ કયે વખતે કેવો મહાન ત્યાગ કરી બેસશે ! અંતે મોટાભાઈએ રાજત્યાગ કર્યો !'

'મોટાભાઈએ ?'

'ક્ષેમરાજદેવે ! એનો આ રાજકુમાર દેવપ્રસાદ. એ પણ રાજને શિવનિર્માલ્ય ગણવાની પ્રતિજ્ઞા લઈ ચૂક્યો છે !'

'શા માટે ?'

'એને એક અનુપમ સુંદરી મળી ગઈ—એક રાજકુમારી. એને શણગારવા એને કોઈ યોગ્ય રત્ન જડતું નથી. આ એટલા માટે હું હેરાનહેરાન થાતો વેંગીમાં ગયો હતો ! એ કહે છે, મારે તો બે જ વસ્તુ જોઈએ છીએ: જુદ્ધ અને જુવતી. જુવતી મળી ગઈ. હવે જુદ્ધ આપો. જુદ્ધ આપે

જયકેશી મહારાજ. બીજું શું? લાટની મદદે ચડે!'

'શ્રેષ્ઠીજી!' અચાનક મીનલદેવીનો અવાજ કાંઈક દૃઢ દેખાયો: 'મને હવે સાંભર્યું. તમે ક્યાં પાન્થાશ્રમમાં ઊતર્યા છો?'

'હા, બા!'

'તમને આંહીંથી હવે અમે જવા નહિ દઈએ. તમને કેટલીક ન જાણવાની વાત મળી ગઈ છે!'

'ઓ! બા! મારે એ જ કામ હતું!' મુંજાલ હસી પડ્યો: 'મારે કુમાર દેવપ્રસાદને રત્નથી રીઝવવા મટચા. લ્યો, ત્યારે, આ તમે સાચવો!' મુંજાલે મોતીની રત્ન-દાબડી મીનલ સામે ધરી.

મીનલદેવીને માણસ જાણી લેવા જેવો લાગ્યો. તેણે સોનેરી ટોકરી વગાડી. એક સૈનિકનારી હાજર થઈ.

'આમને પાન્થાશ્રમમાં મૂકી આવો.'

'શ્રેષ્ઠીજી! રત્નો પછી અમે લેશું. તમારાથી હમણાં જઈ શકાશે નહિ!'

'મારે તો ત્યાં પાન્થાશ્રમમાં જ જવું નથી ને બા! મને આંહીં ક્યાંક રાખોને. આંહીં બહુ મજા છે!'

'હમણાં તો જાઓ. થોડા દિવસમાં જ પ્રતિબંધ લઈ લેવાશે!'

'ગોપકપટ્ટન મારે આખું જોવું છે. હમણાં તો મને આંહીં રોકજો. મારે ગરીબને ઘરનો ખરચો તો પરબારો નીકળ્યો. ચાલો ભાઈ, ક્યાં છે તંત્રપાલ? કોણ સાથે આવે છે?'

૨૩. મુંજાલને મૂંઝવણમાંથી રસ્તો મળ્યો

મુંજાલ પાન્થાશ્રમમાં તો આવ્યો. પણ એને મીનલદેવીના માનસની ખબર પડી નહિ. એને એક જાતનું ગુજરાત તરફનું આકર્ષણ હતું એ ચોક્કસ; પણ એ તો ભગવાન સોમનાથના નામે એને એક પ્રકારની અપૂર્વ લાગણી થતી હતી એ વિષેનું હોય. એને લીધે એ હતું કે બીજા કોઈ કારણથી, તે જાણી શકાયું નહિ. એ પોતાને માટે કોઈને યોગ્ય માનતી હોય એમ ન લાગ્યું—લાટેશ્વર, ચેદીશ્વર કે કુંતલેશ્વર કોઈ જ નહિ.

શંકરસરસ્વતી હજી આવ્યા ન હતા એ વાત પણ મુંજાલને મૂંઝવી રહી હતી. થોડા દિવસ પછી ધીમેધીમે તેના ઉપરનો પ્રતિબંધ તો દૂર થયો. પણ પછી એણે તો પાન્થાશ્રમમાં જ ધામા નાંખ્યા. શંકરસરસ્વતી દેખાયા નહિ. કવિ લક્ષ્મણ પણ જણાયો નહિ. એને કાંઈ સમજણ પડી નહિ. આમ ને આમ ક્યાં સુધી આંહીં પડ્યું રહેવું? કોઈને શંકા ન આવે માટે રત્નમાણિક્ય લઈને બજારમાં જતો-આવતો, કાંઈક વેચતો, કાંઈક લેતો. એમ ને એમ ઘણા દિવસો ગયા. એવામાં અચાનક એક દિવસ એણે અર્જુનભટ્ટને પાન્થાશ્રમમાં જોયો.

'અરે! ભટ્ટરાજ તમે ક્યાંથી? આંહીં આવવા માટે પાટણમાંથી ક્યારે નીકળ્યા હતા?' તેણે ધીમેથી પૂછ્યું.

'પ્રભુ! આંહીં હું આવ્યો છું. રાજા જયકેશીને મળવા. મહાઅમાત્યનો સંદેશો લઈને.'

'મહાઅમાત્યનો સંદેશો લઈને?'

'હા. મહાઅમાત્યે રાજા જયકેશીને કહેવરાવ્યું છે કે સોમનાથના જલમાર્ગની કેમ રક્ષા કરવી એની શિખામણ જેવાતેવા પાસેથી લેવાને પાટણપતિ ટેવાયેલા નથી. તમે તો કુંતલેશ્વરના મહામંડલેશ્વર રહ્યાઃ તમારો એ અધિકાર ન હોય. સમુદ્રને ને સોમનાથને બન્નેને પાટણ સમજે છે!'

'ત્યાં કાંઈ થયું છે, ભટ્ટરાજ? આવો સંદેશો મહાઅમાત્ય આપશે એ તો સ્વપ્ને પણ ખ્યાલ નહિ! શંકરસરસ્વતી તો હજી આ બાજુ ઢળ્યા જ નથી. એ શું?'

અર્જુનભટ્ટે અવાજ જરાક મંદ કર્યોઃ 'આપણે તો રાજકુમારી મીનલદેવીને ગુજરાત લઈ જવી છે. એટલા માટે આ બધું છે. કવિ લક્ષ્મણે સમાચાર આપ્યા—અને મહાઅમાત્ય તો ડોલી ગયા! રાણી ઉદયમતીએ પણ કહ્યું કે એ જ રાજકન્યા લાવો! કવિ લક્ષ્મણ—'

'પણ કવિ લક્ષ્મણ ત્યાં ક્યાંથી? એક દિવસે કાશ્મીરી કવિ બિલ્હણ સાથે આંહીં દેખાયા—પછી મને તો એનો પત્તો જ લાગ્યો નથી!'

'પત્તો તે ક્યાંથી લાગે? એણે આવીને તો મહાઅમાત્યને કહ્યું કે પાટણમાં અનેક રૂપસુંદરીઓ આવશે, પણ પાટણમાં દેવી—તો એક ચૌલાદેવી—આવી ગઈ. બીજી દેવી જોતી હોય તો આ છે—મીનલદેવી. એના અંગઅભ્યાસે

હું કહું છું—મને જૈન ગુરુવરની પ્રસાદી મળી છે એટલે કહું છું—કે આની કૂખે જે જન્મશે તે ભારતભરને એકચક્રે કરવાની શક્તિ ધરાવશે. કવિ લક્ષ્મણની આ વાતે નવી જ યોજનાને જન્મ આપ્યો છે!'

'ત્યારે કવિ લક્ષ્મણ આંહીંથી તો અદૃશ્ય જ થઈ ગયેલા. અને શંકરસરસ્વતી—એ ક્યાં છે?'

'કવિ લક્ષ્મણે સમાચાર આપ્યા કે રાજકુમારી સોમનાથને નામે અપૂર્વ ભાવ અનુભવે છે—એટલે મહાઅમાત્યે ઝડપી સાંઢણી મોકલી એમને પણ પાછા બોલાવી લીધા!'

'હા . . . એમ કેમ?'

'જે કામ માટે એ આંહીં આવી રહ્યા હતા—તે તો આંહીં છે જ—સોમનાથની ભક્તિ. એ તો કૌટુમ્બિક પરંપરા લાગે છે.* એટલે મહાઅમાત્યે કહ્યું કે ઘણી વખત વધારેપડતી સાવચેતી જેમ માણસને નિર્બળ બનાવે છે, તેમ ઘણી વખત વધારેપડતી તૈયારી પણ નિર્બળ બનાવે છે. આપણે તો એવું કરો કે જયકેશી આપણને બોલાવવા આવે!'

'ત્યારે એ વાતમાં માલ નથી. ગોળનાં ગાડાં ભર્યે રાખો!'

'કેમ?'

'કેમ શું? આ જયકેશી તો જમાનાનો ખાધેલ પુરુષ

* કાદમ્બવંશનો ઇતિહાસ જોતાં જયકેશીના પિતા ષષ્ટદેવ ને ગુહલ્લદેવે સોમનાથની જાત્રા કરેલી. કાદંબવંશી રાજાઓ શૈવ હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ તે સમયના લેખોમાંથી મળે છે. J. B. B. R. A. S., Vol. IX, P. 266–307. મયૂરશર્મા બ્રાહ્મણ હતા એ અર્ધઐતિહાસિક વાતને 'પ્રબંધચિંતામણિ'ની દંતકથાનો ટેકો છે, એ વસ્તુ નોંધવા જેવી છે.

છે. એને જોશો એટલે ખબર પડશે. કુંતલેશ્વર ને કાંચીપતિ ચોલરાજ વચ્ચે એણે ક્યારનો સંધિવ્યવહાર શરૂ કરી દીધો છે. વિક્રમાંકદેવને પોતાનો જમાઈ બનાવી લીધો છે, અને પોતાની સહાય્યથી એને વહેલેમોડે રાજગાદીએ બેસારશે. એને એ કુંતલેશ્વર બનાવશે, ને મોટો ભાઈ રખડશે. એવી ઊંડી યોજના કરવાની આ જયકેશીમાં શક્તિ છે. એને તમે બનાવી જાશો એમ ?'

'જુઓ, મુંજાલજી ! મહાઅમાત્ય સાંતૂએ અનેક રંગો જોઈ નાખ્યા છે. આજકાલમાં એક અદ્ભુત *ચિતારો આંહીં આવશે !'

'ચિતારો ? અરે હા ! આંહીંના ચિતારા શ્રીકંઠને મારે મળવાનું છે !'

'તેને મળીને શું કરવાનું છે એ પણ મહાઅમાત્યે ગોઠવ્યું છે. હું તો જયકેશીના દરબારમાંથી સીધો ઊપડીશ તે જઈશ—પાછો સ્તમ્ભતીર્થ. પણ તમારે આ શ્રીકંઠને સાધીને દેવી મીનલની છબી મોકલાવવી—અને આ ચિતારો આવે છે તે કર્ણદેવની છબી લાવે છે !'

'પણ રાજા જયકેશી—એનો કાંઈ વિચાર કર્યો ? એની મહત્ત્વાકાંક્ષાનું શું ? એ તો નવસારિકા લેવા મથે છે !'

'મથવા દો. એ નવસારિકા લઈ રહ્યો. તેનું જડબું તોડે એવા ત્યાં બેઠા છે !'

'આની સેના જોઈ છે ?'

'લાટ ઉપર ક્યારનું આક્રમણ શરૂ થઈ ગયું છે—

* દ્વયાશ્રય: ૯, ૧૦૮. મીનલદેવીએ પ્રથમ કરેલ કર્ણદેવના ચિત્રદર્શનનો ઉલ્લેખ કરે છે.

મુંજાલજી !'

'હેં ! ખરેખર ?'

'હજી ખબર કોઈને નથી. ખબર તો સૌને એમ છે કે સેનાધ્યક્ષ રુચ્ચિક ગર્જનક ઉપર ગયો છે. પણ એ પડ્યો છે ચાંપાનેર. ચાંપાનેરથી વટપદ્ર ને ભૃગુકચ્છ. મહારાજ ચામુંડે શુક્લતીર્થમાં સંન્યસ્ત લીધેલું—એ જગ્યાનાં દર્શન કરવા મહારાણીબા ગયાં છે. પાછળથી મહાઅમાત્ય જવાના છે. એ બાજુથી ભૃગુકચ્છને એ પડકારશે. સ્તંભતીર્થ તરફ મહારાજ પોતે જવાના છે. આમ હજી રચના ગોઠવાતી આવે છે. જગત્પાલ પોતે ઘેરાઈ ન જાય માટે સ્તમ્ભતીર્થ તરફ ધ્યાન રાખે છે. આંહીંથી હું પણ સ્તમ્ભતીર્થ જાઉં છું. મહારાજ ત્યાં આવી ગયા હશે !'

'ભટ્ટરાજ ! આ રાજકુમારીને તમે સાધારણ ન માનતા. જયકેશી પણ મહાવિચક્ષણ નરેશ છે. એની સેના પ્રબળ છે. મહત્ત્વાકાંક્ષા પણ પ્રબળ છે. રાજકુમારી પોતે પણ સૈન્ય લઈને ધસે એવી છે. લાટનો વિજય પાટણ કરી જાય એ આને પોસાય તેમ નથી.'

'મહાઅમાત્ય એ જાણે છે.'

'આ રાજકન્યા—એની પાસે મહાન સ્વપ્નાં છે !'

'અરે, ભલેને હોય, મહાઅમાત્યે કહ્યું એ સોળ વાલ ને એ રતી. કન્યા વરયતે રૂપમ્—એ તો જુવાન છોકરી હોય તે જરા આકાશી ચાંદા ને તારા જુએ ! ભલે જુએ એમાં તમારું શું જાય ?'

'તમે વાત કરો છો. પણ મને વિશ્વાસ બેસતો નથી !'

'તમતારે ચિતારાનું ધ્યાન રાખજો ને. પછી ચિતારો

ચિતારાનું કામ કરી લેશે. ચિતારાને શી રીતે ઓળખશો ?'

'શી રીતે ?'

'આંહીં આવે ને મળે તો 'ખિસકોલી' શબ્દે તમારે જાણવું કે આ આપણાવાળો ચિતારો !'

'ખિસકોલી ?'

'સીતાજીએ હાથ મૂક્યો ને ખિસકોલી ઉપર ચિતરામણ થઈ ગયું—એવી વાત નથી ?'

'હા હા હા—' મુંજાલ હસી પડ્યો. 'આ કોણે મહાઅમાત્યે શોધ્યું હશે ?'

'ત્યારે બીજું કોણ ? પણ હવે મારે રાજદરબારમાં જવાનો વખત થયો છે. તમને હવે પાછો મળીશ નહિ. નાહકની કોઈને શંકા આવે. આંહીં વેપાર તો ઠીકઠીક ચાલે છે નાં ?'

'ધમધોકાર ! પાટણ વિષે રાજકુમારીનું અંતઃકરણ તૈયાર કરી દીધું છે. બીજું શું ? હવે થાય તે ખરું !'

'બીજું શું થાવું'તું ? વરસ બે વરસમાં લાટ ને આ રાજકન્યા બન્ને પાટણને ત્યાં હશે !'

'એટલું બધું ?'

'ત્યારે ? આ કાંઈ લાડવા ખાવા છે ? છ મહિના તો આવતાંજતાંની એક ખેપમાં નીકળી જાય છે !' અર્જુનભટ્ટ ગયો.

૨૪. અર્જુનભટ્ટની આખી વાણી

સાંતૂએ અર્જુનભટ્ટની પસંદગી કરી એમાં એક કારણ હતું. બીજો કોઈ જાય એ કાં સાંધિવિગ્રહિકની શાસ્ત્રીય પરિભાષા બોલે, આવા પ્રસંગે થતી સામાન્ય વાતમાં એ ખપે, એમાં સ્વત્વનું કાંઈ તેજ નહિ. અથવા તો રણભાષા બોલી કાઢે, જેનો કાંઈ સાર નહિ; ભાષા રણક્ષેત્રની હોય, પોતાનું સ્વત્વ પણ હોય, પોતાની જ છટાદાર ને તેજભરી રીતિ હોય, અને પોતાની એ અનોખી, આકર્ષક, અવનવી રીતિને લીધે જે સામાને પરાજિત બનાવી મૂકે—એવી વસ્તુ તો અર્જુનભટ્ટ પાસે જ હતી. એ લડવૈયો પણ ગણાય, બ્રાહ્મણ એટલે સાંધિવિગ્રહિક તરીકે યોગ્ય ગણાય, અને એવો આખાબોલો કે પાટણના સામર્થ્યના પ્રતીકરૂપે પણ ગણાય. સામાને વિચાર થઈ પડે કે રાજા સમર્થ ન હોય તો—આવી વાણી ન હોય!

વસ્ત્રલેખ આપીને જયકેશીના રાજદરબારમાં એ પોતાની કઢંગી અનોખી આકર્ષક ઢબથી બેઠો. પોતાના વિષે બીજા શું ધારશે એની એને લેશ પણ પરવા ન હતી. બીજાના મતની જેના જીવન ઉપર લેશ પણ અસર ન થાય એવી વિરલ શક્તિ

ભટ્ટમાં હતી. એને ખબર હતી, જે કૃત્રિમ ઓપ ચઢાવે છે એ બધા જ છેવટે ઝાંખા પડે છે.

'ભટ્ટરાજ! ક્યાંથી પાટણથી આવો છો ? વસ્ત્રલેખ કોનો—મહારાજ કર્ણદેવનો છે?'

'મહારાજ કર્ણદેવ તો શું લખતા'તા ?—' અર્જુનભટ્ટ બોલ્યો. જયકેશીને આ માણસ ઘણો જ રસ લેવા જેવો લાગ્યો: 'કાં એ અત્યંત સમર્થ હોય, કાં નિર્મોહી હોય. એ વિના વાણીમાં આવી કાપી નાખે એવી ઉપેક્ષા ક્યાંથી?' અર્જુનભટ્ટ વાક્ય પૂરું કરતો હતો: '—કુંતલેશ્વર જેવા કોક સિવાય મહારાજ કર્ણદેવ પોતે તો શું લખતા'તા ? આ તો મહાઅમાત્યનો સંદેશો છે!'

'શો છે?'

'વાંચી જુઓને, અટલે ખબર! એમાં રાજના સંદેશામાં બીજું શું હોય ? એમાં કાંઈ ભોજનનું આમંત્રણ તો નહિ હોય! એમાં તો ભાંગવા મારવાની વાત હશે. વાંચી જુઓ, અટલે ખબર!'

રાજા જયકેશી તો છક્ક થઈ ગયો. સામે બેઠેલો રાજા ન હોય, આ કોઈ રાજદરબાર ન હોય, પરવા કોઈના બાપની ન હોય, એવી વાણી બોલતો આ માણસ આટલું સામર્થ્ય શાના ઉપર રાખે છે એ એને ન સમજાયું. પડછંદ કઢંગી ઊંચાઈ, કસાયેલું શરીર, ને ઉઘાડનળાવાળા મોટા પગ—એ સિવાયની કોઈ વસ્તુ એમાં ગોતી જડે તેમ ન હતી.

મહારાજ જયકેશી, ગમે તેમ પણ, સમુદ્રકાંઠે રહેનારા વિવેકી પુરુષ હતા. એમને ત્યાં વિદેશીઓનો જમાવ થતો અને એમના વિચિત્ર સ્વભાવનો શંભુમેળો એમણે દીઠો હતો.

કાંઈ ન હોય તેમ એમણે વસ્ત્રલેખ ઉકેલ્યો.

'અમે તો એટલા માટે કહેવરાવ્યું હતું, ભદ્રરાજ ! કે ભગવાન સોમનાથની રક્ષાનો ભાર તમારા ઉપર છે!'

'બીજો કોણુ ગગો એ ભાર ઉપાડી શકે તેમ હતો ? એમાં તો ગર્જનકો સાથે માથાવઢ ધિંગાણાં કરવાનાં છે ! ને પાછો જૂનોગઢનો રા'. તમારો કદંબવંશી કોતરેલો સાવજ એ નહિ તો !'

'હા, બરાબર છે એ ભાર ઉપાડવા તમે સમર્થ છો,' જયકેશી બોલ્યો. 'એટલે તો જલયાત્રા ને સ્થલયાત્રા યાત્રાળુઓ માટે નિર્વિઘ્ન થવી જોઈ એ. આશા જેવો ભીલ લૂંટફાટ કરે, ને યાત્રાળુઓ થરથરે ! એટલા માટે અમે તો દરિયો સાચ-વવામાં તમને મદદ કરવા સ્થાનકમાં થાણું પણ નાખ્યું છે!'

'એ તો ભલેને નાખ્યું; થાપ્યું એને ઉથાપતાં એવી મોટી શી વાર લાગે છે ? એક થાપે ને બીજો ઉથાપે એમ હાલ્યા જ કરે છે. પણ એ થાણું હવે આગળ વધશે તો પછી એમાંથી કોઈને સવાદ નહિ રહે—એ કહેવા હું આવ્યો હતો. મહાઅમાત્યે એ જ લખ્યું છે નાં ?'

'એમ તો નથી લખ્યું—

'એમણે વળી એમ લખ્યું હશે કે મહારાજનાં દર્શન સ્થાનકે જ શોભે—ને એવું એવું. પણ એ બધું એનું એ. એનો સાર મેં કહ્યો એ. સ્થાનકથી તમે આગળ વધશો તો કોઈ નહિ સાંખે, એ વાત ને એ ચીત !'

'હમણાં કાંઈ સોલંકી સૈન્ય બહુ વધ્યું છે ?'

'અરે ભૈ ! તમે વળી સંખ્યામાં સામર્થ્ય ક્યારે જોયું-'તું ? ઈ તો સરખે સરખા જુદ્ધમાં ઊતરે ત્યારે ખબર પડે કે

કોણ વધ્યું છે ને કોણ ઘટયું છે ! લાવલશ્કર વધારીને શું કરવાં છે ! અમે તો વધ્યાં'તાં તે ઊલટાનાં થોડાંક ઓછાં કર્યાં !'

એ વખતે બન્ને બહેનો મૈમલદેવી ને મીનલદેવી આવી ચડી.

'લે, મીનલ ! જો આ ભટ્ટરાજ ગુજરાતમાંથી આવ્યા છે. ગુજરાતના સાંધિવિગ્રહિક છે !'

'સાંધિવિગ્રહિક તો હવે અમારે ત્યાં કોઈ રહ્યું નથી ને મહારાજ ! જ્યાં જાવું હોય ત્યાં કાં સંદેશો મોકલીએ, કાં સૈન્ય મોકલીએ. સાંધિવિગ્રહિક કોને ત્યાં મોકલીએ ? એક હતા ભોજરાજા—એવા મોટા—એ તો ગયા. હવે આ આજકાલનાં —તમારા કુંતલેશ્વર જેવા, લડતાં થાકે નહિ, લડાઈ પણ પૂરી કરે નહિ, ને પાછા અંદરઅંદર વેરઝેરના પાર નહિ ! એમાં સાંધિવિગ્રહિક શું મોકલવા'તા ? હવે તો મહાઅમાત્ય સંદેશો આપે એટલે જાય મારા જેવા દોડચા !'

'શું તમારું નામ ?' અચાનક મૈમલદેવીએ કાંઈક રોષથી પૂછ્યું.

'અર્જુનભટ્ટ !'

'ત્યારે અર્જુનભટ્ટ ! કેવા બ્રાહ્મણ છો ના ?'

'હોવે !'

'બ્રાહ્મણ છો, એટલે મહારાજ જવા દે છે—બાકી, કુંતલેશ્વરને ત્યાં તમારા જેવા તો બળદ પણ નથી !'

'બા ! કુંતલેશ્વરને ત્યાં બળદ કયાંથી હોય ? નંદી તો ભગવાન શંકરને ત્યાં હોય. જગર્જ્જનની મા ઉમાની સાથે સોમસમુદ્રની જલસુંદરીઓનાં નૃત્ય જોતાં, જ્યારે ભગવાન ચંદ્રમૌલીશ્વર સોમનાથને સહેજ થાક લાગે છે ને ચરણ લંબાવવાનું મન થાય છે, ત્યારે ભગવાન સોમનાથના એ ચરણ અમારા

જેવા નંદીની પીઠ ઉપર મુકાય છે! આવા નંદી કુંતલેશ્વરને ત્યાં ક્યાંથી હોય? કુંતલેશ્વર જેવાને તો એ ચરણની રજનાં પણ દર્શન ક્યાંથી? સોમનાથનું રખોપું મહારાજ ગુર્જરેશ્વરને ત્યાં, એટલે નંદી એમને ત્યાં હોય! કુંતલેશ્વરને ત્યાં ક્યાંથી હોય? તમારી વાત સાચી છે, બા! તમારે ત્યાં નંદી કેવા?'

બન્ને બહેનો ને જયકેશી ભટ્ટની વાણીએ ઘડીભર અવાક બની ગયાં.

મીનલદેવીને ગુજરાતનો અદ્ભુત રસ લાગ્યો.—એને અર્જુનભટ્ટ કોઈ નવીન જ સત્ત્વનો બનેલો જણાયો. તેણે સહજ સ્મિત કરતાં કહ્યું: 'ભટ્ટરાજ! કુંતલેશ્વરનાં મહારાણી છે બહેન; એટલે તમને એમણે જે કહ્યું, તે એટલા માટે કે, કુંતલેશ્વરની વાત સંભાળીને કરવાની હોય. તમે ક્યાંના સોમનાથના છો?'

'હું તો મૂળ મ્હૈસૂરનો. હમણાં ખેટકપંથનો. સોમનાથ દરમહિને જાત્રા કરવાની મને ટેવ છે!'

'દર મહિને?'

'હા, દરમહિને; અને ચાલીને.'

'ચાલીને?'

'હું ચાલવામાં જ માનું છું. ઘોડાં ઉપર તો શું બેસવું'તું? ભક્તના પગ નીચે ઠરડાય; ઊંટ તો કઢંગા; હાથી તો બેસવા માટે છે જ નહિ!'

'આ તમારું શાસ્ત્ર નવું લાગે છે!' મીનલ હસી પડી. 'આવું તો આજ જ સાંભળ્યું!'

'એમાં નવું શું છે? જેને સૃષ્ટિ જોવાનો રસ નથી, એને પછી શેમાંક બેસવાનો જ રસ રહ્યો. જેને જોવું છે

એને બેસવાનો રસ નથી. ભગવાન સોમનાથની જાત્રા કરવી —ને ઘોડે બેસીને જાત્રા કરવી—કેવળ અશક્ત હોય એ એ કરે! મેં તો જીવનભર જાત્રા ચાલીને જ કરી છે! જેને ચાલતાં આવડતું નથી એને સોમનાથ ભગવાનની આ અણમોલી જીવંત સૃષ્ટિમાં રસ લેતાં પણ આવડતો નથી. તમે ચાલો તો જ ખબર પડે કે આજ જ્યાં મહાલયો ઊભાં છે ત્યાં એક દી રાતે શિયાળિયાં રોતાં હશે, ને આજે જ્યાં શ્મશાનની કારમી ભૂતાવળ ઊભી છે, ત્યાં વિક્રમ જેવા રાજાના ગગનચુંબી પ્રાસાદો પણ હશે; જાત્રા તો જેને કરતાં આવડે એની જાત્રા—બીજા તો ઠીક હવે, ઘોડે બેસીને કદૂક કદૂક ફરી આવ્યા! તમને રાજા માણસને જાત્રા કરતાં ન આવડે; ને નહિ આવડે; એમાં ય આવડતનું કામ છે!'

મીનલદેવીને માણસ આકર્ષક લાગ્યો. એટલામાં જયકેશીએ અધૂરી વાત પાછી ઉપાડી. અર્જુનભટ્ટ કળી ગયો. વાત ન લંબાવવાની જયકેશીની ઇચ્છા હતી.

'ભટ્ટરાજ! કહેજો તમારા મહારાજને—કે સ્થાનક સુધી અમે આવ્યા છીએ એ એટલા માટે કે હવે ક્યાં અટકવું એની મર્યાદા શોધી કાઢવી. એવી મર્યાદા મળશે કે તરત અમે અટકીશું! બાકી, અમે તો મૈત્રી લેખે આશા વિષે કહેવરાવેલું. ચાલો; બસ ત્યારે; આટલું કહેજો. તંત્રપાલ!'

અર્જુનભટ્ટે તંત્રપાલની સાથે જ પગ ઉપાડ્યો. તંત્રપાલ મહારાજના સિંહાસન પાસે ખાંખાંખોળાં કરતો હતો, ત્યાં તો ભટ્ટ દરબારગઢની બહાર દેખાયો!

૨૫. પિતા અને પુત્રી

અર્જુનભટ્ટના સંદેશાએ મહારાજ જયકેશીને વિચાર કરતા કરી મૂક્યા હતા. એ સંદેશામાં જેમ પાટણના અતુલ સામર્થ્યની નીડર ઘોષણા હતી તેમ સ્થાનક સુધી વિસ્તારેલાં પોતાનાં થાણાંઓને વારંવાર જાતે જોઈ વ્યવસ્થિત ન કરવામાં આવે, તો વહેલેમોડે પાટણ નવસારિકાથી પણ આગળ વધીને કાપર્દીકના અનંતદેવને દબાવે એવી શક્યતા પણ હતી. એટલે એક દિવસ અચાનક એમણે સ્થાનક જવાનો નિર્ણય કર્યો. મીનલદેવીને એ નિર્ણય પસંદ પડી ગયો. એને ગુજરાત તરફ જવાનો મોહ હતો. એની પાસે આવેલા ચિત્રકારે જે ચિત્રભંડાર એને બતાવ્યો હતો, તેમાંથી બે ચિત્રોએ કુમારીને આકર્ષી છે એ સમાચાર મુંજાલને તો ક્યારના મળી ચૂક્યા હતા. ચિત્રકાર તો કાંઈ ન હોય તેમ પોતાના પ્રવાસે ચાલ્યો ગયો. પણ ત્યાર પછી ઘણા સમય સુધી મીનલદેવી એ ચિત્રોને જોઈ રહેતી. એક ચિત્ર હતું ભગવાન ચંદ્રમૌલીશ્વર સોમનાથના ધામનું. બીજું હતું મહારાજ કર્ણદેવનું. સોમનાથી સમુદ્રને કિનારે દૂર—દૂર, દરિયાપારના ગુર્જર વિજયધ્વજને નીરખતા કોઈ સ્વપ્ન-શિલ્પી જેવા, મહારાજ કર્ણદેવ એમાં ઊભા હતા. મુંજાલે

ગુજરાતના ગૌરવનો કાંઈક પરિચય મીનલદેવીને કરાવ્યો હતો. અર્જુનભટ્ટે પોતાની અનોખી શૈલીથી એ પરિચયને ઊંચા પ્રકારના નિર્મોહી સ્વરૂપનો શૃંગાર સજાવ્યો. ચિત્રકારે મીનલને એની વધુ મોહિની લગાડી. ભગવાન સોમનાથની કલ્પનાએ એને ભવ્યતા અર્પી. ઉત્તરાપથનાં અનેક રાજકુલોની ગૌરવ-કથા સાંભળીને મીનલની પોતાની નૈસર્ગિક ભાવના ઉદાત્ત બની ગઈ હતી. એને હિમાચળથી નર્મદા સુધીનાં મહારાજ્યનાં સ્વપ્ન આવવાં લાગ્યાં. એ ઘણી વખત દિવાસ્વપ્નમાં પડી જતી: સ્તંભતીર્થથી જાણે પોતે નૌકાવિહાર કરતી ભગવાન સોમનાથનાં દર્શને જઈ રહી છે; સેંકડો હજારો ને લાખો યાત્રાળુઓ સોમનાથનાં દર્શને આવ્યાં છે; ગર્જનકોને, સિંધુ-રાજને, અવંતીનાથને, હૈહયને,—ઉત્તરાપથનાં અનેક રાજ્યોને, ખુદ કર્ણાટકને અને કોલ્હાપુરને પણ, પોતાને ચરણે નમાવતો, ગુપ્તવંશી ભવ્ય બાળક હોય તેવો, એક નાનકડો, રૂપાળો, પ્રતાપી શિશુ એની આંગળી ઝાલીને પાસે ઊભો છે—ને પોતે ગદ્ગદ્ કંઠે ભગવાન સોમનાથને પ્રણમી રહી છે!

એ ધીમેધીમે ગુજરાત જવાના નિર્ણય ઉપર આવી રહી હતી. મહારાજ જયકેશી સ્થાનક જવાના છે—એ સાંભળીને એને આનંદ થયો. એ પણ સાથે ઊપડી.

દેવપ્રસાદે મહીના કિનારા ઉપર જ જગત્પાલને રોક્યો હતો. હરકોઈ પળે એક કે બીજો પક્ષ હુમલો કરે—ને યુદ્ધનું નિર્ણયાત્મક સ્વરૂપ આવે એવો સંભવ હતો. હજી મહાઅમાત્ય સાંતૂ વાટાઘાટ ચલાવી રહ્યો હતો. જગત્પાલ વખત મેળવવા માગતો હતો. જયકેશી સ્થાનક સુધી આવી પહોંચેલ છે એ સમાચારે દેવપ્રસાદને તાત્કાલિક એક ઘા કરવા પ્રેર્યો. એ ઘા

થયો પણ ખરો, અને એને પરિણામે જગત્પાલ પરાજય પામ્યો. મહારાજ જયકેશી સ્થાનક પહોંચ્યા એટલામાં લાટના યુદ્ધના સમાચાર એને મળ્યા. મહારાજ જયકેશીએ હવે એકદમ સ્થાનક ન છોડતાં ત્યાં વધારે વ્યવસ્થિત થાણાંઓ ગોઠવવામાં પોતાનું શ્રેય જોયું. એમને ગુર્જરેશ્વર સમર્થ લાગ્યો. 'હજી આગળ વધો,' એ એમની રાજનીતિનું સૂત્ર હતું. એમને એમાં પાટણ કંટકરૂપ લાગ્યું. તક મેળવીને લાટને ફરી બેઠું કરવું ને ગૂર્જરેશ્વર ઉપર જબ્બર ઘા કરવો એવી એમના મનની ધારણા હતી. પણ હમણાં એ તક ન હતી. એટલે હમણાં તેમણે સ્થાનકમાં રહીને સૈન્યને ભેગું કરવાની શરૂઆત કરી દીધી.

મહારાજ જયકેશી ક્રમપણે પોતાની આગળ વધવાની રાજનીતિને વળગી રહ્યા હતા.

મુંજાલ પણ એમને આધારે આધારે સ્થાનક સુધી આવી ચડયો હતો. સ્થાનકથી વહાણમાં એ સ્તંભતીર્થ જવા માગતો હતો. એટલામાં સમાચાર મળ્યા કે સ્તંભતીર્થ તો અત્યારે રણભૂમિ બની રહેલ છે એ બહાને એ પણ થોડો વખત સ્થાનકમાં જ પડયો રહ્યો.

ઘણા વખત પછી એક દિવસ મહારાજ જયકેશીને અચાનક કુમાર વિક્રમાંકદેવનો એક અત્યંત અગત્યનો સંદેશો મળ્યો. એમને તત્કાલ કાંચીપુરમ્ જવું પડે તેમ હતું. એટલે પાટણના આગળ વધતા સામર્થ્યને રોકવાનો એમણે તરત જ પ્રબંધ કરવો જોઈએ. કાંચીપુરમ્માં એક સંકટ આવી પડયું હતું. કાંચીપુરમ્નો વીર રાજેન્દ્રચોલ જેણે સોમેશ્વર આહવમલ્લને અનેક લડાઈઓ આપી'હતી તે મૃત્યુ પામ્યો હતો. તેને એક પુત્ર હતો અને એક પુત્રી હતી. પુત્ર—અધિરાજ રાજનો વારસ હતો. એ વિક્રમાંક-

દેવનો સાળો હતો. આ સંબંધ મહારાજ જયકેશીએ બાંધી આપ્યો હતો. અધિરાજની ગાદીનો દાવો કરનાર એક બીજો જણો પણ નીકળ્યો—વેંગીરાજ. એ ચૌલુકય હતો. એ અધિરાજનો ભાણેજ થાય. પણ ભાણેજ મોસાળમાં રહીને લાડકો બન્યો હતો. નાનીના ખોળામાં મોટો થયો હતો. ચૌલુકય મટી જઈ ચોલ બનવામાં એ ગૌરવ લેતો થયો હતો. તેને વેંગીનું રાજ નાનકડું લાગતું હતું. તેના દિલમાં કાંચીપુરમની આકાંક્ષા જાગી. એણે ખટપટ શરૂ કરી. અધિરાજને પદભ્રષ્ટ કર્યો. પોતે રાજા થયો. વિક્રમાંકદેવને સાળાનું ઉપરાણું લેવું પડયું. ગાદીએ આવનાર વેંગીરાજ રાજેન્દ્ર* મહાબલવાન હતો. વિક્રમાંકદેવને એણે પડકાર્યો. મહાયુદ્ધના ભણકારા વાગી રહ્યા. જયકેશી મહારાજને આ સમાચારે વ્યગ્ર બનાવી દીધા. પાટણને આગળવધતું રોકવું, સ્થાનકમાં સત્તા દૃઢ કરવી, લાટને સહાય્ય આપવી, કે દક્ષિણમાં વિક્રમાંકદેવ માટે યુદ્ધ કરવા જવું—એકીસાથે નિર્ણય માગતા અનેક પ્રશ્નો એમની સામે ખડા થયા. વિક્રમાંકદેવને સહાય્ય કરવા તરત ન જવું—એટલે એને કુંતલેશ્વર થતો અટકાવવો. લાટને સહાય્ય ન આપવી—એટલે પાટણને સ્થાનક સુધી ફેલાવા દેવું. પછી ત્યાંથી બીજે પગલે એ કોકણમાં આવે. પોતાની સત્તા વધારે દૃઢ થયા પહેલાં સ્થાનક છોડી દેવું, એટલે અનંતદેવને બળવાનું આમંત્રણ આપવું. જયકેશીને એક જ ઉકેલ શકય લાગ્યો: મીનલ જો લાટમાં જાય તો પાટણના સામર્થ્યને રોકાય, સ્થાનક ઉપર પણ કાબૂ રહે, ને લાટમાં એક પગ મુકાય. પિતામહ ગુહલ્લદેવ ને પિતા ષષ્ટદેવનું સમુદ્રસ્વામી

* બિલ્હણે રાજીગ નામ પણ આપ્યું છે. રાજીગ એ રાજેન્દ્રનું લૌકિક રૂપ લાગે છે—વિક્રમાંકનું વિક્રિ છે એમ.

થવાનું સ્વપ્ન—સ્તંભતીર્થ સુધી સત્તા જમાવવાનું સ્વપ્ન પણ વહેલેમોડે સફળ થાય. એની તક અત્યારે જ હતી. આવતી કાલે એ વાત અશક્ય હતી. પણ છોકરી—મીનલ ઘેલી હતી. એ પોતાનું જ ધાર્યું કરે તેવી હતી. જયકેશી મહારાજે એને અત્યારે બોલાવીઃ

'મીનલ! મેં તને બોલાવી છે—કારણ કે તારા નિશ્ચય ઉપર ગોપકપટ્ટનનું ભાવિ અવલંબે છે. બોલ, તેં પછી શો શું નિશ્ચય કર્યો? આટલે આવ્યા છીએ—એટલે તને ફરી પૂછી જોઉં છું. લાટ આંહીંથી પાસે જ છે. આપણે એક વાતનો નિર્ણય કરી લઈએ. આવતી કાલે કોને ખબર છે મારે કોઈ મહાયુદ્ધમાં રોકાવું પડે!'

'એવું છે કાંઈ, પિતાજી?'

'છે ત્યારે જ તો. તું જરાક સાંભળી લે. પિતામહ ગુહલ્લદેવે આપણને એક સ્વપ્ન આપ્યું છે. ગોકર્ણ આપણી દક્ષિણસીમા. સ્તંભતીર્થ આપણી ઉત્તરસીમા. આપણને પૂર્વમાંથી પર્વતરાજ સહ્યાદ્રિ રક્ષે. પશ્ચિમમાંથી પશ્ચિમસમુદ્ર રક્ષે. આજ એ સ્વપ્ન સફળ થવાની ઘડી આવી છે. એનો આધાર તારા ઉપર છે. તું કોંકણની પુત્રી છે—ને કોંકણ તારી પાસે આ માગે છે! હું આ સ્થાન છોડી કોઈ મહાન-યુદ્ધમાં રોકાઈ પડું તે પહેલાં આટલું થઈ જાય તો આંહીંની મને નિરાંત રહે! નહિતર પાછું ફરી *નાના જેવું થાય!'

મીનલ એક ક્ષણ વિચાર કરી રહી. તેની નજર સમક્ષ

---

* જયકેશી ઘણું કરીને મુમ્મુનિની પુત્રીને પરણ્યો હતો. એ મુમ્મુનિ સ્થાનકનો રાજા. એણે બળવો કર્યો હતો, કોંકણની સત્તાની ધૂંસરી ફેંકી દેવા માટે. એને જયકેશીએ માર્યો.

ગુજરાતનો હરિયાળો પ્રદેશ, સોમનાથી સમુદ્ર, સ્તંભતીર્થની નૌકાઓ—અને વિસ્તીર્ણ મહારાજ્યની ભવ્ય કલ્પના આવી ગયાં. એક નાનું, રૂપાળું, ગુપ્તવંશી બાળક દોડતું આવીને એની આંખમાં જાણે બેસી ગયું ! તે સ્વપ્નમાંથી જાગતી હોય તેમ અચાનક ચોંકી ગઈ. મીનલનો અવાજ શાંત સ્વસ્થ પણ દૃઢ હતો.

'મેં નિર્ણય કરી લીધો છે, પિતાજી ! હું કાં સોમેશ્વરને અથવા ગૂર્જરેશ્વરને એમાંથી એકને મનથી વરી ચૂકી છું !'

'મનથી વરી ચૂકી છે ? એટલે ? આ તો તેં વળી ઘરમાં કજિયો ઘાલ્યો. તું સોમેશ્વરને—એટલે કુંતલેશ્વરને વરે પછી કોકણની રાજનીતિનું શું ? વિક્રમાંકદેવના સ્વપ્નનું શું ? મૈમલદેવીનું શું ? તને શું ખબર નથી કે સોમેશ્વરને તો વહેલેમોડે પરાજય આપવાનો અમે નિર્ણય કર્યો છે. જયસિંહ અમારે પક્ષે યાદવરાજ અમારે પડખે છે. ચોલરાજ પણ છે. હું છું. વિક્રમ છે. એ સોમેશ્વરને તું વરે એટલે તો પછી ઘરમાં જ કજિયો આવે. આ તારો નિર્ણય છે ? ને ગૂર્જરેશ્વર—આભીર ભીલ ને બર્બરક જેવા સાથે આખડતું પાટણ—એ દેખાય છે એટલું મહાન નથી. ગૂર્જરેશ્વરને . . .'

'બાપુ ! તમે ભૂલ ખાઓ છો.' મીનલે વચ્ચે જ કહ્યું : 'મેં સોમેશ્વર કહ્યું—એ *સોમેશ્વર એટલે કર્ણાટકના કુંતલેશ્વરની વાત નથી. હું તો ચંદ્રમૌલીશ્વર ભગવાન સોમેશ્વર—સોમનાથની વાત કરી રહી છું !'

'અરે ! એમ છે ? ત્યારે તો મને લાગે છે, દીકરી ! તું

*સોમેશ્વર આહવમલ્લ પછી ગાદી ઉપર આવ્યો તે સોમેશ્વર બીજો, વિક્રમાંકદેવનો એ મોટોભાઈ. પાછળથી એ પદભ્રષ્ટ થયો.

કાંઈક ઘેલી થઈ ગઈ છે ! આવી સોમનાથની ઘેલછા શી ?'

'ઘેલછા વિના કોઈનો ક્યારેય ઉદ્ધાર દીઠો, બાપુ ? જેનામાં ઘેલછા નથી, એનામાં તો જીવન પણ નથી. તમને જેમાં ઘેલછા દેખાય છે—મને એમાં ધર્મ દેખાય છે. મારું એ પ્રેરણાત્મક સામર્થ્ય છે. એને નામે મારામાં અદ્દ્ભુત સામર્થ્ય પ્રગટતું હું જોઉં છું ! એ ઘેલછા હોય તો ઘેલછા, પ્રેરણા હોય તો પ્રેરણા, ધર્મ હોય તો ધર્મ, શ્રદ્ધા હોય તો શ્રદ્ધા—એ જે કાંઈ હોય, એણે મને નવીન સ્વપ્ન આપ્યું છે. હું એક મહારાજ્ય જોઈ રહી છું. એક મહાન પ્રતાપી—'

'તને ગુર્જરેશ્વરનું ઘેલું છે. બીજું કાંઈ નથી—'

'કેમ ન હોય ? એનું કારણ છે. ગુર્જરેશ્વરો એક પછી એક જોતા આવો; એમના પાસે જે ગૌરવ છે, ધર્મ છે—પ્રેમ છે, એ આજે કયા રાજવંશ પાસે છે ? જ્યાં રઘુવંશની માફક રાજ આપવા માટે પિતા પુત્રને અને બાંધવ બાંધવને પ્રેમભર્યો આગ્રહ કરે છે—પિતાજી ! એ સોમનાથની છાયા છે : પાટણના સિંહાસન ઉપરનો એક પ્રતાપી રાજા—હું એને નીરખી શકું છું ! હું ગુર્જરેશ્વરની છું—અથવા તો સોમેશ્વરની ! ત્રીજા કોઈ માટે હું નથી.' મીનલનો અવાજ ગંભીર હતો. એમાં ક્યાંય અસ્વસ્થતા ન હતી.

જયકેશીને પણ એક ઘડીભર એ અવાજ સ્પર્શી ગયો. પણ એમણે રાજનીતિનો તંતુ તરત પકડ્યો.

'પણ તારે માટે થઈને કોકણની રાજનીતિ નહિ ફરે: મુમ્મુનિદેવને હણતાં મેં સગો અસગો જોયો નથી; રાજનીતિ એમ જોઈ શકે પણ નહિ. કોકણની નીતિ નહિ ફરે—એ તારે પહેલાં સમજી લેવું—'

'પણ મેં ક્યારે કહ્યું કે કોકણુની રાજનીતિ મારે માટે થઈને ફરે? અવિચળ રાજનીતિ એમ એકાદ વ્યક્તિ આમ કે તેમ જતાં ફરે ખરી? એમ ફરે એ રાજનીતિ કહેવાય પણ ખરી? કોકણુની રાજનીતિ મારે માટે થઈને શા માટે ફરે?'

'પણ તું પાટણ જવાની વાત કરે છે તેનું શું? અને કોકણુને આગળ વધવાનું છે તેનું શું? સ્થાનક પાસે કોકણુ અટકી શકે તેમ નથી. નવસારિકા પાસે પણ અટકી શકે તેમ નથી. ભૃગુકચ્છ પાસે પણ થોભે તેમ નથી. એને થોભવાનું ઠેકાણું છે—છેક સ્તંભતીર્થ!'

'થોભવાનું ઠેકાણું સ્તંભતીર્થ હો કે સોમનાથ હો એ વસ્તુનું મારે માટે મહત્ત્વ નથી. હું તો નારી છું. મારો નિર્ણય એક નારીનો નિર્ણય છે. કોઈની પણ રાજનીતિ માટે હું નારી મટી, અ–નારી બનું, એ કદી પણ નહિ બને, પિતાજી! રાજનીતિ તમારી અવિચળ રહો; મારો નિર્ણય પણ અવિચળ હો!' મીનલદેવીના અવાજમાં સહ્યાદ્રિની અચલતા હતી.

'ત્યારે તારો નિર્ણય રાજના હિતમાં નથી. કોકણુને એ નહિ ખપે!'

'તે હશે; એ ખપશે એમ મેં માન્યું પણ નથી; પણ રાજનું હિત કે અહિત સાધવા માટે ઈશ્વરે મને સ્ત્રી સરજી નથી, એમાં—એવા રાજહિતમાં—શુદ્ધ ક્ષત્રિયત્વનો રણકાર કેટલો? પણ એ વાત જવા દો. તમને એમ લાગે કે રાજનીતિને હું હાનિ કરું છું તો તમે રાજા છો: હું પ્રજાજન છું! રાજા કોઈનો બાંધવ, પતિ, પિતા, કે સગો જાણ્યો નથી. મારું જે સ્વપ્ન છે એ મેં તમને કહ્યું. હવે તમને રુચે તે આજ્ઞા આપો —તમે રાજા છો અને પિતા પણ છો...' જયકેશીને

મીનલનો નિર્ણય અતિશય આકરો લાગતો હતો. આટલી દઢતાથી એ અત્યારે આમ પ્રગટશે એની એને કલ્પના પણ ન હતી. પણ એ રાજનીતિજ્ઞ પુરુષ હતો. તેણે વસ્તુને બીજા જ દષ્ટિબિંદુથી રજૂ કરવામાં ડહાપણ જોયું.

'જો મીનલદેવી! તારે મા નથી. મોટી બહેન પણ પાસે નથી. તારી મા—બાપ ને બહેન સઘળું હું છું. તારો નિર્ણય અફર હોય તો ભલે એ અફર રહે—પણ તું પહેલાં વિચાર કરી જો. હું તને એક છેલ્લી વાત કહી લઉં! સોમનાથના અનેક જાત્રાળુઓ આવે જાય છે, ગુજરાતથી પણ અનેક શ્રેષ્ઠીઓ વ્યાપારાર્થે આંહીં આવે છે, કોઈ કોઈ ગુપ્તચર પણ હોય છે—એમાંથી તારી વાત કોઈએ પાટણના દરબારમાં પહોંચાડી નહિ હોય? ત્યાંથી કોઈનો સંદેશો ક્યારેય આવ્યો? કેમ ન આવ્યો? મીનલ! આંહીંથી કોઈ જાય—એનું અપમાન થાય—તો અમારું શું? અમારે નાહકનાં યુદ્ધ ખેલવાં પડે નાં?'

'હું ત્યાં જવાની છું, પિતાજી! મારે સોમનાથ જવું છે!'

'તેં ગૂર્જરેશ્વરને જોયેલ છે?'

'હા.'

'ક્યારે? અને ક્યાં?'

'ચિત્રમાં!'

'ચિત્રમાં?' જયકેશીને આશ્ચર્ય થયું. ને ખેદ પણ થયો. એને પોતાની પુત્રી ઘેલી લાગતી હતી. હવે એ બુદ્ધિહીન લાગી.

'ચિત્રમાં તને આટલી બધી શ્રદ્ધા છે? ચિત્રને આધારે તું આવો જીવનવ્યવહાર કરી બેસશે તો તારા ભાગ્યમાં પછી કેવળ પશ્ચાત્તાપ રહેશે. તું વિચાર કરી જો—આ તો કાશ્મીરના મૂર્ખરાજા *હર્ષના જેવી વાત થાય છે. હું ધારતો હતો, તું ઘેલી

છે. પણ આ તો તું . . . બુદ્ધિનો હ્રાસ બતાવે છે. ચિત્રમાં તે કાંઈ ગાંડી ! જે હોય—તેના ઉપર આધાર રખાય ?'

'મેં બરાબર વિચાર કર્યો છે. એટલા માટે જ મેં તમને કહ્યું હતું કે કાં સોમેશ્વર—અને કાં ગૂર્જરેશ્વર.'

'મને એમાં તારું અપમાન દેખાય છે. દીકરી ! પહેલાં તો ગૂર્જરેશની રાજનીતિ આ સંબંધને નહિ આવકારે. તને એમાંથી શોક, વેદના અને પશ્ચાત્તાપ મળશે !'

'સર્વસ્વનું અર્પણ કરવું—એક પ્રકારની અગાધ શ્રદ્ધાથી દોરાઈને સર્વસ્વનું અર્પણ કરવું—ને પછી કેવળ પશ્ચાત્તાપની મળે—તો, પશ્ચાત્તાપની રાખ, હાથમાં રાખવી—દેવદાસી થવા માટે આના જેવી બીજી કઈ પૂર્વભૂમિકા છે ? ગૂર્જરેશ્વર અપમાનશે, તો બાપુ ! ભૂલતા નહિઃ સહ્યાદ્રિની વજ્જર જેવી છાતી તમારી પુત્રી પાસે છે ! એ અપમાન નહિ સહે !'

'પણ આમ—આવી પસંદગી, ચિત્ર ઉપર આટલો બધો વિશ્વાસ, સોમનાથની આ ઘેલછા, ઉત્તરાખંડનો આ મોહ, આ બધું શા માટે ? આ તને દોરી કોણ રહ્યું છે ? મને સમજાતું નથી. પણ તારી બુદ્ધિ શું આટલી કુંઠિત છે ?'

'તમે એમ જ સમજો ને, પિતાજી ! કે તમે જાણે સ્વયંવર રચ્યો હતો ! એમાં પણ પ્રથમ પરિચયે જ, જીવનભરની શ્રદ્ધા રાખી, નારીજન પોતાનું નાવ, કેવળ વિધિના સરિ-

---

* કલ્હણ પંડિતે 'રાજતરંગિણી'માં કાશ્મીરના હર્ષની એક મૂર્ખાઈ આપી છે. વિક્રમાંકદેવની રાણી ચંદ્રલેખાનું ચિત્ર જોઈને એણે ઘેલછા ભરી પ્રતિજ્ઞા લીધી હતી—કલ્યાણ જીતવાની ને ચંદ્રલેખાને મેળવવાની. બેમાંથી એકે શક્ય ન હતું. એ વિષે આ ઉલ્લેખ છે.

ત્પ્રવાહમાં જ તરતું મૂકે છે નાં ? શ્રદ્ધા અને ધર્મ વડે જીવનને વહેતું મૂકવું—કોઈક આંતરિક પ્રેરણાને પોતાનું સર્વસ્વ ગણીને —દરેક નારીને મળેલો એ અમૂલ્ય વારસો—શું મારી પાસે એ નથી કે હું છેતરાઈ જવાના ભયે પ્રેમસાગરને કાંઠે આંટા માર્યા કરું ને અંદર પડતાં ધ્રૂજી ઊઠું ? નારી જ્યારે પોતાના પ્રેમને પણ નહિ ઓળખે, ત્યારે તો પછી એ શું ઓળખશે ?'

મીનલની વાત એટલી આત્મશ્રદ્ધાથી પ્રેરિત હતી કે જયકેશીને એમાં હવે ઘેલછાની પણ પરાકાષ્ટા લાગી. કાંચીપુરમ્ —ચોલરાજ, વિક્રમ, વેંગીરાજ, સોમેશ્વર, એવી એવી અનેક ચિંતાઓમાં પડેલું એનું મગજ આ વાતને અત્યારે ગ્રહણ કરવા માટે તૈયાર પણ ન હતું. નમતું આપવા મીનલ તૈયાર ન હતી. પિતા પુત્રી વચ્ચે ઘર્ષણ જેવું થયું. બન્ને થોડી વાર પોતપોતાની વિચારમાલામાં પડી ગયાં. વ્યવહારુ ડહાપણ હમેશાં ભાવનાને તિરસ્કારે છે; ભાવના, ડહાપણને દૃષ્ટિ વિનાનું ગણે છે. જયકેશીએ શાંતિથી છેલ્લું વાક્ય કહી લીધું: 'તારે એમ જ હોય—તારો આ નિશ્ચય જ હોય તો ભલે. તું તારો માર્ગ ઘડી લેજે ! આંહીંથી હાથી, ઘોડા, પાલખી, કોકણના રાજવંશી ગૌરવને અનુરૂપ સઘળી સામગ્રી તારી સાથે આવશે. ત્યાં શું થશે . . .' જયકેશી આગળ બોલતાં અટકી ગયો. એક સંદેશવાહક આવી રહ્યો હતો.

જયકેશીને બીજા સંદેશવાહકના સમાચારે વધારે વ્યગ્ર —વધારે ઉતાવળો બનાવી દીધો: 'ક્યાં છે તંત્રપાલ ! એમને બોલાવો !' તેણે અનુચરને કહ્યું:

થોડી વારમાં તંત્રપાલ આવ્યો.

'કાલે આપણું સૈન્ય ગોપકપટ્ટન જવા ઊપડે છે એવો

ઘોષ કરાવો—!'

'પિતાજી! મારે માટે થઈને તમારી રાજનીતિ...'

'એ ફરતી નથી. એ અવિચલ છે. આ તો કાંચી-પુરમ્‌માં અધિરાજ ઉપરની વિપત્તિના સમાચાર છે. વિક્રમાંક ત્યાં દોડ્યો છે—ને મારે જવાનું છેઃ જવાનું શું—દોડવાનું છે. હું કાલે એ તરફ જઈશ. ને તું . . . દીકરી . . .!'

જયકેશીનો અવાજ આર્દ્ર બની ગયો હતો. 'અને તું દીકરી! આ બાજુ જા. હવે ઈશ્વર જ્યારે ભેગાં કરશે ત્યારે આપણે થઈશું. માત્ર સહ્યાદ્રિની પુત્રી છો—એટલું ગૌરવ રાખજે—અપમાન ન સહેતી!'

મીનલ બે હાથ જોડીને એને નમી રહી. એના ચહેરામાં પ્રેમ, વેદના અને દઢતાની અલૌકિક છાયા હતી. આંખમાં અદશ્ય આંસુ હતું. હૃદયમાં એવી જ અદશ્ય શ્રદ્ધા હતી.

જયકેશી ગયા પછી ઘણી વાર સુધી મીનલ એકલી ને એકલી, પોતાની શ્રદ્ધાને, બુદ્ધિના તાજવામાં મૂકીને જોખવા માંડી!

એની બુદ્ધિએ એને આજે પહેલી વાર દગો દીધો. એને કાંઈ જ ગમ પડી નહિ. પોતે કર્યું એમાં કેટલું સાચું હતું એ પણ એ જાણી શકી નહિ.

કોઈક પ્રકારનું અગમ્ય બળ એને ગુજરાત તરફ ધકેલી રહ્યું હતું.

એ આંધળું નહિ હોય, માત્ર એ કહેવા જેટલી જ એની પાસે અત્યારે તો શક્તિ હતી.

૨૬. ચિત્રકાર શ્રીકંઠ

મીનલને સ્તંભતીર્થનો વેપારી સાંભર્યો. તેણે તરત મુંજાલને તેડાવ્યો. મુંજાલને તો ચિત્રકારે મીનલ વિષે ક્યારના ખબર આપી દીધા હતા. એટલે શા માટે પોતાને કુમારી તેડાવે છે એ એ સમજી ગયો હતો. મીનલની એક પ્રતિકૃતિ તેણે શ્રીકંઠ-ને કહીને તૈયાર કરાવી રાખી હતી. તે રાજદરબારમાં ગયો.

'શ્રેષ્ઠીજી ! તમે પાટણના કે સ્તમ્ભતીર્થના ?'

'કુમારીબા ! હજી તમને મારે વિષે શંકા રહી છે ? હું તો સ્તમ્ભતીર્થનો !'

'શંકાની વાત નથી. મારે એક વાત જાણવી છે. તમે તો પાટણના રાજાને નજરોનજર જોયેલ હશે ?'

'જોયેલ તો હોય જ નાં ? ઘણી વખત જોયેલ છે.'

મીનલદેવીએ એક ચિત્રપટ પાથરી દીધું. મુંજાલે તો ચિત્ર જોયેલું હતું. પણ અત્યારે તો કોઈ નવીન આકર્ષક ચીજ મળી હોય તેમ એ ચિત્રપટને ઘણા વખત સુધી નીરખી નીરખીને જોઈ રહ્યો. સોમનાથી સમુદ્રની પેલીપાર ફરકી રહેલા વિજયધ્વજને કોઈ સ્વપ્નદ્રષ્ટાની છટાથી નીરખતો તરુણ ગૂર્જરેશ્વર ત્યાં ઊભો હતો. કર્ણદેવના રૂપને અને રસિકતાને

ચિત્રકારે સ્વપ્નથી મઢી લીધાં હતાં !

'તમે આ ક્યાંથી કાઢ્યું ? આ તો પાટણપતિ છે ! ગૂર્જરેશ્વર છે, કુમારીબા !'

'આવા છે ? ખરેખર આવા છે ?'

'આબેહૂબ એ જ—એ જ સ્વપ્નઘેલી રસિક આંખો—અને એ જ આ નાસિકા ! કોણ છે આ ચિતારો ?'

'તમે આંહીં થોડો વખત વસ્યા છો, શ્રેષ્ઠીજી ! આંહીંની કેટલીક વાત જાણી પણ છે, એટલે તમને એક વિશ્રંભવાર્તા કહું છું. એ અમારે યોગ્ય ગણાય ?'

'કોણ ? ગૂર્જરેશ્વર ? ના,' મુંજાલે ધીમેથી શાંતિથી સ્વસ્થતાથી ઉત્તર વાળ્યો.

'કેમ ?'

મુંજાલ કુમારીનું હૃદય કળી ગયો.

'ગૂર્જરેશ્વર આ બાજુની કુમારી નહિ લે. મહાઅમાત્ય સાંતૂની રાજનીતિને એ વસ્તુ અનુકૂળ ન પણ થાય !' તેણે કહ્યું.

'ત્યાં ગુજરાતમાં પણ પુરુષ અને સ્ત્રી નથી પરણતાં અને રાજનીતિ રાજનીતિને પરણે છે એમ ? ત્યાં પણ એમ છે ? તમે તો સ્તમ્ભતીર્થનું અત્યંત રસિક ને મોહક વર્ણન કર્યું હતું !'

'કુમારીબા ! મેં તો મારી એક દૃષ્ટિ માત્ર કહી. એ સાચી જ હોય એવું કાંઈ થોડું છે ? જેમ તમને આ ચિત્રકારે પાટણપતિનો પરિચય આપ્યો—તેમ તમારો પરિચય પાટણપતિને આપનારો કોઈ ન નીકળે, ત્યાં સુધી કેમ કહેવાય કે ગુજરાતમાં પુરુષ અને સ્ત્રી નથી પરણતાં ? રાજનીતિ રાજનીતિને પરણે છે એમ કેમ કહી શકાય ? ત્યાંનો રાજકુમાર દેવપ્રસાદ તો અદ્‌ભુત છે. મહાઅમાત્યને પણ એણે તો સંભ-

ળાવી દીધું હતું કે "જુદ્ધ કરવું હોય ત્યારે સંભારજો; બાકી-જુવતીની વાતમાં તમે ન સમજો!" સંગીત અને નૃત્ય કાદંબકુલના પ્રિય વિષયો છે.* એટલી જ સિદ્ધિ ચિત્રકલા મેળવનારો આંહીં કોઈ નથી?'

'શ્રીકંઠ છે!'

'તો પછી? કુમારીબા! તમને જેમ સોમનાથનો પરિ ચિત્રકારે આપ્યો, એવો ગોપકપટ્ટનનો પરિચય શ્રીકંઠ આ

'શ્રીકંઠને બોલાવીએ. એની પાસે ઘણાં ચિત્રો દે

થોડી વાર પછી ચિત્રકાર શ્રીકંઠ અનેક ચિત્રપટો લઈ આવ્યો. એણે જ્યારે ત્યાં મીનલની છબી પાથરી, ત્યારે એ જોઈ તો મુંજાલ પણ છક્ક થઈ ગયો. એક રેખા માત્ર શું—એક સહ તિલનો પણ દોષ ન નીકળે એટલી બધી એ આબેહૂબ પ્રતિકૃ હતી. અને છતાં મુંજાલને લાગ્યું કે જે મીનલને પોતે ર રહ્યો છે એ મીનલ જ ત્યાં ન હતી. લાવણ્યસમુદ્રમાંથી જન્મે કોઈ અદ્ભુત દેવાંગના એણે તો એમાં નીરખી. એ એક પળ તો વિચારમાં પડી ગયો. તેણે શ્રીકંઠને સાધ્યો હતો. શ્રી પ્રતિકૃતિ પણ આબાદ બનાવી હતી. આજે આ સમય બરાબર હતો. મીનલદેવીને પણ પોતાની પ્રતિકૃતિ એની પ બનાવેલી જ મળી આવી—એ જોઈને આનંદ થયો. મુંજાલનું અંતઃકરણ શંકાની દોરી ઉપર હીંચકા ખાતું હ પોતાની સામે બેઠેલી મીનલદેવીની જ આ પ્રતિકૃતિ હતી. અને છતાં એમાં દેખાતી હતી એ મીનલદેવી જ ન હતી. શું? એનું પરિણામ શું? તે વિચારમાં પડી ગયો. એટલ મીનલે જ કહ્યું: 'શ્રીકંઠજી! પણ હું આવી ક્યાં છું? હું

* સી. વી. વૈદ, વો. ૩, ૪૭૪.

આવી છું, શ્રેષ્ઠીજી ? ચિત્ર તો આબેહૂબ છે—શ્રીકંઠજી ! પણ હું ખરેખર આવી નહિ હોઉં તો ?'

ચિત્રકાર શ્રીકંઠ એક ક્ષણભર અવાક રહ્યો. પછી એનાં નેત્ર નીચે ઢળી ગયાં: ' કોણ ખરેખર કેવું છે એ તો રાજકુમારીબા ! કોઈ જ જાણતું નથી. જે કોઈ જાણતું નથી, એ જાણવામાં જ ચિત્ર રહ્યું છે. મેં જે જોયું છે એ મેં આલેખ્યું છે !'

' ખરેખર ? પણ આ તો મને લાગે છે કે હું નથી !'

' જે તમે દેખાવ છો એ તમે આમાં નથી. એવા દેખીતા રૂપને દોરવા માટે ઈશ્વરે મને ચિત્રકાર નિર્મ્યો નથી. એવા રૂપને તો હું જોઈ શકતો પણ નથી. પણ જે તમારું સ્વરૂપ જોવા માટે નથી, એ સ્વરૂપ મેં આમાં મૂક્યું છે !'

' પણ શ્રીકંઠજી ! રાજકુમારીબાને એમ છે કે આ ચિત્ર તમે રજુ કરો—ને ખોટું ઠરે—'મુંજાલે પોતાની મૂંઝવણ કહી બતાવી.

' ખોટું ઠરે ? મારું ચિત્ર ? આ ચિત્ર જો ખોટું ઠરે તો મારો જમણો હાથ હવે પછી, કોઈ દી હાથમાં પીછી ન લે. બસ ?'

' ના, પણ શ્રીકંઠજી ! આ ચિત્ર તમે પાટણમાં—બતાવો—ત્યાં પણ ચિત્રકારો પડ્યા હોય. . . ' મીનલ બોલી ' અને વખત છે ને તમારું અપમાન. . '

' કુમારીબા ! જે મેં જોયું છે તે મેં આપ્યું છે !' શ્રીકંઠે દૃઢતાથી કહ્યું: ' તમે જે અદૃશ્યભાવિની રેખા જોઈ શકતા નથી એ જેમ જ્યોતિષી આપે છે, તેમ તમે જે લાવણ્ય જોઈ શકતા નથી, તે ચિત્રકાર આપે છે !'

' મિથ્યાચિત્રનો આરોપ આવશે, શ્રીકંઠજી !'

' મિથ્યાચિત્રનો આરોપ આવશે તો હું બેઠો છું નાં ? રાજકુમારીબા ! મા. . . !' ચિત્રકારનો અવાજ અત્યંત ભાવ-

ભીનો, પ્રેમભરપૂર હતો. બાળક માને બોલાવે એટલી બધી એમાં નૈસર્ગિક મધુરતા હતીઃ 'મા ! તમારામાં શું છે એ તમને ક્યાંથી ખબર ? અથવા કહો કે તમને ખબર નથી, એટલે તો એ તમારામાં છે. તમારો જે દિવ્ય અંશ મેં જોયો છે—એ મેં આંહીં મૂક્યો છે. જે છે, તે નથી—એમ કોણ કહી શકનાર છે ? ત્રિભુવન આખામાંથી એમ કોણ કહી શકનાર છે ? તમારું આ જ સાચું ચિત્ર છે ! હું એ કહું છું. છાતી ઠોકીને કહું છું.' ચિત્રકારના શબ્દો બંધ થયા ત્યારે મીનલે એક વખત ફરીને ચિત્રને નીરખ્યું. એ ઊંડા વિચારમાં પડી ગઈ હતી.

બીજે દિવસે શ્રીકંઠ પાટણ જવા માટે ઊપડી ગયો. મુંજાલ રજા લઈને સ્તંભતીર્થ તરફ ગયો.

થોડા વખત પછી મહારાજ જયકેશીએ મીનલ સાથે આપવાના હસ્તી, માણસ, ઘોડાં, પાલખીનો બંદોબસ્ત કર્યો એટલે મીનલ પણ પાટણ જવા માટે તૈયાર થઈ. સ્થાનકથી વિદાય થતી હસ્તીઓની, ઘોડાંની, અને પાલખીઓની હાર ને હાર મહારાજ જયકેશી પોતાના ઉત્તુંગ મહાલયની છેલ્લી ટોચ ઉપરથી જોઈ રહ્યા હતા.

દૂરદૂર ચાલી જાતી એક મયૂરભંગ સોનેરી પાલખી ઉપર એમની નજર ઠરી રહી હતી. ધીમેધીમે એમની નજરથી એ અદૃશ્ય થઈ ગઈ. અને અંતે તો સઘળું સ્વપ્નની માફક અદૃશ્ય થઈ ગયું. રસ્તા ઉપરની ધૂળ પણ બેસી ગઈ. તેમણે ભારે હૃદયે એક નિઃશ્વાસ મૂક્યો. તે ધીમેથી નીચે ઊતર્યા. સૈનિકો તૈયાર થઈને ચોગાનમાં ઊભા એમની રાહ જોતા હતા. તેમનો અશ્વ હણહણી રહ્યો હતો. કાંઈ ન હોય તેમ વજ્જર હૃદય કરીને તે અશ્વ ઉપર ચડ્યા. તેમણે દક્ષિણનો પંથ લીધો. પિતા અને પુત્રી બન્ને જુદીજુદી દિશાએ જઈ રહ્યાં હતાં.

૨૭. મુંજાલને પણ પોતાનો માર્ગ દેખાય છે

એક દિવસ વહેલી પ્રભાતે, દુર્લભસરોવરના કિનારા ઉપરના એક ઉદ્યાનમાં પરદેશી જેવાં માણસો દેખાયાં. તેમની સાથેની સોનેરી પાલખીઓ, હસ્તી, ઘોડાઓ દાસદાસીઓ અનુચરો અને પટ્ટકુટીઓ નજરે પડચાં. કર્ણોપકર્ણ વાત ચાલવા માંડી કે કર્ણાટકના રાજાની દીકરી મીનલદેવીનો રાતમાં આંહીં મુકામ પડચો છે! કર્ણાટક અને કોકણનો ભેદ આટલે દૂર ગુજરાતમાં બહુ ધ્યાનમાં આવે તેવો ન હતો.

આખી પાટણ નગરી તે દિવસે લાટ ઉપરનો વિજયઉત્સવ ઊજવવા હિલોળે ચડી હતી. એમાં આ સમાચાર મળતાં, જાણે પૂરમાં ઘૂઘવતી નદીના જળમાં સમુદ્રની ભરતીનો મેળ થયો. ઠેકઠેકાણે શરણાઈ, નફેરી, ભેરી, મૃદંગ અને ઢોલક વાગવા માંડચાં. નગરી આખી જાણે ગીતની બની હોય તેમ રાસરમણે ચડી. શંખધ્વનિ આવવા લાગ્યા. ધનુષટંકાર થવા લાગ્યા. ઘંટ વાગવા માંડચા. હસ્તીઓ, ઘોડેસવારો અને પદાતિઓનાં કિલ્લાની બહાર મેદાનમાં મોટાં ધમસાણ ચાલી રહ્યાં. મહારાજ કર્ણદેવ વાચિનીશ્વર મંદિરમાં દર્શન કરવા જવાના હતા. પોતાના રાજાને નીરખવા માટે રસ્તાની બન્ને બાજુએ પટ્ટણીઓની કતાર જામી

ગઈ હતી. યશસ્વી મહારાજ ભીમદેવ અને મહાઅમાત્ય દામોદર જેવાએ મહાન બનાવેલા પાટણને, નવા રાજા કેમ જાળવશે એ વિષે શરૂઆતમાં જે થોડી અશ્રદ્ધા હતી, તે આજ લાટના વિજયે ઉડાડી દીધી હતી. મહારાજ ભીમદેવને નીરખતાં જાણે યુદ્ધનો કોઈ રણદેવતા આવતો હોય તેમ ભાસ થતો. કર્ણદેવને નીરખતાં તો આબાલવૃદ્ધ સૌ એક પ્રકારનું આકર્ષણ અનુભવી રહેતાં. એટલો મોહક એ ચહેરો હતો. એટલી રૂપ અને *રસિકતાની તેજછાયા એમાં રમતી હતી.

કર્ણદેવ વાચિનીશ્વરના મંદિરે દર્શન કરવા જતો હતો. રાજકુમારી મીનલદેવીનો એ બાજુ એક તરફના ઉદ્યાનમાં મુકામ હતો. એ વાતનું મહત્ત્વ મુંજાલે તરત પારખી લીધું. આ પરદેશી રાજકુમારી મીનલદેવી એ જ ભાવિ મહારાણી થવાની. ભાવિ મહારાજ્ઞીના વિશ્વાસુ બનીજવાની આ સારામાં સારી તક હતી ! પછી તો એ મહારાણી બની જવાની. પાટણના રાજતંત્રની મહાન દિવાલમાં એ પણ પુરાઈ જવાની. આજે જ તક હતી. આજે પોતે એને મળે—તો પાટણનું વાતાવરણ જાણી લેવા માટે રાજકુમારી એને જ પહેલું મહત્ત્વ આપે. યુદ્ધમાં પહેલો મારેલો ઘા બીજા અનેક ઘા મારવાની શકયતા અને શક્તિ આપે છે. આંહીં પાટણમાં, રાજકુમારી જે રાજકીય જનને પહેલાં મળશે, કુદરતી રીતે જ એનું મહત્ત્વ એની પાસે સ્થપાઈ જાશે. ભાવિ મહારાજ્ઞીના વિશ્વાસુ બની જવાની તક

* 'સુકૃતસંકીર્તનમ્' સર્ગ ૨, ૨૦. ૨૧. અને 'હમ્મીરમદમર્દન'માં આપેલી 'સુકૃતકીર્તિકલ્લોલિની'માં 'તત્કામમીરજનિજગતીકામુકઃ કર્ણદેવઃ' વગેરે. તથા હેમચંદ્રશબ્દાનુશાસન પ્રશસ્તિ रामोल्लासनमूर्ति : श्री कर्ण : कर्ण इव जयति ।

પોતાને સાંપડે તેમ હતી. પોતે રત્નમાણિકયનો વેપારી બનીને ગોપકપટ્ટનમાં રહ્યો હતો. ત્યાંથી ચિત્રકાર શ્રીકંઠ સાથે એણે મોકલેલા સંદેશાએ જ આ સંબંધ શકય બનાવ્યો હતો. પોતાને લીધે જ આ સંબંધ સ્થપાયો છે એ વાતને આજે ફરી વજ્રલેપ કરી દેવાની જરુર હતી. કારણ કે આંહીં લાટનું મહાન યુદ્ધ ખેલાઈ ગયું, સેનાધ્યક્ષ રુચ્ચિક, દેવપ્રસાદ, મહાઅમાત્ય સઘળા રાજા અને પ્રજામાં વધુ મહાન ને ગણના યોગ્ય બની ગયા; અરે! અર્જુનભટ્ટ જેવા પણ પ્રથમ પંકિતમાં મુકાઈ ગયા—એ સઘળો વખત પોતે તો બહાર આખડતો જ રહ્યો. પોતાના સ્થાનથી લેશ પણ આગળ ન વધ્યો. એ વાતમાં હવે એને મહાઅમાત્ય સાંતુની અત્યંત ઊંડી બુદ્ધિ કામ કરી રહેલી નજરે પડી! એટલે એણે પણ પોતાની મહત્તા સ્થાપી દેવા માટે કાંઈક કરવાનું હતું. મીનલદેવીના સમાચારે એની યોજનાને રૂપ આપ્યું. એ વહેલી પ્રભાતે મહારાણી ઉદયમતીને જ પહેલવહેલો મળ્યો.

'કાં મુંજાલ! આજ તો તું અત્યારમાં? તું ત્યાં લાટના યુદ્ધમાં નહિ કાં?'

મુંજાલને પોતાની સ્થપાઈ ચૂકેલી લઘુતાનું ભાન થયું. 'ના, મહારાણીબા. હું ત્યાં નહિ. કર્ણાટકની રાજકુમારી આંહી આવ્યાં છે એ તમે જાણ્યું?

'આંહીં આવેલ છે? શું કહે છે?' ઉદયમતીના અવાજમાં આતુરતા હતી: 'તે દિવસે પેલો ચિત્રકાર રાજકુમારીનું ચિત્ર બતાવી ગયો ત્યારથી તો સૌને એનું ઘેલું લાગ્યું છે! તને તો ખબર હશે—મહારાજે તો એને સિદ્ધપુરમાં મોકલ્યો છે! એ જ આ રાજકુમારી?'

'હા, બા, પણ એ ચિત્રકાર હજી આવ્યો નથી?'

'આજ આવવાનો વાયદો છે. તું શું કહેતો'તો ? કુમારી ક્યાં ઉતર્યાં છે મુંજાલ ?'

'રાજકુમારી ત્યાં ઉદ્યાનમાં ઊતરેલ છે. હું તમને એમ કહેવા આવ્યો હતો બા ! કે પહેલી જ પળે એ રાજની સમક્ષ આવે તે પહેલાં, તમે એ બાજુ અત્યારમાં ન નીકળો ? એ તો પરદેશી છે, બહાદુર છે, એટલે એકલી આવી છે. તમે એ બાજુ મહારાણીબા ! ફરવા નીકળો, તો એને પોતાનો માર્ગ સરળ બનતો લાગે ! મારે પણ ઓળખાણ છે, ત્યાં રહ્યો હતો એટલે.'

'હા ! મુંજાલ ! એ તેં બરાબર કહ્યું. જોયું ? તેં આ મને સુઝાડયું. હું તો ભૂલી જ જતી હતી. આંહીં પાછું સાંતૂ મહેતાને પૂછ્યા વિના કોઈ સળી ભાંગીને બે કરતું નથી નાં એટલે ! મને તો આ વાત જ ન સાંભરી !'

'આજ રાજસવારી ચડે છે એટલે સૌ એમાં પડયા છે. આ વાત ભૂલી જવાશે તો કુમારીને અટુલું લાગશે !'

એટલામાં શંખનાદ થયો—

'જુઓ, આ સવારી તો ચડી પણ લાગે છે—તમે આવજો, મહારાણીબા ! હું ત્યાં રાજકુમારી પાસે જઈને તમારા આવવાના સમાચાર આપું છું ! એ એટલે દૂરથી ચાલી આવી છે કે એને આંહીની શી ગતાગમ ? આપણે આપીએ એટલી.'

મુંજાલ મહારાણીને નમીને ગયો. પોતે પણ પોતાનો એક રસ્તો સ્થાપી શકશે એવી શ્રદ્ધા એનામાં આવી ગઈ. એ મીનલને મળવા ગયો.

ઉદ્યાનમાં એ પહોંચ્યો. તો અનેક નાગરિકોને હજી આંહી-તંહીં ફરતા એણે દીઠા. નગરી આખીને પરદેશી રાજકુમારી વિષે કુતૂહલ થયું હતું. આવી રીતે આટલો લાંબો પ્રવાસ

ખેડીને આંહીં આવનાર એ પહેલી હતી. એની સાથેનાં માણુ-સોને લોકો કુતૂહલથી નિહાળી રહ્યા હતા. સેંકડો માણુસો ઉદ્યાનની બહાર પણ ફરતાં હતાં.

એટલામાં તો મુંજાલનો ઘોડો આવતો સૌની નજરે પડ્યો. મહારાજ તરફનો કાંઈક સંદેશો હશે. જેને જેમ ફાવ્યું તેમ અનુમાન કરી રહ્યા. કર્ણાટકની રાજકુમારી આંહીં પાટણમાં આવી છે એ વિષેની ગૌરવછાપ ઘણાના મોં ઉપર ફરકતી મુંજાલે જોઈ. કેટલાક એને કાંઈક વિશિષ્ટ સત્કારથી નમ્યા. મુંજાલે એમાં પોતાનો વિજય જોયો. મુંજાલ આ રાજકુમારીને આંહીં લાવ્યો છે એવા લોકમતનો એ પડઘો હતો. લાટનો નહિ,તો, દક્ષિણનો વિજય એણે કર્યો હતો. એ લોકમાન્યતાને વધારે પુષ્ટિ મળે માટે એણે કાંઈક મોટેથી, કાંઈક ગૌરવથી, ઉદ્યાનના રક્ષકને કહ્યું: 'રાજકુમારીબાને કહોને—મુંજાલ મહેતા આવ્યા છે!' ને થોડી વાર પોતે ત્યાં થોભ્યો. એણે વિજેતાની ઢબથી ચારે તરફ એક દૃષ્ટિ કરી. થોડી વારમાં જ અનુચરે એને અંદર બોલાવ્યો.

મીનલદેવીની દૃષ્ટિ પડતાં તરત જ એ એને ઓળખી ગઈ.

'ઓ હો! શ્રેષ્ઠીજી! તમે આંહી છો? મેં તો કીધું તમે સોમનાથ હશો—અમે તો પછી સ્તંભતીર્થનો માર્ગ જ મૂકી દીધો! શુક્લતીર્થ પાસે મા રેવાને પાર કરી. પછી દર્ભાવતી વટપદ્ર એ રસ્તો અમને માર્ગદર્શકે દેખાડ્યો. ઓહોહો! મા રેવાએ તો ઠેરઠેર જાણે દક્ષિણનું લીલું વસ્ત્ર પહેર્યું છે અને એમાં સમુદ્રતરંગ જેવી મૌક્તિક માળા શોભી રહી છે! મા રેવાનો તો અદ્ભુત શૃંગાર છે! તમે આંહીં ક્યારે આવ્યા?' મુંજાલને જોતાં જ મીનલદેવી એને ઓળખી તો ગઈ પણ ગોપકપટ્ટનમાં

જે મુંજાલ હતો એ આ મુંજાલ કરતાં કાંઈક જુદો જ દેખાતો હતો એવું એને લાગ્યું. વેષફેર એકદમ એની નજરમાં આવી ગયો. મુંજાલે—પોતાની મેળે પ્રગટ થઈ જવામાં પોતાની મહત્તા સ્થપાવાનો યોગ દીઠો.

'રાજકુમારીબા ! મા રેવાજીનાં દર્શને તમને ગુજરાતનો પ્રથમ પરિચય થયો એ બહુ સારું થયું. નહિતર નાહકનો દોષ મારા ઉપર આવત ! અને આંહી સૌ કહેત કે તારો સંદેશો ખોટો હતો !'

'કેમ એમ બોલ્યા ? શ્રેષ્ઠીજી ! સંદેશો ખોટો હતો એટલે શું ? શાનો સંદેશો ?'

'રાજકુમારીબા ! આવતી કાલે તમે તો પાટણનાં મહારાણી થશો. સ્તંભતીર્થથી સોમનાથ સુધીના સમુદ્રનાં રાણી બનશો. એ વખતે તમને ખબર પડે કે હું તમને ઠગી ગયો—તો મારું જીવતર ધૂળ થઈ જાય. એટલે તમારી ક્ષમા માગીને એક વાત કહેવા આવ્યો છું. તમને આંહીં લાવવામાં હું તો નિમિત્ત માત્ર હતો—ભગવાન સોમનાથે જ તમને બોલાવ્યાં છે. પણ ખોટું ન લગાડો, તો મારે રાજકુમારીબા ! એક વાત કરવી છે ! હું એટલા માટે જ આવ્યો છું !'

'મારે તો તમારી પાસેથી આંહીંની વાત જાણવી છે. તમારે શી વાત કરવાની છે ?'

'હું ત્યાં ગોપકપટ્ટનમાં આવ્યો હતો. ગોપકપટ્ટનની ખ્યાતિ સાંભળીને એને નજરો નજર જોવા માટેના કુતૂહલથી. ત્યાં તમને દીઠાં, રાજકુમારીબા ! આંહીં મેં સંદેશો મોકલ્યો હતો—કે આંહીં ગોપકપટ્ટનમાં એક અદ્ભુત કુમારી છે. તમને પણ મેં ગુજરાતનો પરિચય આપ્યો હતો, એ આટલા માટે. તમે

હશે, મહારાજ હશે, અને સોમનાથસમદ્ર હશે, એ ત્રણે એક સ્થળે હશે, ત્યારે રાજકુમારીબા! કહો ન કહો, પણ મને અંતરમાં એક ઊંડી ઊંડી આત્મશ્રદ્ધા જાગી હતી કે ભારતવર્ષનો એ અનુપમ યોગ હશે! એટલે મેં આંહીં સંદેશો મોકલ્યો. એનો સત્કાર થયો. ત્યાંથી શ્રીકંઠ આ બાજુ આવ્યો. ભગવાન સોમનાથની કૃપાથી બધી વાત સરખી ઊતરતી આવી. હવે હું તમારી ક્ષમા માગવા ને મારો ખરો પરિચય આપવા આવ્યો છું. હું આંહીં રાજમંત્રી છું—હું આંહીંનો છું. સ્તંભતીર્થનો નથી કે શ્રેષ્ઠી પણ નથી. હું રત્નમાણિક્યનો વ્યાપારી પણ નથી—'

'ઓ . . હો . . ' મીનલ બોલી ન બોલી ત્યાં બીજો અવાજ આવ્યો.

'અરે! કોણે કહ્યું કે તું રત્નમાણિક્યનો વેપારી નથી? મુંજાલ! તું તો આવું સહ્યાદ્રિનું રત્ન તો આંહીં લાવ્યો છે—' મહારાણી ઉદયમતી અચાનક એક તરફથી આવી રહી હતી. એને રોકવા વ્યર્થ પ્રયત્ન કરતી એક દાસી એની પાછળ દોડી રહી હતી. મીનલે જરાક હાથની નિશાની કરી ને દાસી, રોકાઈ ગઈ.

'આ રાજમાતા આવે છે, કુમારીબા! રાજમાતા ઉદયમતી. મહારાજનાં મા. એ જૂનાગઢનાં—સોમનાથનાં છે. તમારા આવ્યાના સમાચાર સાંભળીને આવ્યાં લાગે છે!' મુંજાલે ધીમેથી કહ્યું ને તે ઊઠીને બે પગલાં આગળ ગયો. મીનદેવી તરત ઊભી થઈ. તે પણ સામે ચાલી. બે હાથ જોડીને રાજમાતાને પ્રણમી રહી. 'તમને ખબર નથી, પણ હું તો ત્યાં ઊભી ઊભી તમને નીરખી રહી હતી,' ઉદયમતીએ બોલતાં બોલતાં હેતથી એને પોતાની બાથમાં સમાવી દીધી. તેના નીચે

નમેલા મસ્તકને પોતાના ખભા ઉપર ઢાળી દીધું. પ્રેમથી પોતાના હાથે એના કેશકલાપને સ્પર્શી રહી.

'દીકરી! મને મુંજાલે બધી વાત કરી છે. તું આવી તે બહુ સારું થયું. મને એકલું એકલું લાગતું હતું. વાત કરવા જેવું'ય કોઈ ન મળે! તમારી ધ્વજામાં સિંહ છે કાં?' ઉદયમતીની નજર ધ્વજના સિંહ ઉપર પડતાં એ બોલી.

'હા, રાજમાતા! અમે કાદંબવંશી સિંહનું રાજચિહ્ન રાખીએ છીએ—' મીનલે કહ્યું. ઉદયમતીને એની શાંત સ્વસ્થ ગૌરવભરેલી વાણી બહુ જ આકર્ષક લાગી ગઈ. તે એને સાથે રાખીને આગળ વધી: 'ત્યારે તો અમારે જૂનોગઢના રા' સિંહના રાજા, અને તમે પણ સિંહધ્વજી. હું જૂનોગઢથી—સોમનાથની છાયામાંથી—આંહીં આવી છું. બહુ સારું થયું, લે—મને તો ચિત્ર જોઈને જ તારી માયા લાગી'તી. આજે નજરે ચડતાં તો એ માયા હજારગણી વધી ગઈ. આપણે સોમનાથની જાત્રા સાથે જ કરીશું. ક્યાં જૂનોગઢ, ક્યાં ગોપકપટ્ટન, ને ક્યાં આ પાટણ? ભગવાન સોમનાથને મેળ મેળવવો હશે ત્યારે જ તેં આટલી બધી શ્રદ્ધા અમારામાં મૂકીને એકલાં મુસાફરી કરી હશે નાં? કાંઈ કહેવરાવ્યું છે મહારાજ જયકેશીએ?'

'ચંદ્રભૂષણ!' મીનલદેવીએ ઉદયમતી પાસે બેસતાં પોતાના રાજવંશી મુખ્ય રક્ષકને સાદ આપ્યો. એક નારી એને બોલાવવા દોડી ગઈ. થોડી વારમાં એક રૂપાળો જુવાન ત્યાં આવીને ઊભો રહી ગયો. તેનામાં રાજવંશી ગૌરવ અને વિનય બન્નેનો સુભગ યોગ હતો. 'ચંદ્રભૂષણ! પાટણનાં રાજમાતા આવ્યાં છે!'

ચંદ્રભૂષણે બે હાથ જોડી ઉદયમતીને પ્રણામ કર્યા.

'કાંઈ કહેવરાવ્યું છે મહારાજ જયકેશીએ? મહારાજ છે તો સ્વસ્થ નાં?' ઉદયમતીએ પૂછ્યું.

'મહામંડલેશ્વરે પ્રણામ કહેવરાવ્યા છે,' ચંદ્રભૂષણે કહ્યું: 'અને મહારાજને ચરણે ધરવા *રત્ન ને વસ્ત્રલેખ આપ્યાં છે. કુમારીબાની અવિચળ શ્રદ્ધાએ એમને સેંકડો જોજન દૂર આણ્યાં છે. તમે જ હવે એનાં સાચાં મા છો—કુમારીબાએ મા ખોયાં હતાં, એ જાણે આજે પાછાં મળ્યાં!'

'હજાર જોજન દૂર પડ્યાં હોઈએ પણ માનું નામ તો ત્યાં પણ છાયા દેતું આવે. મા તો મેં બાળપણમાં ખોઈ છે, ને એ વેદના કેવી હોય છે એ હું જાણું છું, દીકરી! તારે પણ મા નથી કાં? વહેલાં ગયાં છે?'

મીનલદેવીએ સજલનયને જરાક માથું હલાવ્યું. 'તમે જ રાજમાતા! એનાં મા છો!' ચંદ્રભૂષણે જવાબ વાળ્યો.

'મા તો સૌની અમારે આંગણે બેઠી છે: મા સરસ્વતી! એનાં નીર વહે છે ત્યાં સુધી તો પાટણમાં સૌને—આબાલવૃદ્ધ સૌને—લાગે છે કે માની નેહધારા વહી રહી છે. તમે સાંજે રાજદરબારમાં આવો, ચંદ્રભૂષણજી! આ અમારા મંત્રીશ્વર છે મુંજાલ—!'

'રત્નમાણિક્યના વેપારી!' મીનલે મધુર વિનોદ કર્યો.

'ત્યારે નહિ? તારા જેવું રત્ન તો આંહીં લાવ્યો!'

'કેમ? શું છે છઢમ?' ચંદ્રભૂષણે મહાવતને આવતો જોઈને પૂછ્યું: 'શું છે?'

'મહાઅમાત્યજી સાંતૂએ માણસ મોકલ્યાં છે—હસ્તી-

* 'દ્વયાશ્રય.' ૯, ૧૨૬.

પરીક્ષા માટે—'

'હા, હા; એમને મેં સંદેશો મોકલ્યો ત્યારે એમણે કહેવરાવ્યું હતું. એ બરાબર છે. પાછળથી પછી હસ્તીમાં દોષ ન નીકળે. મુંજાલજી! તમે આવો છો? તમે હશો તો અમને ઠીક પડશે!' ચંદ્રભૂષણે કહ્યું.

મુંજાલ ઊભો થયો.

'એમને પેલું રત્ન પણ, ચંદ્રભૂષણજી! બતાવી દેજો. એ રત્નમાણિક્યના વેપારી છે!' મીનલદેવીએ પ્રસન્ન મધુર સ્મિત કરતાં કહ્યું.

ઉદયમતીએ મીનલના વાંસે હેતથી હાથ મૂકતાં કહ્યું: 'દીકરી! તારા મોંમાં તો જાણે સમુદ્રમંથનનું અમૃત વસ્યું છે. તું આવતાં મારે હૈયે ધરપત થઈ ગઈ. આંહીંના રીત-રિવાજે લગ્ન કરીશું નાં? કન્યાદાન દેવા ભાઈ કે પિતા જોઈએ; આ મુંજાલ જ તારો ભાઈ થાશે!'

મુંજાલ રાણીના વાક્યે પ્રસન્ન થતો ચંદ્રભૂષણ સાથે ચાલ્યો. ભાવિ મહારાણી પાસે એના મંત્રીપદનું બીજારોપણ તો થઈ ચૂક્યું હતું.

૨૮. *સ્વીકાર કે અસ્વીકાર ?

હસ્તીપરીક્ષા તો થઈ ગઈ. મહારાજ જયકેશીએ દોષરહિત હસ્તિઓ આપ્યા હતા. ચંદ્રભૂષણને બીજે દિવસે સવારે રાજદરબારમાં આવવાનું આમંત્રણ પણ મળ્યું હતું. સવારે રાજદરબાર ભરાયો હતો. મહાઅમાત્ય સાંતૂ હતો. દેવપ્રસાદ, આમશર્મા, મકવાણોજી, ભોગાદિત્ય, મદનપાલ, સૌ મહારાજની રાહ જોતા હતા. ચંદ્રભૂષણ અને બીજા પરદેશી મહેમાનો હતા. એટલામાં મહારાણી ઉદયમતી—અને એની પાછળ કેવળ ઢીલો થઈ ગયો હોય તેવો મુંજાલ બન્ને આવી રહ્યાં

* ‘દ્વયાશ્રય,’ સર્ગ ૯ મા ના ૧૬૫, ૧૬૬ એ શ્લોકોનો ધ્વનિ સ્પષ્ટ રીતે મેરુતુંગની ‘પ્રબંધચિંતામણિ’ની કથાને ટેકો આપે છે. ‘ જો કર્ણદેવ ન પરણે તો એ જાતે ક્ષીણ થશે ’ વગેરે શબ્દો મીનલની સખીને બોલવા પડે છે, એ ‘પ્રબંધચિંતામણિ’ના કથનને વિશ્વાસપાત્ર ઠરાવે છે. કોઈક કારણથી કર્ણદેવ મીનલને સ્વીકારવા તૈયાર ન હતો, એ ઐતિહાસિક હકીકત જણાય છે, દંતકથા હોય એમ લાગતું નથી. ‘દ્વયાશ્રય’નો એને પણ આધાર છે. માત્ર એ આધાર સ્પષ્ટ રીતે નહિ, પણ ધ્વન્યાત્મકરૂપે હેમચંદ્રાચાર્યે મૂક્યો છે. સર્ગ ૯માના ૧૬૦ પછીના બધા શ્લોકો એની પ્રતીતિ કરાવે તેવા છે.

હતાં. મહારાણીબા ઉતાવળે આવતાં હતાં. એમનો ચહેરો કાંઈક વ્યગ્ર હતો. મુંજાલ તો તદ્દન કૂચા કાઢી નાખેલા શેરડીના સાંઠા જેવો બની ગયો હતો.

'મારે બેટે વાણિયે ભારે કરી!' મુંજાલ મનમાં જ ઘા ખાઈ ગયો. અત્યારે મહારાણીબા સાથે એ મહારાજના પ્રાસાદેથી આવી રહ્યો હતો. મહારાજે સ્પષ્ટ કહ્યું હતુંઃ "અરે! કાલે મને પરણવા તો કાશ્મીરથી ને અંગથી ને બંગથી છોકરીઓ હાલી જ આવશે! મને પૂછ્યા વિના ગમે તે હાલ્યાં આવે—એને હું પરણ્યાં કરું, એમ? માનસહિત કોકણપતિની ક્ષમા માગી રાજકુમારીને પાછી મોકલો. પાછી મૂકવા તું જાજે, મુંજાલ!"

મા દીકરાને આ વિષય ઉપર સંવાદ પણ થયો હતો.

'પણ કર્ણદેવ!' ઉદયમતીએ કહ્યુંઃ 'આપણો આ વિચાર હતો. મહાઅમાત્ય સાંતૂએ તો એટલા માટે મુંજાલને ત્યાં મોકલ્યો પણ હતો. રૂપરૂપના અંબાર જેવી રાજકુમારી છે. કોકણ જેવું મહારાજ્ય છે!'

'જુઓ મા! હું તમને કહી દઉં,'' કર્ણદેવ બોલ્યોઃ 'મારે કોકણની કુમારી નથી પરણવી!'

'કેમ?'

'અરે! આ તે કાંઈ વાત છે? કોને પરણવું ને કોને ન પરણવું એમાં પણ હું સ્વતંત્ર નહિ, એમ? હું રાજા થયો—એટલે સામાન્ય માણસથી પણ ગયો? મારે દક્ષિણની કુમારિકાને નથી પરણવું! દક્ષિણનો પ્રદેશ જ મને નથી ગમતો!'

'મહાઅમાત્ય કહેશે તો?'

'તોપણ નહિ; મહાઅમાત્ય જ મને દરેકે દરેક વાતમાં શિખામણ આપ્યા કરશે, એમ?'

'અને અત્યારે ભર દરબારમાં આનું અપમાન થાશે— આ આવીને બેઠાં છે કોકણનાં માણસો—તેનું શું ?'

'એમાં હું શું કરું ? તમે, મુંજાલે સૌએ આ ગોઠવ્યું છે. માટે એનો ઉકેલ તમે શોધી કાઢો ' મહારાજ બોલ્યા.

આ સંવાદ પછી ઉદયમતી વ્યગ્રતાભરેલી દરબારમાં આવી. મહારાજે દરબારમાં આવવાની જ ના પાડી હતી. મહાઅમાત્ય વિના કોઈ ચક્ર નહિ જ ચાલી શકે—એનો અત્યંત કડવો અનુભવ મહારાણીને થતાં એ લેવાઈ ગઈ હતી. મહારાજની આવી મનોદશા શી રીતે થઈ ગઈ, એના ઉપર પ્રકાશ પાડતી વાત સંગ્રામે મુંજાલને કરી હતી. મુંજાલ મહારાણીબાની પાછળપાછળ આવતો હતો એટલામાં સંગ્રામે એને કાનમાં કહ્યું:

'કાલે સાંજે જ મહારાજ એ તરફ ફરવા ગયા હતા. છૂપે વેષે ઉદ્યાનમાં પોતે ફર્યા પણ હતા. એમાંથી આ થયું છે !'

'સાથે કોણ કોણ હતું ?' મુંજાલે આતુરતાથી પૂછ્યું.

'કોઈ નહિ !'

'પણ એમાંથી આ ફરી શી રીતે ગયું ?'

'મહારાજને રાજકુમારી ભીનેવાન અને કાંઈક કદરૂપી લાગી !'

'પછી ?'

'એટલે મહારાજે મહાઅમાત્યને કહેવરાવ્યું કે "દક્ષિણનો સંબંધ મારે બાંધવો નથી !"

'મહાઅમાત્યે કાંઈક જવાબ આપ્યો હશે નાં ?'

'મહાઅમાત્યે કહેવરાવ્યું કે "મુંજાલ ને મહારાણીબા આ વાતમાં રસ લઈ રહ્યાં છે, માટે તમે એમને કહેજો.

મારે તો રાજનીતિની દૃષ્ટિએ જ આ સંબંધ જોવાનો છે. મારે તો એ વસ્તુ સાથે જ લેવાદેવા છે."

મુંજાલ ઘા ખાઈ ગયો. મીનલદેવી આંહીં આવી, તેમાં પોતે વધુપડતો આગળ ભાગ લીધો, મહારાણી ઉદયમતી સાથે પોતે જ એને જઈ ને પહેલો મળ્યો, મંત્રીમંડળ ને બીજા સૌ તો એ વખતે વિજયોત્સવ ઊજવવામાં પડયા હતા. સાંતૂને એ વાત ખૂંચી હતી. તેણે એક જ સપાટે મુંજાલને ઉડાડી દેવા માટે ને એના નાના સ્થાનમાં પાછો એ ભરાઈ બેસે ને જ્યાં-ત્યાં માથાં મારતો બંધ પડે એવું કરવા માટે જ, આ પાસો ફેંકયો હતો. મુંજાલને શંકા પડી કે એણે જ સૂચિત રૂપે કર્ણદેવને પરીક્ષા કરી લેવા માટે પણ પ્રેર્યો હશે. હવે તો મહાઅમાત્ય વિના બીજા કોઈથી આ વાત પાછી વળે તેવી ન રહી. તેના મનમાં જે શંકા હતી, કે લાટની મહત્ત્વની કામગીરીમાં પોતાનો એકડો ન જ નોંધાય એવી મહાઅમાત્યની ઇચ્છાએ એને દક્ષિણમાં મોકલ્યો હતો, તે શંકા હવે વધારે દૃઢ થઈ ગઈ. તેણે પોતાની ઝીણી ઊગતી મૂછના વાળ ઉપર જરા હાથ ફેરવ્યો : "વાણિયો—આ વટપદ્રનો, એને જો એક દિવસ હાડહાડ કરીને પાટણમાંથી કાઢું નહિ, તો મેં સરસ્વતીનું પાણી પીધું ન પીધું. એને હાડહાડ કરીને કાઢું—ને તે પણ આ રાજકુમારીની મારફત જ—તો જ હું ખરો!"

એની એ વાણીનો અત્યારે તો એ પોતે જ સાક્ષી હતો. એ વાણી તો એના મનમાં જ ઊગી ને મનમાં જ આથમી ગઈ. પાછો પોતે મહારાણી સાથે થઈ ગયો, અને દરબારમાં ગયો. પણ એના પગમાં જરા જેટલું પણ બળ ન હતું. તે આવીને ગુપચુપ બેસી ગયો. સૌ એની સામે જોઈ રહ્યા.

સાંતૂએ એને સ્મિત વડે સત્કાર્યો.

'કાલે મને ખબર મળી, મુંજાલ! બહુ સારું કર્યું તેં, તું મહારાણીબાને લઈને મળી આવ્યો તે. મહારાણીબાને પણ સારું લાગશે કે કુલવધૂ ધર્મમર્યાદામાં રહે તેવી છે!'

'અરે! પણ પ્રભુ! આંહીં તો આખું ફાટયું છે. છોકરાં તે છાશ પી શકે?' મુંજાલે એની પાસે જઇને કાનમાં વાત કરતાં કરતાં એકદમ લઘુતા પકડી લીધી.

'કેમ શું છે વળી?' સાંતૂના અવાજમાં રહેલી ઠંડી ઉપેક્ષા જોઈને મુંજાલ તો આખો સળગી ગયો. પણ તેણે અત્યંત સંયમ રાખ્યો. 'મહારાજ સંબંધ બાંધવાની જ ના પાડે છે, પ્રભુ! એમને આ સંબંધ જ જોઈતો નથી!' મુંજાલે બહુ જ ધીમેથી કહ્યું.

'હેં!.. હવે?..' સાંતૂના આશ્ચર્યનો જાણે પાર ન હતો. 'એવું તે કાંઈ થાય? અમારે પણ વિદેશી રાજ-નીતિ સંભાળવાની હોય છે..'

મુંજાલ મનમાં ને મનમાં બોલી રહ્યો: "જોયું? મારો બેટો! હવે પોતે મોટો બા થાશે ત્યારે એને ફાવશે. પણ ફિકર નહિ—એક દિવસ—" અને મોટેથી એણે કહ્યું: 'પ્રભુ! આપના વિના... આ વસ્તુ પાર નહિ પડે!'

એટલામાં તો મહારાણીબા પોતે ઉતાવળે ઉતાવળે સાંતૂ પાસે આવ્યાં. સાંતૂ ઊભો થઈ ગયો: 'બા! કેમ?'

'મહેતા!' રાણીએ અત્યંત ધીમેથી કહ્યું: 'કર્ણદેવ ઊંધો થયો છે!'

'એટલે?'

'ના પાડે છે, કહે છે મારે દક્ષિણની રાજકુમારી આંહીં

લાવવી જ નથી !'

'પણ રાજકુમારી પોતે આંહીં આવેલ છે, તેનું શું ?'

'હાં—હું એ જ કહું છું. તેનું શું ? તમે ચાલોને—!'

'ચંદ્રભૂષણજી!' સાંતૂએ કહ્યું: 'મહારાજ હમણાં આવે છે—હું જરા જઈ આવું. તું આવે છે ? મુંજાલ ! ચાલને ?'

મુંજાલે હાથ જોડ્યા: 'ના, પ્રભુ ! મારે તો આંહીં જરા ચંદ્રભૂષણજીની સાથે કામ છે !'

મુંજાલ પામી ગયો હતો કે પોતાની જરા જેટલી પણ મહત્તા વધે એ સહી લેવા મહાઅમાત્ય તૈયાર ન હતો. આને શી રીતે કાઢવો—પાટણમાંથી હાડોહાડ અપમાન કરાવીને શી રીતે કઢાવવો—અને પોતે જ એનું સ્થાન શી રીતે લેવું—એવા મહાકાંક્ષી વિચારોમાં એ લીન થઈને હતો ત્યાં જ બેઠો રહ્યો. મહારાણી ઉદયમતી ને મહાઅમાત્ય સાંતૂ અંદર મહારાજ પાસે ગયાં.

૨૯. ચિત્રકારને ઉપાલંભ

સાંતૂ ને મહારાણી ઉદયમતી કર્ણદેવની પાસે આવ્યાં. કર્ણદેવ પોતાના ખંડમાં એકલો બેઠો હતો. એનો ચહેરો ઉદાસ હતો. આંખમાં વ્યગ્રતા હતી. તેણે મહાઅમાત્યને આવતો દીઠો. એને એ રુચ્યું હોય તેમ લાગ્યું નહિ.

'કેમ, મહેતા ? રાજમાતાની વાતનો તો મેં જવાબ આપી દીધો છે. દક્ષિણના મહેમાનો ગયા ?'

'કર્ણદેવ ! મહેમાનો જવા માટે નથી આવ્યા ! હવે ક્યાંથી જાશે ?' ઉદયમતીએ કહ્યું.

'મહારાજ !' સાંતૂનો મહારાણીબાનો પ્રત્યુત્તર રાજાને વધુ હઠમાં ચડાવે તેવો લાગ્યો: 'મહેમાનોમાં કોણ છે ? ચંદ્રભૂષણજી છે. એમને પ્રત્યુત્તર આપીએ એટલે એ જાય !'

'પણ ત્યારે આપી દોને !'

'આવડા મહાન રાજને પ્રત્યુત્તર આપવો હોય, ત્યારે નવસારિકાના મહામંડલેશ્વર દુર્લભરાજ સોલંકી, લાટના દંડનાયક દેવપ્રસાદ, રુચ્ચિકજી સૌની સાથે પહેલી મંત્રણા કરવી જોઈએ. બધાને બોલાવીએ ત્યારે આને પ્રત્યુત્તર અપાય. એમને બોલાવું ?'

'તમારે જેમની સાથે મંત્રણા કરવી હોય, તેમની સાથે કરો. મારે તો આટલું જ કહેવાનું છેઃ હું દક્ષિણની રાજકુમારી જોડે સંબંધ બાંધવાના મતનો નથી !'

'એ સંબંધ બાંધવાનો કોઈનો મત પણ નથી—મહારાજ !'

'પણ ત્યારે એને આંહીં બોલાવી શું કરવા ?'

'આપણે ક્યાં બોલાવી છે ? પણ આવી રીતે નારીજન આવે—ત્યારે એને તિરસ્કારવાનો અધિકાર પણ કોઈનો નથી. એ વસ્તુ વિચારવાની છે. એટલા માટે પ્રત્યુત્તર શો આપવો છે, તે વિચારણા કરવા જેવો પ્રશ્ન છે !'

'પણ એ પેલો ચિત્રકાર—આપણે જેને સિદ્ધપુરમાં રોક્યો છે, એને મેં બોલાવ્યો છે. એ આવ્યો ?—'

'મહારાજ ! હું આવ્યો છું—આ રહ્યો—' બહારથી એક અવાજ આવ્યો. સાંતૂએ એક રૂપાળા તરુણ માણસને અંદર પ્રવેશ કરતો જોયો. તે નમન કરતો આવીને ત્યાં ઊભો રહ્યો. એની પાછળ જ મુંજાલ પણ આવી રહ્યો હતો. ચિત્રકારને મૂકવા માટે જ એ આવ્યો હતો. આવનારની આંખ જાણે ત્રિલોકની મોહિની જોવાને ટેવાયેલી હોય તેમ સ્થિર, શાંત ને અજબ ચેતનવંતી હતી. એની પાસે એની અનોખી છટા હતી. કલ્પનાઘેલી એની દૃષ્ટિ જગત આખાનું જાણે સૌન્દર્ય પી પીને અજબ સુંદરતા ધારણ કરી રહી હતી. જે વસ્તુ તરફ એ દૃષ્ટિ ફેરવતો, તે વસ્તુ જાણે પોતાનું અરૂપ સંતાડી, એની પાસે રૂપ પ્રગટ કરતી હોય તેમ લાગતું. એની પાસે રૂપ મેળવવાની અજબ જેવી વિદ્યા હતી. ચિત્રપટનું એક નાનું ગૂંચળું એના હાથમાં હતું. કલ્પનારંગી ધ્વજ જેવું એનું સુંદર

ઉપવસ્ત્ર પાછળ લટકતું હતું. પગમાં સ્તંભતીર્થના જોડા હતા. હાથે બે સુવર્ણનાં કડાં હતાં. ડોકમાં મૌક્તિકમાળા હતી. એના લાલ હોઠમાં શુદ્ધ રસિકતા ભરી હતી. કેસરચંદનની કપાળમાં કરેલી આડ, એની આંગળીમાં બેસી ગયેલ શુદ્ધ સર્જનની રેખા દર્શાવતી હતી. તે આવીને ત્યાં ઊભો રહ્યો—અને તરત લાગ્યું કે કોઈ અનોખી સૃષ્ટિનો આદમી આવ્યો છે!

'મહારાજ! મને યાદ કર્યો ને હું આવ્યો છું. કેમ મને યાદ કર્યો?' તેણે પ્રણામ કર્યા.

'શ્રીકંઠજી! તમે જે ચિત્રપટ આંહીં બતાવેલ—કર્ણાટકની રાજકુમારીનું—તે, આ રાજકુમારી જે આંહીં આવેલ છે, તેનું ચિત્ર હતું?'

'હા, મહારાજ! રાજકુમારી મીનલદેવીનું! કેમ?'

'ખરેખર?'

'હા, પ્રભુ!'

'ત્યારે તમે ચિત્રકાર નહિ, પણ ચર છો,' કર્ણદેવનો અવાજ એકદમ કડક હતો. 'ઠીક. યુદ્ધ તો રાજાઓ કરતા આવે છે, એનું કાંઈ નહિ, પણ આવા નજીવા કારણ માટે યુદ્ધ કરવું પડશે એનું અમને લાગી આવે છે. કર્ણાટકમાં આવાં ખોટાં ચિત્રો થાય છે, એમ? તમે જે ચિત્ર બતાવ્યું તે રાજકુમારી ક્યાં અને આ રાજકુમારી ક્યાં? તમે કોઈ જુદી જ કુમારીનું આલેખન કર્યું લાગે છે.'

'મહારાજ! મેં જે ચિત્ર બતાવ્યું હતું, તે ચિત્ર આ રાજકુમારી મીનલદેવીનું જ છે,' ચિત્રકારે અડગતાથી કહ્યું: 'ને એ જ સાચું ચિત્ર છે. જે ચિત્ર મને મળ્યું—તે તમને ન મળે, તો એ દોષ મારો, એમ? જે સંધ્યા, વૈદિક ઋષિમુનિઓને

મળી—તે તમને આજે નથી મળતી, તો એમાં વૈદિક ઋષિમુનિનો દોષ, એમ? જે સોમનાથ ભગવાન ભક્તજને જોયા તે તમે ન દેખો, તો એમાં ભક્તજનનો દોષ, એમ? મહારાજ! જે દૃષ્ટિ મારી પાસે છે, તે તમારી પાસે નથી. હું ચિત્રકાર છું. તમે કોણ? તમારી પાસે એવી દૃષ્ટિ પણ કઈ? દૃષ્ટિ વિના સૃષ્ટિમાં છે પણ શું? ચિત્રને ખોટું શી રીતે કહી શકાય?'

'તમે કરેલી પ્રતિકૃતિ તદ્દન ખોટી છે!'

'ખોટી? શી રીતે?'

'એ તમારી કલ્પનામાંથી જન્મી છે એ રીતે!'

'કલ્પનામાંથી? ના, ના, ના. કલ્પનામાંથી કાંઈ જ જન્મતું નથી. હા, જે બુદ્ધિથી અગોચર છે, કલ્પનાથી પર છે, જેનું દર્શન કોઈ વિરલ પળે મળે છે, જે સનાતન છે, એ વસ્તુ જ હું આપું છું. એ વસ્તુ જ વ્યક્તિ છે. એ મારી કલ્પના નથી. વસ્તુનું સ્થાયી સ્વરૂપ મેં આપ્યું છે!'

'એટલે જ એક ખોટી વસ્તુ તમે આપી છે!'

'ખોટી? કોણ કહે છે કે એ ખોટી છે? તમારો તો એ વિષય નથી, મહારાજ!' ચિત્રકાર શ્રીકંઠનો ચહેરો તેજપૂર્ણ બની ગયો. તેનો ઘેરો, ધીરો ને શાંત અવાજ ગંભીર થઈ ગયો: 'તમારી પાસે બે નેત્ર છે, મહારાજ! મારી પાસે ત્રણ છે. એક ભગવાન શંકર ત્રિનેત્ર છે. બીજો કવિજન, શિલ્પી, કલાકાર ત્રિનેત્ર છે. મેં જે રૂપ જોયું છે, એ ત્રીજા નેત્રથી જોયું છે. તમને તો, મહારાજ! જન્મજન્માંતરે પણ એ રૂપ જોવા ન મળે!'

'કાં તમારી પ્રતિકૃતિ ખોટી છે. કાં આ રાજકુમારી બીજી છે! તમે જે રૂપ આપ્યું છે, તે રૂપ આ રાજકુમારીમાં

ક્યાં છે?'

'રૂપ? કોણે કહ્યું, રાજકુમારીમાં મેં આપેલું રૂપ નથી? સેંકડો જોજનથી, કેવળ એક અજ્ઞેય શ્રદ્ધાના તંતુ ઉપર જેણે આ પ્રવાસ ખેડયો છે, એનામાં મેં જે રૂપ આપ્યું તે રૂપ નથી, એમ કોણ કહી શકે તેમ છે? જે રૂપ એનું ક્ષણિક છે, અસ્થાયી છે, આવતી કાલે અસ્ત થવાનું છે, એ રૂપ જોવાનો મને ચિત્રકારને કાંઈ જ અધિકાર નથી. એ મારો ધર્મ પણ નથી. હું તો એનું જે રૂપ સ્થાયી છે, તે આપી શકું. એ જ રૂપ રૂપ છે. એ રૂપનો પ્રશાંત, સનાતન, સભર ભર્યોભર્યો સાગર છે. મેં આનું રૂપ એમાંથી લીધું છે. જેટલું એનું હતું એટલું જ. રૂપના ચલિત રંગો—મારો ચિત્રકારનો એ આપવાનો ધર્મ નથી! હું ચિત્રકાર છું, રંગારો નથી!'

'શ્રીકંઠજી! તમે ભૂલ તો કરી, હવે એનો પાછો બચાવ કરો છો? તમારા ચિત્રને આ રાજકુમારી સાથે લેશ પણ સંબંધ નથી! બીજા ગમે તેની સાથે ભલે તે હોય!'

'ત્યારે કોની સાથે સંબંધ છે? મેં તો, મહારાજ! જે, રાજકુમારી છે એ જ રાજકુમારી ત્યાં ચિત્રમાં મૂકેલી છે. જે રાજકુમારી દેખાય છે, એ તો તમે પણ જોઈ શકો છોઃ એમાં મારે શું આપવાનું હતું? એવું આપીને હું કરું પણ શું?'

'એટલે તમે તમારી કલ્પના આપી છે, એમ સમજવું નાં? તે ભલે.'

'મારી કલ્પના? મારી કલ્પના હું તમને શું કરવા આપું? મારી કલ્પના વડે તમે શું જોઈ શકવાના હતા? ચિત્રકાર માનવનો દિવ્ય અંશ જુએ છે, અને એ દિવ્ય અંશ તમને આપે છે. રાજકુમારીનો જે દિવ્ય અંશ--તમારે નીર-

ખવા જેવો છે એ જ મેં આપ્યો છે. હરેક માનવમાં ચિત્ર છે. રૂપ એમાં છે—એ દિવ્ય અંશમાં! તમે અશક્ત છો. તમારું કામ નથી એ જોવાનું!'

સાંતૂને શ્રીકંઠની વાણી આકર્ષી રહી. મહારાજ કર્ણદેવે ધીમેથી કહ્યું: 'એ ગમે તેમ હો, પણ તમે ખોટું જ ચિત્ર રજૂ કર્યું છે. રાજકુમારી—જે તમે ચિત્રમાં દર્શાવી છે તે આ નથી! એથી વિશેષ મારે કાંઈ કહેવું નથી.'

'હું ત્યારે તમને આહ્‌વાન આપું છું. ભારતભરના ચિત્રકારો આ ચિત્ર જુએ, દેવીને પણ જુએ, અને આ ચિત્ર એનું જ છે એ માન્ય રાખે તો?'

'એમાં ને આમાં ફેર છે. તમારા ચિત્રમાં તમે લાવણ્યનો સમુદ્ર આપ્યો છે!'

'અને આ રાજકુમારી શું રૂપનો મહાસાગર નથી?'

'ના.'

'ત્યારે મહારાજ! તમે માત્ર અશક્ત નથી, ચક્ષુહીન પણ છો. તમારે બે નેત્ર પણ નથી—એક જ નેત્ર છે!'

'શ્રીકંઠજી!' સાંતૂનો કડક અવાજ આવ્યો: 'તમે ભૂલી જાઓ છો—તમે પાટણપતિ પાસે ઊભા છો!'

'તમને ત્યારે, મહાઅમાત્યજી! બોલતાં આવડયું નથી. પાટણપતિ—વિદ્યાપતિ પાસે બેઠા છે. મા-સરસ્વતીના કર્ણામૃતનું મધુબિન્દુ મેં પણ ચાખ્યું છે. મા-સરસ્વતી હજી તો કલાકારોને પોતાના અમર સ્રોતમાંથી પાન કરાવે છે. તમારી પાસે તો સમૃદ્ધિ છે: મારી પાસે સંસ્કાર છે. જે વસ્તુ છે, તે વસ્તુ નથી—એમ કોઈ પણ વિદ્યાપતિ નહિ બોલે!'

'હવે એમ સમજોને કે એ એક દૃષ્ટિભેદનો વિષય

છે. તમે જે પ્રતિકૃતિ મહારાજને બતાવી, તે આ રાજકુમારી મીનલદેવીની જ છે નાં? તમે પોતે જ કરી હતી નાં?'

'હા.'

'થયું ત્યારે—

મહારાજ! ત્યારે ચિત્રકારને જવા દો. નિર્ણય આપણે જ કરવાનો છે! એમાં એમનું કામ નથી.'

ચિત્રકાર નમી રહ્યો: 'તમને કોઈને રૂપ જોતાં ન આવડે તો કાંઈ નહિ—પણ જે રૂપ બીજાએ જોયું છે, એનો સ્વીકાર કરતાં આવડે તોપણ ઘણું છે! મારું આહ્વાન હજી ઊભું છે, મહારાજ! આ દેવી મીનલ—જેની પ્રતિકૃતિ મેં તમને આલેખી આપી છે, એનામાં રૂપ હોત તો તો તમે જોઈ શકત; પણ એનું રૂપ અ-રૂપ છે; જે કોઈ દી નાશ ન પામે: જે કોઈ દી ક્ષીણ ન થાય: કોઈ દી રૂપાંતર ન પામે: કે કોઈ દી અસ્ત ન થાય. તમે જે જોવાને માટે ટેવાયેલા નથી, એ ત્યાં છે. રૂપનો અમર સ્રોત એનામાં છે. એમાં તમે ક્ષણિક રૂપ શોધો છો—એ રૂપ તમને ક્યાંથી મળે? હું જાઉં છું!'

ચિત્રકાર અજબ જેવી દૃઢતાથી ચાલ્યો ગયો. ઉદયમતી એના શબ્દેશબ્દ વીણી રહી હતી.

'કર્ણદેવ! આ રાજકુમારીમાં ભલે રૂપ તને ન દેખાતું હોય, પણ એનામાં જે છે, એ મેં હજી સુધી તો કોઈ નારીમાં જોયું નથી!'

'મા! તમારે મને પરણાવવો છે. તમને એ ચટપટી લાગી છે નાં? સાંતૂ મને પરણાવવા માગે છે. મુંજાલ મને પરણાવવા ઇચ્છે છે. તમારે પરણાવવો છે—એકદમ રાજવારસ લેવા. સાંતૂ પરણાવે છે—રાજનીતિને સાધવા.

મુંજાલ પરણાવે છે—આ કાર્યનો સફળ અંત લાવવા. મારે તે તમારા સૌ માટે થઈને પરણ્યા જ કરવું એમ? મારે હવે પરણવું જ નથી. રાજકુમારીને પાછી મોકલી દો. એ રૂપાળી છે, નમણી છે, બધું છે. પણ મારે પરણવું જ નથી, એનું શું ?'

'પરણવું તો પડશે જ, દીકરા !'

'શા માટે ?'

'સેંકડો જોજનથી એક નારી આંહી સામે પગલે ચાલીને આવી છે માટે. એ શ્રદ્ધા કાંઈ જેવીતેવી હશે કે જેણે અદૃશ્ય ભાવિને માર્ગે પોતાનું જીવન આમ હોડમાં મૂક્યું હશે? આટલી અચલ શ્રદ્ધા એ શું રૂપ નથી, કે તું રૂપ શોધે છે? રૂપ શું છે? રૂપ શ્રદ્ધા છે!'

'મહારાજ! એમ કરીએ તો?' સાંતૂએ આવી વાતોને ઠંડી પાડવામાં સાર જોયો હતો. 'અત્યારે તો ચંદ્રભૂષણ ને સૌ રાજદરબારમાં છે. વધારેપડતો ઊહાપોહ કર્યા વિના રત્નભેટાદિનો અત્યારે સ્વીકાર કરી લેવો, કાલે નિશ્ચયાત્મક જવાબ વાળવો. એમને આપણી આ વાતની ખબર પડવા દેવી એ ઠીક નથી. જે જવાબ હશે—તે હવે કાલે સવારે. મહારાણીબા! એમ જ કરીએ, મહારાજને વિચારનો સમય પણ મળે!'

'હા, તોય ભલે! કર્ણદેવ એમ જ કર—કાલની વાત કાલ!'

'તમને વાત ઠેલ્યાનો સંતોષ થતો હોય તો ભલે. પણ મારો નિર્ણય અડગ છે. દક્ષિણના ભીનાવાન ઉપર તમને મોહ હોય, મા! તો એકાદ યવની ત્યાંની બોલાવી લઈએ!'

જ્યારે સૌ ત્યાંથી દરબારમાં આવવા નીકળ્યા, ત્યારે મુંજાલે મહારાણીબાને ધીમેથી કહ્યું: 'મહારાણીબા! છેક

છેલ્લે પાટલે બેઠા વિના મહારાજ માને તેમ નથી હો—જો કાલનો દિવસ આખો મળી જશે—તો એ ગમે ત્યાં છટકી જશે. ને રાજકુમારીને પણ આ ચડભડતી વાત મળી જાશે, તો એનું મન દુઃખ પામશે. તો એ પછી આંહીં નહિ રહે. સવારમાં જ મહારાજને જાણ થઈ જાય એવો આકરો રાહ લીધા વિના વાત પૂરીપાધરી પાર નહિ ઊતરે!'

ચંદ્રભૂષણે રત્ન તો મહાઅમાત્ય સાંતૂને આપ્યું, પણ તેનું મન કાંઈક ખાટું થઈ ગયુંઃ ' આવી વાતનો નિશ્ચયાત્મક જવાબ કાલે આપવો, મહાઅમાત્યજી? આ તમારી રાજરીત છે? કુમારીબા, કાલ સુધી રાહ જોયા કરે, એમ? ને કાલે તમારો જવાબ નકારમાં હોય તો?'

'તો તમારા હસ્તીઓ પાછા આપીશું. ને અપમાન ન લાગે માટે આંહીંથી એમાં ઉમેરીશું!'

'આંહી તમારે જેમ ગાયનાં ટોળાં રખડે છે નાં, મહાઅમાત્યજી! એમ મલયાચલમાં હાથીઓ રખડે છે. મલયાચલ અમારે ત્યાં છે!'

'મહારાજ જયકેશીએ એમની પુત્રી આંહીં મોકલી છે—'

'પણ તે અપમાન સહેવા નહિ!'

'જુઓ, ચંદ્રભૂષણજી! તમે કુંતલેશ્વરના મહામંડલેશ્વર છો. આંહીં ગુર્જરેશ્વરનું મહારાજ્ય છે. મહારાણીબા સાથે બેઘડી નિરાંતે બેસે એટલો પણ સમય આજે મહારાજને નથી. કાલે એમણે વિચારવાનું વચન આપ્યું, એ જ તમારું અહોભાગ્ય!'

ચંદ્રભૂષણ કાંઈ બોલ્યો નહિ. પણ તે જરાક લેવાઈ

ગયો. એ પણ લડવૈયો હતો. તેણે ઘા માર્યો: ‘ મહાઅમાત્ય ! અમે થોડા છીએ, આટલે દૂર આવ્યા છીએ, એટલે આ અપમાન કરો છો, એમ ? ’

‘ અતિથિને અપમાનવાની અનાર્ય પ્રથા અમારે ત્યાં નથી. મહારાજે પોતે જ કાલે નિર્ણય આપવા કહ્યું. હું બીજું શું કરું, કહો ? પૂછો આ મુંજાલને ! ’

મુંજાલ ચંદ્રભૂષણને સમજાવવા પાસે ગયો. થોડી વાર પછી ચંદ્રભૂષણ દરબાર છોડીને ચાલ્યો. મદનપાલ એને મૂકવા માટે સાથે ચાલ્યો.

‘ ચંદ્રભૂષણજી ! સિધાવો ત્યારે. મારું માનો તો કાલે સવાર પહેલાં જવા માટે તૈયાર થઈ રહેજો ! ’

‘ કેમ એમ બોલ્યા, મદનપાલજી ? આંહીં આ વાત કોઈને નથી ગમતી કે શું ? કાંઈક એવું લાગે છે ! ’

‘ અમને તો બહુ ગમે. શું કરવા ન ગમે ? પણ મહા-રાજે પોતે ના પાડી છે—આ તો તમને કહું છું—ચાલો—’ મદનપાલને ચંદ્રભૂષણ સાથે જતો મુંજાલ જોઈ રહ્યો હતો. તેને શંકા તો પડી હતી. એટલે તે પાછળ જ આવ્યો હતો. મદનપાલના શબ્દે એ ઘા ખાઈ ગયો: ‘ મારો બેટો ! આ પણ મીનલદેવી આંહીં ન આવે એની તજવીજમાં છે. ’

મદનપાલ ગયો કે તરત તે ઉદ્યાન તરફ ઊપડ્યો.

૩૦. મહારાણી ઉદયમતીની કુલવધૂ

મદનપાલે ચંદ્રભૂષણને જે કહ્યું તેની શી અસર થશે એ મુંજાલના ધ્યાનમાં હતું. એટલે એ ઉદ્યાનમાં જવા નીકળ્યો હતો. એણે મહારાણીબાને પણ ત્યાં આવી જવા માટે સંદેશો મોકલ્યો હતો. સાંતૂએ ચંદ્રભૂષણને રાજદરબારમાં જે જવાબ આપ્યો, એમાં કોઈ પરાજિત રાજાની પુત્રીના સ્વીકારનો ગર્વ હતો. જયકેશી ધારે તોપણ આ બાજુ હવે આગળ વધી શકે તેમ જ નથી. કારણ કે દક્ષિણનો મામલો ઘણો ગૂંચવાયેલો પડ્યો છે. સાંતૂને પોતાના ગુપ્તચર મારફત મળેલા એ સમાચારે એનો અવાજ ફેરવ્યો હતો. કુલગૌરવ, રાજગૌરવ, સંસ્કાર-ગૌરવ એ વડે ગૌરવાન્વિત એક રાજકન્યા આવી રહી હતી—મહાઅમાત્ય સાંતૂને એ રુચતું હતું. પણ જે કોઈ આવે તે પાટણના રાજચક્રમાં પોતાનું વિશિષ્ટ સ્થાન સ્થાપવાનો પ્રયત્ન કરવાની હિમ્મત જ ન કરે, એ દૃષ્ટિબિંદુથી પ્રેરિત એનો જવાબ હતો. આ બાબત સામાન્ય હોય એમ એણે જવાબ વાળ્યો હતો: 'કાલે મહારાજ નિર્ણય આપશે!'

ચંદ્રભૂષણને માનહાનિ તો લાગી હતી. એટલામાં મદનપાલે એને સાચી વાત કહી દીધી. મુંજાલને મીનલના ગૌરવાન્વિત

૧૯

સ્વભાવનો પરિચય હતો. રાજનીતિના દષ્ટિબિંદુથી સાંતૂએ તો મહામંડલેશ્વરની કોઈ પુત્રી આવતી હોય—એમ વાત કરી હતી, પણ મીનલદેવી પાસે આ વાત રજૂ થાય તો એ આ વાતને શી રીતે જોશે એ મુંજાલના ખ્યાલમાં આવી ગયું હતું. મીનલદેવી આંહીં આવે એમાં પોતાનો ઉદય હતો. એમાં જ પોતાની સિદ્ધિ હતી. એટલે મુંજાલે અત્યારે જ મીનલદેવીને મળી લેવાનો નિર્ણય કર્યો. ચંદ્રભૂષણ રાજદરબારમાંથી ઉદ્યાનમાં આવ્યો ત્યારે એનો કાંઈક પડી ગયેલો ચહેરો રાજકુમારીની દષ્ટિએ પડ્યો. એને એક દાસીએ કાંઈક ગામ-ગપાટા પણ આપ્યા તો હતા—એટલે એ તરત કળી ગઈ કે દાળમાં કાંઈક કાળું છે.

'હસ્તીઓ તો અદ્દોષ લાગ્યા, ચંદ્રભૂષણ! પણ રત્ન સૌને ગમ્યું? મહારાજને તેં જોયા? કેવાક લાગ્યા?'

'રત્ન નાં?—હા, રત્ન પણ ઠીક ગમ્યું!'

'કેમ ઠીક કહે છે? કાંઈ થયું છે દરબારમાં? મહા-અમાત્ય કેવાક લાગ્યા? રાજમાતા તો અતિ સ્નેહી છે! મહારાજ ગૂર્જરેશ્વર પોતે આવ્યા હતા?'

'ના, ના, મહારાજને તો આજે ઘણું કામ હતું!'

'એટલે? પોતે આવ્યા પણ નહિ? ત્યારે રત્નસ્વીકાર કોણે રાજમાતાએ કર્યો?'

'મહાઅમાત્ય હતા. બીજા મંત્રીઓ હતા. રાજમાતા પણ હતાં. મુંજાલજી હતા.'

'કાંઈ ત્યાં થયું છે? કેમ તારો અવાજ કંપે છે?'

'ના, ના. કાંઈ થયું નથી. થાય શું?'

'ત્યારે?'

'રાજકુમારીબા ! આ તો બહુ વિચિત્ર દેશ લાગે છે. ચંદ્રભૂષણજીને કેટલીક વાર તો બેસારી રાખ્યા. બે ઘટિકા તો મહારાજનો પ્રત્યુત્તર આવતાં ચાલી ગઈ!' છઢમ ત્યાં આવીને બેઠો હતો તેણે કહ્યું.

'છઢમ! હવે જવા દે ને. કાલે સવાર સુધીની જ વાત છે નાં ?'

'પણ જે વાત થઈ છે તે તો રાજકુમારીબાને કહો !'

'શું થયું છે, ચંદ્રભૂષણ ? કાંઈ અપમાન થયું છે ?'

'એ તો બા! બહેન! કાંઈ નથી. દુનિયા આખીમાં એક રિવાજ, કે હીરો આપવા જાઓ એટલે કાચ લાગે!'

'રત્નને કોઈએ અશુભ માન્યું ?'

'ના, ના, એવું કાંઈ નથી. એ તો મહારાજ પોતે ન આવ્યા એટલે શંકા થઈ!'

'પણ મહારાજ કેમ ન આવ્યા ?'

'મહાઅમાત્યજી કહે—ઘણું કામ હતું. રાજમાતાના ભાઈ કહે—મહારાજનું મન નથી. હવે કાલે સવારે ખબર—આપણે રાહ જુઓ. બીજું શું થાય ?'

મીનલદેવી ચંદ્રભૂષણના શબ્દે ઊંડા વિચારમાં પડી ગઈ. કોઈ અપૂર્વ શ્રદ્ધાથી પ્રેરિત તે આંહી સુધી આવી હતી. જેવું સોમનાથનું તેવું પાટણનું એને મન ગૌરવ હતું. એના અંતઃકરણમાં એ વિષે એક પ્રકારની જુદી જ છબી હતી. આંહીં અપમાન થશે એની તો એને લવલેશ પણ ભીતિ ન હતી. હજી વાતનું સ્વરૂપ બરાબર નજરે પડ્યું ન હતું—પણ મહારાજ રાજદરબારમાં ન આવ્યા એટલી વસ્તુ બસ હતી. એમાં પોતાનું નહિ—આખી નારીજાતનું—તેને અપમાન

લાગ્યું. આવો વિરલ પ્રસંગ આવે—સેંકડો જોજનથી એક નારી ચાલી આવે—અને એના સત્કાર વિષે આટલો જ ઉત્સાહ હોય—એ એક ઘડીભર તો અવાક જેવી થઈ ગઈ. ધીમે પણ અત્યંત શાંત અને દઢ અવાજે એ બોલી:

'બીજું શું થાય? ચંદ્રભૂષણજી! હું પણ સહ્યાદ્રિની પુત્રી છું. મહારાજ રાજદરબારમાં ન આવ્યા—એનો અર્થ સ્પષ્ટ જ છે. એમાં રાજમાતાના ભાઈ શું કહેવાના હતા? એમાં બીજા કોઈને પૂછવાનું શું હતું? છદ્મ! રત્નદીપને—ગજરાજને તૈયાર કરો! આપણું નહિ—નારીજાતનું આંહીં અપમાન થયું છે. ચંદ્રભૂષણજી! નગારે ડંકો પાડી સૌને ખબર કરો! આપણે આંહીં હવે એક ક્ષણ પણ થોભવું નથી!'

'અરે! રાજકુમારીબા! તમે આ શું બોલો છો? આપણે કેટલે દૂર આવ્યાં છીએ, એ ખબર છે? કાલે મહારાજનો નિર્ણય પણ આવી જશે. એમને હસ્તીઓ અદોષ લાગ્યા છે, રત્ન પણ શુભ લાગ્યું છે, કાલે મહારાજનો નિર્ણય પણ એને અનુરૂપ જ આવવાનો. એક દિવસમાં શું ખાટુંમોળું થઈ જવાનું હતું? રાજમાતાના ભાઈના શબ્દ ઉપર શો આધાર? એમાં તો રાજખટપટ પણ હોય! આપણા હસ્તીઓ હજી આંહીં છે!'

'હસ્તીઓ તો મલયાચલની પેદાશ છે! થોડાક ભલે આંહીં રહ્યા! રાજખટપટ હોય—કે ન હોય—પણ મહારાજ દરબારમાં જ આવ્યા નથી, એ વસ્તુ શું થોડી અપમાનજનક છે તે બીજી વસ્તુની તમે અપેક્ષા રાખો છો?'

'કુમારીબા! કાલે સવારે જ નિર્ણય છે!'

'પણ શાનો નિર્ણય? ભગવાન સોમનાથના નામસ્મરણે ગૂર્જરેશ્વરને આપણે મળ્યા—હવે સોમનાથ ચાલો! મારે એક

ક્ષણ પણ હવે આંહીં રહેવું નથી. છઢમ! રત્નદીપને તૈયાર કરો!' મીનલદેવીએ કાંઈક ઉતાવળે અવાજે મહાવતને કહ્યું.

'રાજકુમારીબા!' છઢમ બહાર નીકળે તે પહેલાં મુંજાલ હાથ જોડીને સામે ઊભો હતો. 'શ્રેષ્ઠીજી—અરે—મુંજાલજી—અરે! મંત્રીશ્વર!' મીનલદેવી ઉતાવળે બોલી: 'અમારે અત્યારે જ જવાનું છે. અમને હવે આ ભૂમિનો મોહ રહ્યો નથી. આંહીં નારીજનનું અપમાન સહજ લાગે છે!'

'રાજકુમારીબા! રાજમાતા આવી રહ્યાં છે! એમને કાંઈક કહેવાનું છે!'

થોડી વારમાં જ એક સોનેરી પાલખી દેખાઈ. મહારાણી ઉદયમતી આવતાં દેખાયાં. મીનલદેવીએ સ્વસ્થ શાંત થવા પ્રયત્ન કર્યો. પણ હજી એના મોં ઉપર રમી રહેલી તેજસ્વિતા પ્રકાશી રહી હતી.

મીનલે આસન ઉપરથી બેઠા થઈને બે હાથ જોડયા: 'ઠીક સમયસર આવી પહોંચ્યાં, માજી! અમારે સોમનાથ જવું છે. એ રસ્તો હવે તો નિર્વિઘ્ન હશે નાં?'

'રાજકુમારીજી!' મુંજાલે કહ્યું: 'મહારાજને એક સંદેશો આજે મળ્યો છે. ને મહારાજ અધીર થઈ ગયા છે. આશા ભીલે એક વહાણ લૂટયું છે. એમાં સેંકડો જાત્રાળુઓ હતાં. તમે આવ્યાં છો એ ખબર ન હોત, તો મહારાજ અત્યારે આશાના જંગલમાં હોત! સમાચાર જાણ્યા પછી એક પળ ગુમાવવી એમાં રાજધર્મનો લોપ છે. એક ક્ષણ પણ બીજા કામમાં ચિત્ત પરોવવું એ આપઘાત છે!'

'મુંજાલજી! તમારી ભાષાનો વૈભવ તો અદ્ભુત છે!' મુંજાલ લેવાઈ ગયો. એને મીનલનો પરિચય હતો. એને કવિ

લક્ષ્મણના શબ્દો સાચા લાગ્યા. આની પાસે એની પોતાની અત્યંત વિરલ તેજસ્વી બુદ્ધિમત્તા પણ હતી. આની સાથે હરકોઈ પ્રકારનો સામાન્ય વ્યવહાર શક્ય ન હતો.

'કેમ એમ બોલ્યાં, રાજકુમારીબા ?'

'હું એક નારી છું. સેંકડો જોજનથી ચાલતી આંહીં આવી છું. મારી પાસે એક ભવ્ય સ્વપ્ન છે. એ સ્વપ્નનો વિસ્તાર મને આંહીં શક્ય લાગ્યો. એટલે હું આંહીં આવી. તમારે ત્યાં પણ આવી લઘુતા છે એ મને ખબર નહિ !'

મહારાણી ઉદયમતી મીનલદેવીના શબ્દો સાંભળી રહીઃ મીનલનો ચહેરો જોઈ રહી. એમાંથી જાણે હમણાં પાવક પ્રગટી ઊઠશે એટલી તેજસ્વિતા એમાં આવી ગઈ હતી. વળી કોઈ નવો સંવાદ જન્મે એવો એને ભય લાગ્યો.

'મુંજાલ ! હવે મને કહેવા દે. ગમે તેમ પણ એ મા–વિહોણી મા ખોળવા આવી છે. હું એને સમજી શકું છું. દીકરી ! તું મને ઓળખે છે ? દીકરી ! હું રા'ની છું હો. રા'—જૂનોગઢના, જેમણે સોમનાથને રખોપે માથાં વહાલાં કર્યાં નથી, એની હું દીકરી છું. મારા ઉપર તો તને વિશ્વાસ છે નાં ?'

'વિશ્વાસ ? હું તો શ્રદ્ધાના તંતુએ સેંકડો જોજન લટકતી આવી છુંઃ પણ મેં સાંભળ્યું છે—મહારાજને આ વાતમાં રસ નથી—!'

'કોણે કહ્યું ?' મુંજાલે પ્રશ્ન કર્યો.

'કહેશે કોણ ? વાતાવરણ બોલે છે !'

'દીકરી ! તું સ્ત્રી છે. હું પણ સ્ત્રી છું. મહા-અમાત્યજી—કે મુંજાલ—ને ચંદ્રભૂષણજી બધા જ પુરુષો છે. એ કોઈ તને નહિ સમજે. હવે આટલા પ્રશ્ન પૂરતી અમને

આ વાત સમજવા દો—મુંજાલ !'

મુંજાલ ને ચંદ્રભૂષણ ને છઢમ સૌ એકદમ બહાર જવા માટે ઊઠ્યા. મુંજાલ હરપળે આ સંબંધમાં પોતાનો ઉદય જોઈ રહ્યો હતો, ને હરપળે કોઈ ને કોઈ વિઘ્ન આવવાનો ભય પણ સેવી રહ્યો હતો. રાણી ને મીનલદેવી બે જ રહ્યાં.

'દીકરી !' ઉદયમતીનો અવાજ ભાવભીનો આર્દ્ર હતો. 'હું પણ મા છું, અને મારે પણ દીકરી હતી. તારું આંહીં અપમાન થયું છે, એ તને લાગી આવ્યું છે. પણ હજી હું બેઠી છું ! તને આંહીં આટલે દૂર એકલી મૂકું, તો તો રા'નું લોહી લાજે. મહારાજ ભલે પાટણપતિ રહ્યા—પણ મારો તો એ દીકરો છે ના ? તું મારા ઉપર વિશ્વાસ રાખ !'

'મને સમાચાર મળી ગયા છે, મા ! મહારાજને દક્ષિણની કોઈ કુમારિકા જોઈતી નથી. તો એ મારા બાપુએ મને પહેલેથી જ કહ્યું હતું . . . પણ . . . પણ . . ' મીનલદેવીનો અવાજ ધ્રૂજતો હતો : 'પણ . . કાંઈ નહિ. હું પણ સિંહની પુત્રી છું. હું તો સોમનાથની જાત્રાએ જાઉં છું. છઢમ . . !'

'તું જો તો ખરી. તું સોમનાથની જાત્રાએ જશે તો પછી કોઈ દિવસ કોઈ નારી કોઈ પુરુષ ઉપર વિશ્વાસ નહિ મૂકે ! તું મારા ઉપર એક ઘડી તો વિશ્વાસ મૂકી જો !'

'પણ તમે મા ! આમાં શું કરવાનાં હતાં ?'

'તું જો તો ખરી ! હું તારી વેદના અનુભવી શકું છું. બીજા તો એ જોઈ શકતા પણ નથી. તું મારી કુલવધૂ છે—મેં તને અંતરથી સ્વીકારી છે—હવે ત્રિભુવનમાં પણ હું કોઈ એવો દેખતી નથી કે જે એ પદથી તને ખસેડી શકે. તને અન્યાય થાશે, તો તારી સાથે હું પણ સોમનાથ આવીશ.

બસ? તું એક રાત તો શાંતિ રાખી જો—' રાણી ઉદયમતી થોડી વાર પછી જ્યારે બહાર આવી, ત્યારે એના ચહેરા ઉપર પોતાના વિજયનો આનંદ હતો. એણે મુંજાલને કહ્યું : ' મહેતા! એને સમજાવવું બહુ મુશ્કેલ છે—'

' મહારાણીબા! એ તો મને પણ લાગ્યું હતું . . પણ આપણે એને અપમાનીએ તો ભારતભરમાં આપણી અપકીર્તિ થાય! ચંદ્રભૂષણજી! તમે પણ હવે કુમારીબાને કહેજો. પ્રભાતમાં મહારાજનો નિર્ણય આવી જશે—'

ચંદ્રભૂષણ નમ્યો. પણ એનું નમન ઉપરછલ્લું હતું.

૩૧. રાજમાતા

પ્રભાત થયું. ચંદ્રભૂષણ રાજદરબારમાં આવવા નીકળ્યો. રસ્તે ક્યારની માનવમેદની જામી હતી. કર્ણાટકની રાજકુમારી આજે નગરપ્રવેશ કરવાની છે એ ઊડતી વાતે કેટલાય નાગરિકોને આ બાજુ આણ્યા હતા. હાથી, ઘોડા, પદાતિઓ જતાઆવતા હતા. સૈનિકો ધનુષનો અભ્યાસ કરવા મેદાનમાં આવ્યા હતા. ત્યારે નગરમાં તો મહોત્સવની તૈયારીઓ ચાલી રહી હતી. ઘેરઘેર સાથિયા પુરાતા હતા. ગીતોના ધ્વનિથી આકાશ ગાજવા માંડ્યું હતું. ચંદ્રભૂષણ એ સઘળું જોતો એકલો રાજદરબાર તરફ ચાલ્યો.

રાજમહાલયમાં તેનો સત્કાર કરવા મદનપાલ ઊભો હતો. રાજમહાલયની વ્યવસ્થા એની પાસે હતી. મુંજાલ દૂર ઊભો ઊભો સઘળો તાલ જોઈ રહ્યો હતો. એક તરફ ઉતાવળે રાજમહાલયમાં પ્રવેશ કરવા માટે અર્જુનભટ્ટ પણ ક્યારનો આવીને ઊભો રહી ગયો હતો. મદનપાલે એને રોક્યો હતો. એનું કામ અગત્યનું હતું. એટલે એ અધીરો થયો હતો. તે મદનપાલને ઊંચકીને ફેંકી દેવાની તૈયારીમાં હતો. એટલામાં ત્યાં મુંજાલ ત્યાં આવ્યો.

'કેમ ભટ્ટરાજ! શું છે? એવા શા સમાચાર છે કે તમારે અત્યારે ને અત્યારે કહેવા પડે તેમ છે? મહારાજને જે નિર્ણય આજે આપવાનો છે, એમાં મંત્રણાની જરૂર છે. હમણાં તમને મહારાજ પાસે પ્રવેશ નહિ મળે!'

'તો હું તમને કહી દઉં લ્યો—પણ સમાચાર મહારાજને તરત મળવા જોઈએ. સેનાધ્યક્ષ રુચ્ચિકનો સંદેશવાહક આવ્યો છે!'

'ક્યાંથી?'

'સ્તમ્ભતીર્થથી! રુચ્ચિકજી હમણાં એ બાજુ છે!'

'શું છે?'

અર્જુનભટ્ટ એની પાસે સર્યો. તેણે કાનમાં વાત કરી. વાત સાંભળતાં જ મુંજાલ ચમક્યો: 'હેં! એનાથી આશ્ચર્યમાં બોલાઇ ગયું: 'શું કહો છો?'

'હા—!' એટલે તો મહાઅમાત્ય ઉપર સંદેશો આવ્યો છે!'

'તમે એમ કરો, ભટ્ટરાજ! સંદેશા માટે હું પોતે તમને બોલાવવા આવીશ. ત્યાં સુધી તમે આંહીં જ થોભો—એ ઘડી લાગશે. લ્યો, જુઓ, આ ચંદ્રભૂષણજી તો આવ્યા—'

ચંદ્રભૂષણને લઈને મુંજાલ અંદર ગયો. અંદર મહાઅમાત્ય સાંતૂ હતો. દેવપ્રસાદ બેઠો હતો. મહાઅમાત્ય સિવાય બધા કૌટુમ્બિક જનો જ હતા. મકવાણોજી હતા. સૌ મહારાજની રાહ જોતા હતા. પણ કોઈના મોં ઉપર તેજ ન હતું. મુંજાલ કળી ગયો. એણે મદનપાલ સાથે ચંદ્રભૂષણની વાત અત્યારે તો અટકાવી દીધી હતી—પણ વાતાવરણ પોતે જ વાત કહી નાખે એટલું સ્પષ્ટ હતું. મહારાજે મક્કમતાથી

મહાઅમાત્યને કહેવરાવ્યું હતું કે મારે દક્ષિણની રાજકુમારી સાથે સંબંધ નથી બાંધવો ને નથી જ બાંધવો.

રાજમાતા પોતે મહારાજની સાથે અંદર હતાં. એક વખત મહારાજ જેવુંતેવું પણ માથું હલાવી દે, તો પછી મહાઅમાત્યે કહ્યું હતું કે હું ગમે તે રીતે એ વાત કરાવ્યે જ છૂટકો કરીશ. પણ મહારાજે તો ધસીને ના પાડી હતી.

'ચંદ્રભૂષણજી આવી ગયા, મહેતા?' અંદરથી મહારાણી ઉદયમતી પોતે આવ્યાં. એ એકલાં જ હતાં: 'મહાઅમાત્યજી! જરા આવોને!'

સાંતૂ અંદર ગયો. એક રત્નજડિત સીસમના હાથીદાંતના પલંગ ઉપર કર્ણદેવ બેઠો હતો. એના ચહેરા ઉપર થાકનાં ચિહ્ન હતાં. કોઈ વાતમાં રસ ન હોય તેમ એ શાંત થઈ ગયો હતો. ભાવવિહોણી એની આંખ શૂન્ય જેવી બની ગઈ હતી.

'કર્ણદેવ! આ મહાઅમાત્યજી આવ્યા. પૂછી જો એને—'

'મહારાજ! કાંઈ અસુખ છે? શું છે?' સાંતૂએ પ્રણામ કર્યાં.

'સાંતૂ મહેતા! ભૈ મારું મન આંહીં ઠરતું નથી. મારું મન મને બહુ હેરાન કરે છે. પણ હું શું કરું? દુનિયામાં તમારે મને પરાક્રમી જીવન ગાળવા દેવું હોય, તો કોઈ પણ અસુંદર વસ્તુ—માણસ, મહેલ, ચિત્ર, પ્રતિમા, શિલ્પ, નૃત્ય કે સંગીત—કોઈ પણ અસુંદર વસ્તુ મને બતાવતા નહિ! મારાથી વિસંવાદ જોવાતો નથી, સહેવાતો પણ નથી. હું સુંદરતા નથી જોતો, તો મને જીવન અફળ, શૂન્ય અને ભયં-

કર લાગે છે ! મને પછી ક્યાંય રસ રહેતો નથી ! મને સાંભરે છે, કે નાનપણમાં એક વખત મહારાજે મને પેલો મોટો, ભયંકર પેટવાળો, ચીબૂકનાક, અને જરખ જેવો ખાઉધરો લૂંઢ બતાવ્યો હતો—આ હા હા ! મને ત્યાર પછી દિવસો સુધી માણસજાતમાંથી શ્રદ્ધા ઊઠી ગઈ હતી. તમે મા ! સ્ત્રીજાતમાંથી મારી શ્રદ્ધા ઉડાવી દેવા માગો છો ?'

'દીકરા ! હું તને એ જ કહેવા માગતી હતી. આટલી અડગ શ્રદ્ધા એ જો રૂપ નથી, તો હું તને કહી દઉં છું કે દુનિયામાં પછી ક્યાંય રૂપ નથી !'

'તો ભલે; મેં કલ્પનાની જે એક સ્ત્રી મેળવી છે, એને આધારે હું જીવન ઘડી લઈશ. બાકી, આ તમારી કૃષ્ણવર્ણી દક્ષિણી રાજકુમારી—મારાથી એની સામે જોઈ શકાતું નથી, મા !'

'મહારાજ !' સાંતૂએ હાથ જોડયા. એનો અવાજ એટલો તો શાંત હતો કે કર્ણદેવને પણ એ અસાધારણ લાગ્યો. પણ જે મક્કમતાથી એણે એનું ઉચ્ચારણ કર્યું એ મક્કમતાએ ઘડીભર રાજમાતા અને મહારાજ બન્નેને ચકિત કરી દીધાં: 'મહારાજ ! પાટણમાં રાજનૃપતિઓ આવા સંબંધ બાંધે છે ત્યારે કેવળ રૂપ, પ્રેમ કે આકર્ષણ એમાંથી કોઈ એકે વાતને મહત્ત્વ અપાતું નથી. મહત્ત્વ હમેશાં અપાય છે રાજનીતિને. આપણે લાટનો વિજય લગભગ સિદ્ધ કર્યો છે. આ સંબંધ બાંધવો એ રાજનીતિની દૃષ્ટિએ હવે જરૂરી છે ! આપણે કર્ણાટકને સંબંધથી અને સૈન્યથી બન્ને રીતે રોકવું પડશે. કર્ણાટક ઉપર અતિશય મહાકાંક્ષી વિક્રમાંકદેવ આવવાના ભણકારા વાગી રહ્યા છે. આપણે આ સંબંધ બાંધવો પડશે.'

'અરે પણ—મારે સંબંધ બાંધવો ન હોય...'

'તમારે સંબંધ બાંધવો હોય કે ન હોય—તોપણ બાંધવો પડે!' સાંતૂની મક્કમતા લગભગ આજ્ઞાનું રૂપ પકડી રહી હતી.

'કેમ? હું માણુસ નથી?'

'ના,' સાંતૂએ શાંત દઢતાથી જવાબ વાળ્યો. 'તમે રાજા છો. દેવ છો. માણુસ જે ન કરી શકે તે રાજાએ કરવું જોઈએ. સીતાને કોઈ માણુસ ત્યાગી શક્યો, ન હોત—એટલો નિરવધિ પ્રેમ છતાં, કેવળ રામ જ એ ત્યાગ કરી શકે. હૃદયના કેટલાક કુમળા ભાવને કચરવાની શક્તિ નહિ હોય, તો મહારાજ! રાજસિંહાસન ઘણું મુશ્કેલ નીવડશે. તમને ખબર છે, શેઠાણી સાથે બે દિવસ નિરાંતે સરસ્વતીની નૌકામાં ફરવાનો મને હજી સમય* મળ્યો નથી—એ મળે ત્યારે. રાજનું તંત્ર ચલાવનારા માત્ર માણુસ જ હશે, સામાન્ય માણુસ જ હશે, ત્યારે રાજ નહિ હોય!'

'મહેતા! મારે રાજ નથી જોઈતું. દેવપ્રસાદ છે નાં? દેવપ્રસાદ!—' મહારાજ કર્ણે મોટેથી બૂમ પાડી.

દેવપ્રસાદે એકદમ અચાનક તરત પ્રવેશ કર્યો. 'મહારાજ!' દેવપ્રસાદ હાથ જોડીને પાસે આવ્યો. એની આખી કાયામાંથી એની ભક્તિ નીતરી રહી હતી: 'મહારાજ! શું છે? કાંઈ અસુખ છે?'

'આ રાજ, ભાઈ! હવે તું સંભાળી લે. મારે જોઈતું નથી!' કર્ણદેવે કહ્યું.

'ઓ હો હો! આ વાત છે?' દેવપ્રસાદ ખડખડાટ

* 'કર્ણસુંદરી' નાટિકાને આધારે.

હસી પડ્યો. 'હજી મહારાજ માને છે કે હું પાટણની ગાદી સંભાળીશ? મહારાજ! મારે તો જુદ્ધ હોય, જુવતી હોય, ને ચોરંગી હોય—એટલે દુનિયા આખીનું રાજ મારે ઘેર છે, એમ હું માનું. મારે રાજ સંભાળવાનો અભખરો નથી. મહારાજ! પણ આ છે શું? મહાઅમાત્યજી? કેમ આમ? શું છે, મા?'

'આ પેલી રાજકુમારી આવી છે ના? દક્ષિણની—કર્ણાટકની—

'મીનલદેવી? મેં એને જોઈ, મહારાજ! બે ઘડી ચરણમાં લોટવાનું મન થઈ આવે. પ્રેમભરેલી મધુરતા તો જાણે એના ચહેરામાંથી સરિતાની માફક રેલી રહી છે! મા જગજ્જનની ને મોહિનીરૂપ ધારણ કરવાનું મન થાય, ત્યારે જે રૂપ હોય એ રૂપ એ છે. અદ્‌ભુત છે—એનું શું છે, મા?'

'આ તારા ડાહ્યા રાજાને એ ગમતી નથી!'

'અરે! મા! તમે પણ? હું સામાન્ય માણસ જેવો પણ ન રહી શકું એવો રાજા મારે થાવું નથી. હું પણ માણસ છું. તમને એ ગમે—મને ન ગમે. મને ન ગમે તોપણ મારે પરણવું, એમ? મહેતા કહે છે, પરણવું પડશેઃ એ રાજનીતિ છે. તમે કહો છો, પરણવું પડશેઃ એ ત્યાંથી આંહીં આવી છે. હવે આ દેવપ્રસાદ કહે છે, પરણવું પડશેઃ એનામાં રૂપ છે. પણ મારો પોતાનો કાંઈ અંગત વિચાર જ નહિ, એમ? મારે નથી પરણવું તો?' કર્ણદેવે ઉતાવળે વ્યગ્ર અવાજે કહ્યું.

'તો, મહારાજ! મહાન યુદ્ધો આપવાં પડશે!' સાંતૂ બોલ્યો.

'યુદ્ધો આપવાં પડશે? મહેતા! એક હજાર યુદ્ધનાં આહ્‌વાન લઈ આવો. એમ ચૌલુક્યો પાછા નહિ પડે!'

દેવપ્રસાદે કહ્યું.

'યુદ્ધથી મહારાજ ભીમદેવ ડર્યાં નથી. હું પણ ડરતો નથી,' કર્ણદેવે કહ્યું: 'કેવળ યુદ્ધથી ડરીને આવા પ્રેમસંબંધો હું બાંધતો નથી. ક્યાં છે ચંદ્રભૂષણ? બોલાવો એમને ચંદ્ર . . .!'

કર્ણદેવનો શબ્દ પૂરો થાય તે પહેલાં જ મહારાણી ઉદયમતીએ કહ્યું: 'કર્ણદેવ! ધીરો પડ. યુદ્ધની વાત નથી, રાજનીતિની પણ વાત નથી. આ તો તમારી રજપૂતી લાજશે! રજપૂતીને ઓળખો છો? એની આ વાત છે!'

'અને ભારતભરમાં તમારી ચૌલુક્યોની અપકીર્તિ થાશે!' સાંતૂએ કહ્યું.

'અમારે સોરઠમાં એક પ્રથા છે, કર્ણદેવ! તેં એ સાંભળી તો હશે! ગિરનારની છાયા હોય, જૂનોગઢનો કિલ્લો હોય, અને રા'ના કુટુંબનું લોહી હોય, એ તો આ પ્રથાની વાત સાંભળીને, વાદળના ગડગડાટે જેમ કેસરીસિંહ ગર્જના કરે નાં, એમ ગર્જના કરી ઊઠે. એ પ્રથાની તને જાણ છે? જાણવી છે?'

'શું છે, મા?'

'સામેથી ચાલીને કોઈ જુવતી ઘેર આવે, પાણીની હેલ માથે હોય, હેલ ઉતરાવ એમ કહે, ને જે માણસ હેલ ન ઉતરાવે અને એવી અડગ શ્રદ્ધાથી આવેલી નારીને પ્રેમથી જે ન સત્કારે, એ અમારે ત્યાં સોરઠમાં માણસ નથી ગણાતાં —મડદાં ગણાય છે. તું જો સિંહનો પુત્ર હો, તો આ સેંકડો જોજનથી આવેલી નારીને અપમાનતો નહિ.'

'મહારાજ! ગુજરાતની અનુપમ ચંદનમંજરીના પરિ-

મલે આ મીનલદેવીને આંહીં આણી છે,' સાંતૂ બોલ્યો : 'ભારતભરમાં આપણી સંસ્કારિતાને એવો ડાઘ બેસશે—કે હજાર વરસે પણ પછી એ ડાઘ ધોવાશે નહિ. ગંગા-જમનાનાં જળ પણ એ નહિ ધૂએ.'

'રાજકુમારી આવી હોત—કર્ણદેવ !' મહારાણીએ કહ્યું, 'તો આપણે એને પાછી વાળત; તો કદાચ એ રાજનીતિ ગણાત; આ તો આવી છે,—એક નારી કોડભરી, પ્રેમભરી, શ્રદ્ધાભરી. એને પાછી નહિ વળાય.'

'મા ! ત્યારે આ વાત નથી જ બનવાની ! ભલે ગમે તે થાય.'

'કર્ણદેવ !' મહારાણીનો અવાજ એકદમ ફરી ગયો. એનું રૂપ પણ ફરી ગયું: 'કર્ણદેવ ! ગલઢી ગલઢી પણ હું રાજમાતા છું. સેંકડો જોજનથી આવેલી નારી, પાટણના રાજમહાલયમાં અપમાન પામશે ? હું બેઠાં એ કદી પણ નહિ બને.'

'તો આ પણ નહિ બને—મારો નિશ્ચય અડગ છે !'

'હું તને કહી દઉં ત્યારે. હું સોરઠની નારી છું. હું પણ સોરઠિયાણી છું. જૂનોગઢના રા'નું લોહી મારી નસેનસમાં વહી રહ્યું છે. હું પણ જાણું છું કે મારે આવે પ્રસંગે શું કરવું. આ રાજકુમારી સેંકડો જોજનથી આંહીં આવી છે. એણે જેવી શ્રદ્ધા ગુજરાતદેશમાં મૂકી હશે, એના રાજમંત્રીઓમાં મૂકી હશે, એના રાજતંત્રમાં મૂકી હશે, તારામાં મૂકી હશે, તેવી જ શ્રદ્ધા આંહીં રાજમહેલમાં જે કોઈ નારી બેઠી હશે, એનામાં પણ એણે મૂકી હશે. અજાણી જાણીને સૌ અપમાનશે, તોપણ નારી કોઈ દિવસ નારીને નહિ અપમાને, એટલી જ સાદી શ્રદ્ધા ઉપર એણે આવો પ્રવાસ

ખેડયો હશે ! એને પણ મનમાં હશે—કે એક વૃદ્ધ નારી, જે રાજમહાલયમાં બેઠી હશે, એ કોઈકની મા પણ હશે! સૌ અપમાનશે—છતાં એ દૂરદૂરથી આવેલી પહાડની પુત્રીને —પોતાની દીકરી ગણીને ખોળામાં બેસારશે. એની એ શ્રદ્ધા હું જોઈ શકું છું. હું પણ પહાડની પુત્રી છું. એ પણ પહાડની પુત્રી છે. તમે સૌ એને તજી દેશો—તોપણ હું નહિ તજું. હું તને કહી દઉં છું, કર્ણદેવ !—' ઉદયમતીનો અવાજ એટલો ગૌરવપૂર્ણ બની ગયો હતો કે સાંતૂ ને સૌ આશ્ચર્યચકિત થઈને જોઈજ રહ્યા હતા.

'હું તને કહી દઉં છું, કર્ણદેવ !' મહારાણીએ અત્યંત નિશ્ચયાત્મક અવાજે કહ્યું: 'જો એ રાજકુમારીનું આંહીં પાટણના રાજમહાલયમાં અપમાન થાશે, તો હું તારી માતા નથી, અને રાજમાતા પણ નથી. પછી તો હું સોરઠના રા'ની દીકરી છું. ગલઢી છું, પણ આવું નારીનું અપમાન જો મૂંગી મૂંગી સહી લઉં, તો અમારી રા'ની એકોતેર પેઢી લાજે. પછી કાં તો મારે લાવલશ્કર આણીને આ રાજમહાલયને ખેદાનમેદાન કરી નાખવો જોઈએ, અથવા તો, દીકરા ! મારે પોતાને જીવતાં બળી મરવું જોઈએ ! એનું અપમાન મારા દેખતાં આંહીં થાય, તો હું જન્મી ન જન્મી. એનું અપમાન હું દેખતાં થાય તો જીવતર મારું ધૂળ મળી જાય. એનું અપમાન હું દેખીશ તો જીવતી બળી મળીશ—આ મારી પ્રતિજ્ઞા છે ! આંહીં પાટણમાં તો મહારાજ મૂલરાજદેવે એક વખત અગ્નિસ્નાન કર્યું છે. આજે ભલે પાટણ આ બીજું અગ્નિસ્નાન જુએ. આ મારો દઢ નિશ્ચય છે. હવે તમે કરો —જે મંત્રણા તમારે કરવી હોય તે.'

'અરે ! . . અરે ! પણ મહારાણીબા !—'

'અરે મા !'

પણ ઉદયમતી તો અંદર ચાલી ગઈ હતી.

અર્જુનભટ્ટે એકદમ પ્રવેશ કર્યો. મુંજાલ એની પાછળ જ આવતો હતો. તેણે મહારાણીના છેલ્લા શબ્દો પકડી લીધા હતા. અચાનક આ બન્નેને આવેલા જોઈને સૌ થંભી ગયા. કાંઈક બહુ જ અગત્યના સમાચાર હોય, તેમ એમના ચહેરા ઉપરથી લાગતું હતું.

'મુંજાલ ! શું છે ?' સાંતૂએ પૂછ્યું.

'મહારાજને આપવા માટે ભટ્ટરાજ કાંઈક સમાચાર લાવ્યા છે !'

'શું છે ? અર્જુનભટ્ટ ?' કર્ણદેવે પૂછ્યું.

મુંજાલ મહારાજ કર્ણદેવ પાસે સર્યો. બહુ જ ધીમેથી જાણે સાધારણ વાત કરતો હોય તેમ એણે કહ્યું: 'મહારાજ ! અમારી વણિક્‌વિદ્યા તો એવી કે અત્યારે પ્રસંગ જાળવી લેવો. મહારાણીબા ઘણાં આકળાં ને આકરાં છે. નાહકનું ભયંકર પાતક લગાડી બેસશે. અત્યારે હા પાડી દોને ! મહારાજ ! પછી એને તમારે ક્યાં રાખવી ને કેમ રાખવી, એ ક્યાં નક્કી થાતું નથી ?'

'તારે આ જ કહેવું હતું ? અર્જુનભટ્ટ શા સમાચાર લાવ્યો છે ?'

'એ તો આશાના સમાચાર છે, મહારાજ ! આશાએ જાત્રાળુનું વહાણ લૂટ્યું છે, ગાયોનાં ધણ વાળ્યાં છે, ને લૂટફાટ શરૂ કરી દીધી છે. એની વાત છે. આપણે આ વિધિ પત્યે —જુદ્ધમાં તરત જવું પડશે. અણગમતી વાત હોય તો હમણાં

જુદ્ધ ક્યાં નથી? ને પછીની વાત પછી!'

'હા..' કર્ણદેવને વાત એકદમ ગળે ઊતરી ગઈ: આમાંથી તાત્કાલિક એ એક જ ઉકેલ શક્ય લાગ્યો. 'પણ તો પછી કાલે વિધિ પતી જાય ને તરત ગૌબ્રાહ્મણની ફરિયાદ તું લાવજે! લાવી શકીશ? એવા આકરા ધર્મસંકટ વિના તો આંહીંથી કોણ ખસવા દેતું'તું?'

'ભલે, એ ગોઠવણ હું કરી લઈશ—'

'તો થયું—રાજમાતા આકળાં છે ને વખતે કાંઈક પગલું ભરી બેસશે—હવે બીજો ઉપાય જ ક્યાં છે?'

'પણ જોજો—ધીમેથી, મહારાજ! આનાકાની કરતાં કરતાં વાત સ્વીકારી લેજો. નહિતર મારી શિખામણ છે એમ મનાશે—ને સૌને ગુસ્સો ચડશે!'

મહારાજને નમીને મુંજાલ તરત મહાઅમાત્યની પાસે ગયો. તેના કાનમાં કહ્યું: 'અર્જુનભટ્ટે સમાચાર આણ્યા છે!'

'શા?'

'પેલી નર્તિકા ત્યાં સ્તંભતીર્થમાં આવી છે!'

'હેં! ત્યાં ક્યાંથી! અત્યારે જ ક્યાંથી ફૂટી નીકળી? તેં મહારાજને આ સમાચાર આપ્યા? અને આવે વખતે?'

'અરે! કાંઈ આપું? આશાએ લૂંટ કરેલી એમાં એ સપડાણી છે. ને સ્તમ્ભતીર્થ આવી ચડી છે! મહારાજને મેં તો જાત્રાળુઓ લૂંટાયાના જ સમાચાર આપ્યા છે!'

'અર્જુનભટ્ટ તને ક્યાંથી મળ્યો?'

'એ રુચ્ચિકજી પાસેથી આ સમાચાર લઈને આંહીં આવી રહ્યો હતો, પણ મદનપાલ મૂરખ જેવો એને રોકી રહ્યો હતો. નાહકના બન્ને ઝગડી પડત—એટલે હું જઈને એને

લઈને આંહીં આવ્યો.'

'ઠીક—જા—' સાંતૂએ મહારાણીને પાછાં આવતાં દીઠાં. હજી એમના ચહેરા ઉપર એમના નિશ્ચયની કડક રેખા દેખાતી હતી.

'મહારાણીબા!' સાંતૂ બોલ્યો: 'મહારાજને સમજવાનો વખત મળે—ને આપણી રાજનીતિ—'

'મહેતા! આશાના સમાચાર મુંજાલે આપ્યા તે તમે સાંભળ્યા નાં? આપણા જાત્રાળુઓ ઉપર એણે જુલમ કર્યો છે. આપણે ત્યાં જવું પડશે. આંહીં માએ પ્રતિજ્ઞા લઈને હવે બીજો માર્ગ ક્યાં રહેવા દીધો છે? આપણા ઉપર આશો ટાંપી રહ્યો છે. વખત આ વિતંડાવાદમાં નીકળે તો ભારે થઈ જાય—એટલે ચંદ્રભૂષણને બોલાવો બીજું શું થાય?'

૩૨. રાજા છટક્યો

બીજે દિવસે લગ્નવિધિ પતી ગયો. સાંજે ગીતના ઘોષથી રાજમહાલય ગાજી ઊઠ્યો. પાટણનું નારીવૃંદ પોતાના મધુરરવથી વાતાવરણને આનંદમય બનાવી રહ્યું. આસપાસ જ્યાં જયાં આ ખબર પડી ત્યાંત્યાંથી હજારો પ્રજાજનો કર્ણાટકની રાજકુમારીની રાજમહાલયપ્રવેશની સવારી નીરખવા માટે આવી ચડ્યા હતા. રાજકુમારી મીનલદેવી ગુજરાતણોના ગરબા નીરખીને છક્ક થઈ ગઈ હતી. એમાં મધુરતા હતી, સંગીત હતું, નૃત્ય હતું, અને એક પ્રકારનું અલૌકિક વાતાવરણ હતું. તે અનિમિષ નેને લલિત ગતિથી ફરી રહેલ ગુજરાતણોના નારીવૃંદને જોઈ રહી હતી. એને એની મોહિની લાગી. નગરોમાં ઠેકાણે ઠેકાણે દીપાવલિ પ્રગટી હતી. નગરી આખી આનંદમાં મગ્ન હતી. મીનલદેવીના ગજરાજ રત્નદીપની સવારી રાજમહાલયના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવી પહોંચી. ગજરાજ નીચો નમ્યો. કલાપક * મુકાઈ. દેવી મીનલ નીચે ઊતરી. સામે જ રાજમાતા ઊભાં હતાં. સાચ્ચા મોતીથી મીનલદેવીને રાજમાતાએ વધાવી. રાજમાતા એનો હાથ ઝાલી આગળ વધ્યાં.

* હાથી ઉપર ચઢવાઊતરવા માટે મુકાતી.

સામેથી મહારાજ કર્ણદેવ પોતે આવી રહ્યા હતા.

એટલામાં તો બહાર એકદમ મોટો કોલાહલ થઈ પડ્યો. શંખધ્વનિ ગાજી રહ્યો. સેંકડો માણસોની ધમાલ મચી ગઈ. મદનપાલના ગાંડા ગજરાજે એક બ્રાહ્મણને સૂંઢમાં ઝાલીને ફંગોળ્યો હતો. ધમસાણ મચી રહ્યું. લોકો આમતેમ દોડવા લાગ્યા. દેવપ્રસાદ રાજમહાલયમાંથી એકદમ બહાર નીકળ્યો: 'અલ્યા ! કોણ છે ? શું છે ?'

મહાવત ગજરાજને અંકુશમાં લેવા અંકુશ ઉપર અંકુશ લગાવી રહ્યો હતો.

પાછળથી એક મોટું ટોળું હડુડુ કરતું રાજચોકમાં ધસી આવ્યું. ગજરાજ તો માંડમાંડ અંકુશમાં આવ્યો, ને એને મહાવત દૂર લઈ ગયો. પણ આવેલ ટોળામાં અનેકનાં માથાં ઉપર સગડીઓ બળી રહી હતી. કેટલાક મોટેથી રડતા હતા. એક બ્રાહ્મણ મોટેથી, 'મારી નાખ્યો, મને બ્રાહ્મણને ઉગારો, મહારાજ ! અમારું ગોધન આશો ભીલ લઈ ગયો છે ! અમારું આખા ગામનું ગોધન ગયું. ગોધન ગયું !' કરતો સૌને મોખરે ચાલતો હતો. પ્રતિહારીએ એને રોક્યો.

'શું છે ? આ કોણ છે ? કોણ છે, મુંજાલ ?' ઉદયમતીએ પૂછ્યું. 'કોણ છે ?' સાંતૂએ મુંજાલ સામે જોયું.

મુંજાલે આશ્ચર્યમાં હાથ ઊંચો કર્યો: પ્રતિહારીને રાજમાતાએ નિશાની કરી. બ્રાહ્મણ આગળ વધ્યો.

'મહારાજ ! આખા ગામનું ગોધન આશો ભીલ લઈ ગયો છે. બ્રાહ્મણને પણ છોડ્યા નથી !'

'ક્યારે ?' કર્ણદેવ આગળ વધ્યા: 'આશો ગોધન લઈ ગયો ? આશોભીલ ? ક્યારે લઈ ગયો ?'

'ક્યારે શું ? હજી હમણાં જ—અમે ત્યાંથી મારતે ઘોડે આંહીં આવ્યા—અને એ એના જંગલમાં ભાગી ગયો !'

'દેવપ્રસાદ !'

'મહારાજ ! આ હું ઊપડ્યો—' દેવપ્રસાદે આવતાં-વેંત કહ્યું.

'ઊપડ્યો એમ નહિ ! સંગ્રામ !—મારી સાંઢણી મંગાવો. શંખનાદ કરાવો. સૈનિકોને સજ્જ થવાની આજ્ઞા આપો—દેવપ્રસાદ ! મારે જાવું છે. ગોબ્રાહ્મણ લૂંટાય પછી એક ક્ષણ પણ આંહીં રહું તો હું ચૌલુક્ય શાનો ? ચાલો —તું તૈયાર થા'

'કાલે સવારે જવું છે નાં, કર્ણદેવ ?'

'મા—હવે થોભાવશો તો ચૌલુક્યોની પ્રણાલિકા લાજશે. આટલા નગરજનોએ આ નિહાળ્યું છે. બ્રાહ્મણદેવ આવ્યો ન હોત, તો જુદી વાત હતી. મીંઢોળવંતા ગોબ્રાહ્મણ માટે યુદ્ધે ચઢ્યાના દાખલા છે—હવે તો મારી સાંઢણી આવે એટલી જ વાર—એથી વધારે વાર થોભું તો પાટણની નારીઓ મારી કાયરતાને ગીતમાં ગાય !'

એ ક્ષણમાં તો મહારાજની મયૂરભંગી દેખાઈ. મહારાજ રાજમાતા પાસે ગયા, પ્રણમ્યાઃ મીનલ સામે જોયું—સહેજ મોં મલકાવીને મીનલે કહ્યુંઃ 'મહારાજ ! અમારે ત્યાં રણે ચડનારને પાન આપવાનો રિવાજ છે !'

'અમારે ત્યાં પણ છે !' ઉદયમતીએ કહ્યું. મીનલની એક દાસી પાનની સુવર્ણથાળી લઈને તરત દોડતી આવી.

'મહારાજ !—' મીનલે લાંબો હાથ કરીને પાનનું એક બીડું લઈને કર્ણદેવને આપ્યું.

કોઈ મહાસંકટમાંથી છૂટ્યો હોય તેમ કર્ણદેવ એકદમ સાંઢણી ઉપર ચડ્યો. એની પાછળ દેવપ્રસાદ બેઠો હતો. અર્જુનભટ્ટે તો ક્યારની ચાલતી પકડી હતી. હર્ષઘેલી પ્રજામાંથી, મીઢોળવંતા રાજાને ગોરક્ષણાર્થે તાત્કાલિક ચડતો જોઈ, એક મહાઘોષ ઊઠ્યો: 'મહારાજ કર્ણદેવનો જય!'

એ ઘોષમાં સાંતૂએ મુંજાલને પૂછેલો પ્રશ્ન ડૂબી ગયો: 'મુંજાલ! આ તારી ગોઠવણ લાગે છે?'

મુંજાલને મહારાણી ઉદયમતી બોલાવી રહ્યાં હતાં, એટલે એણે તાત્કાલિક ઉત્તર ટાળ્યો.

૩૩. જંગલદુર્ગ તરફ જતાં રસ્તામાં

મહારાજ કર્ણદેવની સાથે રહેવા માટે તરત સૈન્ય લઈને સાંતૂ અને મુંજાલ પણ ઊપડ્યા હતા. રસ્તામાં એમને આશા વિષે વધારે ખબર મળતા ગયા. એ ખબર ઉપરથી હવે તો લાગ્યું કે મહારાજ તો એમને અણગમતો બનેલો એક પ્રકારનો દુઃખદ અનુભવ ટાળવા માટે તાત્કાલિક રણે ચડ્યા હતા, પણ મોટી કે નાની આશા સાથેની લડાઈ પણ અનિવાર્ય હતી. આશાને એના જંગલદુર્ગમાં ઘેર્યાં વિના બીજી કોઈ રીતે સપડાવાય એવો સંભવ ન હતો. સાભ્રમતીને ફરતી જંગલદુર્ગની ગાઢ ઝાડીમાં એ પોતાનો મુકામ રાખી રહેતો, ને એમાંથી વારંવાર નીકળીને હાથ મારી આવતો. તેની પાસે મોટી તીરંદાજી ટોળી હતી, અને પવનવેગી સાંઢો હતી. એનું ઘોડેસવારી દળ એક વખત રણક્ષેત્રમાં ઊતરે—પછી એને પાછું હઠાવનારને નાકે દમ આવી જાય, એટલું તેજીલું ને હઠીલું તે હતું. ગજસેના પણ એ રાખતો. પોતાને એ સાબરકાંઠાનો રાજા ગણતો. વઢિયારને એ પોતાનો વગડો ગણતો. એનાં ઢોર એ વગડામાં ચરતાંફરતાં. સોમનાથથી સ્તંભતીર્થ સુધીના દરિયાનો એ પોતાને સ્વામી માનતો. છેક ગોપકપટ્ટન સુધીના

દરિયા એના ચાંચિયા ફરી આવતા. પાટણના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ નગરશ્રેષ્ઠીઓની નારીઓને જેમની સ્વપ્નમાં પણ સુગંધ ન મળે, એવી મહામોલી *ગોપકપટ્ટનની કસ્તૂરીથી ભીલની નારીઓ પોતાના દેહને શૃંગારતી. આખું જંગલ એના પરિમલે મઘમઘી ઊઠતું.

આશાના સૈનિકો વજના હતા. એ પાણીવેગે આવતા, વીજળીવેગે ઘા કરતા, અને પવનવેગે પાછા ફરી જતા. પાટણથી સોમનાથ ને પાટણથી સ્તંભતીર્થ એ એના વ્યવહારના બે મહાન માર્ગો ઉપર એની સત્તા ચાલતી. સાભ્રમતીનાં બબ્બે ચારચાર માથોડાં ઊંડાં વાંઘાં એમની સંતાવાની સિંહગુફાઓ હતી. દિવસે પણ કાળી મેઘલી રાત જેવું ભયંકર અંધારું જેમાં નિરંતર રહેતું, એવાં ગાઢ જંગલ એમના રહેઠાણની ચારે તરફ બબ્બે જોજન જોજન સુધી પથરાયેલાં પડ્યાં હતાં. એમાં માણસ એક વખત પ્રવેશ કરે, પછી એ ભલેને દિવસોના દિવસો સુધી ફર્યા કરે. ભોમિયા વિના એ કોઈ દિવસ એમાંથી બહાર નીકળી શકે જ નહિ. એવી અડાબીડ, આડેધડ પથરાયેલી, અટપટી, ભયંકર, ઝાડવેઝાડવું વસાય એવી, ઘટાટોપ, ગાઢ અને અંધારી જંગલી ઝાડીમાં ભાર નહિ કોઈ કાળા માથાના માનવીનો કે આશાને પકડી શકે કે પડકારી શકે. એક વખત એ જંગલદુર્ગમાં જે ગયા તે પાછા ક્યાં ગયા એનો પત્તો જ લાગતો નહિ. જંગલની ભયંકરતા ઉપરાંત બીજી કૃત્રિમ ભયાનક રચનાઓ પણ આશાએ ત્યાં ખડી કરી હતી. એમ કહેવાતું કે એમાં પાતાળકૂવાઓ હતા. એક વખત પગ પડ્યો કે માણસ તળિયે જાતો. કર્દમના ખાડાઓ હતા. કૃત્રિમ

* Musk from Goa—A. India, Vol I, 824.

ઘાસ ઉગાડેલી ભયંકર ખીણો હતી. ઠેરઠેર માનવના કલ્પ્યામાં પણ ન આવે એવા તોતીંગ વૃક્ષના થડમાં એના ગુપ્તચરની બેઠક હતી. સુંદર ફૂલફળાદિવાળી ઝેરભરેલી વાટિકાઓ હતી. એમાં ઠેકાણે ઠેકાણે જોતાં કાળજું કંપી ઊઠે એવી ડાકણ જેવી ભયંકર કદરૂપી યવનીઓ પણ ફરતી. રૂપરૂપના અંબાર જેવી સ્ત્રીઓ પણ હતી. કોઠા, કિલ્લા, ભોંયરાં, ગુફાઓ, ખીણો, પાતાળકૂવાઓ, એવી એવી અટપટી રચનાઓ આશાએ રચી હતી કે જંગલમાં રસ્તો મેળવનારો પણ એને સહીસલામત પાર કરીને અચાનક ઘા કરી જાય એ વાત લગભગ અશક્ય હતી !

મહારાજ કર્ણદેવની મયૂરભંગીએ મુંજપુરની દિશા સાંધી હતી. સીધા સાભ્રમતી ઉપર ન જતાં, આશાના જંગલદુર્ગ ઉપર પાછલા ભાગમાંથી પડવું, ને સેનાપતિ રુચ્ચિક સ્તંભતીર્થથી આગળ વધી, એનો પાછા હઠવાનો નળબાવળીનો માર્ગ રૂંધી દે, એવી યોજના કરી હતી. તો જ એ કાં તો મહીમંડલમાં ઘેરાય કે ખેટકપંથમાં સપડાય. એ ભાગીને દરિયામાર્ગે ભૃગુકચ્છ તરફથી કે સ્તંભતીર્થ તરફથી વારંવાર નીકળી જતો. આ વખતે એને એના જંગલદુર્ગમાં ઘેરી લેવાની યોજના મહારાજે કરી હતી. મુંજપુરમાં સૌ થોભ્યા. પાછળનાં સૈન્યનાં માણસો આવી ચડ્યાં. જંગલમાં રસ્તો કરવા માટેનાં સાધનો ભેગા થવા માંડ્યાં. ધીમેધીમે સાભ્રમતી તરફ મુકામ આગળ ને આગળ વધારતા ગયા.

દેવપ્રસાદ સૈન્યનો મોખરો સાચવતો. એકએ મુકામ આગળ રહેતો. પાછળના ભાગમાં મહાઅમાત્ય રહેતા. સૈન્ય આગળ વધ્યું. સાવચેતી રાખવા ગુપ્તચરો આસપાસ ફરવા

લાગ્યા. દેવપ્રસાદની આગળ વધેલી ટુકડીએ ઝીલાણુંદ છોડીને મંડલી પાસે મુકામ કર્યો.

છારિયા તળાવને કાંઠે કેટલીક નાની ઝૂંપડીઓ જોઈ દેવપ્રસાદ પોતે એ બાજુ ફરી આવ્યો. કર્ણાટક તરફની કેટલીક નટીઓ હતી. જુદેજુદે ગામ નૃત્ય કરીને, દ્રમ્મ ઉઘરાવી, ગુજરાન ચલાવવા માટે ત્યાં તળાવકાંઠે તે પડી હતી. દેવપ્રસાદે ચારે તરફ ફરીને કોઈ ગુપ્તચર જેવો કયાંય નથી એ ખાતરી કરી લીધી. મહારાજ મૂલરાજદેવે બંધાવેલા નાના સોમનાથની પ્રતિકૃતિ જેવા શિવાલય પાસે એ થોભ્યો. મહાદેવ પાસે સોનાનો દ્રમ્મ મૂકયો. પૂજારીએ બીલીપત્ર આપ્યું. ભાવથી નમીને એણે એ લીધું. પોતાને પૂજારી ઓળખતો નથી એ જોઈને એ વાતોએ ચડયો:

'આંહીં આશાનો ભય ખરો કે?'

'ના, ના, આંહીં તો શું આવતો'તો? કાકો રુચ્ચિકજી આદુ ખાઈને પાછળ લાગ્યો છે તો! પણ આમ વઢિયાર બાજુ ને આમ નળબાવળીમાં એની રાડ ફાટે છે! કહે છે, મહારાજ પોતે નીકળ્યા છે. એ સાચું?'

'કહે છે—અમે તો નળબાવળીમાં નોકરીએ જવા માટે નીકળ્યા છીએ. આંહીં રાતની રાત પડયા રહેશું!'

'હા, આંહીં આ શિવાલયની છત્રછાયામાં કાંઈ ભો મળે નહિ!'

એટલામાં મજૂરો આવ્યા. કેટલાક ઘોડેસવારો પણ આવ્યા. શિવાલય પાસે જ પટ્ટકુટીઓ તૈયાર થાવા માંડી. મોડી રાતે સૌ વાતોચીતો કરી છૂટા પડયા. દેવપ્રસાદે એક વખત ચારે તરફ ફરી લેવાની પ્રતિહારને આજ્ઞા આપી. ત્યાર પછી

એ ઘડીમાં જંગલની ઘોર શાંતિ જેવી શાંતિ વ્યાપી ગઈ.

થોડી વાર પછી મંડલી ગામની દિશા સાંધીને સાભ્રમતી પ્રદેશ તરફથી એક સાંઢણી સવાર ઝપાટાભેર આવતો દેખાયો. પવનની માફક જાણે એની સાંઢણી જતી હતી. રાત્રિના નીરવ અંધકારમાં કેવલ શાંત પડછાયો સરી જતો હોય એટલી બધી શાંતિથી એ સરી રહી હતી.

'લેરખા! રસ્તો તો બરાબર છે કે?'

સાંઢણી હાંકનારે કાંઈ જવાબ ન વાળ્યો. પોતાને–લેરખાને રસ્તા વિષે પૃચ્છા કરનારનું અજ્ઞાન એને ઉપેક્ષાજનક લાગ્યું. એણે તો આવી રીતે સેંકડો વખત મુસાફરી કરી નાખી હતી. એ રસ્તો ભૂલે નહિ. એ કદાચ ભૂલે, પણ એની લેરખી કાંઈ ભૂલે?

'કેમ બોલ્યો નહિ, લેરખા?' તેજલરાણીએ પૂછ્યું.

'બોલવાનું શું છે? લેરખી ને લેરખો બે ભેગાં હોય એટલે તમતારે દરિયાનાં પાણીમાં હાલ્યાં જાવને! તમને હજી એ ખબર નો પડે, તેજલબા!'

'પણ ત્યાં ખબર પડશે તો ભારે થાશે, તેજલબા!' થોડી વાર પછી પાછો લેરખો બોલ્યો: 'ખોળાખોળ થઈ રે'શે ને મારા નામને બટો ચડશે!'

'તમે પણ માન્યું નહિ, ને આ દેવપ્રસાદ ઉપર ઘા કરવા હાલ્યાં છો. પણ એ ભડનો દીકરો છે હો!' લેરખાએ ઉમેર્યું. 'હું જ મૂરખો નહિ કે તમને ખબર આપ્યા!'

'અરે! એવા તો કૈક ભડના દીકરા જોઈ કાઢચા! કાં બેન પદ્માક્ષી? આ શેઠનાં દીકરી બચારાં, શા'વકાર અટલે મૂંઝાય—પણ તું શેનો મૂંઝાય છે?' તેજલ બોલી. 'આપણે

તો એને ખબર કરવી છે કે આપણે આવી ગયાં—બસ એટલું જ. આપણે ક્યાં ધીંગાણું કરવું છે? સમજુ હશે તો પાછો ફરી જાશે!'

'પણ એ'ય તે રણજોદ્ધો છે!' લેરખો બોલ્યો.

'હવે જોયા જોયા—એવા રણજોદ્ધા!' તેજલની વાણીમાં ભારોભાર ઉપેક્ષા હતી. મોટા રણજોદ્ધા જોયા ન હોય તો? રણજોદ્ધા તો એકલા જુદ્ધે ચડે! આમ શું લાવ-લશ્કર લીધું છે ને આપણને ઘેરવા આવ્યા છે? બાપુ દમ કાઢી નાખે, નકર હું તો એને ઉપાડી જ લાવું!'

'એંકાર બહુ નહિ સારો હો, બેન! એમ તો એ મોટા રણયોદ્ધા છે!'

'કેમ તમને બહુ લાગી આવે છે કાંઈ?'

'ના, ના, મારે શું?' પદ્માક્ષી ફિક્કું હસી રહી.

'પણ સાંભળ્યું છે કે, એની ઘોડેસવારી—ત્રિભુવનમાં એની તોલે કોઈ ન આવે!' તેજલરાણીએ કહ્યું.

'એવો જ તીરંદાજી પણ છે! ઊડતું પંખી એ પાડે! એના જેવો નિશાનવેધી મેં જનમારામાં કોઈ દીઠો નથી. સાબરના વાંઘામાં નાનકડો હતો ને એણે વાઘ માર્યો છે—ઓ હો હો ગજબનો!' લેરખાએ વાતને ટેકો પૂર્યો.

'સવારી તો એની ગજબની છે હો. એની છટા—હું તો એ જોઈ જ રહી! એક વખત જોયેલ છે, પણ જાણે નજરમાંથી ખસતો નથી!' તેજલ બોલી.

'ત્યારે એમ છે!' પદ્માક્ષીએ કહ્યું. 'એ પેલા રણ એ જાણે છે'

'મને તો થાય છે એને પકડીને એની પાસેથી આ

ઘોડેસવારીની કળ શીખી લઉં !'

પદ્માક્ષી હસી પડી. તેજલરાણીના ઉત્સાહમાં રહેલું છૂપું પ્રેમબીજ એ કળી ગઈ. ' જોજો હો—એમ કરતાં તમે પોતે ગાંડાં થઈ જાઓ નહિ !'

' અરે ! મને કોઈ શું ગાંડી બનાવતું'તું ? હું બધાયને પાળેલા પોપટ જેવા બનાવી દઉં !'

દૂર એક ભડકો થઈને બુઝાઈ ગયો. એક ઠેકાણે શિયાળિયું બોલ્યું. એક વડવાગળું ઉપરથી ચાલ્યું ગયું. એકદમ સૌ શાંત થઈ ગયા. કોઈને ખબર પણ ન પડે કે અંધારામાં કોઈ જાય છે એવી હળવી ફૂલ જેવી હાલતી લેરખી જાતી હતી. એમ જ લાગે કે જાણે એ પવનમાં ઊડી રહી છે.

' સવાર પડયે તો પાછા આપણે ઘરભેગા થાશું ! આને—દેવપ્રસાદને ખબર તો પડે કે કેવા કેવા પડયા છે !' તેજલે પાછી વાત ઉપાડી: ' એના થોડાક વાળ કાપી લીધા હોય તો ?' તેજલ હસી.

કાંઈક ખખડાટ થતો લાગ્યો. એ એકદમ શાંત થઈ ગઈ: ' કોઈ માણસ જેવું લાગ્યું, પદ્માક્ષીબેન ?'

' એ તો આ જગ્યાએ એક જરખ ઘણી વખત મેં જોયું છે ! એ જ હતું !' અનુભવીની છટાથી લેરખાએ કહ્યું. થોડી વાર કોઈ- કાંઈ બોલ્યું નહિ. એટલી વારમાં છારિયા તળાવના કિનારા ઉપરનું અજવાળું નજરે પડયું: ' ત્યાં લાગે છે—છારિયા તળાવ ઉપર ! લેરખા !'

' ત્યાં નથી—મંડલીશ્વર મહાદેવ પાસે છે. મને ખબર છે. છારિયાને એક બાજુ રાખી દઈએ !'

છારિયાને એક બાજુ રાખી મંડળી આખી મંડલીશ્વર

મહાદેવના પાછળના ભાગમાં દૂર એક જાળના ઝુંડની ઘાટી છાયામાં આવી પહોંચી. લેરખાએ સાંઢણી ઝોકારી. જાણે મીણની જ બની હોય એવી લેરખીની દરેક હિલચાલ અવાજ વિનાની હતી. એણે લેરખા સાથે આવાં કેટલાંય મારણ કર્યાં હતાં. એને અસવારની નિશાનીનું શાસ્ત્ર આવડી ગયું હતું.

તેજલ નીચે ઊતરી. એની પાછળ પદ્માક્ષી આવી. એક ઘડીભર બન્ને જણાં મહાદેવના મંદિરની દિશા તરફ જોઈ રહ્યાં. કોઈ કાંઈ બોલ્યું નહિ. ગુપ્તચરે આશાને ખબર આપ્યા કે દેવપ્રસાદ મંડલી પાસે પડ્યો છે; એ સમાચાર તેજલરાણીએ છાના રહીને સાંભળ્યા હતા. સાંભળતાં જ એ અધીર થઈ ગઈ હતી. રાતે ને રાતે એમણે સંતલસ કરી લેરખાને સાધ્યો. લેરખી જેવી સાંઢ મેળવી તેઓ આંહીં આવી ચડ્યાં. દેવપ્રસાદને ખબર પડે કે આશાના સૈનિકો એની પટ્ટકુટીમાં આવી ગયા છે—એટલે બસ! તેજલરાણીનું લોહી સાહસ કરવા માટે અધીરું અધીરું દોડી રહ્યું હતું! એની જ પાસે ઊભેલી પદ્માક્ષી દેવપ્રસાદને કાંઈ થઈ તો નહિ બેસેનાં એ શંકાથી ધ્રૂજતી હતી. ઉપર કાળું વસ્ત્ર લપેટી તેજલે કાળો કછોટો વાળ્યો. માથે પણ કાળું મોટું વસ્ત્ર બાંધી લીધું. એના હાથમાં નાની ભયંકર વાંકી છરી હતી. તેજલે લેરખાને કાંઈક નિશાની કરી. લેરખો ત્યાં જમીન ઉપર જ લાંબો થઈ ગયો.

પદ્માક્ષીએ તેજલનો હાથ પકડ્યો: 'છરીનું શું કામ છે?'

'વખતે જરૂર પડે—તમે ન સમજો—' બહુ જ ધીમે અવાજે તેજલે જવાબ વાળ્યો. 'તમે પણ આંહીં થોભો—એક ક્ષણમાં હું પાછી આવું છું!'

'મને લાગે છે હું પણ આવું!'

'અરે! માવડી! તું આંહીં રે'ને. નાહકની મને હેરાન કરી દે'શ. આ હું આવી—'

'પણ—છરી—છરી—આંહીં મૂકી દો. તમને હૈયું હાથ નહિ રે', ને દગો થઈ જાશે!'

'અરે! થાય કાંઈ? આપણે દગો કરવા આવ્યાં છીએ? હું પણ આશાની દીકરી છું. છતાં પણ તમને એ શંકા લાગતી હોય તો લ્યો–લ્યો—' તેજલે છરી આપી દીધી.

તે એકલી અંધારામાં આગળ વધી.

ચોરપગલે થોડું આગળ વધી. અને પછી થોડેક જ દૂર જઈને તે જમીન ઉપર લાંબીચટ થઈને સૂઈ ગઈ. એક પ્રતિહારને પટ્ટકુટી પાસે આમતેમ આંટા મારતો એણે દીઠો. તેનો વાંસો ફર્યો કે તરત તે થોડું આગળ વધી ગઈ. પાછો એ નજરે ચડ્યો. સ્થિર શાંત પથરાની માફક તેજલ પડી રહી હતી. તેનો શ્વાસ પણ જાણે થંભી ગયો હતો. દરેકે દરેક નાનામાં નાની ગતિને પણ અંધારામાં પકડી લેવાની એની નજરને ટેવ હતી. પ્રતિહારને બીજી બાજુ જતો તેણે જોયો.

એક તરફ વાંકો વળીને તે જમીન ઉપર પડેલું કાંઈક જોતો હતો. એમ ને એમ એ થોડી વાર રહ્યો. વીજળીના જેવી ગતિથી તેજલે ઝડપ કરી, ને હજી પોતે પણ સમજી શકે કે શું થાય છે તે પહેલાં તો એ પટ્ટકુટીના દ્વારમાંથી અદશ્ય થઈ ગઈ. પ્રતિહાર હવે આ બાજુ આવ્યો હતો.

એક કોઈક શિયાળિયું થોડેક છેટે રોતું લાગ્યું. પ્રતિહાર ઝડપથી એ બાજુ ગયો, તેણે તીર કાઢ્યું. સનન કરતો પવન વીંધતો અવાજ થયો. તેણે બીજું તીર ચડાવ્યું. ઝુંડમાં સંતાયેલી પદ્માક્ષીને લાગ્યું કે વખત ઘણો ગયો. તે અધીર

થઈ. જરાક આગળ ખસીને તેજલ આવે છે કે નહિ એ જોવા જાય છે—એટલામાં તો જાણે હવામાંથી ઊડતી આવતી હોય તેમ તેજલ એની પાસે આવી— એનો હાથ દબાવતી એકદમ શાંત બેસી ગઈ. તેના નાક ઉપર આંગળી મૂકીને પોતે લાંબી થઈ ને જમીનસરસી જમીન થઈ ગઈ. એક પળ જાણે મુડદા જેવી શાંત પડી રહી. પદ્માક્ષીએ એનું અનુકરણ કર્યું.

'ઊઠો બેન! હવે થોભવાનું નથી. આપણું કામ થઈ ગયું!'

'હેં! થઈ ગયું? શું થયું?'

પદ્માક્ષીનો અવાજ જાણે કોઈ અતળ ઊંડાણમાંથી આવતો હોય એટલો ધીમો હતો.

લેરખાની સાંઢણી તૈયાર જ હતી. જેટલી શાંતિથી આવ્યા હતા તેટલી જ શાંતિથી તે ઊપડ્યા. રસ્તે થોડી વાર કોઈ કાંઈ બોલ્યું નહિ. પદ્માક્ષીના અંતરનો ભાર વધતો જતો હતો. તેજલ એ કળી ગઈ.

'તમને કાંઈ થાય છે?'

'ના, ના. પણ તમે શું કર્યું? શું કરી આવ્યાં? શું થઈ ગયું?'

'આપણું કામ થઈ ગયું,' તેજલ બોલી: 'હાથની વીંટી જ કાઢી લીધી!'

'હેં!' પદ્માક્ષીના અવાજમાં આશ્ચર્ય હતું: એથી વધારે તો છુટકારાનો દમ હતો.

'મેં તો આજે જ પહેલાંવહેલાં એને નીરખીને જોયો. તે પહેલાં તો જાવડભાવડ શિકારમાં દીઠેલો. અંદરના બીજા ભાગમાંથી દીપકનું ઝાંખું તેજ આવતું હતું. હીરો ચળકતો દીઠો—ને મેં તો વીંટી જ સેરવી લીધી! જરાક વાર થોભી

નીરખવા—'

'કેમ કેવાક લાગ્યા?'

'રાજાના દીકરામાં શું કે'વાનું હોય? ને એમાં પાછો આ તો જોગંદર! જનમ જનમાંતરના ધરમ વિના ભગવાને આવું રૂપ આપ્યું હશે? જાણે નીરખ્યા જ કરીએ. મને તો બીક લાગી કે ક્યાંક જાગી જાશે—ને પીટયું! શરમ આવી! એકલી ઊભી ઊભી થોડીક વાર તો નીરખી જ રહી! પછી ભાન આવ્યું કે હું તો આને લૂંટવા આવી છું!'

'એમ?' પદ્માક્ષીના અવાજે હવે શાંતિ ધારી લીધી હતી. તેજલના શબ્દે તે આશ્ચર્યમાં પડી ગઈ હતી. થોડી વારે પાછી તેજલ બોલી: 'તમે એને જોયેલ છે?'

'કોને?'

'દેવપ્રસાદને!'

'ના, ના.'

'ત્યારે આજ તમે જોયો હોત!'

'તો?'

'નજરમાંથી કેટલાક ખસતા નથી—એક વખત જોયા પછી. કોકમાં પીટયું! એવું રૂપ હોય છે!' તેજલને સાંભર્યું કે લેરખો એની વાત સાંભળે છે. તે શાંત થઈ ગઈ.

મુકામ ઉપર પહોંચ્યા ત્યારે સવાર થવા આવી હતી. બહાર પહર ચરવા નીકળેલ ઢોરના * ખરકા સંભળાતા હતા.

બન્ને જણાં ગુપચુપ પોતપોતાને સ્થાને ઊપડી ગયાં. ક્યારે ગયાં ને ક્યારે આવ્યાં એ કોઈને જાણવા દેવાનું ન

* ગાય ભેંસના ટોળામાં એકાદબે ઢોરને ઘંટ બાંધેલ હોય તે. આ ઘંટને ખરકા કહે છે.

હતું. સવાર થયું, તડકો થયો. પદ્માક્ષી તેજલને મળવા ગઈ, તો એને હમેશની જેમ હરિણની પેઠે કૂદતી એણે જોઈ નહિ. એ એક જગ્યાએ શાંત બેસી ગઈ હતી. આંખના કજ્જલને એણે ધોઈ નાખ્યું હતું. કજ્જલ ધોવાથી આંખની લાલ ચટક શોભા ઊઠી હતી. હાથમાં ચાંદીનો અરીસો લઈ એ પોતાનું મોં જોઈ રહી હતી.

પદ્માક્ષી એને નિહાળતી ઘડીભર ઊભી રહી. તે એને જોઈને મનમાં હસી પડી: 'આને બિચારીને પણ એનું આકર્ષણ થયું લાગે છે!'

તે એની પાસે ગઇ: 'કેમ તેજલરાણીબા! આજ તો કાંઈ અરીસાની બહુ પ્રીતિ થઈ છે!'

'તમને એક પૂછવાનું હતું, બેન! તમારા ઊંચ વરણમાં કોઈ તમારી પાસે વીંટી મૂકી જાય તો?'

'વીંટી મૂકી જાય તો? એટલે?' પદ્માક્ષીને તેજલના શબ્દોએ કાંઈક નવીન જ દર્શન કરાવ્યું.

'એની વીંટી તો મેં સેરવી લઈ લીધી—પણ મેં ભુલકણીએ મારી વીંટી ત્યાં જ પડી રહેવા દીધી!'

'અરે!' પદ્માક્ષી ઊંડા વિચારમાં પડી ગઈ.

૩૪. દેવપ્રસાદની બીજી પ્રતિજ્ઞા

દેવપ્રસાદ સવારે જાગ્યો ત્યારે પોતાની પટ્ટકુટીમાં મઘમઘી રહેલા કસ્તૂરી પરિમલે એના આનંદનો તેમ આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અચાનક હાથ પથારીમાં ફર્યો, તો એક મહામોલું નંગ હાથ આવ્યું. તેની નજર એના હાથ ઉપર ગઈ ને એ ચોંકી ગયોઃ 'અરે! મારી રાજમુદ્રિકા કોણ ઉપાડી ગયું?' જે મહામોલું નંગ તેના હાથમાં આવ્યું હતું તેના ઉપર એની નજર ઠરી ગઈ: 'આ કોઈક આંહીં મૂકી ગયું લાગે છે—ને હા!' તે નંગમાંથી આવતી સુગંધી અનુભવી રહ્યો: 'ગોપકપટ્ટનથી આવતી મહામોલી કસ્તૂરીની ગંધ પણ આમાંથી આવે છે!' તે ઘડીભર અવાક થઇ ગયો. 'રણમલ!' તેણે બૂમ પાડી. જવાબમાં રણમલ આવ્યો. 'અલ્યા, રાતે આ બાજુ કોઈ આવ્યું હતું?' 'કોઇ નહિ, પ્રભુ!' રણમલે જવાબ વાળ્યો. 'પણ ત્યારે આ—જો—આ નંગ આંહીં ક્યાંથી?' રણમલ નંગ જોઈને દિઙ્મૂઢ બની ગયો. કોઈક રાતે આવી ગયું હતું, એ ચોક્કસ. એટલામાં તો બહાર ધૂળમાં ઉતાવળાં પડેલાં કોઇકનાં પગલાં એની નજરે પડ્યાં.

'ઓત્ તારીની! આ હા!' દેવપ્રસાદની નજર વીંટી ઉપર હતી: 'આ તો કામ આશાનાં. જબરો, ખરેખર! જબરો. પણ આ જેણે કર્યું હોય એને જો જીવતો પકડીને મહારાજ પાસે રજૂ ન કરું, તો હું દેવપ્રસાદ નહિ! મારો રણજંગ ક્યાં છે?'

થોડી વાર પછી પરવારીને રણજંગ ઉપર બેસીને દેવપ્રસાદ એકલો ફરવા નીકળ્યો. એણે પહેલાં તો ઉતાવળાં ધૂળમાં પડેલાં પગલાં જોયાં. પછી નિશાની લેતો ઝુંડમાં પહોંચ્યો. એમની સંતાવાની જગો જોઈ. ત્યાંથી સગડ લેતો આગળ ગયો. પછી તો જંગલમાં પગલાં ચાલ્યાં જતાં હતાં. એ છારિયા તળાવ ઉપર નીકળ્યો. ત્યાં નટડીઓ નૃત્ય કરી રહી હતી. કોઈ તાલમાં નાચતી હતી. કોઈ ઢોલક વગાડતી હતી. કોઈ સંગીતનો સૂર છેડી રહી હતી.

'બંધ કરો તમારો નાચ! આ શું મૃદંગ લઈને આંહીં નૃત્ય આદર્યું છે? અત્યારે નૃત્યનો વખત છે? જંગાજંગી ચાલે છે એ ખબર નથી?'

'પ્રભુ! મૃદંગ પણ જીવંત વસ્તુ છે. એના બસો ને એંશી તો પ્રકાર છે. એને પોતાની ભાષા છે!' દેવપ્રસાદની સામે હાથ જોડીને એક મુખ્ય નર્તિકા જેવી ઊભી હતી તેણે કહ્યું. એના રૂપની મોહિની એટલા જંગલને જાણે સજીવન બનાવી દેતી હતી. દેવપ્રસાદને એ અદ્દભુત લાગી.

'મૃદંગના બસો ને એંશી પ્રકાર?'

'પ્રભુ! મૃદંગ તો માણસને પ્રાણ આપે છે. એના નાદે વિશ્વ ડોલે એવી એની મોહિની છે!'

'કોઈ ટોડડી રાતે આ બાજુથી—જતી જોઈ?'

'ટોડડી—ના રે, પ્રભુ !'

દેવપ્રસાદને થયું કે આ નટડીઓ આંહીં પડી છે, ને રાતે આ બાજુ નીકળેલી સાંઢ ન જુએ, એ તો ન બને: 'આ *પડિલ્લી શાની છે? અંદર કોણ છે?'

'પડિસારીમાં ? એમાં અમારાં બાઈ છે. જરા સૂતાં છે—તબિયત નરમ છે!'

'બતાવો, કોણ છે? તમને ખબર નથી, આંહીં સૈનિકો પડ્યા છે?'

×પારિહટ્ટીએ દેવપ્રસાદ તરફ જોયું. તે વધારે સજ્જ થઈ ગઈ. દેવપ્રસાદને શંકા પડી. તે ઘોડા ઉપરથી ઊતરી અંદર જવા આગળ વધ્યો. એને આવતો જોઈ નટડીઓએ કુંજડીઓની પેઠે મોટો કોલાહલ કરી મૂક્યો: 'જતા નહિ, જતા નહિ, અમારાં બાઈ છે! પુષ્પનૃત્યનો અભ્યાસ કરે છે, અંદર જતા નહિ!'

'અરે! દૂર ખસો—તમે ગુપ્તચર લાગો છો—'

'ના, ના, મહારાજ! અમે તો નટડીઓ છીએ, મહારાજ!

'ખસો—'

એ જ વખતે વીજળીવેગે આવતી એક સાંઢણી ઉપરથી કોઈકનો અવાજ આવ્યો. દેવપ્રસાદ થંભી ગયો. સંગ્રામનો પરિચિત અવાજ હતો. થોડી વારમાં તો સાંઢણી આવી પહોંચી. મહારાજ કર્ણદેવ પોતે હતા.

'દેવપ્રસાદ! તમે મુકામ ઉઠાવો ને આગળ વધો. અમારી પાછળપાછળ હમણાં જ સૈનિકો આવી રહ્યા છે. અમે આગળ ચડી આવ્યા. ત્યાં મહારાજે બંધાવેલ શિવાલય પાસે

---

* પડદા જેવું વસ્ત્ર. ×બારણાની સ્ત્રી રખેવાળ.

મુકામ ન કર્યો ? આંહીં—આ શું ? આ નટડીઓ કોણ છે ?'

'એ જ ખબર પડતી નથી, મહારાજ ! ગુપ્તચર જેવી લાગે છે. આજે તો મારું નાક આશો વાઢી ગયો !'

'નાક આશો વાઢી ગયો ? એટલે ?'

'મહારાજ ! મારી રાજમુદ્રિકા ઉપાડી ગયો !'

'હેં !' કર્ણદેવના અવાજમાં આશ્ચર્ય હતું: 'રાજમુદ્રિકા ઉપાડી ગયો ? તમારી ? શું કહો છો ? ક્યાંથી ?'

'અરે ! મહારાજ ! કહેવાની વાત નથી. હું સૂતો હતો ને કોણ જાણે ક્યારે આવીને ઉપાડી ગયો. ધરાર આંગળીમાંથી સરકાવી ગયો !'

એ જ વખતે સાંતૂ, મુંજાલ, મુખ્ય સેનાનીઓ બધા એક પછી એક દેખાવા લાગ્યા. મહારાજને આંહીં થોભેલા જોઈ સૌ અટકી ગયા.

'મેં પ્રતિજ્ઞા લીધી છે, મહારાજ ! જેણે મારી વીંટી સેરવી છે એને જીવતો પકડી લાવું !'

'અરે ! એવી ગાંડી તે કાંઈ પ્રતિજ્ઞા હોય ?'

'તે વિના પાટણમાં પગ મૂકવાનું હરામ !'

'અરે ! રાખો રાખો, આપણે રણે ચડયા છીએ. તે એને વહેલે મોડે ઠાર કરીને જ જંપશું ! પણ આ વખતે એને પત્તો મળી ગયો લાગે છે. ભલો હશે તો સરકી જ જાશે.'

'શું છે, મહારાજ ?' સાંતૂએ પૂછયું.

'એ તો આ તમારો આશો ચોરપગલાનો લૂંટારો રહ્યો. દેવપ્રસાદજીને હાથતાળી આપી છટકી ગયો, એની વાત છે. રાતે સૂતા હશે પોતે, ને પેલો આવીને રાજમુદ્રિકા સેરવી ગયો. એમાં તે આવી ઘેલી પ્રતિજ્ઞા હોય ? એને

જીવતો પકડવો સહેલો છે ?'

'આ બધી નટડીઓ જેવી આંહીં કોણ છે ?' સાંતૂ તીક્ષ્ણ દૃષ્ટિથી એમને જોઈ રહ્યો. એને આશાની આ પરાક્રમ-પ્રવૃત્તિ અદ્‌ભુત લાગી. દેવપ્રસાદ જેવાને હાથતાળી આપનાર વિષે હવે સહેજ પણ ગફલત કરવી એને આપઘાતક જણાઈ. એણે નટડીઓને બહુ જ બારીકીથી જોવા માંડી. તે નીચે ઊતર્યો. મુંજાલ, મહારાજ સૌ નીચે આવ્યા. એટલામાં અર્જુનભટ્ટ આવી પહોંચતાં જ સાંતૂએ કહ્યું: 'ભટ્ટરાજ! આ નટડીઓ કોણ છે? એમને બધીને પડદા પાછળથી બહાર લાવો!'

એક પછી એક નટડી બહાર આવતી ગઈ.

'આ તો નટડીઓ જ છે.'

અર્જુનભટ્ટે કહ્યું, 'અંદર હવે કોણ છે!'

'અમારાં બાઈ છે, પ્રભુ!' નટડીઓએ હાથ જોડ્યા.

'એમને બહાર આવવાનું કહો—' સાંતૂએ આજ્ઞા કરી. એને શંકા પડી કે દાળમાં કાંઈક કાળું છે ખરું.

'પ્રભુ! અમે તો કર્ણાટકનાં છીએ! આમ સોમનાથ જવા નીકળ્યાં છીએ. આશાને ત્રાસે દરિયામાર્ગ તજી આ લાંબો પંથ લીધો છે—વઢિયાર પંથકમાં થઈ પછી વર્ધમાન-પુરીનો માર્ગ પકડીશું!'

'ભલે એમ કરજો; પણ પહેલાં અંદર જે હોય તેને બહાર આવવાનું કહો!'

'પ્રભુ—!'

'અર્જુનભટ્ટ! કોણ છે—અંદર જુઓ—તો' સાંતૂએ કડક અવાજે કહ્યું.

અંદરથી એક અત્યંત રૂપાળી નાજુક સ્ત્રી બહાર આવી. એના ઉપર દૃષ્ટિ પડતાં જ મહાઅમાત્ય થંભી ગયો. મહારાજ કર્ણદેવનો આશ્ચર્યનો ઉદ્‌ગાર નીકળતો માંડમાંડ રહી ગયો. મુંજાલ ને અર્જુનદેવ જોઈ જ રહ્યા. વિખ્યાત નર્તિકા સીતા નતમસ્તકે ત્યાં સામે ઊભી હતી. 'એ આંહીં ક્યાંથી?' એ સવાલ એમના અંતરમાં થયો ન થયો, ને મહાઅમાત્ય જાણે કે જે જોયું તે જોતો ન હોય તેમ બોલી ઊઠ્યો.

'ચાલો, ત્યારે આમાં કોઈ ગુપ્તચર લાગતું નથી. પણ તમે આજ ને આજ મુકામ ઉપાડી મૂકજો,' તેણે નટડીઓને કાંઈ ન હોય તેમ કહ્યું: 'આંહીં સૈનિકો આવી રહ્યા છે. ચાલો, મુંજાલ! આંહીં કોઈ નથી. દેવપ્રસાદજીની આંગળીએથી મુદ્રિકા સેરવનારો કોઈ બે માથાળો હશે—! ચાલો!'

સૌ એની પાછળ ઘસડાયા. પણ રાજાની દૃષ્ટિ હજી સીતા નર્તિકા ઉપર હતી. તેણે એક વખત પ્રશ્ન પણ કર્યો: 'પેલી સીતા જેવી લાગે છે કેમ, સંગ્રામ?'

સંગ્રામે બોલ્યા વિના માથું ધુણાવ્યું. પંખિણીને ઉપાડી મૂકી.

૩૫. મુંજાલે ફરી સલાહ આપી

'અર્જુનભટ્ટ!' સાંતૂએ મુકામ થયો ન થયો ને ભટ્ટરાજને તરત આજ્ઞા આપી. 'તમે રણમલને સાથે લઈને ઊપડો. પેલી નર્તિકાને એની સાથે ઝડપી સાંઢણી ઉપર વઢિયાર પંથક ભણી રવાના કરી, પછી જ ત્યાંથી ખસજો. એ આંહીં ક્યાંથી ફૂટી નીકળી? એ આંહીં ન જોઈએ. માથે આશા જેવો દુશ્મન છે. રાજા આંહીં ઘેલાં કાઢવા માંડશે, તો સેંકડોના જીવ જંગલમાં જોખમાઈ જાશે! સમજ્યા?'

અર્જુનભટ્ટ જવાની તૈયારી કરતો હતો, ત્યાં તો સંગ્રામ દેખાયોઃ 'મહાઅમાત્યજી!'

'કેમ?'

'મહારાજે કહેવરાવ્યું છે કે પેલી નટડીઓ ભલે તળાવ પાસે રાતવાસો પડી રહે. સવારે ચાલી જાશે. નાહકના સોમનાથના જાત્રાળુઓને હેરાન કર્યાનો દોષ આપણને લાગશે!'

'ભલે! નટડીઓ રાતોરાત પડી રહેશે!'

સંગ્રામ નમીને ગયો

'જોયું? ભટ્ટરાજ! તમે જાઓ. નટડીઓ ભલે રહી. પણ નર્તિકા સીતાએ જવું જોઈએ. દિવસ ઊગ્યે, રણમલને

કહેજો કે એને વર્ધમાનપુરી દેખાડી દો.'

'પ્રભુ!' મુંજાલ આવી રહ્યો હતો: 'વર્ધમાનપુરી જાય કે પાટણપુરી જાય એમાં શો ફેર પડવાનો હતો?'

'એટલે? હજી તારે વાર છે, સમજ્યો? રાજતંત્ર મારે ચલાવવું છે!'

'પણ, પ્રભુ! માથે આશા જેવો દુશ્મન છે!'

'એટલે તો આને આંહીંથી તરત કાઢવાનું કરીએ છીએ. કાલે તો યુદ્ધની વ્યૂહરચના થઈ જવી જોઈએ!'

'પણ મહારાજનું અંતઃકરણ ખાટું થઈ જાશે તો આપણને એ વાત ભારે પડી જાશે. હમણાં છો ને નર્તિકા પાટણ જતી—મહારાજને મનમાં ધરપત રહેશે કે પાછી પાટણ તો ગઈ છે! અને આ યુદ્ધ પૂરું થયે ક્યાં પાછી સોમનાથ કે સ્તંભતીર્થ કે છેક ગોપકપટ્ટન એને ધકેલાતી નથી?'

સાંતૂને વિચાર તો મૂલ્યવાન લાગ્યો. અત્યારે ઘર્ષણ ટળે. મહારાજનો ઉત્સાહ મંદ થતો અટકે. આવા જોખમી યુદ્ધમાં મતભેદ થાય તો સેંકડોનો પ્રાણ હતા ન હતા થઈ જાય. અત્યારે આ મુંજાલ, મહારાજ પાસે પોતાની વાત મૂકતો થયો છે—પણ એ તો ભવિષ્યમાં જોઈ લેવાશે. સાંતૂએ અત્યારે ઘર્ષણ ટાળવામાં લાભ જોયો.

'અર્જુનભટ્ટ! ત્યારે તો સંગ્રામને જ બોલાવો! આપણે મુંજાલ કહે છે એમ જ કરીએ.' 'તું મહારાજને કાને વાત નાખી દેજે!'

મુંજાલ થોડી વાર પછી નમીને કર્ણદેવ પાસે ગયો. કર્ણદેવનું અંતર આજે ખાટું થઈ ગયું હતું. એને પોતાની ઇચ્છાની વારંવાર ઉપેક્ષા થતી જણાતી હતી. પણ મહા-

અમાત્યની ઇચ્છાવિરુદ્ધ એ સીતાને રોકવા અસમર્થ હતો. અને સીતાને આજે જોયા પછી એના વિના એ જીવવા માટે પણ અસમર્થ હતો. 'સીતા હતી ? હતી તો સીતા જ ! એ આંહી ક્યાંથી ? આંહીંથી પછી ક્યાં જશે ? શી રીતે એને રોકી લેવાય ? એને ન રોકાય ?' એના મનમાં આ પ્રશ્નોની ગડમથલ જામી હતી. એટલામાં મુંજાલ આવ્યો.

'મહારાજ !' મુંજાલે ધીમેથી પ્રણામ કરતાં કહ્યું: 'સોમનાથની યાત્રા અત્યારે ભયભરેલી છે, મહારાજ ! આ પેલી નટડીઓ પડી છે, એમને વઢિયાર મોકલવામાં પણ જોખમ છે. આપણે આંહીં પડ્યા હોઈએ ને યાત્રાળુઓ લૂંટાય તો આપણી કલંકકથા ઘેરઘેર ગવાય. આપણે એ સૌને પાટણ તરફ જ રવાના કરી દઈએ તો ? મહાઅમાત્યજીએ પણ એમ કરવું યોગ્ય ધાર્યું છે !'

મુંજાલે યુક્તિથી કર્ણદેવના દિલની જ વાત કહી હતી—અને છતાં બહારનું ખોટું ઢાંકણુ ઉઘાડયું ન હતું. કર્ણદેવને મુંજાલના શબ્દોમાં દૂરની પણ આશાનો સંચાર લાગ્યો.

'અને વળી બીજું કારણ છે, મહારાજ ! આપણે તપાસ તો કરી છે. છતાં અત્યારે યુદ્ધના સંયોગો છે. એ બધી ગુપ્તચર હોય કે ન હોય—એમને છૂટી મૂકવી એ ઠીક નથી !'

'હાં—હું એ જ કહું છું. મહેતાને મેં એ જ કહેવરાવ્યું છે ! મુંજાલ ! આમાં સીતા જેવું કોઈક છે ? કે એમ મને લાગે છે ?' અચાનક કર્ણદેવનું અંતર ખૂલી ગયું.

'મહારાજ ! સીતા છે—એટલે જ અત્યારે પાટણ જાય તો યુદ્ધ પૂરું થયે આપણે એને પાટણમાં જ રાખી શકીએ !'

'પણ સાંતૂ—મહેતા—' કર્ણદેવે ભય પ્રગટ કર્યો. મુંજાલનું અંતર આનંદથી ડોલી ઊઠ્યું.

'મહારાજ! અત્યારે તો પાટણની વાત થઈજવા દો. પછી આગળની વાત આગળ. યુદ્ધના સંયોગો બદલાયા હશે—દેશની પરિસ્થિતિ જુદી હશે, તો એ પ્રમાણે આપણે માટે નવો ઉકેલ પણ મળી આવશે!'

'શો?'

'ભોજરાજ પાસે વિજયા જેવી પંડિતા હતી—તે.'

કર્ણદેવને દૂરદૂરનો આશાતંતુ મળતાં એ કાંઈક સ્વસ્થ થઈ ગયો. એટલામાં સંગ્રામ આવ્યો.

'મહાઅમાત્યજી કહે છે પહેલાં નટડીઓને પાટણ ભેગી કરવાની જરૂર છે. એ ગુપ્તચર હોય કે ન હોય એની શી ખબર? યુદ્ધના સંયોગો છે ને એમને છૂટી મૂકવી ઠીક નથી!'

'પણ જાય છે કોણ?'

'હું જાઉં છું, મહારાજ! સૌને પહોંચાડીને પાછો ફરું?'

'પણ પાછો તરત ફરજે!'

સંગ્રામ તે રાતે જ આખું ટોળું લઈને પાટણ તરફ ઊપડી ગયો.

૪૬. આશાની ગઢી

મહારાજ કર્ણદેવ પોતે આવી રહ્યા છે, એ સમાચારે આશાના જંગલદુર્ગમાં મોટો ખળભળાટ મચાવ્યો હતો.

એટલીવારમાં સ્તંભતીર્થ પાસે પડેલું સેનાપતિ રુચ્ચિકનું સૈન્ય બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. એક ભાગ સેનાપતિ સાથે ત્યાં સ્તંભતીર્થમાં જ રહ્યો; બીજો ભાગ આગળ વધતો ખેટક પાસે મુકામ નાખીને પડ્યો. હવે અર્જુનભટ્ટ એને દોરવા એ બાજુ ગયો. એ સૈન્ય ત્યાંથી આગળ વધે, અને મંડળી તરફથી આવતા સોલંકી સૈન્ય સાથે જોડાઈ જાય, તો પછી પાછળ હટીને નળબાવળી કે દરિયાનો આધાર લેવાનો આશાનો માર્ગ કપાઈ જાય. પછી તો એણે કાં યુદ્ધ કરવું રહ્યું, કાં મહીનાં કોતરોમાં ભરાઈને પોતાનો માર્ગ કરવો રહ્યો, અથવા તો હમેશાં થોડું થોડું જંગલ દબાવતા સોલંકીઓને હાથે શરણાગતિ સ્વીકારવી રહી. આશાના નાયકો અને ઠેરઠેરથી આવી પડેલી લૂંટારુ ટોળીના સરદારો અત્યારે આશાગઢીમાં એટલા માટે ભેગા થયા હતા. સોલંકી સૈન્ય આવી ચડે તે પહેલાં સહીસલામત જંગલદુર્ગમાંથી વીંખાઈ જવાની યોજના વિચારાતી હતી.

'વેરા ! ખાતાપીતાએ કહ્યું એ આપણે સૌએ સાંભળ્યું. બોલો, હવે શું કરવું છે ? ખાતાપીતાએ તમને વખતસર ખબર આપી દીધા છે. અરજણભટ દખણ તરફથી ને દેવપરસાદ ઓતરાદી કોરથી આપણને ઘેરી વળશે. પછી નળબાવળીના મારગનો પત્તો નહિ ખાય, ભૈ ! મને તો આ બે હતી જ, પણ આપણી અધૂરી તૈયારીએ સામે મોંએ આપણે લડાઈ આપવી નથી. એટલા માટે ક્યારની આપણી જમાવટ હું વીંખવા માંડ્યો હતો. આજ તમને સૌને એટલા માટે જ બોલાવ્યા છે. બોલો—'

'કરો કંકુના તંઈ, આજ રાતના બીજું શું ?' વેરાએ જવાબ વાળ્યો. એણે પોતાની જાડી બરછટ દાઢી બે હાથે બન્ને બાજુ દબાવવા માંડીઃ 'એ તો, ભૈ ! એવું છે. આપણે જમાવટ કરી છે, ને આપણે પાછી વીંખી નાખવી છે !'

'અને ભોમકા આખી તમારા મોં ઉપર થૂંકશે નહિ ? ભીલના દીકરા ક્યાંય ભાગ્યા જાણ્યા છે ?' વેરાનો ભાઈ તેરો બોલ્યોઃ 'એના કરતાં અત્યારે સમો છે. તૂટી પડો ને !'

'ભૈ ! તૂટી પડવાની વાતું કરવી સે'લી છે. પણ જોયું નૈં તમે, આવડો મોટો જગત્પાલ એક ડગલું ન્યાંથી આણી કોર ચસકી શકયો ? કયાંથી ચસકે ? ત્યાં પેલો પડ્યો છે. ચસકે તો તરત મહીનાં કોતરમાં જ તળ રાખી દે. ત્યારે આ તો એવી વાત છે. મોટા જુદ્ધની વાતું છે. લૂંટ કરવી હોય, મારણ કરવું હોય કે ભલેને મોટો ચમ્મરબંધી કેમ નથી, એની પાસેથી ચીજવસતું કઢાવવી હોય, તો આંખમાંથી કણું કાઢીએ એમ કાઢી લેવાય ! એય બેટો જોતો રે'. પણ આ તો હજારુંનાં લાવલશ્કરની વાતું છે. આપણું હજી જામતું આવે

છે. એણે જમાવટ કરી લીધેલી છે. અટલે અત્યારે ખસીને એને મારગ આપી દેવો! નળબાવળીમાંથી ક્યાં દરિયો ખેડાતો નથી? ને પાછો સમો આવશે, તો જેમ ગોફણમાંથી છૂટે એમ પાછા એના ઉપર તૂટી પડશું! આ તો સમો સાચવી લેવાની વાત છે. ને વખત રિયો છે ટાંચો!'

આશાની વાત તેજલ સાંભળી રહી હતી. બાપની આવી મોળી મોળી વાત એને રુચી નહિ. એનું લોહી ઠેકડા મારી રહ્યું હતું. પોતાની પાસેના ખોળામાં માથું ઢાળી પડેલા ધોળા હરણને એણે બેઠું કરી દીધું. તે ઠેકડા મારતું ભાગી ગયું. ઊભી થઈને તે મંડળી તરફ આવી: 'બાપા! દેવપરસાદને જઈને કો' તો હું ઉપાડી લાવું તો? ને અરજણભટ્ટને આ તેરો ઉપાડી લાવે. એક વખત તો બધાય ગગા હશે, ત્યાં જ થંભી રે'શે! પછીની વાત પછી!'

સૌ હસી પડચા: 'પણ એમ કાંઈ છોકરાંની રમત છે?'

'હા, હા,' તેજલ ઉત્સાહથી બોલી: 'હું તમને કહું છું ને કે હું ઉપાડી લાવું!'

'ભૈ! અત્યારે એવી ગોઠવણ કરવા બેસીએ, ને આપણે પોતે જ આંહીં સપડાઈ જાઈ તો? આજ રાતે ગાડાંગબરાં, માલમતા, સરસામાન, ઢોરઢાંખર લઈને ખાતોપીતો રવાના થાશે. થોડાંક તો ભોપા સાથે રવાના થઈ ગયાં છે. એ બધાં તો નળબાવળીમાં પહોંચી ગયાના સમાચાર પણ આવી ગયા. ત્યાંથી કાંક કંઠાળ દીમના વળશે. બીજા બાકીનાં આજ ઊપડે. એક બાજુ સાબરનાં વાંઘાં હશે. બીજી બાજુ જંગલનો આશરો હશે. થોડાક હથિયારબંધ ટોળકીમાં ચારે કોર ફરતા રે'શે. એટલે એવા રક્ષણ નીચે ખાતોપીતો બધુંય સહીસલામત પાર

ઉતારી દેશે. પછી આપણે રહ્યાસહ્યા એક પછી એક નળ-બાવળીનો મારગ પકડશું. સૌ સહીસલામત જંગલ છોડી જાય ને એક છ મહિનાનું છોકરું ય નોધારું નો હોય, પછી મારો વારો!' આશાએ કહ્યુંઃ 'વળી ભગવાન દી દેખાડશે ત્યારે પાછા ફરશું!'

'સૌથી છેલ્લો તો હું, નાયકજી!' વેરો બોલ્યો. 'ના, હું!' તેરાએ કહ્યું. 'સૌથી છેલ્લે તો, બાપા! મને નીકળવા દ્યો ને. મને તમે કોઈ દી સામે મોંએ લડતાં જાઈ, ને ભાગતા જાઈ એવી લોહીમાં જીવ જીવ ભરી દ્યે, એવી રમત તો રમવા જ નથી દીધી! સૌથી છેલ્લી તો હું!'

'પણ દીકરી!' આશો હસી પડ્યોઃ 'તારું લોહી ઠેકડા મારે છે, પણ આ તો માથાવઢ ધીંગાણાની વાતું છે! જો ને બચારી આ શેઠની છોકરી, તારી વાતું સાંભળીને બચારી ઠિંગરાઈ ગઈ છે. આનું શું કરશું, ભૈ તેરા?'

'કેમ વળી? ઈ તો આપણા ભેગી. ઈ હવે ક્યાં જાય?' તેજલ બોલી.

'તેરાને થંભતીરથમાં કોઈ એ નામનો શેઠિયો જ મળ્યો નહિ ને. શું કહ્યું, તમારા બાપનું નામ બોન?'

'વજ્જર શ્રેષ્ઠી!'

'હાં, એ નામનો કોઈ મળ્યો જ નહિ.'

'ન મળ્યા તે ઠીક થયું, બાપા! હું એને હવે જાવા દઉં નૈં તો. ઈ તો મારી બેન જેવી થઈ ગઈ છે. ઈના વિના હું દખસખની વાત કોને કરું? ઈના વિના આપણને કોણ કૈં કે આપણે તો ભગવાન રામચંદરના ભીલરાજના વંશમાંથી આવ્યાં છૈં. ઈ તો હવે મારી બેન. એને હું

જાવા નો દઉં !'

'પણુ એને બચારીને માબાપ સાંભરે નાં ? ઠીક, લ્યો, હવે વળી બીજી ખેપે વજ્જર શેઠનો પત્તો ખાશે ત્યારે. ભૈ વેરા ! તમે ઢોલ વગડાવો. ને જંગલે જંગલમાંથી દંગા ઉપડાવી લ્યો. આજ જ સૌ ચાલતી પકડો. ખાતાપીતાએ કહ્યું ઈ સાચું છે. દેવપરસાદ ને અરજણુ બે ભેગા થઈ જાશે પછી આપણો આરો નથી. પછી આપણો મારગ બધોય સળગી જાય—!'

'દેવપરસાદને તો, બાપા ! તમે કિયો તો હું પકડી લાવું ! જુઓ, આમ પકડી પાડું—' તેજલે દોડીને ધોળા હરણુને પકડતાં કહ્યું: 'જુઓ આમ, બાપા ! આ હરણુકું આપણી હારે રે'શે હો, બાપા !'

આશો દીકરીને દોડતી જોઈ રહ્યો હતો તે બોલ્યો: 'દીકરી ! મને તારી મોટી ચંતા છે !'

'મારી ? મારી શી ચિંતા છે, બાપુ ? હું પણુ ગઢીની ધજા ફરકતી રાખીશ ! નીચે નહિ પડવા દઉં !'

'આવું રતન કોને સોંપવું ને એને કોણુ જાળવે—' આશો મનમાં ને મનમાં વિચાર કરી રહ્યો. તેણે હેતથી તેજલના માથા ઉપર હાથ મૂક્યો.

'મારા મનમાંથી દીકરાનો વસવસો માતર હાલ્યો ગયો, બેટા ! મારી ગઢીની ધજા તું ફરકતી રાખીશ.'

તે દિવસે આશાની કુલઝપટ જમાવટ જંગલમાંથી અદૃશ્ય થવા લાગી. ગાડાં, હાથી, ઘોડાં, સાંઢિયા, બળદ, ગાય, ભેંશ, બકરાં અને ગાડાંની કતારની કતાર જોડાવીને સૌ સરસામાન લઈને ચાલી નીકળ્યા. આશાના ભીલો પચીસ-

પચાસ ને સોસોની ટોળકીમાં રસ્તાની ચારેબાજુ જોજન જોજનવા તીરકામઠાં લઈને ફરતા રહ્યા. ખાતોપીતો આગળ-આગળનો મારગ ભોમિયાને મોકલાવીને બરાબર તપાસી જોતો હતો. એમ ને એમ સૌ સહીસલામત નળબાવળી, કંઠાળ ભાલ—ચારે તરફ વેરાતા વેરાતા પથરાઈ જવા માંડયા. આશાએ પોતાની જમાવટ અકબંધ રાખીને અત્યારે તો વિખેરી કાઢી.

બધા નીકળી ગયા પછી એક દિવસ આખું જંગલ ફરી ફરીને જોયા પછી આશો ભારે હૈયે પોતાની ગઢી પાસે આવીને ઊભો રહ્યો. કાલે સવારે આ ગઢી એમને તજી દેવાની હતી. એની મહત્ત્વાકાંક્ષા તો કોઈ મોટા સૈન્ય વડે સોલંકી-ઓનો મુકાબલો કરવાની હતી. આશાગઢીને એણે અજિતદુર્ગ જેવી બનાવી હતી. એના ઊંચા બુરજ ઉપર એનો હનુમાની ધ્વજ હવામાં ફરફરતો હતો. હમણાં તો એણે પોતાના સેંકડો અનુયાયીઓને નાહકનાં લોહી રેડતા બચાવ્યા હતા. એને ખબર મળ્યા હતા કે મહારાજ કર્ણદેવ હમણાં થોડું લશ્કર લાવ્યા હતા. પણ તૈયારી તો જેમ માળવા ઉપર ચડે એમ ભારેમાં ભારે કરીને પછી જ આ બાજુ આવતા હતા. અને એક મહાન યુદ્ધમાં જ આશાને વેરણછેરણ કરવાની એમની નેમ હતી. એટલે આશાએ ડહાપણ વાપર્યું, પોતાની શૂરવીરતાને ભવિષ્ય માટે સાચવી રાખી: પોતાની બધી જમાવટ અકબંધ ખસેડી લઈ જંગલમારગ ચોખ્ખોચટ કરી નાખ્યો. નજીકના ભવિષ્યમાં—જ્યારે પણ મહારાજ કર્ણદેવ કોઈ મહાન યુદ્ધમાં સપડાય ત્યારે પહેલી જ તકે, આશો એમને ભીડવવાનું સ્વપ્ન સેવી રહ્યો હતો. પોતાની તમામ આશા, મહત્ત્વાકાંક્ષા,

યુદ્ધપ્રીતિ, કીર્તિની ઇચ્છા, સઘળાં એણે પોતાના અંતરમાં સમાવી એના ઉપર જાણે સમયપૂરતી એક મહોર લગાવી દીધી હતી. તે આશાગઢીની સામે જોઈ રહ્યો. તેજલ, પદ્માક્ષી, વેરો ને તેરો ચાર જ જણાં બાકી રહ્યાં હતાં. આશાએ એક લાંબી દુ:ખભરી નજરે ગઢીને નિહાળ્યા કરી.

'વેરા! મને થાય છે, હવે સૌ નીકળી ગ્યાં છે. આ ગઢીને સાચવતો હું મરણ મીઠું કરી લઉં!'

'ને ત્યારે હું નહિ, બાપુ? જ્યાં તમે ત્યાં હું!'

'તું તો છો જ નાં—દીકરી! તેં તો રંગ રાખ્યો છે! આ તો મને થાય છે કે કોને ખબર છે આવતી કાલે શું થાશે? જાતો નળબાવળીમાં કે ભાલમાં કે કંઠાળમાં કે દરિયામાં ભૂંડે હાલે મરું એના કરતાં થાય છે કે, હવે તો ગઢીની છતરછાયામાં જ જુદ્ધ કરતો કરતો ખપી જાઉં! આવું ટાણું વળી ક્યારે મળશે? ગઢીને મેં બનાવી છે. ગઢીની છાયા જોઉં છું ને જાણે ગલકીમાનો ખોળો સાંભરે છે! એને છોડતાં જીવ હાલતો નથી—તમે સૌ જાઓ. હું આંહીં ખપી જાશ! સોલંકીને પણ થાય કે એક માણસ હતો!'

'ભીલરાજ! મારું માનો તો આવતી કાલે લાટ ઊભું થાશે. ગાંડી શૂરવીરતા અત્યારે દાખવશો—એના કરતાં કોઈ ખરા રણજંગનો લહાવો લ્યોને!' પદ્માક્ષીએ કહ્યું.

'હા, બાપુ! આપણે બે'ય પાટણ ઉપર એક દી તાટકી પડશું!' તેજલ બોલી: 'મોતીચોકમાં હાથ મારીને વાઘણ ઉપર ભરબજારે હાલ્યા આવવાના મને કોડ છે. એક દી જાશું, બાપુ!'

'પણ મા'યલું માનતું નથી, દીકરી! અંદરથી વેણ

આવે છે કે "રે ભૂંડા! આના જેવું બીજું ટાણું હવે ક્યારે આવશે? આજ કલંક ચડશે ને પછી તો કમોત મળશે—મોત નહિ મળે. મરવાટાણું તો આજ છે." અંદરથી બોલ આવે છે, દીકરી! અંદરના બોલ આવે–ઈ બોલ સાંભળનારા પછી રાતદી જોવા રોકાતા નથી.'

પદ્માક્ષી આશાના વેણે ડોલી ગઈ. એના કાકાએ એ જ કહ્યું હતું. આ અસંસ્કારી જેવો ભીલ પણ એ જ વાણી કહી રહ્યો હતો. મરણને મૂઠીમાં રાખીને ફરનારો એક આખો વર્ગ એની નજર સામે જાણે ખડો થઈ ગયોઃ દેવપ્રસાદ, પદ્મદેવ, જગત્પાલ, મકવાણો હરપાલ, આહવમલ્લ, આશો —કેટલા જુદાજુદા ને છતાં કેવા એક!

'ભીલરાજ!' પદ્માક્ષી બોલીઃ 'મારું કહેવું માનો તો આ ગઢી હવે છોડી દો. તમે પાછા હઠ્યા છો એટલે તમારો જે ઘા હવે થાશે તે સામાને ભોંભેગા કરી દેશે!'

'બાપુ! તમે જુઓ તો ખરા. આ ગઢીને આપણે જ પાછી વાળીશું! આપણે આંહીંથી ભલે હમણાં જાવું પડે!'

'નાયકજી! તમે વાત તો કરી. પણ અમારું કાંઈ જોયું છે? તમે આંહીં રે'શો—ને અમે ભાગી જાશું, એમ? અમે તો તમારા ભેગા જ છીએ!' વેરો બોલ્યો.

હવે તો આકાશમાં ચાંદો ઊગ્યો હતો. ગજબની મોહક એવી રજની આખા જંગલ ઉપર રૂપેરી ચાદર ઓઢાડી એક અનોખી સૃષ્ટિ સરજી રહી હતી. હવામાં ફરફરતો આશાગઢીનો ધ્વજ રૂપેરી બની ગયો. એની રણત્કાર કરતી સોનેરી ઘૂઘરીઓનો મધુર ઝંકાર આશો સાંભળી રહ્યો.

'આજની રાત તંઈ એમ થાય છે કે આ ગઢીમાં

ગાળી લઈ. કાલનો દી મારો નાથ દેખાડે એવો ખરો!' આશો બોલ્યો. કોઈ કાંઈ બોલ્યું નહિ. સૌનાં હૈયાં ભારે થઈ ગયાં હતાં. થોડી વાર પછી ગઢી ઉપર જવા માટે સૌ ઊપડ્યાં. આશાએ વાઘણને તૈયાર થતી જોઈ: 'આજની રાત તો, બેટા! આંહીંની છે. કાલની વાત કાલ. ઘડીક ઝંપી જા!'

તેણે પાસે જઈને ધીમેથી સાંઢને પંપાળી. વેરો ને તેરો ભારે હૈયે નાયકની પાછળ જઈ રહ્યા. આજ એક ક્ષણ પણ એને રેઢો મૂકવાની એમનામાં હામ ન હતી.

૩૭. પદ્માક્ષીએ નિશાન ચૂકવ્યું

અરધી રાતે જ્યારે જળ જંપી ગયાં ત્યારે આશાની ગઢીના પેલીપારના જંગલમાં, સાભ્રમતીનાં વાંઘાંમાં બે આદમી દેખાયા. એમાંનો એક પડછંદ, ઊંચો, મજબૂત હતો. બીજો સશક્ત રૂપાળો પ્રતાપી હતો. સાભ્રમતી પાર કરવાના વિચારમાં બન્ને જણા બે ઘડી ત્યાં ઊભા રહ્યા.

'ભટ્ટરાજ! આપણે રસ્તો તો ભૂલ્યા નહિ હોઈએ નાં? આશાની ગઢી સામે આવી પહોંચ્યા હોઈએ, તો કાંઈ આટલી શાંતિ આ કાંઠે હોય? એની કોઈ ચોકી પણ હજી આપણે જોઈ નથી! મને લાગે છે કે રસ્તો ભૂલ્યા— !'

'આપણે રસ્તો ભૂલ્યા? અરે સોમનાથ સોમનાથ કરો, પ્રભુ! રસ્તો અર્જુનભટ્ટ ભૂલે ત્યારે તો થઈ રહ્યું!'

'તો આશાએ જંગલની તમામે તમામ જમાવટ આઘી-પાછી કરી નાખી હોય!'

'તે હશે; અથવા કહો કે એમ જ છે. તમારો સંદેશો મળ્યો કે આપણે બે જ જણાને આશાગઢી પહોંચવું છે ને આશાની આબરૂ લેવી છે બીજા કોઈનું કામ નથી. એટલે તરત હું આ બાજુ તમને મળવા ચાલી નીકળ્યો. પણ એ વખતે જ

સમાચાર હતા કે આશો પોતાની તમામ જમાવટ વિખેરી નાખે છે! એ જમાવટ વિખેરી નાખે — તો પછી બીજું આપણે શું કામ હતું?'

'જમાવટ વિખેરે કે વધારે—આપણું નાક એ કાપી ગયો છે ને આપણે એનું નાક કાપી લેવું છે. એ ચોર હતો—એટલે એણે ચોરની રીત કરી—ને આપણે—સામે મોંએ ધર્મયુદ્ધ લેવું છે! ને એને જીવતો પકડવો છે!'

'ધર્મયુદ્ધ? પ્રભુ! આપણે જે કામે નીકળ્યા છીએ એમાં આવી વાતનો આધાર લેશો તો પાછું ફરવું ભારે પડશે. આશાની જંગલરચના જોનારા જાણે છે કે એમાં એકવખત પેઠા એ નીકળ્યા નથી. મેં આ જંગલ ખૂંદ્યું છે. મને એની રજેરજ માહિતી છે. નહિતર આ સાહસ ભારે પડી જાય તેમ છે! આપણે ઊભા છીએ ત્યાંથી આ નદી પાર કરીએ, એટલે સોંસરવે સોંસરવા નાકની દાંડીએ ઠેઠ એની ગઢી પાસે જઈને ઊભા રહેશું! રસ્તો પગદંડીનો છે—નાનકડી કેડી જેવો. વાંઘાંમાં થઈને જાય છે. ગઢીની પૂરવાદિ કોર એક કોઠો છે. એ કોઠા પાસે જાતો એ નીકળે છે!' અર્જુનભટ્ટે આખું ચિત્ર ખડું કરી દીધું. થોડીવાર પછી નદીમાં એ *છાલ ઉતારી બન્ને જણા આગળ વધ્યા.

નદી પાર કરી બન્ને છાલને એક ભેખડને આધારે રાખી તેમણે સાવચેતેથી જંગલમાં પ્રવેશ કર્યો.

ગઢી પાસે આવતી ગઈ, તેમતેમ તે વધારે સાવધ બન્યા. છેવટનો થોડો રસ્તો તો ચારે પગે થઈને કાપવા

* ઢોરનું આખું ખોળિયું. મસકની પેઠે હવા ભરીને એને આધારે નદી તરાય.

માંડ્યા. દૂરથી જોનારને રાતે રખડતાં જંગલી હિંસક પશુ જેવું લાગે !

ગઢીની નજીક પહોંચ્યા તો ત્યાંની શાંતિ જોઈને તે છક્ક થઈ ગયા. એક જગ્યાએ એક નાનકડું તાપણું માત્ર સળગતું હતું. ગઢીની પાસે બહારના ભાગમાં એ સાંઢ તૈયાર થઈને જાણે કોઈની રાહ જોતી જ બેઠી રહી હતી. કોઈ પણ માણસ ત્યાં હતો નહિ. દેવપ્રસાદ ને અર્જુનભટ્ટ છોડવા, ઝાડવા ને વેલાવેલીના આધારે છેક ગઢીના બારણા પાસે પહોંચ્યા. બારણાં હડસેલી જોયાં. અંદરથી બંધ હતાં. ગઢીની પાસે ચોકી માટેનો નાનકડો કોઠો હતો. એ બાજુ ગયા. એનું બારણું પણ બંધ હતું. બારણા પાસે કાન રાખ્યા. અંદરથી કોઈનો અવાજ આવતો ન હતો. કોઠા ઉપર ઊભો રહીને માણસ દૂરદૂર સુધી જંગલના મારગ ને નદીના રસ્તા ઉપર દેખરેખ રાખી શકે એવી અખંડ ચોકી માટેની એની યોજના હતી. એમણે કોઠાની ઉપલી છત્રી ઉપર દાષ્ટ કરી. કોઈ ત્યાં પણ ઊભું ન હતું. અર્જુનભટ્ટ ને દેવપ્રસાદે કોઠાને ફરતો ગોળ આંટો માર્યો. બારણા સિવાય બીજો કોઈ અંદર જવાનો માર્ગ ન હતો.

‘ ગઢી ખાલી કરી નાખી લાગે છે, ભટ્ટરાજ ! પણ કોઠામાં હજુ અંદર કોઈક લાગે છે, ’ દેવપ્રસાદે અત્યંત ધીમેથી કહ્યું.’

‘ આશો જ લાગે છે ! આ સાંઢણી જુઓને— ’ ભટ્ટે કહ્યું.

‘ એમ જ લાગે છે ! ’

‘ મહારાજ ! ખમો—હમણાં ચકમક મૂકું ! પેલાં

ઝાંખરાં તો ત્યાં પડ્યાં છે. અંદરથી દોડે કે આપણે આંહીં ઊભા જ છીએ !'

દેવપ્રસાદે બોલ્યા વિના ભટ્ટને તિરસ્કારથી હાથવડે આઘો ખસેડ્યો. તેણે પોતાનો શંખ કાઢ્યો.

'શું કરો છો, મહારાજ ? હાથે કરીને સૂતો સાપ કાં જગાડો !'

'ત્યારે આપણે લડવા આવ્યા છીએ કે એને બાળી નાખવા—? આપણે તો એને પડકારવો છે !'

'મહારાજ ! એની સાંઢણી ઉપર ખંખેરી મૂકીએ—તો ?' અર્જુનભટ્ટે એના હાથ ઉપર હાથ મૂક્યો. 'શંખ ન ફૂંકતા, પ્રભુ !'

પણ દેવપ્રસાદને એની કાંઈ અસર થઈ નહિ. એણે શંખ મોં પાસે આણ્યો.

અર્જુનભટ્ટે તેનો હાથ પકડ્યોઃ 'અરે ! પ્રભુ ! મારું મોત કાં બગાડો ? આપણે તે ચોરી કરવા આવ્યા છીએ કે આને જગાડવા આવ્યા છીએ ? કેમ ખબર પડી અંદર કેટલા છે ?'

'એક હજારથી વધુ નહિ હોય,' દેવપ્રસાદે બેદરકારીથી કહ્યુંઃ 'દાદા સામે સોમનાથમાં ત્રણ હજાર હતા !' તેણે ભટ્ટનો હાથ ઝાટકી નાખ્યો.

ગૌરવથી જાણે રણભૂમિ જગાડતો હોય તેમ એણે શંખધ્વનિ કર્યો.

'અરે ! આણે પણ માળે ભારે કરી !' ભટ્ટ મનમાં ને મનમાં સમસમી ગયો. તેણે દેવપ્રસાદનો હાથ ખેંચી બારણા પાસેથી એને આઘો ખેસવી લીધો. બન્ને જણા

એક બાજુ થઈ જઈ, બારણાથી આઘા, કોઠાની ભીંત સરસા ઊભા રહી ગયા.

શંખધ્વનિ થતાં જ અંદર વેરો ને તેરો જાગી ગયા હતા. ' નાયકજી! તેજલરાણીબા!' અંદર અંદર અવાજ થવા લાગ્યા.

' તેજલરાણીબા! જલદી ચાલો આ નદીમાંથી આવ્યા લાગે છે. આપણો રસ્તો હજી ઉઘાડો છે. ઝટ કરો. જુઓ, આ શંખનાદ થયો—'

' ચાલો, અમે આ આવ્યાં,' તેજલ જાગી ગઈ હતી. ' આ આવ્યાં. તમારી વાંસોવાંસ. પહેલાં તમે ખંખેરી મૂકો. વેરા! બાપુ! અમે આ આવ્યાં!'

' વેરા! મને થાય છે હું રોકાઉં— !'

' અરે! નાયકજી! હવે વાતનો વખત ક્યાં છે? હાલો બા! હાલો! ઝટ હાલો!'

' અમે આ આવ્યાં. તમે તો ખંખેરી મૂકો, વેરા! બાપુ! તમે તો ઊપડો.' તેજલરાણી ઉપરને માળેથી બોલી રહી હતી. ' અમે આ તમારી પછવાડે જ આવ્યાં પદ્માક્ષી બેન—હાલો બેન–હાલો! કાળ જેવા આવ્યા લાગ્યા છે.'

વેરો ને તેરો ને આશો ત્રણે એકદમ બહાર જવા માટે નીકળ્યા. એમને લાગ્યું હતું કે નદી તરફથી સોલંકીઓ આવી રહ્યા છે. પોતે ભાગી છૂટે એટલો હજી વખત હતો. વાઘણ તો બહાર તૈયાર જ હતી. આશો દોડતો નીચે આવ્યો. દોડતો જ સાંઢ પાસે ગયો. વેરો ને તેરો એની બન્ને બાજુ આવી ગયા. એ બેઠા ન બેઠા ને હડપ કરતીક ને સાંઢ ઊભી થઈ ગઈ. આશાએ ગઢી ઉપર ફરફરતી ધજા જોઈ. એક

વખત એના ઉપર નજર કરી. બે હાથ જોડી એને પ્રણામ કર્યાં. પવનને વેગે સાંઢે ઝડપ કરી. 'તેજલરાણીબા !—' આશાએ અવાજ માર્યો. 'હાલો—'

'આ ઊતર્યાં—બાપુ! અમે—' તેજલરાણીનો જવાબ આવ્યો. પણ વાઘણ તો આવા કામને ટેવાઈ ગઈ હતી. તે તો તરત માર્ગે પડી.

હવે દેવપ્રસાદ એને પડકારવા એકદમ આગળ વધ્યો. એના હાથમાં ઉઘાડી ભયંકર તલવાર હતી. અર્જુનભટ્ટ એની પાછળ આવી રહ્યો હતો. એમનો અવાજ થતાં જ તેજલ-રાણીએ ઉપરથી નીચે જોયું.

'આશા ! ભૂંડા ! ભાગે છે શું ? આવ નીચે આવ. આવને, આપણે લડવાનો લહાવો લઈએ ! હું દેવપ્રસાદ પોતે આવ્યો છું ! ને તું ભાગે કાં ?'

'એકલાં લડવું હોય તો ત્યાં આવજો નળબાવળીમાં—' આશાએ કહ્યું: 'દેવપરસાદજી ! મારા જુદ્ધમાં તે વળી લાવ-લશ્કર કેવાં ?'

'હા, પણ તું ઊતર તો ખરો. હેઠો તો ઊતર—અર્જુનભટ્ટ પણ છે—મારે તીર નથી ફેંકવું. તલવારી મોજ લેવી છે. આવ આવ, નીચે આવ; આવ, આવ તલવારની મોજ લઈ લઈએ. એટલે તો મેં તીર ફેંક્યું નથી. નીચે તો આવ !'

પણ આશાના પેટમાં ફાળ પડી હતી. અર્જુનભટ્ટ સાથે હતો એનો અર્થ એ કે બન્ને સૈન્યો ભેગાં થયાં લાગે છે, ને એનો રસ્તો તો રૂંધાઈ ગયો લાગે છે. તેણે નીચે ઊતરવાનો વિચાર કર્યો.

વેરો એ કળી ગયો. તેણે વાઘણને એક જરાક નિશાની કરી, ને જેમ માંસના કટકા ઝીલવા એ કૂદતી તેમ કૂદીને

એકઝપાટે ક્યાંય આઘી થઈ ગઈ.

'ભાગ્યો નાં? આવી જ બહાદુરી કે?' દેવપ્રસાદે ટોણો માર્યો. 'વીંટી લેવા અરધીરાતે આવી ગયો એટલામાં જ બહાદુરી સમાઈ ગઈ?' આશાનો જવાબ તો હવામાં ઊડી ગયો. એટલી ઝડપથી વાઘણે વહેતાં મૂક્યાં હતાં.

એટલામાં તો સનનન કરતું એક તીર દેવપ્રસાદના ખભા પાસેથી ચાલ્યું ગયું. ગઢી ઉપરથી તેજલરાણીએ નિશાન લીધું હતું. 'દેવપરસાદજી! વીંટી લેવા એવા નરબંકા નો આવે. એ કામ તો અમારી જેવી છોકરીઓનાં. તેજલરાણીનું નામ સાંભળ્યું છે નાં?' ગઢી ઉપર રહ્યાં રહ્યાં તેજલરાણીએ પડકાર કર્યો. પદ્માક્ષી તો દેવપ્રસાદ આવ્યો છે ને આ તેજલ તીરનું નિશાન લે છે એટલું જ આમાંથી સમજી. એટલામાં નિશાન ખાલી ગયેલું જોઈને તેજલે બીજું નિશાન લીધું. તેણે ધાર્યું હતું કે દેવપ્રસાદ પણ તીર ફેંકશે. પણ હવામાં બેદરકારીભરેલું ખુલ્લું અટ્ટહાસ્ય સંભળાયું: 'છોકરી! તેજલરાણી! જા, જા, તારું કામ નહિ આ. જા, જા, તારો બાપ રાડારાડ કરશે. જા, દોડ, દોડ! રસ્તો હજી ખુલ્લો છે!'

'હવે પડકારીને જાય ઇ બીજા—સોલંકી તૈયાર થઈજા—'

એમ નહિ આમ—' પદ્માક્ષીએ તેજલરાણીના તીરનું અમસ્તું નિશાન લીધું. એના પેટમાં ફાળ પડી હતી કે તેજલનું બીજું નિશાન હવે અફળ નહિ જાય. એટલે એણે નિશાન તાક્યું. પણ એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એનું તીર જાય તે પહેલાં જ તેજલનો હાથ એને વિનંતી કરતો હોય તેમ, જાણે અડકીને પાછો ફરી ગયો. એ હાથને પોતાની ભાથા

હતી. તીર ફેંકવું હતું—પણ તેજલને જાણે નિશાન લેવું ન હતું. પદ્માક્ષીએ તેજલ સામે જોયું. તેજલે તેની સામે જોયું. બન્ને જણાં એકબીજાંને એક ક્ષણમાં સમજી ગયાં હોય, તેમ સામસામાં જોઈ રહ્યાં.

'અરે! તેજલરાણી—તમે—તમે પણ? હાં, વીંટી ચોરી ત્યારે જ હૃદય ખોયું છે કે શું? મને હવે સાંભર્યું!'

તેજલ શરમભરેલી આંખે પૃથ્વી સામે જોઈ રહી. પણ એક ક્ષણમાં જાણે કાંઈક ખંખેરી કાઢતી હોય તેમ તે માથું ધુણાવીને તૈયાર થઈ ગઈ.' અરે શું તમે પણ, બેન?' તેણે પદ્માક્ષીની વાત ખોટી પાડવા માટે કાન સુધી દોરી ખેંચીને જોરથી તીર છોડયું. પણ તેના હાથ ઉપર એક કોમળ ધપ્પો પડી ગયો હતો. તેનું નિશાન ફરી ગયું હતું. 'તેજલરાણી!' એ તો દેવપ્રસાદ છે. ક્યારે મરવું એ વાત એની મૂઠીમાં છે! તું શું એને મારતી'તી?' પદ્માક્ષીએ તેના હાથ ઉપર ધબ કરતોક ને એક ધપ્પો લગાવી દીધો હતો. એટલામાં એક ભયંકર વેદનાભરેલો, ઊંટનો હોય તેવો ગાંગરવાનો અવાજ બન્નેને કાને પડ્યો. તેજલરાણી ચમકી ગઈ.

'અરર! ભારે થઈ—ભારે થઇ! વીજળી વીંધાઈ ગઈ!' તેજલરાણી નીચે દોડી. તેજલે પોતાની સાંઢને તરફડતી દીઠી. એના શરીરમાં ક્રોધ વ્યાપી ગયો.

'છોકરી! હજી પહેલાં ટેટા પાડતાં શીખ ટેટા! એક વીંટી કાઢી લીધી, આવીને' એમાં તો તું જુદ્ધની વાતું કરે છે કાં? કોઇને નહિ ને તારી સાંઢને જ મારી!

તેજલનો આખો ચહેરો ફરી ગયો. તે એક ક્ષણ પણ વિચાર કરવા થોભી નહિ. પોતાની તલવાર સોતી તે દેવ-પ્રસાદ ઉપર તૂટી પડી.

પણ એની પાછળ જ પદ્માક્ષી દોડતી આવી રહી હતી. તેણે તેજલને વીજળીની ઝડપથી ઉઘાડી તલવારે દેવપ્રસાદ ઉપર જ જતી જોઈ. વિચાર કરવાનો સમય ન હતો. તે દોડી એની પાછળ. એક ક્ષણમાં શું બને છે એ કોઇ જાણે તે પહેલાં તો તેજલ ગોઠણભર નીચે પડી ગઈ હતી. અને એની તલવારના ઘાથી નીચે જઇ પડેલી પદ્માક્ષી ધૂળમાં ઢળી પડી હતી. એક કૂદકો મારીને દૂર ખસી ગયેલો, અટ્ટહાસ્ય કરતો, દેવપ્રસાદ એની નજરે પડ્યો. 'અરે છોકરી! તીર તો નથી આવડતું, પણ તલવાર વાપરતાંય નથી આવડતી?' એ એમ બોલ્યો ન બોલ્યો, અને એની નજર પોતાની ઉપરનો ઘા ઝીલીને નીચે ઢળી પડેલી એક નારી ઉપર પડી. તે એકદમ ત્યાં પાસે જ બેસી ગયો. અર્જુનભટ્ટ તો એક ક્ષણમાં બનેલ આ બનાવે સ્તબ્ધ થઈ ગયો હતો. તેણે એક જણને નીચે પડતું જોયું. તે દોડ્યો, એકદમ સળગતું લાકડું લઇ આવ્યો. શું થયું છે એ જોતાં જ તેજલ પણ ત્યાં બેસી ગઈ હતી.

'અરે!' પ્રકાશ આવતાં જ દેવપ્રસાદ આશ્ચર્યમાં ને દુઃખમાં ડૂબી ગયો.

'અરે? આ શું? આ કોણ? પદ્માક્ષી? હેં! અરર! આ શું? પદ્માક્ષી? તું આંહીં ક્યાંથી? અરે! આને બહુ લાગ્યું છે. ભટ્ટરાજ! પાણી લાવો—'

સુંદર, મિઠ્ઠો, મોહક, ભાવભીનો, ત્રિલોકને મોહિની લગાડે તેવો, અંગેઅંગને માધુર્યથી સ્પર્શી જતો, એ નો એ અવાજ દેવપ્રસાદને કાને પડ્યોઃ 'મહારાજ! તમને એક વખત નીરખવાના કોડ હતા. આજે એ પુરાયા!'

'અરે! અરે! ભટ્ટ! ભારે થઈ છે. તમારી પાસે કાંઈ ચીંથરું—કાંઈ લાવો. લાવો આને પાટો બાંધી—'

'મહારાજ! હવે વખત થોડો છે. વાતો ઘણી છે,' પદ્માક્ષીનો અવાજ મંદ થતો હતો, અને મધુરતા વધતી હતી: 'હવે એ વાત જ જવા દો. આ સામે બેઠી છે તેજલરાણી— મહારાજ! આપના ઉપર એને પણ પ્રેમ છે. એને જાળવજો! એ પણ રત્ન છે! તેજલરાણી! હું તમને આ રત્ન સોંપું છું. વીંટી તો તમે ચોરી આવ્યાં છો!' તેજલ તેની સામે જોઈ રહી. તેણે અત્યંત પ્રેમથી તેનો હાથ હાથમાં લીધો. મંદ શોકઘેરા અવાજે બોલી: 'પદ્માક્ષીબેન! તમને અમે ઓળખ્યાં પણ નહિ— અરેરે! બેન! મને પણ તમારી ભેગી લઈ હાલો.' 'મહારાજ! એને તમારા ઉપર પ્રેમ છે એની હું સાક્ષી છું. એ વીંટી ચોરવા આવ્યાં ને પોતે જ ચોરાઈ ગયાં છે. કેમ તેજલરાણી?' મૃત્યુના સાન્નિષ્ય વખતનો આવો સુંદર સંવાદ હૃદયવિદારક થઈને સૌને મૂંગા બનાવી રહ્યો. કોઈ કાંઈ બોલી શકતું ન હતું. કાંઈ કરી પણ શકતું ન હતું. ઘા જોતાં જ સૌને ખાતરી થઈ ગઈ હતી કે હવે આ બે પળની જ વાતો છે! એવો ભયંકર જનોઈવઢ ઘા પડયો હતો કે એક ક્ષણમાં તો જલબિંદુથી નમતા જૂઈના ફૂલની માફક પદ્માક્ષીની ડોક એક તરફ ઢળવા માંડી. દેવપ્રસાદે તેનું માથું પોતાના ખોળામાં લીધું. એ બોલી શક્યો નહિ શોકાભારે તેજલ તો અવાક બની ગઈ હતી. એની આંખમાંથી ખરખર આંસુ વહી રહ્યાં હતાં. પદ્માક્ષીના મોહક ચહેરા ઉપર એક સુંદર આકર્ષક સ્મિત આવી ગયું: 'મ હા રા જ! ચા લો, ચો રં ગી રમીએ!' એના સુંદર લાલ હોઠમાંથી અત્યંત મીઠું લાગતું છેલ્લું મધુર વાક્ય નીકળ્યું ને હોઠ એમ ને એમ, જાણે હમણાં જ વાણી બોલશે એવા, જરાક અર્ધખુલ્લા રહી ગયા. પદ્માક્ષીનું શીર્ષ, એક તરફ નમી ગયું હતું.

૩૮. દેવપ્રસાદ પાટણ તજી જાય છે!

પાટણમાં દેવપ્રસાદ પાછો આવ્યો ત્યારે તેજલરાણી પણ એની સાથે આવી હતી. વીંટી તેજલરાણીએ કાઢી હતી —અને એની પ્રતિજ્ઞા તેજલરાણી પરત્વે ન હતી. દેવપ્રસાદે પાછળથી એને આશા પાસે મોકલી દેવાનો વિચાર રાખ્યો હતો.

એને હવે જવા ન દેવી એવી મહાઅમાત્ય સાંતૂની ઇચ્છા હતી. આશા ઉપર એ એક જાતનું નિયંત્રણ હતું. એને જવા ન દેવી એવી મહારાણીબા ઉદયમતીની પણ ઇચ્છા હતી. એની સાથે એવો સંબંધ બંધાય તો પાટણના રાજ-વારસપદેથી દેવપ્રસાદનું નામોનિશાન હમેશ માટે નીકળી જાય. એના મનમાં ઊંડેઊંડે એ હતું. મોટેથી તો એ તેજલરાણીની પ્રેમવાર્તાને મહત્ત્વ આપતી. એણે એને અપંગ જેવી રાણી ફૂલાંદે પાસે જતીઆવતી કરી હતી. રાણી ફૂલાંદેને એનું પેલું ધોળું હરણ ગમી ગયું હતું. રાણીની ને મહાઅમાત્ય બંનેની ઇચ્છાની મુંજાલને ખબર હતી. પણ દેવપ્રસાદ જુદી જ માટીનો આદમી છે એ એની જાણમાં હતું. દેવપ્રસાદ અને મહાઅમાત્ય વચ્ચે જરા ચકમક ઝરે કે દેવપ્રસાદ પાટણ તજી બીજે જાય તો પોતાનું મહત્ત્વ વધે એ એની નજરમાં આવી

ગયું હતું. અત્યારે એ પરિસ્થિતિ જન્મવાના સંયોગ પણ હતા. આળસુ તો મુંજાલ રહી શકતો નહિ. એને કામ જોઈએ. અને એ કામ એની મહત્તા વધારનારું જોઈએ. કામના ગુણ-દોષ વિષેનું એનું પોતાનું અનોખું શાસ્ત્ર હતું. જે એના 'હું'ને મોટો કરે એનું નામ કામ. જે એના 'હું'ને નાનો બનાવે તેનું નામ કામ નહિ. આટલી સાદી સમજથી મુંજાલનો વ્યવહાર ચાલ્યો હતો, અને એ જ સમજ ઉપર એને એ ચલાવવાનો હતો.

એટલે જ્યારે તેજલરાણી વિષેની મહાઅમાત્યની રાજ-નીતિ દેવપ્રસાદજીને જણાવી દેવાનું મુંજાલને સોંપવામાં આવ્યું ત્યારે એણે મનમાં આ જ પ્રશ્ન કર્યો, 'આ કામથી મારી મહત્તા વધે કે ઘટે?' એને લાગ્યું કે ઘટે. 'મારો બેટો આ સાંતૂ! જે કામથી મહત્તા ઘટે—ને ચડ જા બેટા થાય એ કામ જ સોંપવાનો.' એણે મનમાં નિશ્ચય કર્યો કે દેવપ્રસાદને ને મહાઅમાત્યને આમાં સામેસામા અથડાવવા ને પોતે છટકી જવું. દેવપ્રસાદ રહ્યો નર્યો વજ્જરનો કટકો. એ કોઈનું ન માને. 'ત્યારે આ કામ હવે આપણે કોને સોંપવું?' એની નજર મદનપાલ ઉપર ઠરી. એટલામાં મદનપાલને જ એણે પોતાની બાજુ આવતો જોયો.

'અરે! મદનપાલજી!' મુંજાલે એને આવકાર્યો. 'આજ તો કાંઈ ભાઈસા'બ, અમારું ઘર પાવન કર્યું!'

'ભૈ ગરજ—ગરજ કોને કહે? ગરજે ગધેડાને ય બાપ કહેવો પડે!'

પોતે મુંજાલને ગધેડા સાથે સરખાવી રહ્યો છે એવી ઝીણી વાત મદનપાલ સમજે તેમ ન હતો. મુંજાલને અત્યારે

કામ હતું. અત્યારે ઘોડા કે ગધેડા જે થવું પડે તે થવામાં એને વાંધો ન હતો.

‘હા, શું બોલોને—તમારું કામ અરધે વેણે અમારે કરવાનું હોય. શું છે કહો?’

‘દેવપ્રસાદ તો જાણે રખડચો— કે'છે પદ્માક્ષી મરી ગઈ!’

‘કે'છે શું? મને ખબર છે ને ગઈ! ને આ મળી છે. તે પણ ન મળ્યા જેવી. ભાગુ ભાગુ છે!’

‘પણ મહાઅમાત્યને એમ છે કે એને આંહીં રાખવી!’

‘હા, એ સાચું.’

‘તો આપણું ગોઠવો ને! મહાઅમાત્યની ઇચ્છા પ્રમાણે આંહીં રહેશે ને બેય વાત. બાકી, તમારે આ દેવપ્રસાદ —એને કાઢી મૂકવાનો છે! અટલે—એ વળી સધનો દીકરો થાવા જાય છે. એમ કે એને પછી યુદ્ધમાં પકડી નો લાવું! એંકાર છે ને!’

મુંજાલનું અંતર આનંદથી ડોલી ઊઠયું. એને પોતાના કામનો સ્પષ્ટ માર્ગ જડી ગયો. તેણે ઉત્સાહથી કહ્યું: ‘ત્યારે જુઓ, મદનપાલજી ઠાકોર! આ વાત અમારી ને મહારાણીબા વચ્ચે ક્યારની ચર્ચાઈ ગઈ છે. દેવપ્રસાદ ખંધો છે. એને વાતની ગંધ આવી હોય કે ગમે તેમ, પણ એ આ છોકરીને એટલા માટે આશા પાસે મોકલી દેવા માગે છે. છોકરી રાજ-મહાલયમાં આવતીજતી થઈ છે—તમે તો જોઈ હશે—?’

‘હૈ! જોઇ છે, એની જ આ વાત છે! અટલે તો આ વાત તમને કરી. બીજા કોને કરું?’

‘ત્યારે બીજા કોઈને કરતા પણ નહિ,’ મુંજાલે કહ્યું:

'બીજો તમને ઠેબે ચડાવશે. બીજાને શું? આવી વાત તો પોતાના હેતુમિત્રને કરવાની હોય. તમે ક્યાં એ સમજતા નથી? મીનલબા આંહીં આવ્યાં એ તમને એ વખતે નહોતું રુચતું. પણ હવે તમે સમજ્યા નાં? એ છે તો મહારાણીબાનો, અમારો, તમારો, સૌનો એકડો નોંધાશે. એવું જ આ છે. આશા જેવાની છોકરી છે તો આપણને સૌને કોક દી ખપ લાગશે. તમે આજે ને આજે દેવપ્રસાદને મળીને કહી દ્યો કે મહાઅમાત્યજીએ તેજલરાણીને પાટણ છોડવાની ના કહેવરાવી છે! તમે ક્યાં રાજમહાલયના રક્ષક નથી? ને એ રાજમહાલયમાં તો આવે જાય છે!'

'પણ એ વાયલ માનશે?'

'નહિ માને તો મહાઅમાત્યની આંખે એ ચઢશે. એમાં આપણે શું? મહાઅમાત્ય એને લાટમાંથી બીજે ધકેલશે તો લાટ ખાલી પડશે. નહિ માને તો એ ભૂંડો લાગશે. આપણે શું? આપણે કહી છૂટયા!'

'પણ ત્યારે તમે કહો તો?'

'હું તો કહીશ જ,' મુંજાલે મક્કમતાથી કહ્યું. 'આ તો આમ માનતો હોય તો જાણે ઠીક છે. નહિતર મહારાણી ને મહારાજ બન્ને કહેવરાવે એવું હું ગોઠવી રહ્યો છું. તમે જરા દાણો તો દાબી જુઓ. અર્જુનભટ્ટને ભેગા લેતા ગયા. તમે રાજમહાલયના રક્ષક. ને એ છે પાટણનો કિલ્લેદાર. એટલે બન્નેની એ ફરજ—બીજું શું?'

એટલામાં અર્જુનભટ્ટને પણ મુંજાલે કાંઈક સંદેશો લઈને આવતો હોય તેમ ઉતાવળે ઉતાવળે પોતાની તરફ આવતો જોયો.

'મહાઅમાત્યજીએ કહેવરાવ્યું છે, મુંજાલજી! કે દેવપ્રસાદને તમે મળ્યા? ન મળ્યા હો તો જલદી મળી લો. દેવપ્રસાદને ત્યાં આજે આશાનો એક ઓડી આવ્યો લાગે છે!'

'ભટ્ટરાજ! દેવપ્રસાદને તમારા વિના બીજો કોઈ કહી શકે તેમ નથી,' મુંજાલે અર્જુનભટ્ટને જરા ગભારે ચડાવ્યો. 'એ માત્ર તમારા નામના જાદુથી વશ થાય છે. તમે મહાઅમાત્યજીનો સંદેશો એને આપો. મદનપાલજી પણ આવે—ને વખત છે ને છેક છેલ્લી ઘડીએ એનું ફટકે—એટલે હું મહારાણીઓને મળીને છોકરીને રાખવાનું ઠરાવી દઉં! હમણાં જ જાઉં! નહિતર પછી વખત નહિ રહે! મહાઅમાત્યજીને પૂછવા રહેશો તો પછી એ તો છે દેવપ્રસાદ! એને ગંધ આવી હશે ત્યારે જ આ ઓડી આવ્યો હશે નાં?'

અર્જુનભટ્ટ ગયો. એ ગયો એટલે મુંજાલ પણ સાંતૂ પાસે ગયો. દેવપ્રસાદને મહાઅમાત્યનો સંદેશો આપીને ભટ્ટરાજ ને મદનપાલ ત્યાં ઊભા રહ્યા.

'કોણે મહાઅમાત્યજીએ આ કહેવરાવ્યું છે? સાંતૂ મહેતાએ?' દેવપ્રસાદને આશ્ચર્ય થયું. 'ત્યારે એને કહેજો, ભટ્ટરાજ! કે આશાને આપણે વીંખવા ગયા હતા ને આશો વીંખાઈ ગયો છે. હવે પાછી એની જમાવટ થાય ત્યારની વાત ત્યારે. લાટનું યુદ્ધ પણ હમણાં જાગે એમ લાગતું નથી. આપણે સૌ આંહીં પાટણમાં આવી ગયા—તે જ દિવસે મારે તો મંડૂકેશ્વર જાવું હતું. તમારે જ્યારે ખપ પડે—મહારાજ ઉપર કોઈ ભય હોય, ત્યારે પાછો હું ઊભો જ છું! એમ કહેજો!'

'પણ એમણે જે કહેવરાવ્યું છે તેનો ઉત્તર આમાં

ક્યાં છે, મહારાજ ? આશાને વશ રાખવા માટે આપણી પાસે એક સાધન આવી ગયું છે!' અર્જુનભટ્ટે કહ્યું.

'શું ?'

'એની પુત્રી તેજલરાણી. મહાઅમાત્યની ઇચ્છા છે કે એને આંહીં પાટણમાં જ રોકી રાખવામાં આવે!'

'આ સામે એની સાંઢણી લેરખી ઊભી એ જુઓ, હમણાં જ એ ઊપડશે. હું એને નહિ રોકું.'

'નહિ રોકું એટલે ? મહાઅમાત્યની આજ્ઞા તમે નહિ પાળો એમ ? હું પાટણનો કિલ્લેદાર છું. મારી રજા વિના એમ કોઈ આંહીંથી જઈ શકશે નહિ! દેવપ્રસાદજી! એને તમે લાવ્યા છો પણ આ અર્જુનભટ્ટ સાથે હતો તો. એ ભૂલી ગયા ? પાટણના કિલ્લેદારની રજા વિના કોઈ જઈ શકતું નથી. ને આ પણ નહિ જાય.'

'ને હું રાજમહાલયનો—રક્ષક છું, મહારાણીબાની ઇચ્છા છે એને આંહીં રોકવાની,' મદનપાલ બોલ્યો.

'એ તો તમને એમ લાગે, મદનપાલજી! તમને કોકે ચડાવ્યા લાગે છે! ઘેર પહોંચી જાઓ. ઠકરાણાં મફતનાં રાહ જોઈ રહેશે.' એટલામાં તેજલરાણી આવી. તેણે દેવપ્રસાદ સામે જોયું: 'મહારાજ! આવજો ત્યારે. વહેલેમોડે આશાગઢીની ધજા એક વાર ફરી ફરકતી થાશે. હજી તમારે મને રોકી રાખવી હોય તો બોલી દેજો હો—હું ગમે તેમ કરીને એક દી ભાગી છૂટીશ! તમારે મને ભંડારવી હોય ત્યાં ભંડારી દ્યો!'

'ત્યારે તમારે રોકાવાનું છે—' ભટ્ટરાજ બોલ્યો. 'મહાઅમાત્યની એવી આજ્ઞા લઈને હું આવ્યો છું!'

'મહાઅમાત્યની આજ્ઞા છે? પણ આમની ? આમની

છે? એમ રોકાય એ બીજા! ચાલો ત્યારે, ભટ્ટરાજ! જય સોમનાથ! ગઢી ઉપર ફરીવાર તમે જ આવશો નાં, મહારાજ?'

'હા હા, ત્યારે બીજું કોણ આવશે?' દેવપ્રસાદે કહ્યું.

'આવજો, આવજો, મહારાજ! અમે તો ભીલડાં કહેવાઈ. અમે તો જંગલનાં છોરુ. જુદ્ધ વિનાની અમારી પ્રીતિ એવી! આવે નહિ, ને આવે તો રે' નહિ. અમને તો ઘોડતાં આંબી જાય ઈ પકડી રાખે. ચોક્કસ આવજો, મહારાજ!'

તેજલરાણી નીડરતાથી સેરબી તરફ ગઈ. ભટ્ટ એની પાછળ ગયો. 'ભટ્ટરાજ! શું કરવા મફતનાં ફીફાં ખાંડો છો? જેણે મને પકડી હતી તેણે તો જવા દીધી—'

'પણ મહાઅમાત્યની આજ્ઞા છે—તેનું શું?' ભટ્ટરાજે ભાલો આડો ધરી રાખ્યો: 'સાંઢણીથી જવાશે નહિ.'

'ને જાશે તો?' તેજલરાણી સેરબી ઉપર બેઠી ને બેસતાં જ સાંઢણી હડફ કડતી ઊભી થઈ ગઈ.

અર્જુનભટ્ટે આગળ વધી તેની સામે ભાલો ધર્યો. એક ડગલું પણ આગળ વધે તો સાંઢણી વીંધાઈ જાય. દેવપ્રસાદ સામે જોઈને તેજલરાણી મીઠું મોહક ખડખડાટ હસી. 'આ ભટ્ટરાજ તો તમારા જબરા લાગે છે!' તે કટાક્ષમાં બોલી. એણે એક જરાક સાંઢણીને પગ અડાડ્યો ને જેમ આકાશમાં ઊછળે એમ ઊછળીને સાંઢણી ભટ્ટરાજને ઠેકીને ચાલી ગઈ. ભટ્ટનો ભાલો તો ક્યાંયનો ક્યાંય પડ્યો હતો. આકાશને ભરી દેતું તેજલનું ખડખડાટ હાસ્ય સંભળાયું. મદનપાલ ને ભટ્ટ ભોંઠા પડી ગયા. પણ ભટ્ટરાજ ઊભો થઈને બૂમ મારે ને પાછળ દોડે તે પહેલાં તો સાંઢણી દરવાજા બહાર દેખાણી. એક ઘડીમાં તો એ ક્ષિતિજમાં બિંદુ માત્ર બની ગઈ.

'અર્જુનભટ્ટજી! મહાઅમાત્ય તો ઠીક, તમે શું જોઇને આ સંદેશો લાવ્યા હશો! તમે બ્રાહ્મણના દીકરા થઈને આ સંદેશો લાવ્યા? આપણે આંહીં આશાની છોકરીને બાનમાં રાખીએ એટલે આશો વશ રહે એમ? હું એને બાનમાં રાખવા લાવ્યો હતો એમ? એને કોઈ નહિ ને હું રોકું? મહાઅમાત્યજી શું મહારાજ કહે તોપણ હું રોકું નહિ! એ જુદ્ધનો ધર્મ નહિ!'

'કેમ? કેમ ન રોકો? તમને રાજનીતિમાં શું ખબર પડે?' મુંજાલ ને સાંતૂ ત્યાં આવી ચડ્યા હતા, તેમાંથી સાંતૂએ કહ્યું. એને જોઇને દેવપ્રસાદ જરા ક્ષોભ પામ્યો.

'આવી રીતે તો તમારી ગાંડી શૂરવીરતા કોઈ વખત રાજને મોટા ખોપમાં ઉતારે. દેવપ્રસાદજી! અમારે આવી ગાંડી શૂરવીરતાનો ખપ નથી, દેવપ્રસાદજી! અમારે રાજ ચલાવવાં છે! મદનપાલજી! મહારાજની મયૂરભંગી લઈને કહો સંગ્રામને કે આની પાછળ જાય. તમે પોતે પણ જાઓ,' સાંતૂએ કહ્યું.

'મહાઅમાત્યજી! શું કરવા ફીફાં ખાંડીને ગૌરવભંગ કરાવો છો? હવે એ લેરખીને પોં'ચે એવું કોઈ નથી. એના કરતાં એને જવા દોને. પછી જોઈ લેવાશે.'

'પણ આવી ગાંડી શૂરવીરતા.—'

'જુઓ, મહાઅમાત્યજી! શૂરવીરતા અમારી ગાંડી હોય કે ડાહી—જે હોય તે—જ્યાં કોઈ માથું દેવા તૈયાર ન હોય ત્યાં અમને સંભારજો. બાકી, આ છોકરી મારી મુદ્રિકા કાઢી ગઈ હતી. મેં એને એટલા માટે જીવતી પકડી. પ્રતિજ્ઞા પૂરી થઇ ગઇ. હવે એને રોકું એમ? હું શું લૂંટારો

છું ? હું કોઇને બાનમાં રાખું ?'

'એને રોકી હોત તો આશો હમેશાં નાકલીંટી કરતો આવત !'

'એવું કામ હું ન કરું. તમે એને રોકો તો હું આખા સૈન્ય સામે થઇને એને ઘેર પાછી પહોંચતી કરું. હું મહારાજ ભીમદેવનો પૌત્ર છું. આજ હવે હું મંડૂકેશ્વર જાઉં છું. હવે હું આંહીં નહિ રોકાઉં. મને આંહીં નહિ ફાવે ! તમારે ખપ હશે ને કહેવરાવશો તો અરધે વેણે હાજર થઈશ. મહારાજ ઉપર ભય હશે તો વગરવેણે હાજર થઈશ ! જય સોમનાથ !' દેવપ્રસાદ સાંતૂને પ્રણમીને એકદમ ખંડમાં ચાલ્યો ગયો.

'મુંજાલ ! આપણે જરાક મોડા પડયા. ચાલો, આપણે તો આંહીં ઘણાં કામ છે. એમને એવી રીતે સમય આવ્યે લડત કરવાનો શોખ પોસાય. આંહીં અમારે તો હરેકક્ષણે હજાર વાત જાળવવાની હોય છે. પછી તમને મહારાજના સંકેતનો કાંઈ પત્તો લાગ્યો ? ભટ્ટરાજ !'

'હા પ્રભુ ! નર્તિકાને મળવાનો મહારાજે સંકેત કર્યો લાગે છે.'

'નટીઓ હજી ત્યાં જ પડી છે નાં ?'

'હા, પ્રભુ !'

સાંતૂ ત્યાંથી વિચાર કરતો ચાલ્યો ગયો. થોડી વાર પછી અર્જુનભટ્ટને બોલાવવા સૂચકને આવતો જોઈને મુંજાલ પણ ગયો.

૩૯. મહારાજનો સંકેત

આશાની જમાવટ વીંખાઈ ગયાના સમાચાર મળવાથી મહારાજ પ્રત્યે એક પ્રકારની વિશિષ્ટ ભક્તિ પાટણવાસીઓના અંતરમાં જાગી હતી. આશો સોમનાથની જાત્રાનો મહાન માર્ગ રુંધતો હતો. એ માર્ગ હવે નિર્વિઘ્ન બન્યો હતો. સેંકડો યાત્રાળુઓ સોમનાથ જવા માટે પાટણમાં ભરાયા હતા. મુંજાલ એકલો સરસ્વતીના કાંઠા ઉપર યાત્રાળુઓના જુદાજુદા સમૂહમાં કોઈ ન ઓળખે એમ અત્યારે ફરતો હતો. દુર્લભરાજ સોલંકીએ સાંતૂને જે સમાચાર આપ્યા હતા, તેમાં કાંઈ પણ સત્ય હોય તો પાટણ અને કર્ણાટક વચ્ચે એક યુદ્ધ અનિવાર્ય હતું. એ વખતે કર્ણાટક સાથે લાટ રહેવાનું. લાટ કોંકણ ને કર્ણાટક ત્રણેનો સામનો કરવો પડે. અત્યારે તો રાજા કર્ણદેવે મીનલદેવીની ઉપેક્ષા કરી, એ વસ્તુ કૌટુંબિક કલહ જેવી ગણાઈ ગઈ. એમાં પ્રજાને આશ્ચર્ય લાગ્યું—કુતૂહલ થયું. પણ રાજા રાણીની આ અકારણ અપ્રીતિ વહેલેમોડે ટળશે એવી સૌને આશા હતી. રાણીનો દોષ કાંઈ નહોતો. એટલે એના પ્રત્યે સૌને પક્ષપાત થયો. પણ રાજા જયકેશી પોતાનાં થાણાં આગળ વધારે, મીનલદેવીની ઉપેક્ષાનું

કારણ આગળ કરી સંગ્રામમાં સૈન્યને દોરે, તો પાટણમાં મીનલદેવીનું સ્થાન હમેશને માટે અપ્રિય થઈ પડે. પટ્ટણીઓના દિલમાંથી એનું નામ નીકળી જાય. ભવિષ્યમાં એનું સ્થાન ગૌણ અને અશુભ ગણાઈ જાય. એટલે મુંજાલનો પોતાનો અભ્યુદય પણ અટકી જાય. સાંતૂની નીતિ તો એક જ હતી. એ એક જ ચક્રી સત્તામાં માનતો. રાજા હોય કે રાણી—સૌએ એક જ વસ્તુને મુખ્ય ગણવાની હતી. પાટણની જે વડે અપકીર્તિ થાય કે પાટણ જે વડે લઘુતા પામે, એ વસ્તુ એને ખપતી ન હતી. મુંજાલને એના ચક્રમાં ગોઠવાતાં આવડે તો એની જગ્યા હતી. એને માથું કાઢવાનું મન થાય તો એને ફેંકી દેવાની એની નીતિ હતી.

આશાની પાસેથી પાછા ફર્યાં પછી પેલી નટડીઓને ને મુખ્ય નર્તિકા સીતાને એ પાટણમાંથી રવાના કરવા માગતો હતો. પણ મહારાજને એકદમ અપમાન જેવું ન લાગે માટે એ થોડો વખત થોભી ગયો હતો.

આ તરફ મુંજાલ પોતાની યોજનામાં પડ્યો હતો. આજના સમાચારે એની યોજનાને વેગ આપ્યો. મીનલદેવીને સોમનાથની યાત્રાનું આકર્ષણ હતું. એ આકર્ષણનો લાભ ઉઠાવવાનાં એ સ્વપ્નાં સેવતો હતો. રાણીનો અને મહારાજનો મેળ મળ્યો નથી એ વાતની તો એ પોતે જ ઘસીને ના પાડતો. આજે એ વિચારમાં ને વિચારમાં અત્યારે એ સોમનાથી યાત્રાળુઓમાં ફરવા નીકળ્યો હતો. હજી દેવળમાંથી ઘંટનાદ વાગતા હતા. દરવાજા બંધ થવાને વાર હતી; થોડો વધારે વખત પોતે ફરે તો પાછા દાખલ થવામાં વાંધો આવે એવું ન હતું. યાત્રાળુઓ કોઈ રાંધતાં હતાં,

કોઈ ભજન કરતાં હતાં, ક્યાંક ભગવાન સોમનાથની નામધૂન ચાલી રહી હતી. મુંજાલ એ સઘળું જોતો જોતો કિનારે કિનારે આગળ વધ્યો.

દૂરદૂર કેટલીક પટ્ટકુટીઓ દેખાતી હતી. પેલી નટડીઓ ત્યાં જ પડી હતી. એક વખત એણે રાજાને આશ્વાસન આપ્યું હતું કે સીતા પાટણમાં હશે તો પછી એને ભોગિની બનાવતાં કોણ અટકાવશે? પણ એમાં એણે પોતાના અભ્યુદયનો રસ્તો ન દીઠો. મુંજાલને એક વિચાર એમ થયો કે નર્તિકા સીતાને ઉપાડીને રાતોરાત રવાના કરી દીધી હોય તો? એમ કરવાથી સીતા તો જાય—પરંતુ એથી મીનલદેવીને કાંઈ રાણીપદ મળે? અને એવી પરાણે બાંધેલી પ્રીતિ રાજપદનું ગૌરવ હણે ને રાણીપદને હલકું પાડે. હમણાં મીનલદેવી જાત્રા કરવા જાય તો પછી ધીમેધીમે સમય જતાં સઘળું ઠેકાણે પડી જાય! એ જ સારામાં સારો રસ્તો હતો એમ એને લાગ્યું.

એની વિચારમાળા અટકી પડી. કોઈ બે માણસોને એણે પેલી નટડીઓના આવાસમાંથી નીકળતા દીઠા. આછો અંધકાર સઘળે ફેલાઈ ગયો હતો. એટલે એ કોણ હતા એ એ જાણી શક્યો નહિ. એમને બન્નેને પોતાની બાજુ આવતા જોઈ એ એક ઘડીભર થોભી ગયો. સાંતૂ મહેતાને ભટ્ટે કહેલી વાત એને સાંભરી. આ બન્ને જણા એવા કોઈ સંકેતના સંદેશવાહક જ લાગ્યા. તેઓ પાસે આવતાં જ એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. રસ્તા ઉપરના એક ઝાડ આડે સંતાઈને એમની વાતો સાંભળવા માટે તે એકકાન થઈ ગયો.

એટલામાં પેલા બન્ને ત્યાંથી નીકળ્યા: 'સંગ્રામજી! આપણો બેડો તો પાર થાશે—પછી બીજાનું જે થાવું હોય

ઈ થાય. આ તમારી પેલી આવી છે—કોકણની, પણ મહા-રાજને એ ન ગમે તોય મારા બેટા વાણિયા એને પરાણે કપાળમાં મારવા માગે છે! દુનિયા આખીમાં રિવાજ છે કે રાજાને ગમે તે રાણી, પછી છાણાં વીણતી આણી!'

'મદનપાલ!' મુંજાલે અવાજ પારખ્યો. એટલામાં સંગ્રામ બોલતો સંભળાયો: 'નર્તિકાએ કાલે મધરાતે મળ-વાનું કહ્યું છે. બરાબર એ જ પ્રમાણે કહેવું હો. મારી બેટીએ નામ પણ પોતાનું નવું જ ઘડી રાખ્યું છે. નમુંજાલા. એણે કહ્યું તે તમે સાંભળ્યું ના?'

'શું?'

'મધરાતની પહેલાં એક પળ આમ કે પછી એક પળ આમ, હું મહારાજને નહિ મળું! ને હું રાજમહાલયમાં નહિ આવું. મહારાજ આંહીં આવે—તો—નહિતર કાંઈ નહિ!'

'મારી બેટી ઈ પણ ઠીક સૌને નચાવે છે!' મદન-પાલ બોલ્યો.

'અરે! સાલી—કમજાત પે'લેથી જ આવી છે. એમાં પાછો કોઈક જૈન સાધુ પડખે ચડયો છે. એણે આ ઘડી કાઢી આપી છે—કે આ પળે સ્ત્રીપુરુષ વિલાસ કરે તો ચક્રવર્તી પુત્ર જન્મે!'

'જનમ્યા મોટા ચક્કરવરતી?' મદનપાલ હસી પડચો: 'હવે ક્યાંય નહિ ને આવી નમુંજાલા નટડીમાં ચક્કરવરતી જનમશે? મારી બેટીને પાછો રાજવારસ પોતાનો ગગો કરવો છે, સાળાં ભિખારાંની જાતને પણ રાજ જોઈ—લે!'

'મહારાજ ઘેલા થયા છે ને આ સાંભળીને વધુ ઘેલા થાશે. કાલે મારે ને તમારે આ નટડીને પ્રણામ પણ કરવા

પડશે ! ને સાંતૂ મહેતા જોતા રે'શે !'

'તો કરશું, ભે—એમાં શું ? ગાદીને નમસ્કાર થત આવ્યા છે ને સાંતૂનું વાજું એટલું ઢીલું પડશે—આપણે તો એમે'ય ફાયદો !'

'આપણે તો ફાયદો જ છે નાં ?' સંગ્રામ બોલ્યો. 'દેવપ્રસાદ હોત ને આ વાત જાણી હોત, તો ફાયદો સોંસ રવો નીકળી જાત !'

મુંજાલને વાતનો વધુ ભાગ કાને પડ્યો નહિ. પણ એને આ સાંભળીને તરત ચટપટી થઈ. તે એક ક્ષણ ત્ય થોભ્યો. થોડા વાર એણે વિચાર કર્યો, અને પછી તે ઝપાટા બંધ મીનલદેવીને મળવા ચાલ્યો.

૪૦. મુંજાલની આરાધના

મુંજાલને આખે રસ્તે નવા નવા વિચાર આવ્યા કર્યા. મહારાજ કર્ણદેવ કાલે આ નર્તિકાને મળવાના છે—એવી સ્પષ્ટ હકીકત તો એને મળી ગઈ. નટડીઓના સમૂહમાં સીતાએ નમુંજાલા નામ રાખ્યું છે એ પણ જાણ્યું. પણ એનું સ્થાન પછીથી રાજમહાલયમાં કેવું હશે ? ચૌલાદેવી જેવું જ ! મુંજાલ-ને લાગ્યું કે એણે કોઈપણ રીતે આ અટકાવવું જ જોઇએ. નર્તિ-કાને સ્થાને એ વખતે ત્યાં મીનલદેવી હોય તો ?—એ બની શકે ? પેલી ચક્રવર્તીની વાત પણ એને સ્પર્શી ગઈ.પરંતુ નમુંજાલાને શી રીતે કાઢવી ? ક્યાં કાઢવી ? કોણ કાઢે ? અને એમ એ જાય પણ ખરી ? મહાઅમાત્ય સાંતૂને આ આખું સત્ય કહી દેવું એનો અર્થ તો એ કે એના વિના કોઈ ચક્ર ફરી શકતું નથી—એ વાતને સિદ્ધ કરવી. અચાનક એના દિલમાં એક નવો વિચાર આવ્યો. એનું ચાલત તો એ ત્યાં કૂદવા માંડત ! નર્તિકાને કાઢવામાં મહાઅમાત્યની મદદ લેવી—અને મીનલદેવીની વાતની તો એને જાણ પણ ન થવા દેવી ! તે ઉતાવળો ઉતાવળો ચાલવા માંડ્યો. એને પોતાનામાં સંપૂર્ણ વિશ્વાસ આવી ગયો. એને લાગવા મંડયું કે મીનલદેવીએ એની વાત સ્વીકારી લીધી

છે—અને એ પોતે જ મહાઅમાત્ય છે! એટલા વેગથી ને એટલી તલ્લીનતાથી એ આગળ વધી રહ્યો હતો કે કિલ્લાના દરવાજામાં પેસી છેક રાજમહાલયના ચોગાનમાં આવ્યો ત્યારે તો એને ખબર પડી કે પોતે નગરમાં ચાલી રહ્યો છે! એ આગળ વધવા માંડ્યો.

અચાનક કોઈક એની સાથે ભટકાઈ ગયું. કોણ છે એ જોવા મુંજાલ આંખ ચોળવા માંડ્યો, તો મહાઅમાત્ય સાંતૂ ત્યાં ઊભો હતો. અર્જુનભટ્ટ મોટો ભાલો લઈને એની પાછળ પાછળ આવતો હતો.

'કેમ મુંજાલ? કેમ? આટલી બધી ઝડપથી ક્યાં જાય છે? કાંઈ થયું છે?'

'ના, પ્રભુ! કાંઈ થયું નથી—જરા આ બાજુ જતો હતો—રાજમાતા પાસે!'

'રાજમાતા પાસે?' સાંતૂનો અવાજ મુંજાલને જરાક કડક લાગ્યો.

'પ્રભુ! સોમનાથી જાત્રાળુઓનાં ટોળેટોળાં આવ્યાં છે. રાજમાતા ને મીનલદેવીબા જરાક સોમનાથ સુધી જઈ આવે તો જાત્રાળુઓને ધરપત મળે. એમને જાત્રા કરવી છે તે પણ થઈ જાય. મારે પણ સોમનાથનો ફેરો ફળે. અને આ પટ્ટણીઓ બહુ ચર્ચે છે એ પ્રશ્ન શાંત થઈ જાય!'

'કયો પ્રશ્ન?'

'રાણી મીનલદેવીવાળો—મહારાજે ત્યાગ કર્યો છે તે!'

'તે પ્રશ્નનો ઉકેલ તારે કરવાને હજી વાર છે. તને કોણે સોંપ્યો છે?' સાંતૂએ કડકાઈથી કહ્યું: 'અર્જુનભટ્ટ! આ મુંજાલને જરા વાત કરો એટલે શાંતિ વળે. પેલી નર્તિકા

માટે થઇને એ રાજમાતાને ને મીનલદેવીબાને ઠેઠ સોમનાથ સુધી જાત્રાએ મોકલે છે ! મુંજાલ! તું રાજમાતા પાસે ને મીનલદેવી પાસે કામ કરી રહ્યો છે. તે ભલે. તું કરતો રહેજે, અમારે ત્યાં બીજો માણસ મૂકવો પણ નથી. પણ આવી ઊંધી શિખામણ ન આપતો—આ પાટણ છે, સમજ્યો ? પૂછી જો આ અર્જુનભટ્ટને—' ભટ્ટરાજ! આને કહો—'

'નર્તિકાનું તો હું નક્કી કરી આવ્યો છું, પ્રભુ! કાલે મધરાતે એ પાટણ છોડી જાશે !' અર્જુનભટ્ટ બોલ્યો.

'ને નહિ છોડે તો ?' મુંજાલની છાતી સવાલ પૂછતાં ધડકતી હતી. એને આ ઇષ્ટાપત્તિએ ઉત્સાહ આપ્યો હતો.

'નહિ છોડે તો ? છોકરા ! આવો સવાલ હવે પછી પાટણના મહાઅમાત્ય પાસે ન કરતો ! ચાલો, ભટ્ટરાજ !'

'નહિ છોડે તો, મુંજાલજી ! આ ભાલો જોયો છે ? સાંઢણી મધરાતે ત્યાં તૈયાર હશે. છોડે છે કે નહિ એ જોજોને !' અર્જુનભટ્ટે કહ્યું.

'તો તો, પ્રભુ ! હું રાજમાતાને પ્રણામ કરી પછી ઘેર જાઉં ! મીનલદેવીબાનો પ્રશ્ન તો ઉકેલવા માટે આપ સમર્થ છો !'

'પ્રશ્નો ઉકેલવાની કૂદાકૂદમાં હમણાં તું પડ માં, છોકરા ! અધિકાર તને મળશે—પણ થોડીક આરાધના તો શીખ !'

મહાઅમાત્યના ગયા પછી મુંજાલ અંધારામાં ઊભો ઊભો હસી પડચો: 'નતિકાને તો આણે વગર કહ્યે કાઢવાનું માથે લીધું. ચાલો, એ તો પતી ગયું. હવે મીનલદેવીબાનું જ રહ્યું. આ બધું આરાધના વિના થતું હશે ? આ શું સમજતો હશે ? આરાધના ! આરાધના ! હું આરાધના કરું એટલે આ ભાઈ

મહાકૃપા લેખે એકાદ ટુકડોબુકડો મારા ઉપર ફેંકે! ને એવા ટુકડાબુકડા ભેગા કરતો કરતો હું ડુંગર ઉપર ચઢું! મારે એમ ડુંગર ઉપર ચડવાનો મોખ નથી, ભાઈ! મારે તો કૂદવું છે—ને એક કૂદકે ઉપર જાવું છે! તકનો એક કૂદકો ને ઉપર. બીજી તકની પ્રતીક્ષા, બીજો કૂદકો ને વધુ ઉપર. મારી તો આવી આરાધના છે, ભાઈ! ચાલો! તમે કહી એવી તમારી આરાધના કરવા હું નવરો નથી!'

તે ઉતાવળો ઉતાવળો મીનલદેવી પાસે ગયો.

૪૧. મીનલદેવીનો પ્રત્યુત્તર

પણ મીનલદેવીના ચહેરા ઉપર નજર પડતાં જ મુંજાલનો અત્યુત્સાહ મરી ગયો. મહારાજ કર્ણદેવે કરેલી ઉપેક્ષા માટેનો લેશ પણ ભય એ ચહેરામાં ન હતો. મુંજાલે બધી વાત કરી. પોતાની યોજના પણ સમજાવી. મીનલ ત્યાં સુધી એક પણ શબ્દ બોલી નહિ. વાત પૂરી થઈ. મુંજાલે તેના મોં સામે જોયું. તે મનમાં ને મનમાં ઠંડોગાર થઈ ગયો. રાજકુમારી મીનલમાં એ જ ગૌરવ હતું—જે એણે કોંકણમાં જોયું હતું. પોતાની ઉપેક્ષા કોઈ કરી શકે એમ જાણે એ માનતી જ ન હોય. ઉપેક્ષા થયાનો રોષ ન હતો કે લેશ પણ ભય ત્યાં ન હતો. આંહીં પણ પોતે મહારાણી જ છે—મહારાજ ઇચ્છે કે ન ઇચ્છે તોપણ, એવી ગૌરવભરેલી એની દૃષ્ટિ હતી.

'શ્રેષ્ઠીજી!—અરે! એ જ શબ્દ વારંવાર મારા મોંમાં આવી જાય છે. જુઓને—મંત્રીજી! તમારી આંહીંની ભોં જરા નરમ લાગે છે. હું તો સહ્યાદ્રિની પુત્રી છું, મહેતા!'

'બેન—બા—મહારાણીબા—!'

'જુઓ, મંત્રીજી! હું ગુર્જરેશ્વરની રાણી છું. મહારાજ

મારી ઉપેક્ષા કરે, અવગણના કરે, કે તિરસ્કારે — મારા અંતરમાં એની લેશ પણ ભીતિ નથી. તેમ જ હું એ સહન કરવા માટે પણ નથી ! મારી ઉપેક્ષા કોઈ કરી શકે જ નહિ.'

'મહારાણીબા !'

'તમારા મોંમાં આ શબ્દ શોભતો નથી, મહેતા ! મહારાણીપદે હજી મારો સ્વીકાર કોઈએ કર્યો નથી ! ને એ સ્વીકાર માટે યાચના પણ મેં કરી નથી.'

'એટલા માટે જ, બા ! આ યુક્તિ મેં તમને કહી. નર્તિકાને તો મહાઅમાત્ય સાંતૂ રવાના કરી દેશે. એનું સ્થાન તમે સાચવી લ્યો. આ એક પળ સચવાશે તો પછી ભવિષ્યનો માર્ગ સરળ થઈ જાશે.'

'મુંજાલજી ! મેં કહ્યું, તમારી આંહીંની ભોંય જરા નરમ લાગે છે. એકબે નહિ, વીસપચીસ પણ નહિ, પણ યુગના યુગ સુધી રાહ જોવાની જેનામાં શક્તિ હોય એને જ સ્વપ્ન ઘડવાનો, સ્વપ્નમાં રાચવાનો, સ્વપ્નદ્રષ્ટા બનવાનો અધિકાર છે. હું એક મહાન ભવ્ય સ્વપ્ન મારા હૃદયમાં સંઘરીને આંહીં આવી હતી. આંહીં તમારામાં કોઈનામાં એ સ્વપ્ન જોવાની શક્તિ નથી, તો થયું. મારું સ્વપ્ન ભલે મારી પાસે રહ્યું. એ મારું છે ને મારું જ રહેશે. મારે રાજાને એવી રીતે મળવું નથી. રાજાને રીઝવવા પણ નથી. જે સ્ત્રી પુરુષને રીઝવવા માટે હોય — એવી સ્ત્રી હું નથી. આ સિવાય બીજું કાંઈ તમારે કહેવાનું છે ?'

'મહારાણીબા—!'

'હું રાણી છું; મહારાણી પણ નથી; ને મહારાણીબા પણ નથી.'

'એક વાત છે, રાણીબા !' મુંજાલને લાગ્યું કે મીનલ

પાસેની પોતાની વાત મારી જાશે. તેણે વાતને બીજી રીતે ઉપાડી.

'શી ?'

'તમે હમણાં સોમનાથની જાત્રા કરવા જાઓ તો ? ધીમેધીમે સમય અનુકૂળ થઈ જાય !'

'મંત્રીશ્વર ! *દક્ષિણમાં રાણીઓ પોતાના વંશવારસનાં ગામડાંનું વ્યવસ્થિત તંત્ર ચલાવે છે. મારે કોઈ વંશવારસ ન હોય તો ભલે ન હોય. મહારાજ જે ગામડાં મને સોંપે તેમનું તંત્ર હું પોતે ચલાવવા માગું છું. એ ગામડાંઓમાં જ્યારે એક પણ ઘર એવું નહિ રહે કે, જે પોતાની ગરીબીને લીધે સોમનાથની યાત્રામાં ભાગ ન લેતું હોય—એક પણ ઘર એવું નહિ હોય, ત્યારે એક મહાન સંઘ કાઢીને હું ભગવાન સોમનાથની જાત્રાએ જઈશ; તે પહેલાં નહિ. મારા પિતા–પિતામહે આખા ગોપકપટ્ટન સાથે જાત્રાઓ કરી છે. હું પણ એ જ રીતે કરીશ. હું એકલી જાત્રા કરતી નથી. મહારાજ કયો પ્રદેશ મને સોંપવા માગે છે, એ નક્કી કરવાનું તમારામાં સામર્થ્ય હોય તો તમે એ કરી લાવો. એનો વહીવટ તમે સંભાળજો. એવું સામર્થ્ય તમારામાં ન હોય તો આજે જે વાત તમે લાવ્યા છો, એવી વાત કોકણરાજની પુત્રી પાસે હવે ન લાવતા. હું મેદાનની નથી, હું તો પર્વતની છું. પર્વત જેટલી જ હું અડગ રહી શકું છું. મહાઅમાત્યને કહેજો—મારે માટે થઈને કોઈ નર્તિકાને પાટણ તજાવવાની જરૂર નથી !'

* કર્ણાટક, ચોલ, અને વેંગી પ્રદેશમાં રાજરાણીઓ પોતાનાં ગામડાં પોતે સંભાળતી.

'હું તો, મહારાણીબા ! એટલા માટે આવ્યો હતો,' મુંજાલે પોતાના શબ્દનો રણકો ફેરવી નાખ્યો, 'કે જેવું તમારી પાસે સ્વપ્ન છે એવું સ્વપ્ન મારા જેવા ગરીબ પાસે પણ છે. સ્વપ્ન તો રાજાનું હોય કે રંકનું—એનું મૂલ્યાંકન હોઈ શકે જ નહિ, એ અ-મૂલ્ય છે. મેં તમને કહ્યું હતું, તે યાદ છે, બા ? તમે હો, મહારાજ હોય, અને સોમનાથ સમુદ્ર હોય, એ ત્રણે જ્યાં હોય, શ્રદ્ધા હોય, ઉલ્લાસ હોય, ધર્મપ્રાણ હોય—ત્યાં કદી પણ હ્રાસ ન હોય. હું તો એટલા માટે તમારી પાસે આવ્યો હતો. આજે એક ક્ષણ આવી છે; કાલે એવી કદાચ ન પણ આવે; આજની પળનો મહિમા છે; કાલે એ ન પણ હોય. જેવી રીતે કાદવમાંથી કમળ જન્મે છે, અને કમળ ગમે તેટલું અપૂર્વ છતાં કાદવ નકામો નથી, તેવી રીતે, મહારાણીબા ! આજે રાજાના મોહ-માંથી એક અપૂર્વ પાટણ ઊભું થાય તેમ છે ! યશ, ધન, વૈભવ, રાજ, એ સઘળાં તો ઘણાંએ ઘણી વખત આપી દીધેલ છે. એક જ વસ્તુ કોઈ વિરલ પળે ને કોઈ વિરલ આત્માએ જ સમર્પી છે. અને તે પોતાનો સમગ્ર પ્રેમ. રાજા પાસે માત્ર મોહ છે. તમારી પાસે, મહારાણીબા ! નિરવધિ પ્રેમ હોય—જો હોય, તો રાજાને, રાજ્યને, પાટણને અને પટ્ટણીઓને તમે ઉગારી શકો તેમ છો. એ ન હોય તો થયું. હું તો એમ સમજતો હતો કે પશ્ચિમસમુદ્રને કિનારે રહેનારાં તમે છો, એટલે તમારો પ્રેમ પશ્ચિમસમુદ્રના જેવો નિરવધિ હશે. એમાં આવા મોહના કૈંક ખડકો આવે જાય એની ગણતરી પણ નહિ હોય ! તમે મહાન છો. માણસ મહાન અનેક રીતે હોઈ શકે: બુદ્ધિથી, કલાકૌશલ્યથી, રાજ-

નીતિથી, યુદ્ધથી—અનેક રીતે. પણ જે ખરી મહત્તા—પ્રેમને લીધે મહાન હોવું, એ વસ્તુ જ વિરલ છે. તમે મહાન હશો, બા! પણ તમારી પાસે મહાન પ્રેમ નથી! અને મહાન પ્રેમ વિના એકલા સ્વપ્નનો કાંઈ મહિમા નથી.'

મીનલદેવી જરાક વિચારમાં પડી ગઈ. મુંજાલની આંખ ચમકી ઊઠી. તેણે તરત વાત આગળ ચલાવી: 'બા! હું તો એક વાત સમજું. જેની પાસે મહાન સ્વપ્ન હોય તેની પાસે થોડી સાદી સમજ પણ હોવી જોઈએ. આ વસ્તુ એવી છે કે થોડીક જ કુનેહથી એનો ઉકેલ અત્યારે શક્ય છે. કાલે એ શક્ય નહિ હોય. જીવનભરનો ક્લેશ સહેવો, પણ થોડી કુનેહ અત્યારે ન વાપરવી એમ? એમાં શી મહત્તા છે? રાજનીતિને વરનારા તો અનેક પ્રકારના દાવ અનેક રીતે લેવામાં જ સિદ્ધિ જુએ છે. પ્રેમ—એ પણ ઘણી વખત જ્યારે એક કે બીજા સાથીમાં, થોડીઘણી પણ કોઈ પ્રકારની અસમાનતા રહી ગઈ હોય, ત્યારે એક પ્રકારની રાજનીતિ જ છે. તો જ જીવનનૌકા આગળ ચાલે. બધી રીતે સમાન એવું યુગલ તો ભગવાન શંકર અને દેવી ઉમાનું પણ નથી. —અને એવું યુગલ કોઈ દિવસ આ પૃથ્વી ઉપર આવવાનું પણ નથી. સમાનતા પણ સરજાવવાની હોય છે, બા! સમાનતા કુદરત મૂકતી નથી. નહિતર તો પછી પ્રેમની કસોટી જ ક્યાં રહી? જે મહાન હોય તે બીજાની લઘુતા પોતાનામાં સમાવી દે—એ રીતે જ જીવનસંસાર ચાલે છે. આ તો મારી સાદી સમજ છે, બા! હવે તમને ઠીક લાગે તેમ કરો. માત્ર આટલું જ કે આ વસ્તુ અત્યારે ને આજે જ શક્ય છે. કાલે એ શક્ય નથી. ગુજરાતની પ્રજા તમારે નામે ઘેલી

બનશે—જો તમે રાજાને જીતશો તો. જીત કરવી એ મુખ્ય ધ્યેય હોય ત્યારે આ શસ્ત્ર નહિ વપરાય એવી પાંડિત્ય-ચર્ચામાં વીરજનો સમય ગુમાવતા નથી. હવે તમને રુચે તેમ કરો, બા!'

'પણ, મુંજાલજી! આ તમે બરાબર માનો છો?'

'શું?'

'રાજાને ઠગવા તે.'

'હું એક હજાર ને એક વખત મારી સ્ત્રીને ઠગું છું. એ અજ્ઞાન હોય ને જે વાતમાં એ ન સમજે, એ વાત એને સમજાવવા માટે, હું એની ભૂમિકા ઉપર જાઉં, એ શું ઠગાઈ છે? મહારાણીબા! આવું વેદિયાપણું તમને કોણે શિખવાડયું? આમાં તો ઠગાઈ છે જ નહિ. પરંતુ જીવનનો જંગ તો એ લોકો જીતે છે જે પવિત્ર અસત્યને વારંવાર સ્વીકારે છે!'

'અસત્ય અને પાછું પવિત્ર? તમારું આ જ્ઞાન મારા મનમાં પેસતું નથી. હું અત્યારે મારું ગૌરવ જાળવી રહી છું. એ ગૌરવ ગુમાવું—ને રાજાની જાણમાં આ વાત આવી જાય—પછી મારે તો, મુંજાલજી! દેહ અગ્નિને આપવો પડે. તમને આ ખબર છે?'

'મને મારા વિજયમાં શ્રદ્ધા ન હોત, તો હું તમારી પાસે ન આવત. મારા વિજયમાં મને શ્રદ્ધા છે, મારા અ-સત્યમાં પણ શ્રદ્ધા છે, અને તમારા ગૌરવમાં પણ શ્રદ્ધા છે. આ વસ્તુ વિજયી જ નીવડવાની છે, બા! રાજાનું હૃદય હું જાણું છું. આજે એમાં મોહ છે, કાલે એમાં પશ્ચાત્તાપ હશે. મોહમાંથી ન જ છૂટે—એવી અશક્તિ એમાં નથી. એટલે તો હું તમને આ કહું છું.'

'શું કરવાનું છે?'

'કાલે રાતે હું આંહીં આવીશ, બા! તમે તૈયાર રહેજો.'

'શ્રેષ્ઠીજી--અરે—મુંજાલ! મારી જો હવે અવહેલના થશે—આમાંથી એ પરિણામ આવશે—તો તમે મને હવે જીવતી નહિ દેખો!'

'મહારાણીબા! મુંજાલ કોઈ વસ્તુ એવી નથી કરતો કે જેનું પરિણામ પરાજયમાં આવે. વિજય એ મારો મુદ્રાલેખ છે. એનો રસ્તો પછી ભલે મેં મારી રીતે તૈયાર કર્યો હોય. તમારી હવે અવહેલના થશે તો સોમનાથના સમુદ્રમાં હું ડૂબી મરીશ. બસ?'

૪૨. બેમાં કોણ મહાન ?

સરસ્વતીને કિનારે નટડીઓના વાસ તરફ બીજે દિવસે રાતે બે માણસો ઝપાટાબંધ જઈ રહ્યા હતા.

'ભટ્ટરાજ ! સાંઢ તો આવી ગઈ લાગે છે. જુઓ, પેલા ઝાડ પાસે કાંઈક દેખાય !'

'મેં ત્યાં જ બાંધવાનું કહ્યું હતું,' બન્ને જણા ઝાડ તરફ ચાલ્યા. સાંઢ ત્યાં બાંધેલી હતી. પણ કોઈ માણસ નજરે ચડયો નહિ. 'લૂણવીર બાંધીને ગયો લાગે છે, પ્રભુ ! કોઈને વાતની ગંધ ન આવે માટે મેં જ કહ્યું હતું કે તું તારું કામ કરીને જતો રહેજે.'

ભટ્ટ ત્યાં સાંઢ પાસે ઊભો રહ્યો. મહાઅમાત્ય સાંતૂ એક ઘડીભર વિચાર કરતો ત્યાં અટકયો. પછી એ ધીમે શાંત પગલે નટડીઓના વાસ તરફ ચાલ્યો. આગળના ભાગમાં એક પટ્ટકુટી હતી. તેમાં નર્તિકા સીતા રહેતી હતી. કોઈ પૂછે તો એ પોતાને સીતા નહિ—નમુંજાલા કહેતી. પાછળ થોડે દૂર બીજી નટડીઓનો વાસ હતો.

પટ્ટકુટી પાસે આવીને સાંતૂ થોભ્યો. પટ્ટકુટીને બે ખંડ હતા. આગલા ખંડમાં કોઈ બે જણાં કાંઈક વાતો કરી

રહ્યાં હતાં. સાંતૂ પાછલા ખંડના દ્વાર પાસે કાન દઈને શાંત ઊભો રહ્યો: અંદર થતી વાત સાંભળવા લાગ્યો.

'વલ્લરી ! આજે તો કોણ જાણે મને શું નું શું થઈ જાય છે ! અરે ! એમ થાય છે કે જાણે નાચ્યા જ કરું ! આખી દુનિયા સાથે આજે નૃત્ય કરવાનું મને મન થઈ આવે છે ! આખી દુનિયા જાણે નૃત્ય કરતી હોય ! તને આવું ક્યારેય થયું છે ?'

વલ્લરી હસી: 'બહેન ! ઘેલાં થઈ જતાં નહિ !'

'મને આજે બધું આનંદ—આનંદમય લાગે છે. તને એમ લાગે છે ?'

'ગુર્જરેશ્વરે પોતે તમને મહારાણી કહીને બોલાવ્યાં એટલે એમ લાગે, બા ! મને તો દુનિયા હતી તેવી જ જણાય છે !'

'અરે ! ગાંડી ! ગુર્જરેશ્વરે મને મહારાણી કહી એનો તે કાંઈ આવો આનંદ હોય ? એવા પદ માટે મને તેં ક્યારે ટળવળતી જોઈ હતી ? આ તો કોઈ નવીન જ અનુભવ છે. અને અંદરથી જ ઊછળતા કોઈ જીવનવ્યાપી તરંગનો આ અનુભવ છે. એ વિના આટલું બધું વિશ્વ ફરી જાય નહિ ! શું છે એ મને સમજાતું નથી. પણ મને સરસ્વતીના જળમાંથી પ્રેમનું ગાન સંભળાય છે. રાત્રિના નીરવ અંધકારમાંથી કોઈ પ્રેમી યુગલના વિશ્રંભશબ્દો કાને ચાલ્યા આવે છે. અસંખ્ય તારાઓ, એ જાણે રજનીરાણીની પ્રેમભરેલી આંખો લાગે છે. અંધકારને એક ઘડી અજવાળીને લુપ્ત થતા આગિયા એ પ્રેમનો સંકેત કરતા દેખાય છે. તને આવું કોઈ દિવસ થયું છે, વલ્લરી ? કોઈ દિવસ ? પ્રેમની મસ્તી કહે છે એ શું આ

હશે? દુનિયા આખીનો દેખાવ જુદો થઈ ગયો છે, કે મને એ જુદો લાગે છે?'

'તમને, બહેન! તમને એ જુદો લાગે છે!'

'જો આવ્યા—વલ્લરી!'

'અરે! કોઈ નથી. પાંદડાં ખખડે છે!'

એક ઘડીભર શાંતિ થઈ ગઈ. થોડી વાર પછી સીતા ઊઠી. 'વલ્લરી! હું તો નૃત્ય કરું છું. મારું અણુએ અણુ તાલ દઈ રહ્યું છે!'

વલ્લરી હસી પડી, એ જ વખતે છેટેથી ઘોડાના દાબડાનો અવાજ હવામાંથી આવતો લાગ્યો. 'આવ્યા—વલ્લરી! આવ્યા ખરા!'

વલ્લરી એકદમ બહાર નીકળી ગઈ. તે પાછળના નટીઓના વાસ તરફ દોડતી ગઈ. સીતાએ તેને બૂમ પાડીઃ 'વલ્લરી!' પણ જવાબમાં મશ્કરીભરેલું મોટું હાસ્ય સંભળાયું. સીતા બીજા ખંડમાં દોડી. પણ એ અંદર પ્રવેશ કરતાં જ ક્ષોભ પામીને થંભી ગઈ. પાછલા દ્વારમાંથી કોઈક અંદર આવી રહ્યું હતું. અત્યંત ઝાંખા બળતા દીપકમાં સીતાને એનો ચહેરો સ્પષ્ટ દેખાયો નહિ. 'અરે! મહારાજ! તમે આમ ચોરની પેઠે પાછલે દ્વારથી આવ્યા? તમે મને શોધી કાઢો એટલે તો હું આંહીં સંતાવા આવતી—' કર્ણદેવ આવેલ છે એમ ધારીને સીતા બોલી રહી હતી. પણ આવનાર ઉપર દૃષ્ટિ પડતાં તે અચાનક જ ક્ષોભ પામી ગઈ.

'હું ચોરની પેઠે આવું છું, એનું કારણ છે, સીતા!'

મહાઅમાત્યનો અવાજ કાને પડતાં જ સીતા સ્તબ્ધ થઈ ગઈ. તેનો ઉત્સાહ ચાલ્યો ગયો. એના આખા શરીરમાં

એક પ્રકારનું શીત વ્યાપી ગયું. પ્રેમની ઉત્કટમાં ઉત્કટ મનોદશામાં એ હતી. સાંતૂના અવાજે એટલો તો ભયંકર આઘાત એને આપ્યો હતો કે, એની આંખમાંથી બળ કરીને એકબે આંસુ નીકળી પડયાં.

'હું એટલા માટે ફરીને આવ્યો છું, સીતા! કે જો પાટણને બચાવવું હોય તો કોઇકે આજે પણ મહાન ત્યાગ કરવો પડશે!'

'અરે! ત્યાગ? પ્રભુ! પ્રભુ! પ્રભુ! તમે આ ત્યાગ માટે દરેક વખતે મને જ ક્યાંથી શોધી કાઢી છે?' સીતાનો અવાજ ઉતાવળો, વ્યગ્ર, વેદનાભર્યો અને આકુળો હતો. 'આજે પાછી હું જ તમારી નજરે આવી? મારાથી હવે આ સહેવાતું નથી. મને આજે તો મહારાજે પોતે જ મળવા માટે કહેવરાવ્યું છે!'

'મને એ ખબર છે, એટલે જ હું આવ્યો છું. વખત બહુ જ થોડો છે. આ બે ક્ષણમાં કાં પાટણ બચે, કાં પાટણ મરે. તું બચાવે તો બચે. બે જ ક્ષણનો પ્રશ્ન છે. એટલા માટે હું પોતે જ તારી પાસે આવ્યો છું!'

'મારી પાસે હવે શું છે, પ્રભુ? રાજાઓ અસંખ્ય ભોગિનીઓ રાખે છે—તમે કેમ મને એકને જ દેખી છે? શું હું સ્ત્રી નથી? શું પ્રેમ કરવાનો પણ મને અધિકાર નથી? શું રાજા એ માણુસ નથી? આજે મને સર્વત્ર પ્રેમનો અવાજ સંભળાય છે. આજ મને કોઈ કાંઈ પણ ન કહેતા—કાલે તમારે મન આવે તો મને દેશપાર કરજો. મારે તમારી રાજનીતિના પ્યાદા લેખે હવે કામ કરવું નથી. હું પ્રેમમાં ગાંડી થઈ ગઈ છું. હું રાજાની છું. રાજા મારો છે. હવે એ

નહિ બને, પ્રભુ ! આજ હવે ત્યાગની વાત નહિ બને. આજ આખી સૃષ્ટિ મારી સમક્ષ આનંદનૃત્ય કરી રહી છે !'

'તે ભલે કરી રહી,' સાંતૂએ અત્યંત ઠંડીથી કહ્યું. એ ઠંડીએ સીતાને ભોંઠીભોંઠી કરી નાખી. તે મનમાં ને મનમાં બોલી ગઈ: 'અરેરે ! આ માણસ—આ માણસ..' એટલામાં સાંતૂના શબ્દો સંભળાયા: 'પણ હું જે કહું છું તે તું પહેલું સાંભળી લે. રાજાએ હજી રાણીનો સ્વીકાર કર્યો નથી. રાજાનું ચિત્ત વિહ્વળ છે. એને ખરાખોટાનો વિવેક નથી. તું એને આ પંથે ચડાવીશ—તો એ રાજ ખોશે. હજારો દેશજનો આપત્તિમાં ડૂબશે. સેંકડો બાળકો માબાપવિહોણાં બનશે. લાખો માણસો જિંદગી ગુમાવશે. રાજા પડશે. રાજ પડશે. એ બધું તો ઠીક, પણ ભગવાન સોમનાથનું મંદિર પડશે. અને એ સઘળું પાપ તારે લીધે થશે ને તારા ઉપર હશે !'

'મારા ઉપર? મારા ઉપર શા માટે ?'

'ત્યારે બીજા કોના ઉપર ?'

'શું મહારાજ ભીમદેવને ચૌલાદેવી ન હતાં !'

'પણ એ ચૌલાદેવી હતાં. એનો પુત્ર ક્ષેમરાજ હતો. ક્ષેમરાજમાં જે હતું તે ન હોત તો આજે પાટણ આંહીં ઊભું હોત ખરું ? હું તને જ પૂછું છું ! ધર્મપત્ની સ્વીકાર્યા પહેલાં ભોગિનીનો સ્વીકાર રાજા કરશે—પછી આ રાજ રહી શકશે ખરું ? રાજા ઉપર કોઈનો પણ વિશ્વાસ રહેશે ખરો ? રાજા ઉપર મહાન આપત્તિ આવશે. એ તારે લીધે નહિ તો બીજા કોને લીધે ?'

'એટલે—? અરે ! વળી મારે જવું ? પાટણ તજી

દેવું ? એ નહિ બને, અમાત્યજી ! ' સીતા ઉતાવળા, કડક ને આકરા અવાજે બોલી ગઈ.

' એ તારાથી નહિ બને એ મને ખબર હતી,' સાંતૂનો શબ્દ મૃદુ, ગૌરવભર્યો અને પ્રેમભરપૂર હતોઃ ' પણ મારા મનને એમ હતું કે તારામાં પણ ચૌલાદેવીનો અંશ હશે. એ અંશ લેશ પણ નથી એની મને ખાતરી થઈ ગઈ. નૃત્યાંગનાઓ કેવળ મનોરંજન માટે છે એ પ્રણાલિકાને દેવી ચૌલાએ પોતાની ભવ્યતાથી અળસાવી દીધી હતી. એ એનાથી બન્યું —જનઉત્કર્ષ માટે નૃત્યાંગનાઓ છે એ એણે સિદ્ધ કર્યું. તમારું બીજા કોઈનું એ ગજું નથી—તમે કોઈ પાટણ નહિ તજી શકો, એ મને ખબર હતી. '

સાંતૂના શબ્દે સીતાની નજર સમક્ષ ચૌલાની મૂર્તિ —અને એની ભવ્ય પ્રણાલિકા ખડાં થઈ ગયાં. તેણે વિદાય-વેળા કહેલા શબ્દો એના સમક્ષ તરી આવ્યાઃ માનવને માનવો-ત્તર સ્વપ્નદર્શન આપવા માટે અથવા ભગવાન સોમનાથની ધૂસરરજ માટે—નૃત્યાંગના, આ માટે છે. તે ઘડીભર વિચારમાં પડી ગઈ.

' વિચારવાનો વખત નથી, દેવી ! ' સાંતૂએ તરત કહ્યુંઃ ' વખત તાત્કાલિક ક્રિયાનો છે. ક્ષણ બે ક્ષણનો પ્રશ્ન છે. પગલું લેવાય તો તુરત લ્યો--અથવા પછી લ્યો ન લ્યો બધું સરખું છે ! '

' હું પાટણ તજી દઈશ, મહાઅમાત્યજી ! તમે કહેશો તો ગુજરાત તજી જઈશ. તમારો રાજા તમને પાછો સોંપીશ. પણ મંત્રીશ્વર ! મારો પ્રણયી—એને હું કદી તજી શકું તેમ નથી. એનું શું ? એના વિના હું જીવી શકું તેમ નથી, એનું શું ! '

'જે પ્રેમ પુરુષને આપવાનો છે, તે પ્રેમ ભગવાન સોમનાથને ચરણે ધરીને અનેક સ્ત્રીઓ સદેહે મોક્ષ મેળવે છે, એમ મેં સાંભળ્યું છે. રાજાને આપવાનો પ્રેમ—આજે પાટણને આપો એટલું જ હું પાટણની વતી માગી લઉં છું. બીજું કાંઈ નહિ. આ નગરીએ તો આના કરતાં પણ વધારે મહાન ત્યાગનાં સેંકડો દૃષ્ટાંતો નિહાળ્યાં છે. વાતનો વખત નથી. એ જ ઘડી રહી છે. રાજા હમણાં આવશે. પછી વાત ચોળાઈ જશે. પણ મેં કહી એટલી નાની વાત પાટણના સિંહાસનનું ગૌરવ સાચવશે, રાજાને અપયશમાંથી ઉગારશેઃ દેશને સર્વનાશમાંથી બચાવશે. જે આપવાનો રાજાને અધિકાર નથી—એવો પ્રેમ રાજા પાસેથી તમે મેળવશોઃ મેળવીને પણ એમાંથી શું મેળવશો ? તમે રાજાને અને રાજને એક વખત ઉગાર્યાં છે, એ વાત સંભારીને તો પાટણની સેંકડો નારીઓ ભવિષ્યમાં તમારે નામે ડોલી ઊઠશે ! એવી ચિરંજીવ વસ્તુ પાસે તમારા આ પ્રણયનું શું મૂલ્ય છે ? હવે તમારે કરવું હોય તેમ કરો—જુઓ, આ ઘોડાના દાબડા વધુ ને વધુ નજીક આવી રહ્યા લાગે છે !'

સીતાએ સાંતૂ સામે જોયું. એની આંખમાં બે અદૃશ્ય આંસુ આવી ગયાં. 'મહાઅમાત્યજી,' તેણે પાસેના દીવાની વાટ એકદમ ગુલ કરી દીધીઃ 'ચાલો ક્યાં જવું છે ?' એની આંખમાંથી ખરખર આંસુ વહેવા માંડ્યાં.

થોડી વાર પછી સાંતૂ અને સીતા અર્જુનભટ્ટ હતો ત્યાં આવી પહોંચ્યાં. નર્તિકાના દેહમાંથી મસ્ત બનાવી મૂકે એવા પરિમલની લેરખી આવી રહી હતી. ભટ્ટરાજને પણ એ સુગંધ સ્પર્શી ગઈ. આવા મસ્ત પ્રેમમાં પડેલી સ્ત્રીને જે માણસ

આજે કાઢી મૂકે છે, એના તરફ એને પણ જરાક ઘૃણા થઈ. એટલામાં સાંતૂનો ઠંડો અવાજ આવ્યો: ‘ભટ્ટરાજ! આવી જાઓ ત્યારે. એને હમણાં તો ચંદ્રાવતી લઈ જાઓ. દેવી! હું તમારી ક્ષમા માગું છું.’ સાંતૂ નમી પડચો: ‘આજે તમે પાટણને ખરેખર બચાવ્યું છે!’

સીતાએ મંદ અવાજે કહ્યું: ‘મહાઅમાત્યજી! હું દેવી પણ નથી. હું સીતા પણ નથી. હું તો હવે મહારાજ કર્ણદેવની સંકેતશબ્દની નમુંજાલા છું. રાજા હું તમને આપું છું. ચાલો, મહાઅમાત્યજી!—હવે સમય થોડો છે. ભગ્ન પ્રેમના થોડા ખંડિત ટુકડા વડે મારે પણ મહાન જીવનસમુદ્ર તરવો છે. એટલે હરેક પળ કીમતી છે, ચાલો.’ દૂર દૂરથી પવનની પાંખે ચડીને આવતી ગુજરાતણોના મધુર ગીતની એક પંક્તિ સીતાને—નમુંજાલાને કાને આવી ને તે જરાક ધ્રૂજી ગઈ: ‘તૂટેલી તેગને રે ભરોસે હું તો ભવ ભૂલી . . . ભરોસે હું તો ભવ ભૂલી.’

‘હવે હું ત્યાંથી ઉજ્જયિની જઈશ—મહાઅમાત્યજી!’ તે જાણે નિશ્ચયથી બોલી: ‘કોઈની છત્રછાયાનો મને હવે મોહ નથી રહ્યો.’

‘ચાલો ત્યારે, ભટ્ટરાજ! ઊપડો.’

ભટ્ટરાજે હાથ જોડચા: ‘પ્રભુ! લૂણવીર ચાલ્યો ગયો—સાંઢણી મૂકીને એ બહુ ખોટું થયું છે. હવે બોલાવવાનો વખત પણ નથી. મારી તો પ્રતિજ્ઞા છે કે કોઈ જાનવરને કોઈ દી ભારે ન મારવું. હવે? હવે શું થાશે?’

‘અરે! તમે પણ? છેક છેલ્લી ઘડીએ—ઘરણટાણે—ચાલો, દૂર ખસો,’ સાંતૂએ પોતે જ તરત સાંઢણી ઉપર

ઝુકાવ્યું. એક ક્ષણમાં તો ઝડપ કરતીકને સાંઢણી બેઠી થઈ ગઈ, ને એણે રસ્તો પકડી લીધો. અર્જુનભદ્ર પાછો નગરને પંથે પડ્યો.

એ જ વખતે એક પાલખી સીતાની ખાલી પટ્ટકુટી પાસે આવીને થોભી ગઈ. ઝડપથી એક સ્ત્રી તેમાંથી ઊતરી. પટ્ટકુટીમાં એણે પ્રવેશ કર્યો. અંધારામાં એ વિલીન થઈ જાય તે પહેલાં બે શબ્દો સંભળાયા: 'બા! રાજમુદ્રિકા લેવાની છે એ વાત ભૂલતાં નહિ હો!'–અને મૌન.

૪૩. મહારાણી મીનલદેવી!

પ્રભાતસમયે રાજમહાલયના ચોગાનમાં માનવ-મેદની જોઈને, ચંદ્રાવતીથી પાછો ફરતો સાંતૂ આશ્ચર્યચકિત થઈ ગયો. આટલું વહેલું માનવટોળું અત્યારે આંહી રાજ-મહાલયના ચોગાનમાં એ શું? એણે પોતે રાજસૂત્ર હાથમાં લીધું ત્યારે શું કરવાનું હતું ને એમાંથી કેટલું એણે સિદ્ધ કર્યું હતું એની એ પોતાના મનમાં ને મનમાં જાતતપાસ કરતો પોતાની હવેલીએ જઈ રહ્યો હતો. જગત્પાલને એણે કાઢ્યો હતો. ઉદયમતીની સત્તાપ્રિયતા ઓછી કરી હતી. પદ્માક્ષીને મૃત્યુના મોંમાં ધકેલી—દેવપ્રસાદનો તેની સાથેનો સંબંધ અશક્ય બનાવ્યો હતો. આશાની જમાવટ વીંખેરી હતી. જયકેશી પોતે પોતાની પુત્રી આંહીં મોકલે એ શક્ય બનાવ્યું હતું. લાટને એણે વશ કર્યું હતું. કર્ણદેવનો વિલાસ લોકનિંદાનું રૂપ પકડે ને રાજગૌરવ ઘટે એ વસ્તુ એણે અટકાવી દીધી હતી. મુંજાલને રાજકારભારમંડળમાં માથું મારતો અટકાવી એના નાનકડા કાર્યમાં—રાણીઓના કારભારમાં રોક્યો હતો. મદનપાલને શોભાના ગાંઠિયારૂપે રાખ્યો હતો. હવે એક આ મીનલદેવીનો પ્રશ્ન પતી જાય—એટલે બસ.

એ પ્રશ્ન વિષે જ એ અત્યારે વિચાર કરતો હતો. એની સાંઢણી ઝપાટાબંધ પોતાની હવેલીએ જઈ રહી હતી. એટલામાં રાજમહાલયના ચોગાનમાં આ પ્રમાણે માનવ જોયાં ને એ એક ઘડીભર વિચારમાં પડી ગયો.

વધારે પાસે આવતાં તો નાગરિકોના સમૂહને બદલે રાજકુળના માણસોનો સમૂહ એની નજરે ચડચો.

ચોગાનમાં હાથીઓ, અશ્વો ને પાલખીઓની ઠઠ જામેલી એની દૃષ્ટિએ પડી. એ પોતે એ તરફ ચાલ્યો. થોડેક દૂર ગયો તો એક સૈનિક મળ્યો. સૈનિક ગભરાયેલ હતો. એની મુખમુદ્રા ચિંતાજનક હતી. 'અલ્યા શું છે, લૂણવીર ?—આંહી રાજમહાલયના ચોગાનમાં આટલા વહેલા આંહીં કોણ ભેગા થયા છે ? શા માટે ભેગા થયા છે ?'

'પ્રભુ ! રાજમાતા ને મંત્રીઓ સૌ છે !'

'કેમ આંહીં શું છે અત્યારમાં ?'

'પ્રભુ ! ભારે થઈ છે. કહેવાની વાત નથી. મહારાજ અગ્નિપ્રવેશ કરવાની હઠ લઈને બેઠા છે. મહારાણીબા—ને મંત્રીવર્ગ દોડતો આવ્યો છે. આમશર્મા છે. દેવપ્રસાદજીને મંડૂકેશ્વરથી તાબડતોબ બોલાવ્યા છે ! આપને બોલાવવા અર્જુનભટ્ટને કહ્યું છે !'

'પણ છે શું ? અગ્નિપ્રવેશ શું ને આ વાત શી ? આ—તું સાંઢણી જરા લઈ જાજે તો—' સાંતૂના પેટમાં ફાળ પડી: નર્તિકા સીતા પાટણ તજી ગઈ એ માટે રાજાએ મહાહઠ આદરી હોય ! તેને પોતાની સ્થિતિ કફોડી થતી લાગી. તે સાંઢણી ઉપરથી નીચે ઊતરી ચોગાન તરફ પગે પાળો ગયો, ને છેવાડાના ભાગમાં કેટલાક સૈનિકો આડે ગુપચુપ ઊભો

રહી ગયો. રાજમહાલયના આગળના એક સુંદર મોટા ઓટલા ઉપર મહારાજ કર્ણદેવ પોતે રાજગાદી ઉપર બેઠેલા નજરે પડ્યા. આસપાસ મકવાણોજી, મદનપાલજી, મહારાણી ઉદય-મતી, આમશર્મા—સૌ બેઠાં હતાં. અર્જુનભટ્ટ ચારે તરફ નજર નાખતો કાંઈક શોધી રહ્યો હતો. મુંજાલ નજરે ચડ્યો નહિ. સાંતૂ એકકાન થઈ ગયો. એને કોઈએ દેખ્યો હોય તેમ લાગ્યું નહિ.

'મારે બીજું કાંઈ કામ નથી, આમશર્માજી!' મહારાજ કર્ણદેવ બોલતા હતા. એમનો અવાજ ખિન્ન હતો. એમાંથી સચ્ચાઈનો રણકો ઊઠતો હતો: 'તમે રાજપુરોહિત છો—ચૌલુક્યોને ધર્મપ્રણાલિકામાં રાખવા માટે તમારું પદ હોય—તો તમારે સ્પષ્ટ વાત કરવી રહી. એમ ન હોય તો ગોળગોળ વાત કરવી રહી. સોનું, રૂપું, ઝવેરાત, માણેક ને મોતી આપ્યે—શું જે વસ્તુ મારામાંથી ગઈ છે એ વસ્તુ હું પાછી મેળવી શકું એમ છું? મેં સોના સંબંધી અધર્મ કર્યો હોત તો સોનાનું દાન કાંઈક અર્થવાળું ગણાત. તમે રાજ-માતાની હાએ હા કેમ કરો છો? સોનું આપ્યે આ વસ્તુનું પ્રાયશ્ચિત્ત શી રીતે થાય? મેં શું ખોયું છે?—તમે પુરોહિત છો! તમે કહો, મેં શું ખોયું છે?'

'મહારાજ! તમે જે ખોયું છે, તે અમૂલ્ય છે,' આમશર્માએ કહ્યું: 'એનું પ્રાયશ્ચિત્ત માગતા હો તો બીજું કોઈ પ્રાયશ્ચિત્ત હોઈ શકે જ નહિ. રાજ, યશ, વૈભવ, કીર્તિ, એ સઘળું માણસ ખૂએ—ને ભલે દીનહીન બની જાય—છતાં જ્યાં સુધી એ પોતાનો ધર્મ ન ખૂએ, પોતે જેને ચારિત્ર ગણે છે એ ન ખૂએ, ત્યાં સુધી એ કાંઈ જ ખોતો નથી.

ત્યાં સુધી એ ગરીબ પણ નથી ને હીન પણ નથી !'

'ત્યારે મેં એ ખોયું છે એ વાત તમને કહી. હું પ્રાયશ્ચિત્ત માગું છું. આમશર્માજી ! જેમ મહારાજ વસિષ્ઠે રામચંદ્રને પ્રજાના રંજન માટે સ્પષ્ટ આદેશ આપ્યો હતો, તેમ આદેશ આપો. આનું પ્રાયશ્ચિત્ત શું ?'

'પણ, કર્ણદેવ ! તું એને ભોગિની તરીકે રાખી લે, પછી પ્રાયશ્ચિત્ત ક્યાં રહ્યું ? એમાં આવી ઘેલછા શી ? સાંતૂ મહેતા અત્યારે ક્યાં સંતાઈ ગયા છે, અર્જુનભટ્ટ ?'

અર્જુનભટ્ટે ચારે તરફ નજર કરી: 'મહારાણીબા ! મહેતા હમણાં આવતા હશે—'

'આવતા હશે એમ નહિ, બોલાવો એમને—'

અર્જુનભટ્ટ નમન કરીને ગયો. સાંતૂને હજી થોડો વખત અપ્રગટ રહેવું ઠીક લાગ્યું. કર્ણદેવને શાનું પ્રાયશ્ચિત્ત કરવું છે એ એને હજી પૂરું સમજાયું ન હતું.

'મા ! મેં જો એને ભોગિની તરીકેનું વચન આપ્યું હોય ને એની સાથે રહ્યો હોઉં, તો હું અપરાધી ન બનું. પણ આ તો કોણ જાણે કોણ બીજી નર્તિકા હતી. એ ખબર પડ્યા પછી, તો એ પરનારી હતી. જાત્રાળુએ જતીને, મહાદેવને ચરણે ધરાયેલીને, પરનારીને—ભોગિની રાખવાનો લેશ પણ સંકલ્પ કર્યા વિના—કેવળ મોહને વશ થઈ ને, ક્ષણિક આવેશ માટે, મેં રાજાએ ધર્મ તજીને ગ્રહણ કરી—માટે મારે એનું પ્રાયશ્ચિત્ત કર્યે જ છૂટકો. આની શિક્ષા દેહદંડથી થાય. રાજા અવધ્ય છે માટે અગ્નિપ્રવેશ—એ એનું પ્રાયશ્ચિત્ત હોઈ શકે. ચંદન મંગાવો—આમશર્માજી ! હું તૈયાર છું !'

'અરે ! પણ કર્ણદેવ તું તે કાંઈ ઘેલો થયો છે ? આ

મૂર્ખાઈ શી આદરી છે ? એક કોક કોણ જાણે કોણ રખડુ નારી મળી ગઈ, ત્યાં નટડીઓ પડી હતી તેમાંથી કોઈક ચડી આવી—એમાં જાત્રાએ જતી ને મહાદેવને ચરણે ધરાયેલી —ને આ બધું શું ? એમાં આવું પ્રાયશ્ચિત્ત શું ? કાંઈ ગાંડો છે ? આનાં તે પ્રાયશ્ચિત્ત હોતાં હશે. હવે મળી ગઈ—કોણ જાણે કોણ મળી ગઈ—તેમાં શું ? મહેતો હમણાં આવે છે—'

'મા ! કોણ જાણે કોણ નારી—એ વસ્તુસ્થિતિએ જ મને સળગાવી મૂક્યો છે. દેશભરની અજાણીમાં અજાણી નારી પણ, મારામાં વિશ્વાસ મૂકે—જાણે કે આ રાજા છે—મારો એ વિશ્વાસ હવે કોઇ દિવસ, પ્રજાની કોઈ બીજી નારી કરશે ખરી ? નારીજન જે માણસનો વિશ્વાસ નથી કરતી, એ માણસને કોઈ પુરુષ પણ ગણતું નથી—ને તમે મને રાજા ગણાવા નીકળ્યાં છો એમ ? ચંદન મગાવો— !'

'ચંદનને શું કરવું છે, મહારાજ !' અચાનક પાછળથી આવી રહેલો સાંતૂ દેખાયો : 'આ શું છે, મહારાજ ? ચંદ્રાવતીથી હું આવું છુ ને આ જોઈને નવાઈ પામું છું. આંહીં તો આ ચાલે છે—ને નડૂલ તથા અવંતી તો સૈન્યો ભેગાં કરે છે. આ શી ઘેલછા છે ? ચંદનને શું કરવું છે, મહારાજ ?'

'અરે ! મહેતા ! તમે ચંદ્રાવતી ગયા—પણ આંહીં તો બે દી થ્યાં અનાજ કોણે મોંમાં મૂક્યું છે ? બળી મરવાનું વેન લઈને બેઠો છે. કોઈનું માનતો જ નથી ને.'

'શું છે, મહારાજ ?' સાંતૂ કર્ણદેવ પાસે આવીને નમીને બેઠો: 'શાનું પ્રાયશ્ચિત્ત છે, આમશર્માજી ?'

'મેં મોટો અધર્મ કર્યો છે !' કર્ણદેવે કહ્યું.

'શો ?'

'પરનારીનો—પરનારી છે એમ જાણ્યા પછી, દેહ-સંબંધ !'

'એનું શું પ્રાયશ્ચિત્ત, આમશર્માજી ?'

'અગ્નિપ્રવેશ !' આમશર્માએ દૃઢતાથી કાંઈક કડક રીતે કહ્યું.

'બીજું કાંઈ નહિ ? જલપ્રવેશ નહિ ?'

'મહાઅમાત્યજી ! ધર્મવિધિની તમારે મશ્કરી કરવી હોય તો પાટણમાં ઘણા કાંડપૃષ્ઠ બ્રાહ્મણો છે. અગ્નિપ્રવેશ પણ નરમમાં નરમ પ્રાયશ્ચિત્ત છે. ખરું પ્રાયશ્ચિત્ત તો, મહારાજ ! તાંબાની તપાવેલી નારીમૂર્તિને, અરેરાટી કર્યા વિના, ભેટવાનું —ને એ રીતે બળી મરવાનું છે ! હું રાજપુરોહિત છું. મહારાજ મૂલરાજદેવના સમયથી મારા બાપદાદા રાજસિંહાસનની ધર્મ-પ્રણાલિકા જાળવતા આવ્યા છે. પ્રાયશ્ચિત્ત કરવું હોય તો એ એક જ છે : અગ્નિપ્રવેશ. ન કરવું હોય તો સો મણની તળાઈમાં જઈને મહારાજ સૂઈ શકે છે. હું આ ક્ષણથી હવે ચૌલુક્યોનો પુરોહિત નથી—..'

'આમશર્માજી ! મેં વાત બધી સાંભળી છે. શા માટે તમે પુરોહિત નથી ?' દેવપ્રસાદ હમણાં જ સાંઢણી ઉપરથી ઊતરીને ઉતાવળો ઉતાવળો એકદમ આવી રહ્યો હતો, તેણે પાછળથી, પુરોહિતનો શબ્દ સાંભળતાં જ જવાબ વાળ્યો હતો: 'શા માટે તમે પુરોહિત નથી ? અગ્નિપ્રવેશ એ ચૌલુક્યો માટે કાંઈ નવી નવાઈ નથી. મહારાજ શું કામ અગ્નિપ્રવેશ કરે ? હું બેઠો છું ને ? મહારાજનું પ્રાયશ્ચિત્ત મહારાજ વતી હું પોતે કરું છું. ચાલો, ચંદનની ચિતા ખડકાવો—દેશને રાજાનો ખપ છે. ને અમારો રાજાને ખપ છે. એમાં તમે શા માટે પુરોહિત-

પદ છોડવાને તૈયાર થાઓ છો ? ખપ તો એક શરીરનો જ છે નાં? ચાલો, હું આપું, શરીર. પછી તો તમારે વાંધો નથી નાં ?–રાજા માટે દેહ આપવાની મારી પ્રતિજ્ઞા પણ જળવાઇ જાય છે, ને મહારાજનો તો દેશ આખાને ખપ છે. મારા જેવો એક વધે કે ઘટે એમાં કાંઈ દેશ રંડાઈ જવાનો નથી. તાંબાની પૂતળી મંગાવો—ચાલો !'

સૌ પ્રશંસાથી—પ્રેમથી દેવપ્રસાદ તરફ જોઈ રહ્યા. મહારાણી ઉદયમતીએ ભીની હસતી આંખે એને નિહાળી પોતાની પાસે બોલાવ્યો. એટલામાં સાંતૂએ કહ્યું :

'દેવપ્રસાદજી ! તમે પણ જરા સાંભળો, આમશર્માજીની વાત—.. જરાક બેસો—.. મહારાણીબા પાસે બેસો. આમશર્માજી ! મહારાજને તમે બતાવ્યું તે પ્રાયશ્ચિત્ત શા માટે કરવાનું છે ? તમે એ પ્રાયશ્ચિત્ત શા માટે બતાવ્યું છે ?'

'પરનારીના અધર્મપ્રસંગે !' આમશર્માએ દૃઢતાથી કહ્યું.

'ત્યારે મહારાજ ! તમે શા માટે પ્રાયશ્ચિત્ત કરો છો ? ત્યાં કોણ પરનારી હતી ? ત્યાં કોઈ પરનારી હતી જ નહિ. નર્તિકા સીતાને—નમુંજાલાને—તો હું પોતે ચંદ્રાવતી મૂકીને ચાલ્યો આવું છું—એ તો ત્યાં હતી જ નહિ ! આ પ્રાયશ્ચિત્ત શું ને આ વાત શી ? કોઈ સ્વપ્નની ભ્રમણામાં તમે રહી ગયા છો ? કે છે શું ?'

'એ ત્યાં ન હતી—એટલે જ બીજી કોઈક હતી. જે વધુ પરનારી હતી,' કર્ણદેવે કહ્યું.

'ત્યારે કોઈ પણ પરનારી ત્યાં ન હતી, મહારાજ ! હું જાણું છું કે ત્યાં કોણ હતું !' એક બાજુથી મુંજાલનો

અવાજ આવ્યો. સૌનું ધ્યાન એ તરફ ખેંચાયું.

'કોણ હતું, મુંજાલ ?' રાણી ઉદયમતીનો અવાજ સંભળાયો: 'કોણ હતું ?'

'ત્યાં પટ્ટકુટીમાં—મુંજાલ ? ત્યાંની વાત કરે છે ?' સાંતૂએ કહ્યું.

'હા, પ્રભુ !'

'કોણ હતું ?' આમશર્માએ કહ્યું.

'ત્યાં બીજું કોઈ ન હતું. કોઈ નર્તિકા ન હતી. કોઈ પરનારી ન હતી. ત્યાં . . . આ . . આવે . . જુઓ, મહારાણીબા પોતે સામેથી આવે !'

સામેથી પાલખીમાંથી હમણાં ઊતરીને ચોગાનમાં થઈને ચાલી આવતી મીનલદેવી સૌની દૃષ્ટિએ પડી. તે ઓટલા પાસે આવી: જરાક મસ્તક નમાવી, ઓટલાનાં પગથિયાં ચડીને, ઉપર આવવા માંડી. એની ચાલમાં, દૃષ્ટિમાં ને ચહેરામાં એક પ્રકારનું અનોખું ગૌરવ હતું. બે પગથિયાં બાકી રહ્યાં એટલે એ ત્યાં જ ઊભી રહી ગઈ.

'ખોટું . .' મહારાજ કર્ણદેવ બોલતા હતા: 'મને પ્રાયશ્ચિત્તમાંથી બચાવવાનો તમે સૌએ આ રસ્તો શોધ્યો છે. પરંતુ દેવીને પણ મેં અન્યાય આપ્યો છે—એનું પ્રાયશ્ચિત્ત પણ સાથે સાથે થઈ જાશે !'

'શાના પ્રાયશ્ચિત્તની વાત કરો છો, મહારાજ ?' મીનલે કર્ણદેવની સામે આવીને ગૌરવથી કહ્યું: 'પ્રાયશ્ચિત્ત તો માણસ પાપનું કરે છે: ભૂલનું પ્રાયશ્ચિત્ત ક્યાંય સાંભળ્યું છે ખરું ? શાના પ્રાયશ્ચિત્તની વાત છે, રાજમાતાજી ? આમશર્મીજી ? કેમ તમે કોઇ બોલતાં નથી ? પ્રાયશ્ચિત્ત તે શાનું-

છે ? મને તો મુંજાલે કહ્યું ને હું આંહીં દોડતી આવી. મહારાજ શાનું પ્રાયશ્ચિત્ત કરે છે ?'

ઉદયમતીને શો જવાબ દેવો એ ખબર પડી નહિ. જવાબ આપતાં સૌને સંકોચ થતો હતો.

'એ તો, મહારાણીબા !' મુંજાલે જવાબ વાળ્યો : 'મહારાજ માને છે કે પટ્ટકુટીમાં તમે ન હતાં !'

'હું ન હતી ? કોણ કહે છે ?'

'તમે હતાં, દેવી ?' કર્ણદેવને મીનલદેવીના ગૌરવનો કાંઈક પરિચય મળ્યો. એક પ્રકારની એની ઉત્કૃષ્ટતાએ એને એના તરફ આકર્ષ્યો.

'મહારાજ ! તમારી અંગુલિમાંથી મેં જ આ રાજમુદ્રિકા મેળવી છે તે તમે ભૂલી જાઓ છો ? જુઓ .. આ રહી ! આ રાજમુદ્રિકા તમે જ પ્રસન્ન થઈને આપી હતી, એ તો યાદ છે નાં ?' મીનલે સ્મિત કરતાં રાજમુદ્રિકા કર્ણદેવની સામે ધરી. એના અમૂલ્ય નંગનું તેજ સૌની દૃષ્ટિએ પડ્યું. કર્ણદેવ એની સામે જોઈ રહ્યો. 'રાજમુદ્રિકા તો એ જ છે,' તે બોલ્યો : 'મેં આપી હતી તે !'

'ત્યારે સારું થયું નાં, મહારાજ ! કે મેં શકુંતલાની પેઠે રાજમુદ્રિકા ખોઈ નથી ? નહિતર તમે તો મને પણ ભૂલી જાત નાં ?'

મીનલની શાંત, દૃઢ, સંસ્કારી અને ગૌરવભરેલી વાણીએ તરત સૌને ભાન કરાવ્યું કે સામે ઊભેલી નારીમાં મહારાણીનું ગૌરવ પણ છે, ને સ્ત્રીની મધુરતા પણ છે.

સૌના ચહેરા ઉપર આશ્ચર્ય અને પ્રસન્નતા છવાઈ ગયાં. મહારાણી પોતે જ ત્યાં હતાં એ વિચારે એક અદ્‌ભુત

રોમાંચક અનુભવ કરાવ્યો.

'મહારાણીબા !' સાંતૂ તરત ઊભો થઈ ગયો. કર્ણદેવને ઊભા થવાનું અનિવાર્ય લાગ્યું. તે સામે ચાલી બે પગથિયાં નીચે ઊતર્યો.

'મહારાણી ! દેવી ! ત્યારે તો મારે મારી ભૂલની પણ ક્ષમા . . .'

'મહારાજ !' મીનલદેવી બોલી. તે કર્ણદેવ સાથે રાજગાદી તરફ જવા આગળ વધી.

આખી મંત્રીસભા બેઠી થઇ ગઈ. સૌ નમી રહ્યા.

મહારાજ કર્ણદેવની પાસે, જમણી બાજુ, ગૌરવથી એ બેઠી: 'મહારાજ !' તેના મધુર શાંત શબ્દો સૌ સાંભળી રહ્યા. એક ક્ષણમાં વાતનું સ્વરૂપ બદલાઈ ગયું હતું: 'પુરુષને વારંવાર આ મુદ્રિકાદ્વારા સ્ત્રી હરાવતી આવી છે. જુઓને, આ મુદ્રિકા દ્વારા જ મેં તમને હરાવ્યા નાં ? આપણે વિવાહ-મંગલવિધિમાં રમ્યાં ત્યારે પણ મુદ્રિકા હું જીતી ગઈ હતી તે યાદ છે, મહારાજ ? બા ! તમને યાદ છે ?'

ઉદયમતીએ સ્મિત કરતાં ઉત્તર વાળ્યો: 'અરે ! દીકરી મને તો બધું યાદ છે. તું ત્યારે પણ જીતી હતી . . .'

'ને આજે પણ તમે જ જીત્યાં, કાકી !' દેવપ્રસાદે કહ્યું.

'પણ હજી એક જીત બાકી છે—દેવપ્રસાદજી ! તમને ચોરંગીમાં હરાવે એવી એક નારી મેં શોધી રાખી છે !'

'ક્યાં છે, દેવી ? દેવપ્રસાદજીને આપણે હવે નાથી દેવા છે !' કર્ણદેવ બોલ્યો. મીનલદેવી સ્મિત કરતી તેની સામે જોઈ રહી: 'એક છે, મહારાજ ! પણ મારી પેઠે જરાક બીને વાને છે !'

મીનલદેવીના માર્મિક મધુર વિનોદે આખું વાતાવરણ ફેરવી નાખ્યું. સૌએ આ વિનોદ ઝીલી લીધો.

એટલામાં દૂર બેઠેલા વૈતાલિકની વાણી સૌને આકર્ષી રહીઃ

शशिनमुपगतेयं कौमुदी मेघमुक्तं
जलनिधिमनुरूपं जह्नुकन्यावतीर्णा ॥ *

* મેઘછૂટયા ચંદ્રની પાસે જાણે કૌમુદી આવી; જાણે અનુરૂપ જલનિધિમાં જાહ્નવી ઊતરી.

હવે પછી

[આના અનુસંધાનમાં
આગળ વધતી નવલકથા]

અવંતીનાથ
જયસિંહ સિદ્ધરાજ

●

[છપાય છે]